Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) • समानी प्रपा । (अथर्ववेद)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૧ ઑગસ્ટ : ૨૦૨૬ અંક : ૨ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli
Bilimora •Gandhidham • Gandhinagar Godhra • Himmatnagar • Hyderabad • Indore
Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad • Palanpur
Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi

Shop Greenfibre Online: greenfibre.com

Scan to follow @greenfibre

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૧ ઑગસ્ટ : ૨૦૨૬ અંક : ૨

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**યોગેશ જોષી**
**રાજન્ ભટ્ટ**
ઉપપ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com

Web-site: www.gujaratisahityaparishad.org **ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭**

www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


- **પ્રમુખીય : મથામણ** – ૩૧ – હર્ષદ ત્રિવેદી, ૬

- **કવિતા :**
  ● **ઓડોલામ** – ચંદ્રકાન્ત ટોપીવાળા, ૮, ● **જુદ્દાણાં લો! જુદ્દાણાં!** – કમલ વોરા, ૯, ● **વૃક્ષ** – જાગ્રત વ્યાસ 'મધુકર', ૯ ● **ચાર ગઝલ** – સંજુ વાળા, ૧૦ ● **નિશાન ચૂકેલું તીર** – આકાશ ઠક્કર, ૧૨ ● **વિચિત્ર અલંકાર(?)** – કુમાર ભટ્ટ, ૧૨ ● **બે કાવ્યો** – હર્ષદ દવે, ૧૩ ● **આગાખાન પૅલેસ** – રાકેશ દેસાઈ, ૧૫ ● **સ્વપ્નસ્થ પિતાશ્રીને** – કેશુભાઈ દેસાઈ, ૧૬

- **ટૂંકી વાર્તા :**
  ● **બખોલ** – દીવાન ઠાકોર, ૧૭ ● **એ શહેરને સૂવાની ટેવ છે...** – ઉત્સવ પરમાર, ૨૩ ● **કાચ પાછળનો માણસ** – પન્ના ત્રિવેદી, ૩૪ ● **ટપુદાદાના વાંઢા** – જગદીશ, ૪૩

- **નિબંધ :**
  ● **(૧) ગુજરીનાં મૉલ** – માનસી બોરડ, ૪૮ ● **(૨) ઈટ્સ મૉલ ટાઈમ!** – અંકિતા ગોસ્વામી, ૫૨ ● **(૨) ઘરનું એકાંત** – અજય સોની, ૫૬

- **હાસ્યનિબંધ :**
  ● **પેન, પ્લીઝ...!** – પીયૂષ પ્ર. ભટ્ટ, ૫૯

- **મરકમરક :**
  ● **આમાર મોનેર માનુષ...** – ધ્રુવ ભટ્ટ, ૬૨

- **અભ્યાસ :**
  ● **ભારતીય અંગ્રેજી ટૂંકી વાર્તા : વિહંગાવલોકન** – રાકેશ દેસાઈ, ૭૯

- **પરિચય :**
  ● **ચંદુ મહેરિયાનું વેધક આત્મકથ્ય – અંગ્રેજીમાં** – સંજય સ્વાતિ ભાવે, ૮૮

- **પત્રવિભાગ :**
  ● **'નવી વાર્તા' એટલે નવી વાર્તા** – દીપક ભાનુશંકર ભટ્ટ, ૯૯

- **શ્રદ્ધાંજલિ :**
  ● **એક તત્ત્વજ્ઞાની વિદ્યાપુરુષની વિદાય** – સંજય ચોટલિયા, ૧૦૧

  ● **સાભાર સ્વીકાર**, ૧૦૪
  ● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૧૦૬
  ● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૧૧૦
  ● **આ અંકના લેખકો** – ૧૧૩

- **આવરણ ચિત્ર :** Vrindavan Solanki-Couple-Serigraph on paper-54 x 30 inches-2018

## મથામણ – ૩૨

હર્ષદ ત્રિવેદી

‘ઉમાશંકર જોશીએ એક વાર કહ્યું હતું કે સાહિત્ય એ સમાજનો આત્મા છે. જો એમ હોય, તો ડિજિટાઇઝેશન એ આત્માની આસપાસ એક મંદિર બનાવવાનું કાર્ય છે - તેને કેદ કરવા માટે નહીં, પરંતુ તેને સુલભ બનાવવા માટે, જેથી ભવિષ્યના જિજ્ઞાસુઓ તેમાં પ્રવેશી શકે. અમે જે પણ આપણા સાહિત્યનાં નાજુક પૃષ્ઠો બચાવીએ છીએ, જે દુર્લભ સામયિકોને યુનિકોડમાં ફેરવીએ છીએ, જે ભુલાઈ ગયેલા અવાજોને ફરી પ્રચલિત કરીએ છીએ – તે આપણા સાહિત્યિક પૂર્વજોના ચરણે અમારી અંજલિ છે.’ આ શબ્દો છે એકત્ર ફાઉન્ડેશનના શ્રી અતુલ રાવલના. અમેરિકામાં રહ્યે રહ્યે અતુલભાઈ ઘણા સમયથી ગુજરાતી ભાષા અને સાહિત્યના દસ્તાવેજીકરણનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. એમાં એમને ભાઈશ્રી રાજેશ મશરૂવાળા અને ભરત ભગતનો અજોડ સહકાર મળી રહ્યો છે. વિશેષમાં રમણ સોની, સિતાંશુ યશશ્ચંદ્ર, મણિલાલ હ. પટેલ, સુમન શાહ, વિનોદ જોશી, જયેશ ભોગાયતા, કીર્તિદા શાહ, શરીફા વીજળીવાળા, હસિત મહેતા, મહેન્દ્રસિંહ પરમાર અને અનંત રાઠોડ ઉપરાંત પણ બીજા ઘણા અભ્યાસી શબ્દસેવીઓની ઉમદા અને સૂઝભરી સેવાઓ મળતી રહી છે. જેને કારણે આપણું ઉત્તમ સાહિત્ય કોઈ પણ સાહિત્યરસિક પોતાના મોબાઇલ, આઇપેડ કે કમ્પ્યૂટર ઉપર જોઈ શકે છે. એકત્ર કહે છેઃ ‘અમારે વેચવું નથી, વહેંચવું છે.’ હું એમાં એક શબ્દ ઉમેરું કે નિઃસ્વાર્થ વહેંચવું છે.

આપણે જાણીએ છીએ કે ગુટનબર્ગ અને ગૂગલે દુનિયાભરનાં લગભગ અપ્રાપ્ય કહી શકાય એવાં એક લાખ જેટલાં પુસ્તકોને સ્કેન કરીને વિના મૂલ્યે વાંચી શકાય એવું આયોજન કર્યું હતું. એમાંથી પ્રેરણા મેળવીને અતુલભાઈએ એકત્ર ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં બસો વર્ષનાં આપણાં સાહિત્યને એકત્ર કરીને હથેળીમાં મૂકી આપવાનો મનસૂબો કર્યો હશે. અનેક પ્રકારનાં વીજાણુ માધ્યમોને લીધે, પ્રચાર-પ્રસારની રીતે ભાષા-સાહિત્ય જાણે હાંસિયામાં આવી ગયાં છે. સમૂહમાધ્યમોના સમુદ્રમાં પસંદગીપૂર્વકનું જેને જે જોઈએ તે ભાગ્યે જ મળે છે અને જે કંઈ આવી મળે છે એમાં ઉપયોગી અને નીરોગી કેટલું એ પણ એક પ્રશ્ન છે. આપણું જે કૈં ઉત્તમ સાહિત્ય, કે જે સમયની સરાણે ખરું ઊતર્યું છે, લોકપ્રિય પણ છે. એને મોટા વાચકસમૂહ પાસે તાબડતોબ પહોંચાડવાનો પ્રકલ્પ નાનો તો ન જ હોય અને એ કદી પૂર્ણ થાય પણ નહીં. લાખો પુસ્તકોને સ્કેન કરીને ઑનલાઇન યથાતથ મૂકવાં એ કામ સાતત્યપૂર્વકનું સમર્પણ માંગે છે. અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ પુસ્તકો એમની એપ અને વેબસાઇટ ઉપર વાંચી શકાય છે. ઉચ્ચ ધોરણોને જાળવીને પસંદગી થઈ રહી છે એનો આનંદ છે.

ગુજરાતી નવલકથા પરિચયકોશમાં આપણી નવલકથાઓમાંથી પસંદગીની ૨૫૦ નવલકથાઓનો પરિચય અપાયો છે. ઉપરાંત ગુજરાતી ટૂંકી વાર્તાનો ઇતિહાસ, સમગ્રમાંથી સઘન-વિવેચનશ્રેણી, કાવ્ય-આચમનશ્રેણી, અનુઆધુનિક ગુજરાતી કાવ્યસંપદા, મોટા ભાગનાં સાહિત્યિક સામયિકોને સ્કેન કરીને તેની સૂચિઓ, ગુજરાતી વાર્તાઓ અને નિબંધોનું ઓડિયો રેકૉર્ડિંગ તથા 'ગ્રંથસાર'માં વિશ્વનાં ઉત્તમ પુસ્તકોની સંક્ષિપ્ત આવૃત્તિઓ જેવાં કાર્યો થયાં છે. ૨૦૧૦માં આ વેબસાઇટનો પ્રારંભ થયેલો. સંપૂર્ણ પુસ્તકનું ડિજિટાઇઝેશન કરવા ઉપરાંત ચયનિત સાહિત્યસ્વરૂપ સંગ્રહોનું પણ વિશાળ ફલક છે.

ખાસ વાત તો એ કે જે પુસ્તકો કૉપીરાઇટમુક્ત છે તેને અગ્રતાક્રમે લેવાં અને પછીથી જે જે લેખકો કે એમના વારસદારોની સંમતિ પ્રાપ્ત થાય તેને લેવાનો ઉપક્રમ છે. બીજું એક મહત્ત્વનું કાર્ય તે વીજાણુ માધ્યમમાં 'સંચયન' દ્વિમાસિક. આ સામયિક સાત હજારથી વધુ સાહિત્યરસિકોને મોકલવામાં આવે છે.

સમગ્ર સાહિત્ય શ્રેણી અંતર્ગત સુરેશ જોષી, નિરંજન ભગત, ઝવેરચંદ મેઘાણી, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ભોળાભાઈ પટેલ અને ચંદ્રકાન્ત શેઠનું સાહિત્ય વેબસાઇટ ઉપર આવી ગયું છે. એકત્ર ઈ-ગ્રંથ સંપદા, મધ્યકાલીન પ્રશિષ્ટકૃતિ-સંપાદન, અલભ્ય પુસ્તકશ્રેણી અને વિશિષ્ટ સંચય-સંપાદન, મૂળ પ્રશિષ્ટ પુસ્તકોનાં ઈ-રૂપાંતરો, સાહિત્યકોશ અને પઠન-શ્રવણશ્રેણી વગેરે મુખ્ય છે.

વિષયની દૃષ્ટિએ જોઈએ તો નવલિકાઓ, નવલકથાઓ, કાવ્યો, અનુવાદો, મુલાકાતો, સ્મરણો, જીવનચરિત્રો, આત્મકથાઓ, ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, ગાંધીસાહિત્ય, વિવેચન, નાટક, નિબંધ, પ્રવાસ અને બાળસાહિત્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક રીતે જોઈએ તો આ મહાઅભિયાન છે. લાંબે ગાળે આ શ્રમ આવનારી પેઢીઓ ઉપર એક ઉપકાર ગણાશે.

અત્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના ચી. મં. ગ્રંથાલય અને કૃ. લા. સ્વાધ્યાયમંદિરનાં તમામ પુસ્તકોનું સ્કેનિંગ થઈ રહ્યું છે. છેવટે એ બધું વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થશે. આપણે ગયા વર્ષે સમીક્ષાનું સામયિક 'સમક્ષ' ૨૦૨૪ પ્રગટ કરવાનું વિચાર્યું ત્યારે એકત્ર ફાઉન્ડેશને સામેથી હાથ લંબાવ્યો હતો. આ વાર્ષિકના પ્રથમ અંકને ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. ૨૦૨૫માં પ્રગટ થયેલાં અને સમીક્ષાપાત્ર લાગેલાં પુસ્તકો વિશેનું સંપાદનકાર્ય પણ રમણ સોની દ્વારા થઈ રહ્યું છે. આ ઉપરાંત પરિષદની વેબસાઇટને અદ્યતનરૂપ આપવાની કામગીરી પણ શરૂ થઈ છે. પરિષદ દ્વારા કરવાના આ ભગીરથકાર્યમાં એકત્રનો પૂર્ણ સહયોગ એક અસાધારણ ઘટના છે.

એકત્રનો ભાવમંત્ર છે : ગુજરાતીની ઉત્તમ કૃતિઓને પલકમાત્રમાં બહોળા વાચકો સુધી પ્રસરાવવી. સ્વાભાવિક જ આ બહુ મોટું અને ખર્ચાળ કાર્ય છે. પરંતુ, અતુલભાઈ અને એમના સહુ સાથીદારોનો આ એક રૂડો સંકલ્પ છે અને તે ધીરે ધીરે પાર પડતો આપણે જોઈ શકીએ છીએ. આ પણ કાળ સામેની એક મથામણ જ છે, કેમ કે કેટલાય ગ્રંથો પાઉડર થઈ જવાની અણી ઉપર આવી ઊભા છે. એનું કોઈ પુનર્મુદ્રણ કરે એ તો લગભગ અશક્ય છે. તેથી, મૂળ સ્વરૂપે જેટલું અને જેટલી ઝડપે જાળવી શકાય તેટલું જાળવી લેવું એમાં જ ડહાપણ છે. સાહિત્યમાં રસ ધરાવનારાઓએ આ પ્રોજેક્ટને પુષ્ટ કરવા માટે શક્ય તે ભૂમિકા ભજવવી જોઈએ. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

## ઓડોલામ | ચંદ્રકાન્ત ટોપીવાળા

ઇન્દ્રિયોમાં એક નાક છે
અને એમ પાછું સર્વ ઇન્દ્રિયોનું પણ એ નાક છે.
નાક સર્વથા મોખરે, ગન્ધોપનિષદ રચે,
શ્વાસ આવે, ટકે, શ્વાસ ચાલે, ધજા લહેરાય,
ફરક અંગે અંગે પ્રાણનો વેગ પ્રાણસંચાર, સર્વાધાર.

ખબરદાર
અહીં આ એક વૃક્ષ છે, આપઘાત વૃક્ષ.
ઘેરાં લીલાં પાન, સફેદ ફૂલો
ઉન્માદક ગંધ, લીલાંકચ ફળ
બચો બચો બચો, વૃક્ષથી બચો,
નાકાબંધી કરો કહો.

એક વૃક્ષથી તો બચો,
પણ બહાર આ ઊભું જગત, એનાથી કેમ બચાય?
આ બાજુ આપઘાત, ઓ બાજુ આપઘાત
કેમ કરી બચાવો જાત,
આપઘાત, જન્મજાત.

(કેરળમાં ઓડોલામ અને તામિલનાડુમાં કાતુકરાલીથી ઓળખાતું આપઘાત વૃક્ષ થાય છે પંદરેક મીટર ઊંચાં. આ વૃક્ષોને ઘેરાં લીલાં પાંદડાં, સફેદ ફૂલો હોય છે. ચમેલી જેવી ગંધ હોય છે. ફળ લેતાં નાની કેરી જેવાં હોય છે. આના સાંનિધ્યમાં આવતાં ૩ થી ૬ કલાકમાં હૃદય બંધ પડી જાય છે.)

■

## જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં! | કમલ વોરા

સાચાંબોલાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
છે અણમોલાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

વાગે વાજાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
તાજેતાજાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

રંગે રૂડાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
રૂપે પૂરાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

જાદુગરનાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
દેશાવરનાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

આજે, હમણાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
કાલે બમણાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

છાનાંછપનાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
ભારે ખપનાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

નાજુક નમણાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
ડાબાં-જમણાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં

કર્બુર-કાળાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
ધોળાંબાસ્તા જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

રજથી ઝીણાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
નભથી ઊંચાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

અત્તરફાયાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
ઘોયાં રસનાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

ગરજો નારા, જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
વીનવું, મારાં જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

ના'વે ટાણાં, જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!
ગાશું ગાણાં, જુઠ્ઠાણાં લો! જુઠ્ઠાણાં!

■

## વૃક્ષ | જાગ્રત વ્યાસ 'મધુકર'

(૧)

પવન
વેગ સાથે
વહી રહ્યો છે
અને વૃક્ષની ડાળીઓ પરથી
લીલું સોનું વરસી રહ્યું છે.

(૨)

વૃક્ષની શીતળ છાયા હેઠળ
તગતગતો તડકો
બે ઘડી વિશ્રામ કરી રહ્યો છે.
કોઈ એને ઉઠાડશો નહીં.

(૩)

પવન પોતાની પીઠને
વૃક્ષના થડ સાથે
ઘસીને ચાલ્યો
અને વૃક્ષને
કેટલા ઉઝરડા પડ્યા!

(૪)

વૃક્ષોની હારમાળાથી દૂર
એકલવાયું
સિનિયર સિટીઝન બનેલું
એક વૃક્ષ
યાદોને વાગોળી રહ્યું છે
અને પોતાની આસપાસ
છાયા શોધી રહ્યું છે.

■

## ચાર ગઝલ | સંજુ વાળા

### (૧) ચિત્તમાં છે છરી!

હાથમાં ફૂલ ને ચિત્તમાં છે છરી!
બહુ બનાવી અહિંસકપણાની છબી!

ખાતરી કોની ઠરશે નગદ વાજબી?
હોય પ્રત્યેક દહેશત ભરી હાજરી!

એ અલગ વાત કે હોય વિદ્યા ઘણી
પ્રશ્ન તો એ જ કે કોને કઈ કઈ ચડી?

આંગળી હોય હર સ્થિતિમાં આંગળી!
એ સુદર્શન ધરે, કે ગ્રહે વાંસળી!

પાયાના પ્રશ્નનો માત્ર ઉત્તર દીધો
એમાં ઇમારતો આટલી ગઈ હલી?

કોઈ કરશે કથા, કોઈ નિવેદ-ધૂપ
કોઈ નિજ જાતને કરશે કસ્તુરકણી!

સાદ સાંભળજો હે શબ્દના મહાજનો!
છે જરીકે જુદી વાત જે મેં કરી?

તેથી ઉદ્‌ગારમાં અવતર્યું છે વજૂદ
શબ્દને સ્પર્શી જોયો નર્યા ભાવથી?

●

### (૨) ગૂંચવાયો છું સખત!

સત ને તથની ચડતી-પડતી ભાંજણીમાં ગૂંચવાયો છું સખત!
પહાડ-ખીણો પાર પાડ્યાં પણ કણીમાં ગૂંચવાયો છું સખત!

પારદર્શક, સ્વચ્છ હૃદયની તાવણીમાં ગૂંચવાયો છું સખત!
કાપવું ઇન્કારતી હીરાકણીમાં ગૂંચવાયો છું સખત!

ધાર પર તલવારની ચાલીને નીકળવાનો મનસૂબો કર્યો
ચાલી ચાલી આખરે તીણી અણીમાં ગૂંચવાયો છું સખત!

વાદ ને વિવાદ, થોડા ઘરઘરાઉ ઝઘડા, બોલાચાલથી
સાચું કહું, ટેવાયો છું પણ લાગણીમાં ગૂંચવાયો છું સખત!

એક અધરી સ્પર્ધા જેવી જિંદગીને જીતવાના યત્નમાં
જે સફળતા સાંપડી તેથી ઘણીમાં ગૂંચવાયો છું સખત!

આંબલી ને પીપળીથી છેક કોડી–કરડા લગ જીતી રમત–
પણ, જીવનની ભૂલ ને ભુલામણીમાં ગૂંચવાયો છું સખત!

હાથમાં ખીલા, કટોરા, શૂળી, ગોળી ઝીલ્યાં સામી છાતીએ
એ જ છું હું, કિન્તુ આજે ટાંકણીમાં ગૂંચવાયો છું સખત!

●

## (૩) ઊંચકીને ભાર એનો

બની હું, હું-થી ભારેખમ, ફરું છું ઊંચકીને ભાર એનો
ગણાવી જાતને સિંઘમ, ફરું છું ઊંચકીને ભાર એનો

મળ્યું કોઈને આશ્વાસન, મળ્યું ગમતું જ લક્ષ્યાસન કોઈને,
ખરેખર છે બધું મોઘમ, ફરું છું ઊંચકીને ભાર એનો

મને માટીની મૃણમયતાની જાગી હોય ધખના એ પળે પણ
તેં આપી ભેટ પથ્થરસમ, ફરું છું ઊંચકીને ભાર એનો

તને ગાવાની કોશિશમાં ને કોશિશમાં ગુમાવ્યો સૂર મારો
રહ્યો જે વસવસો હરદમ, ફરું છું ઊંચકીને ભાર એનો

ઋતુ વીતી, સમયની સાથ સઘળાં ફૂલ મૂરઝાયાં, ખર્યાં, પણ
રહી છે શ્વાસમાં સોડમ, ફરું છું ઊંચકીને ભાર એનો

નમૂનો આપવા ખાતર ફકત એક્ નામનો ઉલ્લેખ કરતાં
ચગી છે વાત ચોગરદમ, ફરું છું ઊંચકીને ભાર એનો

જૂના ઘડિયાળની માફક સમય પણ ધીમે ચાલે છે અહીંનો–
અસરમાં એની છે આલમ, ફરું છું ઊંચકીને ભાર એનો

●

## (૪) રમણીય ને રસિક છે!

જલસાના એક્ પડાવથી તું કેટલો નજીક છે!
પણ એય જાણી લેજે કે જલસોય તે પ્રતીક છે!

તૂટી ગયેલા મોરના ટહુકામાં કાળી બીક છે!
એનો શું અર્થ, કેવો એ રમણીય ને રસિક છે!

કોણે તને શુકન ને અપશુકનના શીખવ્યા છે પાઠ?
જ્યાં હો શરીર ત્યાં જ સ્વાભાવિક કોઈ છીંક છે!

છોને ગઝલના શેર પણ મંત્રોની જેમ ગણગણે
પ્રેમી છે હાડ-હાડ એ મનથી ભલે ઋત્વિક છે!

છાલકને ઝીલવાનો મોકો સાંપડ્યો એ ભાગ્ય ગણ!
દરિયાના ભાવ-નાદ તો, વૈશ્વિક ને સામૂહિક છે!

ગવરાવવું ને ગાવું એનાં આન-બાન-શાન છે
ગાંઠે ગરથ ભલે નથી, માણસ બહુ ધનિક છે!

જીવતરનું તથ્યાતથ્ય જે ઉકેલવામાં મસ્ત છે
ખુદમાં છે ઓતપ્રોત પણ લોકોને મન સિનિક છે!

■

## નિશાન ચૂકેલું તીર | આકાશ ઠક્કર

નિશાન ચૂકેલું તીર
પાછું ના ફરે એ તો ઠીક
પણ અંદરની કોઈ ડાળ પર
માળો બાંધીને રહે
અને આસપાસનાં સર્વ ફળોને
સ્નેહસભર ઉષ્મા આપી આપીને પકવે -
- એવી વિદ્યા તો કયા બાણાવળી પાસે હોય!

તોય અહીં દરેકના હાથમાં તીર-કમાન છે
અને દરેક ફળ અકાળે પાકે છે.
પોતાની જ છાયા પાછળ સંતાઈને
સૌ કોઈ બીજા સૌને તાકે છે
ફળો પકવે છે
અને તળિયા વગર પણ ઊભરાતાં
પોતપોતાનાં ભાથાં ભરે છે.

પણ અંતે તો સૌ
ભૂખતરસે મરી જાય છે -
- પારકી કે પોતાની - એ સમજ્યા વગર જ!

■

## વિચિત્ર અલંકાર(?) | કુમાર ભટ્ટ

એવું પણ હતું ક્યારેક કે
અજાણતાં કે જાણતાં
અડી જાય આંગળીઓ,
તો રૂંવાડાં ઊભાં થઈ જતાં!

આજે...

આલિંગનમાં ભીંસાય છે
એકલતા, બેયની વચ્ચે,
ઍક્સિડંટમાં અચાનક ખૂલેલી
કારની ઍર-બૅગની જેમ.

■

# બે કાવ્યો | હર્ષદ દવે

## (૧) મનભેદ

મારા હાથમાં નારંગી જોઈને
તમે વાત કરો
ગોળ-લંબગોળ ફળો વિશે
જે ખટમીઠાં સ્વાદવાળાં હોય
ત્યારે હું વિચારું પૃથ્વી વિશે.

હું મૂવી વિશે વાત કરું
તમને એની વાર્તામાં રસ પડે
વાત સાથે હું વિચારતો હોઉં
ફિલ્મના દિગ્દર્શન વિશે.

ઘરની દીવાલ પર લટકતી તલવાર
એકીટશે જોયા કરો તમે
તલવારની મૂઠનું નકશીકામ વખાણો
ત્યારે હું વિચારું તલવારની ધાર વિશે
જેના પર કેટકેટલા રક્તિમ સૂરજ
ઊગીને આથમી ગયા!

માછલીઓમાં જેટલો રસ હોય તમને
એથી વિશેષ તળાવના વિચારોમાં
હું ડૂબકી મારું
પાછલી રાતે ખરી પડેલા તારોડિયા
મળી આવે કદાચ.

સૅન્ડવિચ, પિત્ઝા, બર્ગર જોઈને
તમારા મોંમાં પાણી છૂટે
ત્યારે મારા મનમાં
અલગ અલગ આકારનાં ખેતરો રચાય
જે સોનેરી થઈને મસળાઈ ગયાં હોય.

હું પરિસ્થિતિને પામી પ્રસરતો રહું
ઊંડે સરતો રહું અખિલાઈમાં
તમે સ્થિતિને વળગી રહી
નીરખતા રહો ગગનને.

❋

## (૨) પ્રશ્નચિહ્ન

આવતીકાલનો સૂરજ માંગવા માટે
રાતે સૂતી વખતે આકાશ તરફ લંબાવું બે હાથ
ખરેખર તો નજર ફેલાવું ઓરડાની છત તરફ
ત્યાં અચાનક ઊડતું આવી ચઢે
અને મારી છાતી પર બેસી જાય
પ્રશ્નચિહ્ન.

ઋતુઓને માણતો હોઉં એ ક્ષણે
ભમરો થઈને કાન પાસે સ્થિર થઈ જાય
ઋતુ વિશે કવિતા લખતો હોઉં
તો માખી થઈને આવી બેસે
કાગળ પર.
બગીચાના બાંકડે જઈને બેસું
તો બાંકડાની આસપાસ ઊડ્યા કરે પતંગિયું થઈને.
સાંજ ઢળે તો મચ્છર થઈને હેરાન કરે
અરે, ક્યારેક તો નાગ બનીને
ફેણ ચઢાવીને બેસી જાય મારી સામે
બે હાથ જોડી અરજ કરું
તો ઘડીભર ગૂંચળું વળીને શાંત થઈ જાય.

કાયમી ઉકેલ નથી મારી મુશ્કેલીનો
પ્રશ્નચિહ્ન એકમાંથી બે
બેમાંથી ચાર...
બમણાં થતાં રહે અનેક રૂપે
એમ હારમાળા લાંબી થતી જાય
એને ટૂંકી રાખવા ધીમેથી લપેટી લઉં
મારી આસપાસ.
નળાકારમાં કેદ થઈ જાઉં
પ્રશ્નચિહ્નો મારી સાથે એટલાં ઓતપ્રોત
કે અમરવેલ થઈને જીવે.

હવે છાતી પર, હથેળી પર
હાથ-પગ કે આંખ-કાન પર
પ્રશ્નચિહ્ન આવવાની ફિકર નહીં
અમે બંને પરજીવી
અરસપરસ.

■

## આગાખાન પૅલેસ | રાકેશ દેસાઈ

ઢળતી બપોરે
સદીથીયે જૂના આગાખાન પૅલેસને
હું કૅપ ઉતારીને ઊંચી ડોકીએ તાકી રહ્યો—
જાણે "હિન્દ છોડો" ચળવળનો ક્યૂઆર કોડ
નરી આંખે સ્કેન કરવા મથી રહ્યો.

બારણાંઓ પર
ગાંધીજી-કસ્તુરબા, મહાદેવભાઈ દેસાઈ, સરોજિની નાયડુનાં નામો
હું વાંચતો ગયો—
એમની સાથે એવી ઘરવટ કે જાણે મારા પેઢીનામામાં હોય,
પણ એમનો એવો વટ કે તેઓ મારી પહોંચ બહાર જ હોય.
એમની પ્રતિષ્ઠાને નજરકેદમાં રાખવા મથેલા
આ વિશાળ ખંડો
ઇતિહાસની પરીક્ષામાં નપાસ થઈને
હવે ભવ્ય ઇટાલિયન કૉરિડૉરમાં લજવાતા ઊભા હતા.
ગાંધીજી-કસ્તુરબાના ખંડમાં
રેંટિયા પર કંતાયેલા સમયને ચઢેલો ફેર
હજી ઊતર્યો નહોતો.
આ ખંડનાં અ-દૃશ્યને ઍટનબરોની ફિલ્મ "ગાંધી"
દૃશ્યમાં મઢે છે :
પત્નીની નાડી તૂટતી હોય છે ત્યારે એનું માથું ખોળામાં લઈને
નતમસ્તક બેઠેલા મહાત્માને
એકાંત આપવા
"લાઇફ"ની ફોટો-પત્રકાર સન્નારી બહાર નીકળી જાય છે.
હું કૉરિડૉરમાં ભારે હૃદયે આગળ ધપું છું.

અંગ્રેજ સરકારની નજરકેદને ચુકાવીને
મૃત્યુ
પત્ની કસ્તુરબા ને અંગત મંત્રી મહાદેવભાઈનાં
જીવ ચોરી ગયું હતું.
એમનાં સમાધિસ્થળોના સંયોગવશ નૈકટ્યમાં
ઔચિત્ય પણ હતું : બંને મહાત્માની સેવાને ગુપચુપ વરેલાં હતાં.
થોડાંક ડગલાં દૂર સ્થાપિત
ગાંધીજીની ભસ્મની સમાધિનો પડછાયો
અહીં લગી પહોંચવા લંબાતો હતો.

કસ્તુરબા ને મહાદેવભાઈને
મહાત્મા ગાંધી વગર કલ્પી શકાય ખરાં?
ઇતિહાસમાંની અંગત ક્ષણને
માન આપનારી "લાઇફ"ની પત્રકાર સન્નારીએ
ઇતિહાસમાંના આ બે અંગત આયખાંઓને
કેટલું બધું માન આપ્યું હોત!

આગાખાન પૅલેસથી આ સમાધિસ્થળ વચ્ચેનું અંતર
કેવી રીતે મપાય?
એ માપણીમાં શું સમાય, શું લપાય, શું કપાય, શું છપાય?
પડી ગયેલા પવનની નિઃશબ્દતામાં
સમાધિસ્થળનું મૌન ભારેખમ બનીને તોળાતું હતું.
એટલામાં જ એની પાળી પર બેઠેલા કબૂતરનું ગટુર-ગટુર સંભળાયું.
એક ઊંડો શ્વાસ લઈને
હું સમાધિસ્થળની બહાર નીકળ્યો, દબાતે પગલે,
રખેને પેલું કબૂતર ઊડી જાય.

■

## સ્વપ્નસ્થ પિતાશ્રીને | કેશુભાઈ દેસાઈ

(સૉનેટ)/શાર્દૂલવિક્રીડિત

ના સ્વપ્ને અવ આવશો – કહી દઈ જાકારવા ના ગમે,
કે ના પ્રેત-સ્વરૂપ સ્થિત તમને જોઈ શકું તાત હું..
આતંકિત રૂંવેરૂંવું, મન મહીં ઘૂંટાઈ મૃત્યુભીતિ;
ઊંઘેલો ઝબકી પડું, થરથરું સૂતાં સૂતાં સેજમાં.

શું કોઈ અપરાધભાવ મનમાં વા કૈં વસે વાસના?
કે કાંઈ મુજથી થયેલ ચૂકનો અંદાજ પીડે પિતા?
ઊઠીને તવ ચિત્ર પાસ ઊભતાં હૈયે ઊઠે કંપ શો!
મીંચું આંખ જરીક જ્યાં થઈ રહો પ્રત્યક્ષ મૂર્તિ સમા.
આવો પ્રેમ થકી સ્વરૂપ ધરીને કો સંતનું તો ગમે,
વા કોઈ કલહંસ કે હરણમાં ઇચ્છું તમારી ગતિ.

ઘૂસે નિત્ય સવાર-સાંજ ઘરમાં નિર્દોષ પારેવડું
ત્યારે સાંભરતાં પવિત્ર પગલાં બાપુ, તમારાં મને.
આ મારું મન આપની જણસ કે જાગીર જે કૈં ગણોઃ
આ ચ્હેરો તવ ઓળખાણ વસમી-એ સાચવું તો ઘણું!

# બખોલ

દીવાન ઠાકોર

સવારનો સમય છે. સાડા સાત વાગ્યા છે. તમે ચા પાણી, નાસ્તો પતાવી રોજના નિયમ મુજબ લટાર મારવા જાહેર બગીચા તરફ જઈ રહ્યા છો. તમે સફેદ રંગનું પૅન્ટ અને નાની ચોકડીવાળું ભૂરા રંગનું શર્ટ પહેર્યું છે. માથાના વાળ અડધા કાળા-અડધા સફેદ છે. ચહેરા પર પ્રસન્નતાની ચમક છે. ઝડપથી ચાલવાની મજા માણતાં ચાલી રહ્યા છો. હારબંધ ઊભેલા ગુલમોરનાં વૃક્ષો તમને આવકારે છે.

જાહેર બાગના ઝાંપાની અંદરની બાજુ ઊભેલા પહેરેદાર પાસે જઈ ઊભા રહો છો. તમને આવકારતું સ્મિત તેના ચહેરાને ઢાંકી દે છે. તમે રોજની જેમ પૂછી લીધું.

'તબિયત સારી છે ને?' એ માથું હલાવે છે અને પછી જવાબ આપે છે.

'હા સાયેબ, આ બધી તમારા જેવા માણહની મે'રબાની છે.'

'કેમ આજે અંદર ઊભા છો?'

'હું તો જ્યાં મન હોય ત્યાં ઊભો રહું. આજે બહાર મજા નથી પડતી એટલે અંદર ઊભો છું.'

અંદર-બહાર શબ્દ તમને ગમે છે. સરસ શબ્દ છે. પહેરેદારના શબ્દો યાદ આવે છે. અંદર મજા છે તે બહાર નથી. શબ્દ વિશે વિચારવાની મજા પડે છે. બાગમાં પ્રવેશો છો. બંને બાજુ હારબંધ ઊભેલાં પેન્ડોલા, પલાશ, ચંપો, પામ, લીમડો, પીપળ, પીપળો અને કદંબનાં વૃક્ષોને જોતાં લયબદ્ધ ચાલ ચાલતા આગળ વધો છો.

બાગમાં લંબગોળાકાર ચાલવાની કેડી છે. પગ ટેવવશ એ બાજુ વળે છે. તેના ત્રણ આંટા રોજ મારવા એવું નક્કી કર્યું છે. સવારે બાગમાં ચાલવાથી સ્ફૂર્તિ અનુભવાય છે. પક્ષીઓ નજરે પડે છે. પક્ષીઓને જોતાં ઊડવાની ઇચ્છા થાય છે. તમે હાથને પાંખોની જેમ હલાવવાનું ચૂકતા નથી. થાક લાગે છે. નજર બાંકડો શોધે છે.

ખૂણામાં આવેલા કદંબના વૃક્ષ નીચે મૂકેલા બાંકડાને જુઓ છો. એ બાંકડો તમારી કાયમની બેઠક છે. બાંકડા પર કેટલાક કાગડા કાંઉ કાંઉ કરતા બેઠા હતા. બાંકડો ખાલી નથી. ધીમાં ડગલાં ભરતાં આગળ ચાલો છો. એક આખું ચક્કર મારીને ફરી વાર બાંકડા તરફ આવો છો. ખાલી બાંકડાને જોતાં તમારી આંખો ચમકી ઊઠે છે. કાગડાઓ ઊડી ગયા છે. ઝડપથી ડગલાં ભરો છો અને બાંકડા પર બેસી જાવ છો. ત્યાં એકાંત છે, લોકોની

અવરજવર ઓછી છે. પગ લટકતા રાખીને આંખો બંધ કરીને બેઠા છો. શ્વાસોશ્વાસ સાંભળાય છે. મન એકાગ્ર થાય છે. શ્વાસ અંદર જાય છે અને શ્વાસ બહાર આવે છે. 'સ.અ.સ.અઅઅ..' જેવો અવાજ સંભળાય છે. કશોક અવાજ થાય છે અને આંખો ખૂલી જાય છે.

બાંકડાનો બીજો છેડો ખાલી છે. તમને મોહિની યાદ આવી. એકલતાનો અનુભવ થાય છે. એકલતાની લાગણી તીવ્ર બને છે. બધાંની વચ્ચે છો છતાં એકલા છો. ધીમે ધીમે એકલતા ઘટ્ટ બનતી જાય છે. સ્થિતિ વધારે અસહ્ય બનતી જાય છે. ભીંસ અનુભવાય છે. કશું સૂઝતું નથી. આવું કેમ થાય છે? મનમાં પડેલી કેટલીક છાપો ઝટ ભૂંસાતી નથી. આમતેમ જુઓ છો. સામે વૃક્ષ છે અને વૃક્ષમાં બખોલ છે.

થોડે દૂર કાગડાઓ ટોળે વળ્યા છે. તેમના કર્કશ અવાજો આજુબાજુ વિખરાય છે. હીંચકા ખાતાં નાનાં છોકરાંઓની ચીસો સાંભળી વહેતી હવા સ્થિર થઈ જાય છે. થોડે દૂર બેઠેલી સ્ત્રીઓ મોટેથી વાતો કરતી નજરે ચઢે છે. અવાજનાં મોજાં તમને અથડાય છે. બાંકડો હાલકડોલક થાય છે. તમે હલબલી ગયા. ચીસ પાડવાની ઇચ્છાને પરાણે રોકી રાખો છો.

ફરી તમારી નજર વૃક્ષની બખોલ પર પડે છે. તેને કુતૂહલવશ જોઈ રહો છો. બખોલમાં શું હશે? એ પ્રશ્ન રોજ થાય છે. બખોલમાં જવાનું મન થાય છે.

પક્ષીનો મધુર અવાજ સાંભળી કાન રણઝણી ઊઠે છે. એ અવાજ પર ધ્યાન કેન્દ્રિત કરો છો. મન અવાજની પાંખો પર બેસીને ગમતા પ્રદેશ તરફ ઊડવા માંડે છે. પ્રકૃતિ તેનું કામ કરે છે. મન આનંદની અનુભૂતિથી છલકાય છે. મનના ખૂણે દટાયેલું દૃશ્ય બહાર નીકળે છે.

મોહિની સામેથી આવી રહી હતી. તે નજીક આવે છે. તમે સ્મિતનું બલૂન એની તરફ ફેંકો છો. એ પણ એમ કરે છે. એ પછી અસંખ્ય બલૂનથી આકાશ ભરાઈ જાય છે. મન ચગડોળ બની જાય છે. તમે ચગડોળમાં બેસી જાવ છો. આનંદ અનુભવો છો.

બચપણમાં તમે ચગડોળમાં બેસવાની હઠ કરતા હતા. હવે રોજ ચગડોળમાં બેસી શકો છો. હવે ટિકિટ ખરીદવી પડતી નથી. તમને જાત પર હસવું આવે છે. મોટેથી ખડખડાટ હસો છો.

પગના તળિયાને થતો ઘાસની ઠંડકનો આહ્લાદક સ્પર્શ તમે માણી રહ્યા છે.

તમને યાદ આવ્યું. ઘણા દિવસની બેચેની પછી તમે મોહિનીને કહેલું, 'હું તને ચાહું છું.'

થોડા દિવસ પછી સમાચાર મળ્યા કે મોહિનીએ લગ્ન કરી લીધાં છે. એ પછી અંધારું તમને વધારે ગમવા માંડ્યું હતું.

તમે જાતને સંભાળી લીધી અને જાત સાથે વાતો કરવાનું શીખી લીધું હતું. પક્ષીઓના ટહુકામાં, ફૂલોના રંગોમાં-સુગંધમાં, ભૂરા આકાશમાં પ્રેમ અનુભવાતો. મનની દીવાલ પર શ્વેત-શ્યામ ચિત્રો ચીતરાતાં. તમે વિચારતા હતા કે જે કાંઈ થાય છે તે સારા માટે જ હોય છે.

સ્ત્રીઓ, બાળકો, યુવાનોથી બાગ ઊભરાતો જાય છે. બધાં સરસ કપડાંમાં શોભી રહ્યા છે. લીમડાના ઝાડની ડાળી પર ઝૂલતા પોપટને જોતાં થોડી ક્ષણો પસાર થઈ.

આવતાજતા ચહેરાઓ એકબીજા સાથે વાતો કરે છે. તમને વાતો કરવી ગમે છે. વાતો કરનાર કોઈ નથી. સમય પસાર કરવા વાતો કરવી જોઈએ. એવો તમારો મત છે.

મન આદત મુજબ ભૂતકાળમાં સરકી ગયું.

એક વાર બજારમાં મોહિની મળી ગઈ. પૂછ્યું, 'કેમ છે મોહિની?'

એ રડવા માંડી હતી. તમે પૂછેલું, 'કેમ રડે છે?'

એ બોલી, 'હવે હું ક્યારેય કોઈ પુરુષ પર ભરોંસો નહીં મૂકું.'તમે અવાચક થઈ તાકી રહ્યા. તેનો ચહેરો સૂજેલો હતો. હોઠ ચિરાઈ ગયો હતો. કપાળ પર લાલ ચકામું હતું.

તમને આઘાત લાગ્યો હતો. તમને કોઈ ચાબુકથી ફટકારતું હોય એવી વેદનાનો અનુભવ થઈ રહ્યો હતો. ઘેરા દુઃખની લાગણીએ જકડી લીધા હતા. તમે માંડ માંડ સ્વસ્થ થયા.

એકપાત્રીય અભિનય કરવાનો સમય હતો. તમે કુશળતાપૂર્વક એમ કર્યું. એને સાંત્વન આપ્યું.

બાંકડાને છેડે સ્ત્રી આવીને બેઠી. ભૂતકાળની ઘટનાઓ ઓગળવા માંડી. તમારું ધ્યાન સ્ત્રી તરફ ગયું. એ સ્ત્રીમાં તમને મોહિની દેખાય છે. તમે અસ્વસ્થ થયા અને નજર ખસેડી લીધી.

સ્ત્રી ઊભી થઈ અને વૃક્ષની બખોલ સામે જઈને ઊભી રહી.

એ વૃક્ષની બખોલમાં પ્રવેશી ગઈ. તેને જતી જોઈ તમે ચોંક્યા અને તેની પાછળ પાછળ બખોલમાં દાખલ થઈ ગયા. બખોલ અંદરથી લાંબા બુગદા જેવી હતી. શરૂઆતમાં ઘટ્ટ અંધારું હતું. આગળ જતાં બુગદાને છેડે પીળો પ્રકાશ હતો. પીળા પ્રકાશમાં બધું પીળું દેખાતું હતું.

તમે સ્ત્રીને શોધવા માંડ્યા. તે ન દેખાઈ એટલે ઊભા રહી આમતેમ જોયું. નજર બધે ફરતી હતી. સ્ત્રી નજરે ન પડી. સામે રંગીન ફૂલઝાડ, સુંદર કેડીઓ, રંગબેરંગી પ્રકાશ અને સુંદર ઘર હતાં. આજુબાજુ કોઈ ન હતું. પાછળ નજર કરી તો તમે આવેલા એ રસ્તો ન દેખાયો. રસ્તો ન જોઈને મૂંઝવણ થઈ. ક્ષણ માટે ગભરાયા. એ પછી હવે શું કરવું? તે વિચારવા લાગ્યા. નજર એક મકાનના ખુલ્લા દરવાજા પર પડી. અંદર કોઈ માણસ હોઈ શકે છે. એમ વિચારી દરવાજા પાસે જઈને ઊભા રહ્યા. એટલામાં અંદરથી કોઈના રડવાનો ધીમો અવાજ સંભળાયો. તમે અવાજ પરથી અનુમાન કર્યું કે એ અવાજ સ્ત્રીનો છે. અંદર પ્રવેશવાનો નિર્ણય કરી તમે મક્કમતાથી મકાનમાં પ્રવેશ્યા.

સોફા પર બેઠેલી સ્ત્રી રડી રહી હતી. નજીક જઈને જોયું તો તેના ખુલ્લા બરડા પર સોળ પડ્યા હતા. તમે ચોંક્યા. 'ઓહ' એવો અવાજ ગળામાંથી નીકળી પડ્યો. એણે તમારી સામું જોયું અને ઝડપથી આંસુ લૂછી નાંખ્યાં.

'તું કેમ રડે છે?'

પ્રશ્ન પૂછતાં તેના ચહેરાને ધ્યાનથી જોયો. તેણે ચહેરા પર સરકી આવેલી લટને માથાનો ઝટકો મારી ખસેડી તમારી સામે જોયું. તમે જોતા રહ્યા. એ તમને તાકી રહી. એની આંખોમાંથી આંસુઓ રેલાઈને ગાલ પર આવ્યાં. આંસુ જોઈને પાણી યાદ આવ્યું.

તમે પાણી લેવા માટે ફ્રીઝ તરફ આગળ વધ્યા. ફ્રીઝમાંથી પાણીની બૉટલ કાઢી પાછા ફર્યા. સોફા પર સ્ત્રી ન હતી. આશ્ચર્ય સાથે ડરનો અનુભવ થયો. અકલ્પનીય વિચારે તમને આંચકો આપ્યો. હાથમાંની બૉટલ પડી ગઈ. બાઘાની જેમ ઊભા રહ્યા. બારી બહાર નજર ગઈ. સામે એક પહેરેદાર ઊભો હતો. એની પાસે જઈને પૂછ્યું,

'કોઈ સ્ત્રીને જોઈ?'

'હા, એ પેલા મકાનમાં ગઈ.'

એણે દર્શાવેલી દિશામાં તરફ જોયું. જૂનું ખખડધજ મકાન હતું. દીવાલનું પ્લાસ્ટર ખરી પડ્યું હતું. તમે અધખૂલા દરવાજેથી અંદર પ્રવેશ્યા. સામે હારબંધ ઊભેલાં સુકાયેલાં ઝાડની ડાળીઓ પર હાડપિંજર લટકતાં હતાં. હાથ-પગ વગરનાં અસંખ્ય પૂતળાં આમતેમ વિખરાઈને પડ્યાં હતાં. પૂતળાંની આજુબાજુ બંગડીઓ, ચાંદલા, મંગળસૂત્ર, સાડીઓ, કંકુ વેરવિખેર પડ્યાં હતાં. તમે કયાં આવી ગયા છો? થોડાં ડગલાં આગળ ચાલ્યા. નજર એક પૂતળા પર પડી. ચહેરાને ધારીને જોયો. એ ચહેરો મોહિનીના ચહેરા જેવો હતો. તેની એક આંખ ન હતી. ચહેરા પર લાલ ચીરો હતો. નાકમાંથી નીકળેલું લોહી થીજી ગયું હતું. તેનો હોઠ કપાયેલો હતો. લટ બળી ગઈ હતી. અસમંજસની લાગણી અનુભવી. મોહિની આમ પૂતળું કેવી રીતે બની જાય? તમે ખિન્ન બની તાકી રહ્યા.

અહીંથી નીકળી જવું જોઈએ. એમ વિચારી પેલી સ્ત્રીને શોધવા માંડ્યા.

સ્ત્રી ન દેખાઈ. ઘણો સમય થઈ ગયો. તમે વિચાર્યું, હવે આમતેમ ભટકવાનો કોઈ અર્થ નથી. જ્યાં હતો ત્યાં પાછા ફરવું જોઈએ. પાછા ફરીને જ્યાંથી દાખલ થયા હતા તે દરવાજા તરફ ગયા. દરવાજો બંધ હતો. ફરીને મૂળ જગાએ આવીને ઊભા રહ્યા. હવે શું કરવું એ વિચારતા હતા. એટલામાં દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો. દરવાજામાંથી લાલ રંગનો પ્રકાશ અંદર આવતો હતો. ઝડપથી ચાલીને દરવાજામાં દાખલ થયા. અંદરથી સ્ત્રીઓની હાર આવતી દેખાઈ. તમે બાજુમાં ખસીને પસાર થતી સ્ત્રીઓના ચહેરામાં કશુંક શોધતા ઊભા રહી ગયા. મોટા ભાગની સ્ત્રીઓના ચહેરા એકસરખા હતા. છેલ્લી સ્ત્રી નજીક આવી. તેના ચહેરાને ઓળખવાનો પ્રયાસ કરો તે પહેલાં તે પસાર થઈ ગઈ.

બધી સ્ત્રીઓ ચાલી ગઈ. તમે એકલા ઊભા હતા. વિચાર્યું કે અહીં બધું ન સમજાય એવું છે. આ કોઈ અગોચર પ્રદેશ છે. હવે મોડું કર્યા વગર મારે બહાર નીકળી જવું જોઈએ.

સામે સાંકડો રસ્તો હતો. એ રસ્તો કદાચ બહાર જતો હશે એમ માની ચાલવા માંડ્યા. રસ્તાની બંને બાજુ ગુલમોરનાં ફૂલોથી લચી પડેલાં ઝાડ હતાં. ઝાડને જોઈને વિચાર આવ્યો. અહીં પક્ષીઓ કેમ દેખાતાં નથી. તમે ધીમે ધીમે આગળ ચાલતા રહ્યા. રસ્તો જ્યાં પૂરો થતો હતો ત્યાં પહેરેદાર ઊભો હતો. તેની નજીક ગયા. એને જોતાં લાગ્યું

કે તમે એને ઓળખો છો. તેને રોજ બગીચાને ઝાંપે મળો છો. તમારો ડર ઓછો થયો. તે તમારી સામે જોતાં હસીને બોલ્યો,

'બોલો સાહેબ, કાંઈ કામ છે?'

'મારે બહાર જવું છે.'

'તમે બહાર છો. હું પણ બહાર છું.'

'મને એમ કેમ લાગે છે કે હું અંદર છું?'

'એ તમારો ભ્રમ છે. તમે બહાર જ છો.'

'તો હવે શું કરું?'

એ તમને અવઢવભરી નજરે જોઈ રહ્યો. તેની અવઢવને પારખીને પૂછ્યું,

'તમે કોઈ સ્ત્રીને જોઈ?'

'ત્યાં એક સ્ત્રી ઊભી છે.'

તમે પાછા ફર્યા. આંગળીની દિશામાં આગળ વધ્યા. વૃક્ષ નીચે સ્ત્રી ઊભી હતી. તમે તેને ઓળખી ગયા. તેની નજીક જવા ડગ ભર્યાં. એ ચાલવા માંડી. તમારે તેને બહાર જવાના રસ્તા વિશે પૂછવું હતું. એ તો પાછળ જોયા વગર ચાલતી હતી. તમે તેને અનુસર્યા. તમે ઝડપથી ચાલતા હતા, છતાં એ દૂર જતી દેખાતી હતી. અંતે એ દેખાતી બંધ થઈ.

કોયલનો ટહુકો સંભળાયો અને તમારી આંખો ખૂલી.

તમે કદંબના વૃક્ષ નીચે મૂકેલા બાંકડા પર બેઠા છો. આમતેમ જોયું. બાંકડો એ જ હતો. ચિરપરિચિત. બાંકડાનો બીજો છેડો ખાલી છે. તમને બખોલમાં જોયેલાં દૃશ્યો યાદ આવ્યાં. એ વિચલિત કરે એવાં હતાં. તમે અંદર જઈને બહાર આવ્યા. એ કોઈ બીજું વિશ્વ હોય એમ લાગ્યું. જોકે અત્યારે મનને સારું લાગતું હતું.

થોડી વાર પછી યુવાન આવીને બાંકડાને છેડે બેઠો. તે ઉદાસ દેખાતો હતો. શું તકલીફ હશે? નોકરી નહીં હોય. પૈસાની તકલીફ હશે? કોઈ સાથે ઝઘડો થયો હશે? ઘરમાં કોઈ બીમાર હશે? તેની સામે એક-બે વાર જોયું. મન અશાંત થયું.

એણે તમારી તરફ જોયું. તમે તક ઝડપી લીધી. પૂછ્યું,

'શું થયું છે? આટલી સરસ સવારમાં તું કેમ ઉદાસ છે?'

એ ધીમા અવાજે બોલ્યો, 'હું જેને ચાહતો હતો તે છોકરી મને છોડીને જતી રહી. મારે મારી જવું છે.'

તમે મોટેથી હસ્યા. એ આંખો ફાડી જોતો રહ્યો. તમે બોલ્યા,

'આવું કાંઈ પહેલી વાર નથી થયું. મરીને જીવી શકાતું નથી. તારે ચાહવું અને છોકરી બેમાંથી એકની પસંદગી કરી લેવી. એ પછી જ્યારે સમય મળે ત્યારે મનની બખોલમાં જતું રહેવું, ત્યાં અજવાળું હોય છે.'

એ થોડું સમજ્યો. શાંત થયો. હળવાશ અનુભવતો ગયો.

તમને પ્રગાઢ શાંતિનો અનુભવ થતો હતો.

બાંકડાનો બીજો છેડો ખાલી છે. મોહિની યાદ આવી. સામે વૃક્ષ છે અને વૃક્ષમાં બખોલ છે. એ જોઈને પ્રસન્નતા અનુભવો છો.

વૃક્ષની બખોલમાં જોયેલાં દશ્યોને યાદ કરો છો. શાંતિનો અનુભવ થાય છે. કદંબનાં ફૂલોની સુગંધ શ્વાસમાં પ્રવેશી. એ સુગંધ મનને તરબતર કરતી ગઈ. ઇચ્છાઓનું ટોળું વિખરાઈ ગયું. ઘેર પાછા ફરવાનો સમય થઈ ગયો છે.

આજે સારું લાગે છે.

તમને ફરી ઊડવાનું મન થયું. બેઠાં બેઠાં બહુ સમય થઈ ગયો હતો. હવે ઘેર જવું જોઈએ. તમે લાંબાં ડગલાં ભરતા ચાલવા માંડ્યા. સામે ઝાંપો હતો. ઝાંપા પાસે પહેરેદાર ઊભો હતો. તેની અને તમારી નજર એક થઈ. એ તમને જોઈ ગંભીર થઈ ગયો. એણે ચિંતા દર્શાવતાં પૂછ્યું,

'સાહેબ, આજે તબિયત બગડી છે કે શું?'

'ના, એવું કાંઈ નથી.'

'થોડી વાર પહેલાં બહાર જવાનું કહેતા હતા.'

'હા. બહાર જઉં તો જ ઘેર જવાય ને?'

હા.. હા. તમારી એ વાત સાચી.'

એ હસ્યો.

'હવે ઘેર જઈશું.' એ રોજનો જવાબ હતો.

પહેરેદાર ફરી વાર મોટેથી હસ્યો, 'હા.. હા.' તમે તેને હસતો જોઈ રહ્યા. તમારે હસવું કે નહિ એ વિચારમાં અટવાઈ ગયા. રોજનો ક્રમ તૂટવો ન જોઈએ. હસવું તો જોઈએ. હસવાથી મન પ્રસન્ન રહે છે. તમારા ચહેરા પર સાચુકલું હાસ્ય પ્રગટ થયું. મોટેથી હસ્યા, 'હા.. હા.. હા..' અને લાંબાં ડગલાં ભરતા ઝાંપો વટાવી ગયા.

■

દરમ્યાન કાઠિયાવાડની ખટપટનો પણ મને કંઈક અનુભવ મળ્યો. કાઠિયાવાડ એટલે નાનાં અનેક રાજ્યોનો મુલક. અહીં મુસદ્દીવર્ગનો પાક તો ભારે હોય જ. રાજ્યો વચ્ચે ઝીણી ખટપટ, હોદ્દો જમાવવા સારુ ખટપટ, રાજાના કાચા કાન, રાજા પરવશ. સાહેબોના પટાવાળા સમાન ખુશામત; શિરસ્તેદાર એટલે દોઢ સાહેબ, કેમ કે શિરસ્તેદાર એ સાહેબની આંખ, તેના કાન, તેનો દુભાષિયો. શિરસ્તેદાર ધારે એ જ કાયદો શિરસ્તેદારની અવક સાહેબની આવક કરતાં વધારે ગણાતી. આમાં અતિશયોક્તિ હોવાનો સંભવ ખરો. પણ શિરસ્તેદારના ટૂંક પગારના પ્રમાણમાં તેનો ખર્ચ અવશ્ય વધારે રહેતો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# એ શહેરને સૂવાની ટેવ છે...

ઉત્સવ પરમાર

છેલ્લી બે સદીથી એ શહેરમાં સન્નાટો હતો. મંદિરમાં ઘંટારવ નહિ, મસ્જિદમાં અજાન નહિ, ચર્ચમાં બેલ નહિ. રાજા અને અધિકારીઓ સિવાય કોઈને માઇક રાખવાની સત્તા નહોતી. જાહેર રસ્તાઓ પર સ્પીકર લાગેલાં, એમાંથી સૂચનાઓ ગબડતી રહેતી. સ્કૂલોમાં શિખવાડાતું કે સંગીત એક રોગ હતો, જેને નગરના આદિ રાજાએ બસ્સો વર્ષ પહેલાં સળગાવી દીધો હતો. વાંસળી, વાયોલિન, સિતાર, ગિટાર...મ્યુઝિક પ્લેયર્સ - બધું જ ભેગું કરીને સળગાવી દીધેલું. બધું જ કાનની સામે. આગની જ્વાળાઓ પણ લયબદ્ધ થઈ ગયેલી, એવી લોકવાયકાઓ છે.

આઠ પેઢી પછી સંગીત શું હોય એ નહોતી ખબર આખાય શહેરને. પીંજણિયા ને ધમણના તાલ કાનમાં કંઈક કાંતે ખરા પણ એ તાલ કાંતીને સંગીતની ચાદર ઓઢતાં કોઈને આવડ્યું નહીં.

રાજાની ઊંઘ માટે આટલું પૂરતું હતું.

રાત પછી અજવાળાની કલ્પના કોઈ કરી ન શકે એ માટે સૂરજ તો ન ઢાંકી શકાયો પણ શહેરને જાણે અંધાપો આપી દીધો એ રાજાએ.

પણ આજે એ શહેરની સ્તબ્ધતાને કોઈની નજર લાગી.

પોઢેલા રાજાની નીંદરને ખલેલ પડી. કાનને સન્નાટા સાથે જ દોસ્તી હતી અને શહેર સાથે શાંતિ બળજબરીથી પરણાવી દીધી હતી. એ મૌનભક્ષી કાનના પડદા પર થડકારા કંઈ જુદા જ સંભળાઈ રહ્યા હતા.

શહેરના ચોકમાં એક છોકરી ગીત ગાઈ રહી હતી. ક્યાંકથી તો એ શબ્દો વીણી લાવી હતી. ક્યાંકથી તો સૂર પરોવ્યો હતો એણે. બે સદી પહેલાંનો કો અવશેષ જાણે રહી ગયો હતો. બોલાતા શબ્દો આમ ગૂંથી શકાય? એમ જાણીને જ શહેરને વિસ્મય થયું. ટક ટક, ઠક ઠક બંધ થઈ. મશીનો ચૂપ થયાં. શહેરનાં પગલાં પેલા ચોક તરફ વળ્યાં. વૃદ્ધો ખુલ્લા મોં અને ફાટેલી આંખોથી સાંભળી રહ્યા. યુવાનો પોતાની અંદર કંપનો અનુભવી રહ્યા.

“સા...આ આ...”

વિખરાયેલો બધો પવન પેલી છોકરીના હોઠે જઈ બેસી ગયો.

"રે... એ એ..."

પાસેના ઝાડ પરથી આવીને પક્ષી એના ખભે બેસી ગયું,

"ગા... આ...આ"

સડક પરનો ગરમાળો લચી પડ્યો,

"મા... આ... આ"

પતંગિયું એની હથેળી પર બેઠું,

"પ... અ..."

શહેરનાં પગલાં એની તરફ વળીને રોકાઈ ગયાં.

"ધ..."

લોકોની ધડકન વધવા લાગી, કેમ કે આવું કદી સાંભળ્યું નહોતું,

"ની...ઈ...ઈ..."

સૂર શરીરને ભેદી અંદર જઈ રહ્યો હતો,

"સા... આઆઆ..."

ત્યાં બૂમ પડી એક સિપાહીની. બંદૂકોનાં નાળચાં હતાં એ છોકરી સામે.

છોકરી પાસે હતું એક માત્ર ગીત.

રાજના સિપાહીએ કહ્યું, "ચૂપ થઈ જા."

"ચૂપ રહેવું અને મરવું એક જ છે. જીવવાનું તો હવે શરૂ કર્યું છે." છોકરી બોલી જોરથી.

"એ પણ લાંબું નહિ ચાલે.."

આંખ બંધ કરી અને છેડ્યો એક સૂર.

અને પછી ગોળીનો અવાજ.

ખંડિત સપ્તક.

સાત સૂરોની વિરાસત છોડીને છોકરી શહીદ થઈ ગઈ.

એના લોહીના છાંટા પેલી સત્ત્વહીન ભીડ પર પડ્યા.

માંડ જાગેલો તણખો લોહીભીનો થઈ ખોવાઈ ગયો.

પછી હવામાં ગોળીબાર થયો. ટિયરગૅસના સેલ છૂટ્યા. સ્પીકર પર આદેશો થઈ રહ્યા હતા.

જાગી રહેલા માણસોનો સમૂહ પાછો અડધી ઊંઘમાં ડૂબેલી ભીડ બનવા તરફ ફરી ચાલી નીકળ્યો.

સિવાય એક.

એ છોકરાની આંખમાં વસી ગઈ હતી એ છોકરી.

ગોળીના અવાજ પહેલાં જે ઝીલ્યો એ અવાજ ભેગો કરીને મનમાં સરગમ તો છુપાવી લીધી.

સંગીતની શક્તિમાં એને ભરોસો થઈ પડ્યો.

એ રાતે એ ઊંઘ્યો નહિ. આકાશ સામે ટગર ટગર જોયું એણે. આંખોથી નહિ, કાનથી નગર જોવાનું નક્કી કર્યું એણે.

આંખે પાટા બાંધીને એ લાકડીના ટેકે ટેકે બીજા દિવસે ફર્યો આખા શહેરમાં.

કુંભારનો ચાકડો, કટાયેલા મિજાગરાની મહેરબાની પર ટકેલાં બારણાં, ચપ્પાની ધાર કાઢતા સંચા, બંધ ઓરડાઓમાં સંભળાતાં ડૂસકાં, જોરથી બોલાતી ગાળો, ખખડીને પડતાં વાસણો, લાકડાની ફર્શ પર પછડાતાં જૂતાં... કાનના કિનારે કોઈ વહાણ લાંગરવા માંગતું હતું ને કોઈ તોફાન જાણે એ વહાણને પાછું ફેંકતું હતું.

હાથસાળ પર કાપડ વણતી એક ડોશીના ઓટલે થાકીને બેઠો.

“કોને ગોતે છે બેટા?” ડોશીને વહાલ આવ્યું

“કંઈ નંઈ બા, એમ જ... આંટો મારવા નીકળ્યો છું” છોકરાએ ટાળી દીધો સવાલ.

છોકરાના વિખરાયેલા વાળ ને પરસેવાભીનાં કપડાં જોઈને એની તરસનો અંદાજ આવી ગયો ડોશીને.

“લે, પાણી પી લે. તું જે ગોતતો હોય એ તને મળે. જે ગોતતા હો એ આમ તો કને જ હોય છે...”

એમ કહી ડોશી હાથસાળ પર બેસી ગયાં.

ડોશીના હાથ અને પગ જાણે એકસાથે પ્રાસમાં બેસી ગયા હોય એમ હાથસાળ પર તાણા વણી રહ્યા હતા.

હાથસાળના થડકારમાં છોકરાને લાગ્યું કે કંઈક તો છે આ શહેરમાં જે સાવ પાસે છે ને ખોવાઈ ગયું છે.

છોકરાએ નક્કી કર્યું, એ શોધશે સંગીત... પ્રીતની નવી રીત.

પેલી છોકરીએ જ્યાં ગોળી ખાધી ત્યાં ગયો એ છોકરો. એ જગ્યા સાવ સૂની હતી, કંઈ જ ન બન્યું હોય એમ નીરસતાથી બેઠી હતી. રાજાના માણસોએ એ ઘટનાના બધા અવશેષો મિટાવી દીધા હતા.

સિવાય એક...

એ છોકરીનાં પગલાં.

નાનાં નાનાં એ ડગલાં એણે શહેરની અંદરથી નહિ પણ બહારની બાજુથી ભર્યાં હતાં. છોકરાને જાણે નકશો મળી ગયો. એના પ્રવાસને દિશા મળી ગઈ.

રાતની રાહ જોઈ એણે. ચાંદાના અજવાળે અજવાળે પગલાંની પાછળ પાછળ શહેરના કિનારે પહોંચ્યો એ. સૈનિકોનો જાપ્તો હતો સરહદે. તારની વાડ હતી. પાછળ હતો પહાડ ને જંગલ. વચ્ચેથી નદી જાય ખળખળ.

એણે જોઈ એક બિલાડી જે તારની નીચેથી સરકીને નીકળી ગઈ સરહદ પાર. બિલાડીની જેમ એણે પણ પગ મૂક્યા, એક આગળ બીજો બરોબર એની પાછળ.

એક ઘુવડ જોઈ રહેલું એ છોકરાને...

છોકરાએ વટાવી દીધી કેટલીય સરહદો.

જંગલમાં આવ્યો ને પેલાં પગલાં હવે ભૂંસાઈ ગયાં હતાં. બાકીનો પ્રવાસ જાતે કરવાનો હતો.

નદીને કિનારે કિનારે એ વહેતો રહ્યો. આગિયાઓની પાછળ પાછળ ચાલતો રહ્યો.

દિવસે ચાલતો, રાતે ચાલતો. એને કંઈ મળતું નહીં. પેલી છોકરી પર એને ખીજ ચડવા લાગી. એ બેઠો થાકીને મોટા ઝાડ નીચે. એને ઊંઘ આવી રહી હતી.

એની આંખ બંધ થવા લાગી, એનાં વધેલાં રૂંવાડાં ઘાસના મેદાનની જેમ સૂઈ ગયાં. બીજા દિવસની વહેલી સવારે એના કાનની પાસે પાણીનું એક ટીપું પડ્યું. થોડી વારમાં બીજું, ત્રીજું, ચોથું... ટીપાં પડવાની ઝડપ વધતી ગઈ, એ પાણીની નાની ધાર બની. પાછળના પહાડી પથ્થરમાંથી નાની સરખી ધારા પેલા છોકરાના કાન પાસે પડી રહી હતી. શરૂઆતમાં જે એકલદોકલ ટીપાંમાં કંટાળો આવ્યો, એ સતત પડતાં ટીપાંઓએ ભૂંસી નાખ્યો. એનાં સૂતેલાં રૂંવાડાં ટીપાંની વધતી ગતિ સાથે ઊભાં રહ્યાં હતાં... એના પગમાં તાલ અને મનમાં ધ્યાન આવી રહ્યું હતું.

એના કાન કંઈક પકડી રહ્યા છે. એ ચાલતો ગયો, આગળ વધ્યો, લક્કડખોદનો અવાજ સંભળાયો, થોડે દૂરથી કંસારો બોલતો સંભળાયો, પગ નીચે કચડાતાં પાંદડાંનો અવાજ સંભળાયો... સમય થોડો રોકાતો, થોડો વહેતો જતો હોય એમ લાગ્યું. તાલ મળી ગયો હતો છોકરાને...

એ કૂદવા લાગ્યો, એ દોડવા લાગ્યો, સૂકા થડ પર હાથ થપથપાવા લાગ્યો, માટી પર હાથ પછાડવા લાગ્યો, એણે બહુ બધી તાળીઓ પાડી... એને તાલ મળી ગયો હતો. જંગલ આખું એનાથી જ ઊર્જા ભરતું હતું.

બહુ કૂદી કૂદીને એ થાકી ગયો. એ પાછો સૂઈ ગયો, પાછો ઊઠ્યો. બધા જ અવાજ રોજ સાંભળતો પણ હવે એને ખાલીપો લાગ્યો. એનો એ જ ફરી ફરી સંભળાતો અવાજ. એને કંટાળો આવ્યો.

કંટાળીને એ એક ગુફામાં જઈને બેઠો. ગુફાની દરારોમાંથી લચકીને પ્રકાશ આવતો. ગુફાની અંદર બીજી ગુફાઓ હતી, નાના ને મોટા મોં વાળી. પાછળ પાતાળ નદી સરનામા વિનાના કાગળની જેમ વહી રહી હતી. છોકરો ત્યાં જ સૂઈ ગયો. સવારે જોરથી પવન ફૂંકાયો અને એ સફાળો બેઠો થયો.

પવનના સુસવાટા ગુફાની દીવાલોને ચીરીને એક ખૂણેથી બીજે ખૂણે જઈ રહ્યા હતા.

કાનમાં જાણે હવા ઘૂમરી ખાઈને, વળ ચડાઈને, લચક લચક રમી રહી હતી. અલગ અલગ ગુફાઓમાંથી નિરાકાર હવા આકાર લઈને આવી રહી હતી જાણે. એનું માથું ડોલવા લાગ્યું. મંદ મંદ પ્રકાશમાં પાણીના રેલાની જેમ સરકતો કાચિંડો દેખાયો, બીજા ખૂણે નિરાકાર વિશ્વને પોતાના તાંતણા વડે આકાર આપતો કરોળિયો ઝૂમતો દેખાયો, ગુફાની બહાર પવનની પીઠ પર ઊડતાં પતંગિયાં દેખાયાં. કુદરતનો કોઈ અદશ્ય સંદેશો કોઈ જાણે એમને પહોંચાડી રહ્યું હતું... પણ કોણ? કોણ?

એટલામાં હવાની બીજી લહેરખી સૂર બનીને છોકરાના કાને અથડાઈ. છોકરો ઓગળી ગયો. જેને ઓળખી ગયો એ સૂર હતો. એનો પ્રવાસ હવે બહુ દૂર નહોતો.

સૂર અને તાલ એની પાસે હતા. એ ખુશ હતો. ખૂબ ખુશ.

રાત પડી ગઈ. આગિયાની ઝબ ઝબમાં પણ જાણે પ્રકાશનું સંગીત દેખાતું એને.

પણ હજી હૈયે ટાઢક થાય એ પહેલાં જ ગુફાના અંધારામાં બે આંખો ચમકી, અચાનક જ.

થોડી જ ક્ષણોમાં બીજી ચમકી, બે આંખો.

એ ચાર આંખો જાણે પેલા છોકરા પર જ ધ્યાન લગાવીને ચોંટી ગઈ હોય એવું લાગ્યું.

એ નજીક આવતી હોય એવું લાગ્યું. છોકરાના શરીર પર ધ્રુજારી પેઠી. હાથ અને પગ, ગળું અને પાની... બધે જ વીજળી દોડતી હોય એવું લાગ્યું.

...અને એ દોડ્યો. બહારની બાજુ. પાછળ જોયું જ નહીં. પથ્થર ઠેક્યો. ઝાડી ઠેકી. ખાડો ઠેક્યો. એક નાનકડી ટેકરી મળી તો વધેલી હાંફ સાથે ચડી ગયો.

ફેફસાં ધમણ થઈ ગયાં હતાં, હૃદય છાતીના પીંજરા સાથે ધડામ ધડામ અથડાઈ રહ્યું હતું, આંખોનાં પોપચાં પાછળ લોહી તગતગતું હતું...

એણે ટેકરીની નીચે નજર નાખી. એકદમ ખાલી જંગલ. નીરવ. પેલી ચાર આંખો ગુમ કરી દે એવું.

થડના ટેકે બેસી ગયો છોકરો. એના થાકેલા શરીર સાથે જાણે વાત કરતો હતો એ. પગની નસો અને હૃદયના ધબકારા, આંખના પલકારા...

શરીર જાણે પોતે એક વાજિંત્ર હતું. આ બધામાં ગજબ તાલમેલ હતો... આ બધામાં લય હતો.

લય... આજ તો ખૂટી રહ્યો હતો.

ઝાડ નીચે જાણે આત્મજ્ઞાન થતું હોય એમ... મનના દરિયામાં સંગીતની લહેર ઊઠી.

સૂર, લય અને તાલ મળી ગયા હતા. બધું જ હતું, પણ હજી કંઈક ખૂટતું હતું.

પણ શું એ ખબર નહોતી પડી રહી.

એને થયું, પાછું જવું જોઈએ. હવે એને થાક લાગ્યો હતો. પણ એ રસ્તો ભૂલી ગયેલો. એણે સમજણ પડે એ દિશામાં ડગ માંડ્યા. એ ફરી ચાલવા લાગ્યો. એને થયું કોઈ પીછો કરી રહ્યું છે. બે હરણ પાછળ પાછળ આવી રહ્યાં હતાં. એણે પાછળ જોયું તો સુંદર આંખવાળાં એ હરણ મૂર્તિ જેવાં સ્થિર થઈ ગયાં. છોકરાએ ધ્યાન ન આપ્યું અને એ પાછો ચાલવા લાગ્યો. થોડી વાર રહીને પલટીને જોયું તો પેલાં બે હરણ પાછળ પાછળ આવી રહ્યાં હતાં. એ પાછો ઊભો રહી ગયો. પણ પેલાં હરણ ન રોકાયાં. એ નજીક આવ્યાં. છોકરાની બંને બાજુથી એ આગળ નીકળી ગયાં. આગળ જઈને ઊભાં રહી ગયાં. અને ડોકું પાછળ કર્યું. જાણે એમ કહેતાં હોય કે અમારી પાછળ આવ.

છોકરો સંકેત સમજ્યો કદાચ. હરણની પાછળ પાછળ ચાલતો ગયો. ચાર ટેકરી વટી ગઈ. સૂરજ પશ્ચિમના ખોળામાં માથું મૂકીને સૂઈ ગયો. હરણ પાછળ જવાનો નિર્ણય મૂર્ખામી ભરેલો લાગ્યો.

હરણ જ્યાં ઊભાં રહી ગયાં ત્યાં જંગલ ઘણું ઊંડું હતું. પણ ત્યાં ઘાસ થોડું જુદું હતું. હરણ એ ઘાસ ખાવા લાગ્યાં.

એક કતારમાં એક નાનકડા ચોરસમાં ગોઠવાયેલું ઘાસ. પોતાની મેળે ન ઊગી શકે એવું ઘાસ.

હરણને ભાવે એવું ઘાસ.

પછી છોકરાએ કંઈ એવું જોયું જેનાથી એ હતો એનાથી વધારે ડરી ગયો.

ઘાસના એ નાનકડા ચોરસ વચ્ચે હતાં પગલાંનાં નિશાન.

માણસના પગલાંનાં નિશાન.

પોતાના સિવાય આટલા ગાઢ જંગલમાં બીજો કોઈ માણસ છે એ આશ્વાસન કરતાં વધુ ડર પેદા કરે એવું હતું.

ડરતાં ડરતાં પણ એ પગલાંની પાછળ પાછળ ગયો. બે મોટી શિલાઓ વચ્ચેની નાનકડી જગ્યા સુધી એ પગલાં હતાં. કદાચ પગલાં એ શિલાઓની વચ્ચે આગળ વધી રહ્યાં હતાં. હિંમત કરીને છોકરો અંદર ગયો. જેમ જેમ આગળ ગયો એમ શિલાનું મુખ જાણે વધુ ખૂલતું ગયું. એક નાનકડું ઝરણું વહી રહ્યું હતું. પાણીનો પડદો હોય એમ. એની પાછળ જવાય એવી જગ્યા હોય એમ લાગ્યું. પાણીનો પડદો ઊંચકીને એ અંદર ગયો.

થોડે અંદર ગયો કે એના આશ્ચર્યનો પાર ન રહ્યો. આંખ સામે અણધાર્યું જ દૃશ્ય હતું જેના કોઈ અણસાર નહોતા.

એક મોટો ઓરડો હતો. એના ચારેક દરવાજા હતા. મીણબત્તીઓ સજાવેલી હતી. પાસેના ગોખલામાં તાપણાંનાં લાકડાં ગોઠવેલાં. કેન્વાસ પર કોઈ અધૂરું ચિત્ર જાણે ચિત્રકારની રાહ જોતું હતું. વાઘની છાલની કાલીન પાથરેલી. એ ઓરડાની દીવાલે બે મશાલ ટેકવેલી.

એનું ધ્યાન પાસેની બેઠક પર પડેલાં અવનવાં સાધનો પર પડ્યું, એણે આવું કશું જોયું નહોતું જીવનમાં.

તુંબડા જેવા સાધન જોડે ચોંટાડેલા દંડા પર તાર ખેંચાયેલા. કુતૂહલથી છોકરો એ ખેંચાયેલા તાર પર આંગળીઓ ફેરવે છે... એમાંથી અવાજ આવે છે.

છોકરો ગભરાઈ જાય છે...

"એને સિતાર કહેવાય..."

એક છોકરીનો મધમીઠો અવાજ છોકરાને વધારે ગભરાવી મૂકે છે.

છોકરાએ પાછળ વળીને જોયું. પોતાના વાંકડિયા વાળને હાથ વડે સહેલાવતી એક છોકરી ઊભી હતી.

આ વાત ચિંતાની છે કે ચેતવણીની એ છોકરો સમજી નહોતો શકતો.

"ડરીશ નહીં." છોકરીએ કહ્યું. "અમને ખબર હતી કે રાજ્યની સીમાઓ વટાવીને કોઈ એક દિવસ અહીંયાં જરૂર પહોંચી જશે..." છોકરી એવી ઈશ્વરીય અદાથી બોલી રહી હતી જાણે ભાગ્યવિધાતા હોય.

છોકરો ડઘાયેલો હતો.

"શું લેશો ચા કે..."

છોકરો વધારે ડઘાઈ ગયો.

...કે મહુડો?"

છોકરી હસવા લાગી.

છોકરો ગુફાનુમા ઘરને જોઈ રહ્યો હતો. જાત ભાતનાં સાધનો હતાં. એક મોટો પોલો નળાકાર હતો. બાજુમાં બે દંડી મૂકેલી, એક વાંસની પોલી કાણાવાળી નળી હતી, ખેંચાયેલા તારવાળાં ઘણાં સાધનો હતાં, આવાં કેટલાય નાનાં-મોટાં સાધનો એ ઘરમાં પડેલાં.

"આ બધું શું છે!? તમે કોણ છો?" છોકરાના અવાજમાં આત્મવિશ્વાસ અને સ્થિરતા બંને આવ્યાં.

"અમે...અમે... કેમનું સમજાવવું...!!! પણ સંગીતસાધકો છીએ. છેલ્લાં બસો વર્ષથી અમારી પેઢીઓ જંગલના આ ગાઢ ભાગમાં રહે છે. આ બધાં તમે જે જુઓ છો એ સંગીતનાં જુદાં જુદાં સાધનો છે. રાજાના સિપાહીઓ બધું જ નહોતા સળગાવી શક્યા. અમારા પૂર્વજો અમુક સાધનો લઈને આ બાજુ ભાગી આવ્યા અને ગુપ્તવાસમાં જીવવા લાગ્યા...સંગીતના જ્ઞાન સાથે..."

છોકરો કંઈ બોલી જ ન શક્યો.

છોકરી ઉત્સાહમાં હતી.

"જુઓ આ છે ને... તબલાં છે" એણે થાપ આપી.

ધિન તાક ધીન ધીન તાક...

"અને આ વાંસળી..."

એણે હોઠને ગોળ કરીને વાંસળીને રમાડી.

પછી છોકરા તરફ હળવેકથી ફેંકી

"વગાડીશ?"

છોકરો છોકરીના એક એક આદેશનું પાલન કરતો હોય એમ વાંસળીમાં ફૂંક મારે છે અને એક દબાયેલો વિચિત્ર અવાજ નીકળે છે.

છોકરી મરક મરક હસે છે, "સારો પ્રયાસ છે. બસ્સો વરસ પછી સરહદની પેલે પારના માણસે વાંસળી પકડી હશે કદાચ..."

"પછી આ જો...સિતાર..."

છોકરીએ પલાંઠી વાળી અને સિતાર પાસે લીધું,

"આ વાજિંત્ર અઘરું છે, વર્ષોની મહેનત માંગી લે છે"

...આટલું કહેતાં કહેતાં એણે સિતાર પર આંગળીઓ ફેરવી. તારનો અનુનાદ એક જીવતો ધબકાર મૂકી ગયો.

છોકરાને વિશ્વાસ નહોતો આવી રહ્યો.

સંગીતની શોધ એને ક્યાં લઈ આવી છે...

એટલામાં બીજો દરવાજો ખૂલ્યો અને એક દાઢીધારી માણસ એમાંથી બહાર આવ્યો.

"પિતાજી... જંગલમાં શિકાર માટે ગયેલા... અને થોડાં તાજાં ફળ તોડવા..."

પિતાની ટોકરીમાંથી જામફળ લઈને છોકરીએ છોકરાના હાથમાં ફેંક્યું અને તેના પિતાજીને કહ્યું," જુઓ, આપણે જેની રાહ જોતા હતા એ મહેમાન આવી ગયા છે."

પિતાજીના ચહેરા પર આગન્તુકને જોઈને કોઈ અચરજ નહોતું, પણ આનંદ હતો, "આવો, આવો, અતિથિ તો નહિ કહું કેમ કે સવેળા જ આવ્યા છો."

છોકરાના વિસ્મયનો અંત નહોતો આવતો. હાથમાં જામફળ એમ ને એમ હતું.

છોકરી બોલી, "ખાઓ ને..."

"હા, ભૂખ ઘણી છે...પણ ખાવાનું મન નથી."

"થાય...લાગણીઓ તીવ્ર બને ત્યારે શરીર પોતાને અનુભવી શકતું નથી."

"આ તમે કેવું સરસ બોલો છો..."

"કેમ? આવું કંઈ નથી સાંભળ્યું?"

"કદાચ નહીં. અમારા શહેરમાં ગણિત ઉપર વધુ ભાર છે. સરવાળા, બાદબાકી, ભાગાકાર, ગુણાકાર. હિસાબ કરતાં આવડે એટલે બહુ..."

"અને... ભાષા...?"

"ખરીને. પણ હમણાં તમે બોલ્યાં એવું નહીં..."

"તો કેવું?"

"સાચું કહું... અમે તો આદેશો જ સાંભળ્યા છે. માઇક બધા નથી વાપરી શકતા. પેલા અદૃશ્ય રાજાની સ્તુતિનો પાઠ, એક જ જેવો બધે. મનમાં વિચાર આવે, કલ્પના આવે, પણ અંદર અંદર ઘૂંટાય"

"સમજી શકું છું. અભિવ્યક્ત થયા વિનાના વિચારો ઝેરની જેમ શરીરને ક્ષીણ કરતા જાય."

"એ જ અભિવ્યક્તિ. તમારી પાસે કેવા સરસ શબ્દો છે?"

"શબ્દો અગત્યના નથી. વિચારની સ્પષ્ટતા મહત્ત્વની છે."

"તો અમારા વિચાર સ્પષ્ટ નથી?"

"છે ને! તમારી પીડા બાબતે સ્પષ્ટ છે."

"હા, કદાચ એટલે જ વગર વિચાર્યે આટલું કહી શકું છું."

"સાચી દિશામાં છો."

"એનો અર્થ એ થયો, હું મારી સ્વતંત્રતા વિશે સ્પષ્ટ વિચાર કરું તો..."

"બિલકુલ..."

"મતલબ સમગ્ર શાસન વ્યવસ્થાએ... અમારી સુધી એ વિચાર ન પહોંચે એની બધી જ વ્યવસ્થા કરી રાખી હતી..." છોકરો જાણે આત્મજ્ઞાન લઈ રહ્યો હતો.

"...એટલું જ નહીં તમારી અંદર કોઈ વિચાર ફૂટે એ પણ બહાર ના આવે એની પૂરી તકેદારી પણ..." વચ્ચેથી છોકરીના પિતા બોલ્યા.

"બસ હવે થોડો આરામ કરો. બહાર સહેજ આગળ ગરમ પાણીનો ઝરો છે. ત્યાં નાહી લો. પછી થોડો અલ્પાહાર કરીને વાતો કરીએ."

છોકરાને શરીરમાં થાક છે, એવી આ મીઠા અવાજથી ખબર પડી. કોઈ સંભાળ લે એ અવાજની અસર જ જુદી હોય છે. અલ્પાહાર શબ્દનો અર્થ વિચારતો વિચારતો એ નાહવા જતો રહ્યો.

પાણીમાંથી એ બહાર આવ્યો, જાણે બીજો જન્મ થયો હોય એમ.

સૂરજ ડૂબી રહ્યો હતો. છોકરો ઊગી રહ્યો હતો.

પેલા છૂપા ઘર અને પેલા છૂપા લોકોનું વિસ્મય હજી એના ચહેરા પરથી ઓસર્યું નહોતું.

વિચારોમાં ખલેલ ન પડે એમ એક ઘુવડ ઊડીને શહેરની દિશા તરફ ગયું. ઘુવડના ઊડવાનો અવાજ નથી થતો પણ પેલા છોકરાને એમ લાગ્યું કે જાણે એણે એ અવાજ સાંભળ્યો.

"મૌન પણ સંભળાય..." મન વાંચતા હોય એમ પેલા વૃદ્ધ પિતા બોલ્યા... "એને પણ આમ જ સંભળાયું હતું..."

છોકરો આગળ કંઈ પ્રશ્ન કરે એ પહેલાં જ છોકરી સરસ જમવાનું લઈ આવી.

જંગલી ફળોની ખુશબૂએ જ છોકરાની ભૂખ ઉઘાડી મૂકી.

પ્રવાસના થાકે એને સુવાડી દીધો.

વહેલી સવારે એ ઊઠ્યો અને બૂમ પાડી... "શબ્દ"

સૂર, લય ને તાલ પછી મળ્યો એને શબ્દ.

સામે પેલી છોકરી બેઠી બેઠી હસી રહી હતી...

"ખબર પડી ખરી..."

તેના પિતાએ કહ્યું.

"પણ બધી નહીં..."

છોકરો સાંભળતો ન હોય એમ બોલી રહ્યો હતો, એને પોતાની આખી યાત્રા દેખાઈ રહી હતી. હવે શબ્દ પાસે હતો.

"હા શબ્દ... નિરાકારને આકાર આપે છે. પાણીને પહાડ બનાવે છે. નસોમાં લોહીનાં તોફાન લાવે છે. આંખોમાં આશા ભરે છે. એ ખલાસીનું હલેસું છે, એ વેદનાના પહાડને પિગાળી નાખતી ઉષ્મા છે, એનામાં દીપડાની ખંધાઈ અને ખરગોશના આંખની નમણી નિર્દોષતા છે. એ ધારે તો વિનાશ વેરે અને એ ધારે તો નવસર્જન કરે..."

"મારે તો વિનાશ અને સર્જન બન્ને સાથે કરવાનાં છે..."

"કાવ્યની શક્તિ તને મળે..." છોકરીના પિતા બોલ્યા.

"શક્તિનું કાવ્ય મને મળે..." છોકરો બોલ્યો.

"...એ પણ તારા જેમ જ હતી." છોકરીના પિતાનો અવાજ થોડો ઘેરાયો.

છોકરી પણ ઉદાસ થઈ ગઈ...

"કોણ એ...?" છોકરાના મનમાં ઘણા સવાલ આવી રહ્યા હતા.

"એ જ... જેનું બલિદાન તને અહીં ખેંચી લાવ્યું..."

"શું...? એટલે જેને ગોળી વાગી એ છોકરી... રી.."

"અહીંયાંથી જ સંગીત શીખીને ગઈ હતી... એક સૂતેલા શહેરની ઊંઘ એને તોડવી હતી.."

છોકરાને સમજાયું કે ગીત ક્યાંથી આવી રહ્યું હતું...

છોકરાના વિસ્મયને તર્ક મળ્યો.

"એ પણ સંગીતની શોધમાં આવી હતી, તારી જેમ જ..."

"એટલે જ કદાચ મને એનો અવાજ હજી અંદરથી સંભળાય છે.."

"આજે રાત પડે એટલે પેલા ઘુવડની પાછળ પાછળ જજે, એ તને શહેરનો રસ્તો બતાવશે..."

"મૌનની પણ ગતિ હોય છે એમ..."

"શાબાશ..." અને બધા એકસાથે હસી પડ્યા...

છોકરો શહેર તરફ ચાલી નીકળ્યો... ઘુવડની પાછળ પાછળ. એ બધા જ પહાડ, જંગલ, નદી, ઝરણાં, ગુફા, હરણાં બધું જ રસ્તામાં પાછું મળ્યું. છોકરો બધાને જ ઓળખતો હતો હવે. જે ગયો હતો એ કોઈ બીજું હતું, જે આવ્યો એ આ છોકરો હતો.

સરહદ વટાવી જંગલની ને પહોંચ્યો એ શહેરની વચ્ચે.

ઊભો રહ્યો એ જ ચોકમાં જ્યાં ઊભી હતી પેલી છોકરી. એણે ઊંડો શ્વાસ લીધો. ગળું ખંખેર્યું.

ને છેડ્યો વિપ્લવનો રાગ..."સા... આઆઆ..."

ચોકમાં ભેગું થયું પાછું આખું શહેર, નિદ્રાથી અર્ધનિદ્રાના ચોકમાં...

ગતિ અટકી શહેરની, દીવાલો સાબદી થઈ શહેરની.

ધનુષની તંગ પ્રત્યંચાની જેમ કંઠ પર ખેંચ્યા એણે સૂર,

ગીતનો રણકાર,

ભીંતમાં તિરાડ

ક્રાંતિનું ગીત ને છોકરાનું સ્મિત

બંદૂકને ઘડીકે લાગી બીક,

રાજાને લાગે એ જ ઠીક

ટ્રિગરને મળ્યા આદેશ,

માઇક મહારાજા ને મૂંગો મૂંગો દેશ

એ દિવસે

ગોળી છોકરા તરફ ચાલી

એ રાતે

બીજા બે છોકરા જંગલ તરફ ચાલ્યા...

શહેર ઊંઘી રહેલું

ને

અંધારામાં ઘુવડ છોકરાઓને જોઈ રહેલું.

■

સ્ત્રીની સાથેનો મારો સંબંધ હજુ હું ઇચ્છું તેવો ન થયો. મારો દ્વેષી સ્વભાવ વિલાયત જતાં પણ હું ન મૂકી શક્યો. દરેક વાતમાં મારી ખાંખદ ને મારો વહેમ જારી રહ્યાં. આથી મારી ધારેલી મુરાદો હું પાર ન પાડી શક્યો. પત્નીને અક્ષરજ્ઞાન હોવું જ જોઈએ અને તે હું આપીશ એમ ધારેલું, પણ મારી વિષયાસક્તિએ મને તે કામ કરવા જ ન દીધું, અને મારી ઊણપનો રોષ મેં પત્ની પર ઉતાર્યો. એક સમય તો એવો આવ્યો કે મેં તેને એને પિયર જ મોકલી દીધી અને અત્યંત કષ્ટ આપ્યા પછી ફરી સાથે રહેવા દેવાનું કબૂલ કર્યું. આમાં કેવળ મારી નાદાની જ હતી એમ હું પાછળથી જોઈ શક્યો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## ટૂંકી વાર્તા

# કાચ પાછળનો માણસ

પન્ના ત્રિવેદી

હું હમણાં હમણાં નોકરીએ લાગ્યો છું. હમણાં હમણાં એટલે જુઓ ને, આ ત્રણેક મહિના માંડ થયા હશે લોકલ ફંડની શાખામાં ક્લાર્ક તરીકે જોડાયાને. જોકે હું કંઈ અહીં પડ્યો રહેવાનો નથી. મારું ટાર્ગેટ તો યુપીએસસી ક્લિયર કરવાનું જ છે, પણ આ તો વળી વચમાં ભરતીની જાહેરાત આવી તે લાગ્યું તો તીર નહીંતર તુક્કો, પરીક્ષા આપી ને તીર લાગી ગયું! જુનિયર ક્લાર્ક તો જુનિયર ક્લાર્ક, સરકારી નોકરી જ ક્યાંથી? એમ કહી કહી શુભચિંતકોએ મને આ ઑફિસના પગથિયે ચડાવ્યો. કોઈએ મારું કંઈ સાંભળ્યું જ નહીં ને!

બીજી એક આડ વાત. હું લેખક છું. એક રીતે કહું તો છું, કેમ કે સચ્ચાઈ એ છે કે હું લખું છું. વાર્તાઓ લખી છે થોડીક. સારાં ગણી શકાય એવાં સામયિકોમાં છપાઈ પણ છે. એકાદ નવલકથા પર પણ હાથ અજમાવી ચૂક્યો છું. પણ મોટા ગજાના વિવેચકોનું હજી કંઈ એવું ખાસ ધ્યાન ગયું નથી. મને લાગે છે કે ધ્યાન જશે ત્યારે એવું જશે ને કે... પણ હાલમાં જ્યાં સુધી એ લોકો લેખકનો સિક્કો નહીં મારે ત્યાં સુધી લેખક ન ગણાઉં હજી. કોઈનું સાહસ પણ નથી કે કોઈ મને મોટાં માથાંઓની ઉપરવટ જઈને લેખક ગણાવી શકે. કારણ કે મોટા ગણાતા લોકોને ગૉડમધર કે ગૉડફાધર ગણી શિષ્યત્વ મેં સ્વીકાર્યું નથી. એમના દરબારમાં જઈ જઈને 'જી' 'જી'નો રાગ દરબારી ગાયો નથી. એટલે હું હજી લેખક ન ગણાઉં. એવું નથી કે હું કોઈનો અનાદર કરું છું. પણ કામ સિવાય કોઈનેય અમથું અમથું મળવું એ મારા સ્વભાવમાં જ નથી. માથું મોટું હોય એટલા માત્રથી હું તેમની ખોટી વાતોમાંય માથું ધુણાવી દઈશ એવી કોઈની અપેક્ષાઓ સંતોષી શકતો નથી. એથી મને લોકો અભિમાની પણ ધારી લે છે. જેનું નુકસાન હું ડગલે ને પગલે અકારણ વેઠું છું. જોકે મને હજી એવી થોડીઘણી આશા ખરી કે કોઈ એવી ટોળી પણ હશે કે જેને આવા રાગ-પ્રલાપની કંઈ પડી ન હોય ને માત્ર સાહિત્યપદાર્થમાં રસ પડે ત્યારે હું લેખક ગણાઈ જઈશ એનીય ના નહીં.

પહેલા અઠવાડિયે તો મને આ નવી નોકરીમાં સહેજેય રસ પડ્યો નહીં, પણ પછી એકાએક મને અહીં ગમવા માંડ્યું. ના, એનું કારણ કોઈ નવી સુંદર જુનિયર ક્લાર્ક નથી પણ એ. વી. સાહેબ છે. મૂળ નામ તો એમનું નૈષધ શર્મા છે પણ સ્વભાવે અતિવિચિત્ર હોવાથી અમારી ક્લાર્કઆલમ એમને ખાનગીમાં એ. વી. સાહેબથી જ ઓળખે છે. બધાંનું કહેવું છે કે તે બહુ વિચિત્ર છે. મને હંમેશાં વિચિત્રતા આકર્ષે છે. ગૂંચવાળા માણસને ઉકેલવામાં મને ખરેખર મજા આવે છે. આખી ઑફિસમાં કિસ્સા-એ-એ. વી. એટલી

મશહૂર છે કે જેટલા ગાલિબના કિસ્સા. એક દિવસ અચાનક અમારા પટાવાળા રઘુને બોલાવીને કહે; 'મચ્છરનો અવાજ સંભળાય છે તને?' રઘુએ કહ્યું : 'ના'. સાહેબે કહ્યું; 'મને તો સ્પષ્ટ સંભળાય છે. એક નહીં, અહીં પૂરા અગિયાર મચ્છર હાજર છે. તારી આંખ સામે, ને તને દેખાતા નથી? જો તેં હા કહ્યું હોત તો હું તો તને બીજો સવાલ એ પૂછવાનો હતો કે જે મચ્છરનો અવાજ આવે છે તે ગીત ગણગણી રહ્યું છે કે ભાષણ આપી રહ્યું છે? પણ ખેર, મારે તને શા માટે અહીંની ઑફિસમાં નોકરીમાં ચાલુ રાખવો જોઈએ એનું એક કારણ બતાવ. મેડિકલ સર્ટિ આપવાનું થાય તો શું કરવાનું છે? સંભળાતું નથી કે દેખાતું નથી? વિચારજે...'

વળી બીજા એક દિવસે જનરલ ઑફિસ વચ્ચે ઊભા રહીને કહે કે મિત્રો, આજે ૫ જૂન છે, વિશ્વ પર્યાવરણ દિવસ. વૃક્ષારોપણનો એક કાર્યક્રમ કરવાનો ઉપરથી આદેશ છે. એ કાર્યક્રમ દરમિયાન મારો સ્પષ્ટ આદેશ છે કે વૃક્ષારોપણ વખતે કોઈને હસવાની છૂટ નથી. સહેજ પણ હસવાનો અવાજ આવવો ન જોઈએ. વૃક્ષ રોપતી વખતે હસવાથી વૃક્ષોને મનમાં લાગી શકે કે અમારું અસ્તિત્વસ્થાપન જ કોઈ સમૂહ માટે હાસ્યાસ્પદ કે મશ્કરીનું કારણ છે. એમ કરવાથી એ વૃક્ષ આખી જિંદગી ઊભું ઊભું મૂંગા મૂંગા અભિશાપ આપતું રહે છે.

મને તો આવા વિચિત્ર માણસમાં જબરો રસ પડ્યો. એક પછી એક આવા કેટલાય કિસ્સાઓ સાંભળ્યા. દરેક વખતે હસવું કે રડવું એ હું નક્કી જ ના કરી શક્યો. કોઈકે તો એટલે સુધી કહ્યું કે વચમાં તો તેઓ હિમાલય ભણી જતા રહેલા, એમના સંબંધીઓ માંડ ફોસલાવીને પાછા લાવ્યા. સંસારમાંથી મન જ ઊઠી ગયું હતું. આચાર્ય રજનીશ જેવી વાતો કરતા હતા. આપણને તો પલ્લેય ના પડે એવી એવી ફિલસૂફી ઝાડતા હતા... આ દુનિયામાં જો સહુથી બોરિંગ માણસ કોઈ હોય તો તે એ. વી. સાહેબ છે. લોકોની આ વાત સાથે હું પણ કંઈક અંશે સહમત છું. મેં એમને કદી હસતાં જોયા નથી. કદી કોઈ તહેવાર ઊજવતાં જોયા નથી. કોઈને વિશ કરતાં જોયા નથી. પણ મેં એ જોયું છે કે તેઓ કશુંક લખતા રહે છે. એ. વી. સાહેબ પણ લેખક હશે? મને અંદર સતત એ વાતનું કૌતુક રહે છે કે તેઓ લાલ પૂંઠાવાળી એ ડાયરીમાં શું લખતા હશે? પૂછું ને ઉતારી પાડે તો? જોગાનુજોગ સાહેબની જે કેબિન છે તેની બરાબર સામે જમણા ખૂણે મારું ટેબલ છે. જ્યાંથી હું સાહેબનું સતત નિરીક્ષણ કરતો રહું છું. જોકે હું એમને જે રીતે જોયા કરું છું તે જોતાં બધાંને હું પણ આજકાલ થોડો થોડો વિચિત્ર લાગવા માંડ્યો છું. પણ મને લાગે છે કે ભવિષ્યની મારી નવલકથાનું મુખ્ય પાત્ર આ એ. વી. સાહેબ જ હશે.

આજે સોમવાર છે અને હું થોડો વહેલો જ ઑફિસ આવવા નીકળી ગયો છું. સાહેબ પણ પોણા દસના આવી ગયા છે. તેઓ દાંત કચકચાવતા પાછલી બારીએ બેઠેલાં પક્ષીઓને ઉડાવી રહ્યા છે. ઉડાડતાં ઉડાડતાં તેઓ કંઈક બબડી રહ્યા હોય તેવું પણ લાગે છે.

ત્યાં જ દસમાં પાંચ કમે સિનિયર ક્લાર્ક ગોપાલ રાવની પધરામણી થઈ. આખા ઓરડામાં હો-હા-હાના ધ્વનિઓ ગુંજી રહ્યા. એમનો ઘોઘરા જેવો અવાજ તરત કહી આપે કે ગોપાલરાવ ક્યાં છે. કોઈ સામે મળ્યું નથી કે તેને જલાબાપાની પ્રસાદી ધરી નથી. આખા હૉલમાં ગોપાલભાઈ ગોપાલભાઈ ગુંજી રહ્યું. તેમને જોતાંવેંત એ. વી. સાહેબના

હાવભાવ બદલાયા. ચહેરો વધારે સખ્ત બની ગયો. 'ઓહો... સાહેબશ્રી, શું સમાચાર...' કહેતાં કહેતાં રઘુએ ગોપાલ રાવને ઠંડું પાણી ધર્યું. એ. વી. સાહેબનો ધૂંધવાયેલો ચહેરો એકાએક કૅબિન બહાર આવ્યો. ગોપાલ રાવે એમને પણ પ્રસાદ ધર્યો કે તરત સાહેબે ફટ દઈને હાથ ઉલાળ્યો. એમ કહીને કે તમારો ભગવાન હોય ને ક્યાંયથી ખાધેલું હોય તો મને બતાવો. તમને કેટલી વાર કહ્યું છે કે હું નાસ્તિક માણસ છું!

અસ્વસ્થ થઈ ગયેલા એ. વી. સાહેબે અંદર જઈને કશુંક લખ્યું.

બરાબર અગિયાર વાગ્યે ઑફિસ ધમધમવા માંડી. કાલથી દિવાળીની સળંગ ત્રણ દિવસની રજા છે. બધા આજથી જ મૂડમાં આવી ગયા છે.

બપોરે લંચ બ્રેક પડ્યો. ગોપાલ રાવના ટેબલ પાસે ટોળું વળી ગયું. એમની મજેદાર વાતોમાં બધાં તરબોળ હતાં. એમનાં શ્રીમતીજી આજેય કેવો નવોઢા જેવો પ્રેમ દર્શાવે છે, કેટલી કાળજી લે છે વગેરે વગરે... આ ત્રણ દિવસની રજાઓમાં પણ બંને ફરવા જવાનાં છે. બે દિવસ ફરશે અને ત્રીજા દિવસે વતનમાં જવાનાં છે. એમના છોકરા માટે કન્યા પસંદ કરી રાખી છે તે એને બતાવવા લઈ જવાનાં છે. 'તમારો છોકરો ના પાડશે તો?' એકે શંકા દેખાડી. 'ના શેનો પાડે? મને તો કહે કે પપ્પાએ કહ્યું તે ભગવાને કહ્યું બરાબર છે. આંખ મીંચીને હા જ પડવાની છે. અમારો છોકરો તો કળિયુગનો રામ છે ભાઈ. વચન ખાતર ઘડીના છઠ્ઠા ભાગમાં જાન આપી દે એવો...' બધાંએ તાળીઓ પાડી. ત્યાં જ એ. વી. સાહેબે રઘુને બોલાવ્યો. તેની સામે એકાએક સો-સોની બે નોટ ધરી કહ્યું; 'રાખ.' રઘુએ આંખોએ પહોળી કરી કરીને સાહેબ સામે ખાસ્સી વાર જોયા કર્યું. પછી 'હમમ...' એવો ઠંડો મડદાલ જવાબ વાળી બારણું ખોલી બહાર આવી ગોપાલ રાવની વાતોમાં જોડાયો.

લંચ બ્રેક પૂરો થવામાં હતો. ગોપાલ રાવે દસની એક નોટ રઘુના ખિસ્સામાં મૂકી. રઘુ ગેલમાં આવી ગયો. તેણે ગોપાલ રાવને સલામ કરી અને કંઈક કહ્યું. ત્યાં જ એ. વી. સાહેબની રીતસરની રાડ આવી. તેમણે ગોપાલ રાવને બોલાવ્યા. ગોપાલ રાવ શાંતિથી ઊભા રહ્યા.

'ઉંદરનો અવાજ આવે છે તમને?'

'ના સાહેબ..'

'મને આવે છે. ચૂં ચૂં ચૂં ચૂંથી માથું ફાટી જાય છે. તમને ખબર છે હું કેટલાં દિવસોથી ઊંઘ્યો નથી? એક બીમાર ઉંદર આખા દેશને બીમાર કરી દે છે તેનો કંઈ અંદાજો છે તમને? અગત્યની ફાઈલો કોતરી નાંખશે તો? સિનિયર ક્લાર્ક તરીકે તમારી જવાબદારી બને છે. પ્લેગ ફાટી નીકળશે તો? તમારે તો સેવા કરવા હજાર માણસ દોડી આવશે. એકલા માણસનું કોણ? એવો કંઈ વિચાર કર્યો તમે?'

ગોપાલ રાવને એકાએક આ ઉંદરનો સંદર્ભ સમજાયો નહીં. તેણે માંડ હસવું દાબી રાખ્યું. પછી ધીમેથી એટલું જ કહ્યું – 'નોકરીના ઑર્ડર લેટરમાં તો આવી કોઈ જવાબદારીનો ઉલ્લેખ નહોતો.'

'તમે કયા ઉંદરની વાત કરો છો? ઉંદરોના પણ પ્રકાર હોય છે. એ વિશે કંઈ ખબર પણ છે તમને?'

સાહેબને જે અપેક્ષિત હતું તે 'હવે ફરીથી આવું નહીં બને. સૉરી..' એવા કોઈ શબ્દો બોલ્યા વિના ગોપાલ રાવ કાચની કેબિન બહાર નીકળી આવ્યા. બહાર નીકળતી વખતે તેમણે હાથથી ચૂં-ચૂં-ચૂંની નકલ કરી. બેઠેલાં મોં દાબીને હસતાં હતાં.

આખો દિવસ ઑફિસમાં અવરજવર ચાલુ રહી. મીઠાઈનાં પૅકેટોથી ટેબલોનાં ખાનાં ભરાઈ રહ્યાં હતાં. કર્મચારીઓ, મુલાકાતી માણસો ગોપાલ રાવને ઘેરીને ઊભા હતા. કેટલાક મોં મીઠું કરાવવા હકથી મીઠાઈ માંગી પણ રહ્યા હતા. મેં નોંધ્યું કે આખી ઑફિસમાંથી એક પણ જણ બોનસ, પાર્ટી કે મીઠાઈ માટે એ. વી. સાહેબની રૂમમાં ગયું નથી.

સાંજ પડતાં સુધીમાં ડાયરીના પૂંઠા જેવા રંગનો ચહેરો કરી અંધાધૂંધ કંઈક લખી રહ્યા છે. મેં કેટલાય દિવસોથી મનોમન એક યોજના ઘડી રાખી છે. દિવસના અંતે સાહેબ મને બિલોની ફાઈલ લઈને બોલાવે છે ત્યારે ત્યાં બેઠાં બેઠાં વાર લગાડવી. સાહેબ ના હોય ત્યારે ડાયરી ખોલીને વાંચી લેવી અથવા મોબાઇલમાં ફોટા પાડી લેવા. મને લાગે છે કે આજે એ તક મને મળી જશે. કારણ કે કોઈ માણસ એમને શોધતો શોધતો જનરલ ઑફિસમાં આવી ગયો છે. કોઈ મોટા અધિકારીએ સાહેબને અરજન્ટ બોલાવ્યા છે. મેં એ માણસને કહ્યું, હું સાહેબને મળી લઉં પછી એક મિનિટ પછી તમે અંદર આવો. હું બિલોવાળી ફાઈલ લઈને અંદર ગયો અને સાહેબની ખુરશી સામે બેસી ગયો. ફાઈલ વિશે થોડીક નોંધ કરતો જ હતો કે તરત પેલો માણસ અંદર આવ્યો અને અરજન્ટ હોવાનું કહીને તેમને બહાર લઈ ગયો. 'તમે બેસો. મને કલાકેક જેવું થશે. આ કાગળોનું ફાઈલિંગ કરી રાખો.' કહીને સાહેબ કેબિન બહાર નીકળી ગયા. મેં બીજાં કાગળિયાં ઉથલાવવાનો ડોળ કરતાં કરતાં એમની ડાયરીનાં પાનાં ઉથલાવવા માંડ્યાં અને રેન્ડમલી આવ્યા તે પાનાંના ફટાફટ ફોટા પાડી લીધા. કોઈ મોટો અપરાધ કર્યાની બીકે મારું હૃદય જોરથી થડકી રહ્યું. પણ હું તરત બહાર નીકળી આવ્યો. બધાં 'હેપ્પી દિવાલી' વિશ કરતાં કરતાં બહાર નીકળતાં હતાં પણ હું સહુની નજર ચૂકવીને સીધો જ પાર્કિંગ એરિયામાં પહોંચી ગયો.

સાંજે વહેલા જમી લઈને મારા રૂમમાં આવીને પહેલું કામ એ ડાયરીનાં પાનાં વાંચવાનું જ કર્યું. મેં જોયું કે ડાયરીના એકેય પાન પર કોઈ તારીખ નહોતી. બસ, લખાણ હતું.

* * *

બીજાં શહેરોની જેમ આ શહેર પણ ડ્રેગન જ નીકળ્યું. બધું ગળી જવા બેઠું છે. સુખ, શાંતિ, આત્મા, દેહ, અસ્તિત્વ... મને એમ કે શહેર બદલાઈ જવાથી ઘણું બદલાઈ જશે પણ હું ભૂલી ગયો હતો કે અંધારાનો રંગ બદલાઈ શકતો નથી. હું મને જ હવે આંખના કણાની જેમ ખૂંચવા માંડ્યો છું. મને મારાથી જ ઘૃણા થાય છે.

* * *

આજે મેં ગોપાલ રાવ સામે એટલી વાર જોયું છે, જેટલો મેં મને અરીસામાં નથી જોયો. શું હતું એ સાધારણ આદમીમાં એવું કે તે સહુને કેન્દ્રનો માણસ લાગે છે. ત્રણ વરસથી એ જ જૂનાં કપડાં, એ જ ફૉર્મલ સિલેટિયા રંગનું પૅન્ટ, સસ્તા શૂઝ, અછબડાના ડાઘવાળો એક કદરૂપો આદમી. બે દીકરીને પરણાવી, છોકરાને ભણાવીગણાવી ઠેકાણે પાડ્યા પછીય આખા ઘરનો બોજો ઉઠાવતો આદમી આટલો ખુશ કઈ રીતે હોઈ શકે? મને બીક લાગે છે તેના હાસ્યથી. એનું હાસ્ય કોઈ દિવસ મારો જીવ લઈ લેશે. એનું હાસ્ય મને બરફ જેવો ઠંડો કરી દે છે. તે એની પત્નીની વાત કરે છે ત્યારે તેને વ્હેરી નાંખવાનું મન થાય છે. તે જાણીબૂજીને એના ટેબલ પાસે રિસેસ ટાઇમે માણસો ભેગા કરે છે. મેં ના પાડી છે તેને અહીં બેસી જમવાની. પણ ધરાર... સામી દલીલ કરે છે – 'નિયમ બતાવો. ક્યાં લખ્યું છે કે અહીં બેસીને જમી ન શકાય?' કોઈનું મોત નિયમ જોઈને નથી આવતું. એ ભોઠને કેમ સમજાવવું મારે કે તકલીફ તારી પત્નીના હાથે બનાવેલા સ્વાદિષ્ટ ભોજનની છે. તેની સુગંધ મારી કૅબિનના કાચની આ પાર આવી જાય છે ત્યારે મને દેહની સુગંધ પણ વળગી પડે છે. પોતાના પડછાયા સાથે જમવાની પીડા કેવી હોઈ શકે તેને ક્યારેય નહીં સમજાય...

* * *

આજે મેં પાંચેક કર્મચારીઓને મેમો આપ્યો છે, કારણ કે તેઓ નિયત સમય કરતાં ત્રણ-ચાર સેકંડ મોડા પડ્યા છે. આખી ઑફિસમાં હો-હા છે. ચક્રમ, પાગલ, પાવલી વિનાનો... કોણ જાણે શું શું મારા નામે થૂંકાઈ રહ્યું છે. હા, મને ખબર છે વરસાદના દિવસો છે. રસ્તા પર પાર વિનાના ખાડા છે. ખાડામાં ફસાઈ ચૂકેલાં પૈડાંની વેદના મને બરાબર સમજાય છે. પણ મને મજા આવે છે તેમના ચહેરાની તંગ રેખાઓ અને પહોળી થઈ ગયેલી આંખો જોઈને. ના, હું પહેલેથી આવો નહોતો પણ હવે છું. આ જ છું હું. વરસાદના દિવસોમાં ઑફિસ આવતી સ્ત્રીઓને ભીનાં કપડાં, ભીનું માથું અને ભીનો ચહેરો કોરાં કરતાં વધારે વાર થાય જ. સહજ છે. હું સમજું છું તોય 'નિયમોને આધીન' કહીને ક્રૂરતા આચરવી મને ગમે છે. એમ કરવાથી આખો દિવસ અને આખી રાત મારો ચહેરો એમની આંખ સામે રહે છે. એ વાતે જ મારામાં ક્ષણિક સુખની કૂંપળ ફૂટી નીકળે છે.

* * *

ઈશ્વર તટસ્થ છે એ વિશે મને શંકા છે. ઈશ્વરથી મોટો પક્ષપાતી બીજું કોઈ જ નથી. કોઈની જિંદગી વિઘ્ન વિનાની આટલી સડસડાટ કઈ રીતે દોડી શકે? મને લાગે છે કે ઈશ્વર પણ સરેરાશ છે એટલે જ તેના જેવા સરેરાશ માણસોની તરફેણ કરે છે. ઈશ્વર તેનો જ છે જે એને સવાલ નથી પૂછતો, બસ, મૂંગે મૂંગે નત મસ્તકે પૂજ્યે જાય. તેણે આપેલા દુઃખનેય મૂર્ખ માણસ 'કૃપા' માનીને માથે ચડાવે છે. એવો ઈશ્વર મારા માટે નથી.

* * *

આજે રઘુને મચ્છર વિશે પૂછીને હેરાન કરવાનો ખૂબ આનંદ આવ્યો છે. જોકે એમ કરવામાં મને થોડું દુઃખ પણ થતું હતું, પણ પછી થયું કે અવાજ ઊંચો કરવાથી જ આધિપત્ય સ્થાપિત કરી શકાય છે. ખુરશીનું અસ્તિત્વ અવાજની તીવ્રતા અને ભાષાના

આરોહ અવરોહ પર ટકેલું છે. સાત સપ્તકની બહારનો આઠમો સૂર ઘમંડનો છે. સામ્રાજ્ય આ આઠમા સૂરનું જ રહ્યું છે. શું મળ્યું મને અત્યાર સુધી અવાજ નમ્ર રાખીને? અગણિત કાકલૂદી, વિનંતી... તરફડાટ ને છતાં એ ગઈ જ છેવટે. લગ્નનાં તેર વર્ષ પછી અશેષનો હાથ પકડી નિર્લજ્જ ઉંબર ઓળંગી ગઈ. મારા વંશને સાથે લઈને નીકળી પડી. અખબારને હેડલાઇન આપતી ગઈ – એક છોકરાની મા ચાર વર્ષ નાના પ્રેમી સાથે ફરાર. દોસ્ત થઈને પીઠમાં નહીં, આંખમાં ખંજર ભોંક્યું, આગળ ધપતો એમનો સંબંધ કેમ ન જોઈ શક્યો હું? લગ્નનાં તેર વર્ષ પછી કયો પતિ એની પત્ની પર નજર રાખતો હોય છે? શું ઓછું પડ્યું અમૃતાને? અશેષે દોસ્તી નહીં પણ મારી લાગણીનો પણ બિઝનેસ કર્યો છે. ને ગોપાલ રાવ? સરેરાશ માણસની સરેરાશ પત્ની થઈને આટલી અસામાન્ય? કોઈ અમીરજાદાએ નામ લીધું, દાણો ચાંપી જોયો તો જાહેરમાં ધુત્કારી નાંખ્યો. બે કોડીનો કરી નાંખ્યો! એ દિવસે ગોપાલ રાવ મૂછે તાવ દેતો હતો. મચ્છરનો અવાજ એક મચ્છર પણ સાંભળે છે આ તો છેક માણસ થઈને...

* * *

આ દુનિયામાં બૌદ્ધિક માણસથી અધિક ટ્રેજિક પાત્ર બીજું કોઈ નથી. આ જગતનું સહુથી મોટું દુઃખ જ્ઞાન છે. એ મારાથી વધારે કોણ જાણી શકે? મેં ફિલસૂફીનો દરિયો ડહોળી નાંખ્યો છે. દેકાર્ત, નિત્શે, કૃષ્ણમૂર્તિ, રજનીશ... પણ અંતે મને એમ જ લાગે છે કે મેં બધાંને સમજ્યા છે એટલું મને કોઈ સમજી શકતું નથી. મને ભરોસો હતો કે જ્ઞાન મને મારી પીડામાંથી ઉગારી લેશે. એટલે જ મેં જ્ઞાની બનવાનો અને બનાવવાનો એક પ્રયોગ શરૂ કરેલો. ઑફિસમાં પહેલાં શનિવારે અડધો એક કલાક ફિલસૂફીની ચર્ચા. પણ એમાંય છેવટે નિષ્ફળતા જ મળી. પહેલાં શનિવારની રજાઓની અરજીઓ વધી ગઈ છે. રજા માટે આજ દિવસ સુધી મેં કોઈ કર્મચારીને ના પાડી નથી. કારણ કે મને લાગે છે કે ક્યારેક મોકળાશથી રડવા માટે પણ આદમીને રજાની જરૂર પડી શકે છે. એકાંતમાં, અંધારામાં રડવું તે તેની પ્રાથમિક અનિવાર્યતા બની શકે છે. મારી મોટા ભાગની રજાઓ મેં આવા જ ખપમાં લીધી છે. પણ મારા શનિવારના એ પ્રયોગે મારી વિરુદ્ધ ફરિયાદો કરવા કર્મચારીઓને વિવશ કરી દીધા છે - સનકી, પાગલ... છેવટે ઉપરના આદેશથી મારે આ પ્રયોગ પર પૂર્ણવિરામ મૂકવું પડશે. મને લાગે છે કે મેં ગોપાલ રાવની જેમ જોક્સ કીધા હોત કે કપિલ શર્મા શોની વાતો કરી હોત કે શૅરબજારની વાતો કરી હોત તો ઠીક રહેત.

* * *

ગોપાલ રાવે ચાર દિવસની રજા મૂકી છે. તેણે ધાર્યું હોત તો કારણમાં 'અંગત' લખી જ શક્યો હોત. એમ જ લખવું જોઈએ. પણ તેણે જાણીબૂજીને 'પત્ની સાથે પ્રવાસ' એમ લખ્યું છે. 'પ્રવાસ' શબ્દ મને હંમેશાં અસહ્ય લાગ્યો છે. કાચ પાછળના આ કાચ જેવા માણસની ગૂંગળામણનો કોઈને રતીભર કલ્પના નહીં આવે. યાત્રા માટેનો તેનો વલવલાટ, તરફડાટ... હું ખરેખર ઊડવા માંગું છું. એટલે ઊંચે કે... પણ હાલ તો હું કાચ પાછળ તરી રહ્યો છું એક શૂન્ય અવકાશમાં... નગણ્ય જંતુ સમો... મને થાય છે કે હું બીજાંઓના અવાજમાં જ પ્રવાસ કરી લઉં. એટલે જ મેં થોડી વાર પહેલાં રઘુને બોલાવીને પૂછ્યું હતું કે તું એવા કોઈ કાચવાળાને ઓળખે છે કે જે મને એવી કેબિન

કરી આપે, જેમાંથી હું બહારનું બધું જોઈ શકું પણ મને કોઈ ન જોઈ શકે. બિલો પાસ કરાવવાની ચિંતા તમારે લોકોએ કરવાની નથી, મારા અંગત ખર્ચે જ કરાવવી છે. તેણે દૂધિયા ગ્લાસનો વિકલ્પ આપ્યો પણ મેં ગુસ્સામાં જ કહ્યું કે દૂધિયા ગ્લાસમાં મને કોઈનું કશું ન દેખાય. તમને ખખડાવ્યા પછી તમારા પડી ગયેલા ચહેરા જોવાના મને ગમે છે. પણ રઘુ હાથનો પંજો હલાવતો, માથું નકારમાં ધુણાવતો બહાર નીકળી ગયો. અમૃતા પણ પ્રવાસ કરતી હશે અશેષ સાથે? અંગત પ્રવાસ... ક્યાં ક્યાં ફરતી હશે? અશેષનો અંશ ગર્ભમાં લઈને ફરતી હશે કે ગર્ભબીજ બાળક રૂપે અવતરી ચૂક્યું હશે...? મારાથી બાળકોનો અવાજ સહન થતો નથી, પક્ષીઓનું ચી-ચી-ચી... પણ નહીં. મને લાગે છે કે પક્ષીઓ તેમની ચાંચથી મને ચૂંથી રહ્યા છે. ક્યારેક તો થાય છે કે હું ચિક્કાર શરાબ પીને મને ખલાસ કરી નાંખું. મારું લીવર એટલું ખરાબ કરી નાંખું કે ડૉક્ટર મને કહેવા અધીર બની જાય જે સાંભળવા હું અધીર છું – આઈ એમ સૉરી મિસ્ટર શર્મા... તમારી પાસે ગણતરીના દિવસો બચ્યા છે હવે. અને હું આખી ઑફિસના માણસોને મારી મુક્તિની ભવ્ય મિજબાની આપું. સિગારેટ પીને ફેફસાં ખલાસ કરી નાંખું... કે પછી તંબાકુ ખાઈ ખાઈને મોઢાનું કૅન્સર વહોરી લઉં... કે પછી જી. ટી. રોડ પર જઈ સ્ત્રીઓની સોબત કરી સ્ત્રીએ કરેલા વિશ્વાસઘાતનો બદલો લેતો રહું... ના – કેટલી લાચારી? મારાથી તો મારો વિનાશ પણ નોતરી શકાય એમ નથી. એમ કરવાથી ઊલટું અમૃતા કોર્ટમાં, સમાજમાં એમ સાબિત કરી શકે કે બસ, રંડીબાજી અને પીવાની લતને કારણે બદનામી વહોરી લઈનેય છોકરાના ભવિષ્ય ખાતર પણ આ ખરાબ પગલું ભરવું પડ્યું છે મારે. ઓહ! જીવી ન શકાય, મરી ન શકાય, આ કેવી લાચારી? કાચ પાછળનો અપારદર્શક માણસ જીવલેણ પીડાથી જીવી રહ્યો છે અને કોઈને કશી પરવા નથી. દુનિયાએ મારા પગના તળિયાના ઘા નથી જોયા પણ મારાં મોજાં કેટલાં ગંધાય છે તેની જ ચર્ચા કર્યા કરી છે...!

* * *

હું એક હારી ગયેલો યોદ્ધા છું. યોદ્ધા છું કે કેમ એની પણ મને ખબર નથી, કેમ કે હું બીજાં કરતાં પણ મારી જ સામે વધારે લડતો રહ્યો છું. જ્યાં જ્યાં માણસ હોય છે ત્યાં ત્યાં એ દરેક જગ્યા એક યુદ્ધભૂમિ લાગી છે. એક માણસ હોય તોય મને આખા વિશ્વ બરાબર લાગ્યો છે. મને લાગે છે કે હું એક નવું વિશ્વયુદ્ધ ખેલી રહ્યો છું. મારે લડવું નહોતું પણ કોઈએ ધકેલી દીધો છે મને. આ યુદ્ધમાં મેં બધું જ ગુમાવી દીધું છે. ઘર, સ્ત્રી, સંતાન, મિત્ર, પરિચિતો... જાત સુધ્ધાં. યુદ્ધમાં જતાં પહેલાં યોદ્ધાને સ્વજનના હાથે ભાવભીની વિદાય આપવામાં આવે છે અને તેના પાછા ફરવાની પ્રતીક્ષા કરે છે. ન તો મને કોઈ વિદાય આપવા આવે છે, ન તો કોઈ મારી રાહ જોતું હોય છે. આ યાતના કેવી હોય છે તે હું કોઈને ન સમજાવી શકું. છતાં હું સાવ એકલો નથી. મારી ચોમેર અવાજો જ અવાજો છે... આ અવાજોનાં જંગલ વચ્ચે જીવવું હવે કોઠે પડી ગયું છે. મને લાગે છે કે એક માણસ સમૂહ બનતો જાય છે. અસંખ્ય માણસો મોરચો લઈને ઊભા રહે છે મારી સામે. હું આ દુનિયા છોડીને એમ જ ચાલ્યો જઈશ. મેં પ્રાપ્ત કરેલી ચેતના હું મારા વંશને સોંપી નહીં શકું. હું એટલો એકલો છું જેટલી કે એકલતા. ચોતરફની આબોહવા ઝેરી બની ચૂકી છે. હું એક ઇતિહાસ બની ગયો છું. મારું હોવું, મારું જીવવું એક શૂન્ય છે.

* * *

આજે ગોપાલ રાવનો જન્મદિવસ છે. ઑફિસના માણસો નાનીમોટી ભેટ આપી રહ્યા છે. મેં એમને શુભેચ્છા સુધ્ધાં પાઠવી નથી. જન્મદિવસની ઉજવણીમાં મારો કોઈ વિશ્વાસ નથી. ઊલટું મારું માનવું છે કે માણસની જિંદગીમાં જન્મદિવસથી વધુ દુઃખદાયક દિવસ બીજો એકેય ન હોઈ શકે. માણસે જન્મીને શું પ્રાપ્ત કરી લીધું દુઃખ સિવાય? શૂન્ય સિવાય કશું જ કાળજયી નથી અહીં.

* * *

મને માણસોની બીક લાગે છે, માણસોથી વધારે તેમના સવાલોની બીક લાગે છે. મારા જવાબોની કોઈને પ્રતીક્ષા નથી, પણ જવાબ આપતી વખતે મારા ચહેરા પર લાચારીની તીવ્રતા કેટલી છે તે માપવામાં રસ છે બધાંને. હું દેખાઉં છું એટલો વિચિત્ર નથી, પણ હું કોઈની આંખોમાં દસ સેકંડથી વધારે વાર જોઈ શકતો જ નથી, કારણ કે મને સતત ભય રહે છે કે કોઈ તેની આંખથી જ મારી કીકી પાછળ ધરબી રાખેલો આખો અતીત ઉલેચી નાંખશે. આજે પણ ગોપાલ રાવનું હાસ્ય મને સંભળાતું હતું. એમનો અવાજ જન્મથી જ એવો છે તેવી ખબર હોવા છતાં તેનો મોટો અવાજ સહેજ પણ સહ્ય બાબત નથી. નિયંત્રણ નામની પણ કોઈ ચીજ હોય છે! શ્વાસ લેવો હોય તો નિયંત્રણ પ્રથમ શરત છે. એ દરેક માણસે શીખી લેવું જોઈએ. તે હસે છે ત્યારે મને ટીવી સિરિયલના રાવણનું અટ્ટહાસ્ય સંભળાય છે. ક્યાં સુધી સહન કરવું મારે આ હાસ્ય? એટલે જ મેં આતુરતાથી દશેરાની રાહ જોઈ હતી, પણ ત્યારેય હું નિષ્ફળ રહ્યો. હું આ જગતનો સહુથી નિષ્ફળ માણસ છું – ફેલિયર મૅન. જેનાથી કશું જ સહન થતું નથી. પોતાનું હોવું પણ નહીં. ગોપાલ રાવના હાસ્યમાં મને એક સવાલ પડઘાતો લાગે છે – જનરલ રૂમમાં બેસતો સાવ જનરલ માણસ આટલો ખુશ કઈ રીતે હોઈ શકે?

ડાયરીનાં પાનાં જોઈને હું હતપ્રત થઈ ગયો. 'જનરલ રૂમમાં બેસતો સાવ જનરલ માણસ આટલો ખુશ કઈ રીતે હોઈ શકે?' કેટલો વિચિત્ર સવાલ? આખી રાત તેમનો આ સવાલ મારી ભીતર ભોંકાતો રહ્યો.

હજી સવારના માંડ છ થયા હશે ત્યાં જ મોબાઇલની રિંગ વાગી. ફોન પર અનિરુદ્ધ હતો. 'આટલી સવારે?' મેં વિચાર્યું. ફોન ઉપાડતાં જ તેનો રઘવાટભર્યો અવાજ સંભળાયો; 'કેટલા ફોન કર્યા? રાત્રે, ઉપાડતો કેમ નહોતો? ગોપાલ રાવ ઑફ થઈ ગયા છે. હત્યા... કોઈકે ગોળી મારી દીધી છે. મોડી રાત્રે જ સમાચાર મળ્યા હતા. હમણાં દસ વાગ્યે અંતિમ ક્રિયા છે. તું અત્યારે જ નીકળ.'

મને તમ્મર આવવા જેવું થયું - ગોપાલ રાવ ઑફ થઈ ગયા છે. ગોપાલ રાવ???

હું સીધો જ ગોપાલ રાવને ત્યાં પહોંચ્યો. ગોપાલ રાવને અંતિમ દર્શન માટે આંગણામાં મૂકેલા. ફૂલોની પથારી નીચે નિરાંતે સૂતેલા ગોપાલ રાવનો ચહેરો એકદમ શાંત દેખાતો હતો.

એમની પત્ની પછાડિયાં ખાઈ ખાઈને રડતી હતી. સફેદ સફેદ ટોળાંઓ વચ્ચે એક જ સવાલ – કેમ? કોણે? પત્નીનો એક જ જવાબ – 'હું શું જાણું રે... કોના દિલમાં શું હતું રે... અમ જેવા સામાન્ય લોકનું કોણ દશમન રે... એમનું તો કોઈ દશમન નો'તું રે...

ભગવાનનો માણહ હતો...' વચ્ચે વચ્ચે ડુમાયેલા અવાજે એમનો છોકરો બોલતો હતો; 'દિવાળીનો ટાઇમ છે તો બધાંને એમ જ થયું કે ફટાકડાનો અવાજ છે. પણ કોઈએ... પપ્પાને... ઑફિસથી પાછા આવતી વખતે જ...'

એ. વી. સાહેબ કમને ભીડ વચ્ચે ઊભા હતા. થોડે દૂરથી જ એમણે હાથ જોડ્યા. પહેલી જ વાર આજે એમના ચહેરા પર થોડી શાંતિ દેખાતી હતી. એક ઊંડો શ્વાસ લઈને તે ભીડ બહાર નીકળી ગયા. મારા કાનમાં ક્યાંય સુધી ગોપાલ રાવની પત્નીના શબ્દો ગુંજી રહ્યા હતા. હું અસ્વસ્થ થઈ ગયો.

અંતિમ ક્રિયા પૂરી થઈ ગઈ હતી પણ પ્રતિક્રિયા તોફાની બની ચૂકી હતી. આખી ઑફિસ સ્તબ્ધ હતી. દિવાળીના દિવસો અંધારિયા બની ગયા. એક પણ કર્મચારીને ત્યાં દિવાળીનો દીવો પ્રગટ્યો નહીં.

નવા વર્ષના પહેલે દિવસે ઑફિસ ખૂલી ત્યારે ઓરડાનો સન્નાટો ભરખી જનારો હતો. ગોપાલ રાવ જ નહીં એમની સાથે સાથે ઘણું ઘણું એવું હતું જે મરી ચૂક્યું હતું. રઘુ ગજવામાં કાગળ લઈને કાચની કેબિનમાં ગયો. તેના બે ધ્રૂજતા હાથ સાહેબ સામે કરગરી રહ્યા; ' સાહેબ, મારાથી હવે અહીં નોકરી નહીં થાય..'

'હું નથી બેઠો? મરી ગયો છું?' એ. વી. સાહેબ જોરથી તાડૂક્યા.

હેબતાઈ ગયેલો રઘુ ઘડીક સાહેબ સામે તાકી રહ્યો. કેબિન બહાર નીકળતી વખતે હાથનો પંજો હલાવતો હલાવતો ધીમે ધીમે એટલું જ બબડ્યો; 'શી ખબર?'

બીજા દિવસના છાપાથી આખું શહેર સ્તબ્ધ બની ગયું. છાપામાં મોટા અક્ષરે લખ્યું હતું – મોડી સાંજે અધિકારી નૈષધ શર્માએ રિવૉલ્વરથી પોતાનું જીવન સંકેલી લીધું. આત્મહત્યાનું કારણ અકબંધ. ટેબલ પર એક કાગળ મળી આવ્યો છે. જેના પર લખ્યું છે – સાવ સાધારણ માણસનું મૃત્યુ આટલું અસાધારણ કેવી રીતે હોઈ શકે? ફરી એક વાર હું હારી ગયો.

છાપું પકડેલા મારા હાથ કંપતા હતા. મારી નજર સામે ડાયરીનાં પાનાં ફર ફર ઊડતાં હતાં.

મને લાગે છે કે હું લેખક નહીં બની શકું. કોઈ પણ માણસના સંવેદનના સોમા ભાગને પણ આલેખવામાં હું નિષ્ફળ જ રહીશ.

■

પણ હજુ એક બીજો કેસ મુંબઈમાં મળવાનો હતો ખરો. આ કેસ અરજી ઘડવાનો હતો. એક ગરીબ મુસલમાનની જમીન પોરબંદરમાં જપ્ત થઈ હતી, મારા પિતાશ્રીના નામને જાણી તેના બારિસ્ટર દીકરા પાસે તે આવેલો. મને તેનો કેસ લૂલો લાગ્યો, પણ મેં અરજી ઘડી દેવાનું કબૂલ કર્યું. છપામણીનું ખર્ચ અસીલે આપવાનું હતું. મેં અરજી ઘડી. મિત્રવર્ગને વંચાવી. તે અરજી પાસ થઈ ને મને કંઈક વિશ્વાસ બેઠો કે, હું અરજી ઘડવા જેટલો લાયક હોઈશ,–હતો પણ ખરો.

પણ મારો ઉદ્યોગ વધતો ગયો. મફત અરજીઓ ઘડવાનો ધંધો કરું તો અરજીઓ લખવાનું તો મળે, પણ તેથી કંઈ છોકરાં ઘૂઘરે રમે? – **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# ટપુદાદાના વાંઢા

જગદીશ

“છોકરો તો સારો છે...ઘરેય ઠીક જ છે.”

મોટાએ મોબાઇલ માને દેખાડતાં કહ્યું. માએ પૂર્વાનુભવોના વૈરાગ્ય સાથે મોબાઇલમાં ફોટો જોયો અને મોબાઇલ મારી તરફ ધર્યો. આને છોકરો ન કહેવાય! મોટાની ઉંમરની જેમ હવે એની નજર પણ પાકી ગઈ હોય એમ મને લાગ્યું, પણ મોટાનોય બિચારાનો શું વાંક? હું ઘરમાં સૌથી નાની હતી તોય મારી ઉંમર કદાચ ભીષ્મ પિતાથી થોડીક જ ઓછી હશે! મોટો આ વખતે મોકો ચૂકવા માંગતો ન્હોતો એ મને સ્પષ્ટ દેખાતું હતું. જો બધું સરખું ગોઠવાઈ જાય તો મહુવાબંદરવાળા બાબુ ઢાપાની છોકરી સાથે મોટાનું લગભગ નક્કી જ હતું અને હવે જો મારાથી મોટી હર્ષાને મોટાની નજરે જે છોકરો હતો ઈ મુરતિયો ગમી જાય તો બેય ભાઈબહેનનું એકસાથે પતે! પછી મારી માને ખાલી મારી એકની જ ચિંતા...

પણ મને મારી એકલીની જ ચિંતા ન્હોતી! જો અમારાં બધાં ભાંડરડાંઓનાં સમયસર લગ્ન થઈ ગયાં હોત તો કદાચ આજે અમારાં સંતાનો પણ ઉંમરલાયક થઈ ગયાં હોત... પણ માણસ એના જીવનમાં જે કંઈ વિચારે છે એ બધું ક્યાં થાય છે? આવું સાહિત્યિક લાગે એવું વિધાન ક્યાંક સાર્થક થયું હશે, પરંતુ અમારા જીવનમાં બધું જ મારી માના બાપા ટપુદાદા કહેતા એમ જ થતું! મારી માના બાપા... એ હિસાબે એ મારા આતા એટલે કે નાનાજી હતા, પણ અમારા કબીરવડ જેવડા પરિવારમાં બધા એમને ‘ટપુદાદા’ જ કહેતા.

ટપુદાદા વિશે વિચારું છું તો લાગે છે કે જન્મ અને મરણની આખી પરિકલ્પના જ ખોટી છે. જો જન્મ હોય તો મરણ હોવું જોઈએ ને! પણ ટપુદાદાના કેસમાં ભગવાન આ મૌલિક સત્ય ભૂલી ગયો હોવો જોઈએ, કેમ કે ત્રણ નાના ભાઈઓ, ચાર ભત્રીજાઓ... બે ભાઈઓની વિધવાઓ... ત્રણ સગ્ગી દીકરીઓ... પત્નીનો દાડો ખાઈને પણ ટપુદાદા ટપકતા ન્હોતા... છેલ્લે કોરોનાની બીજી લ્હેર વખતે ટપુદાદાને ઓલો અધરા માયલો કોરોના થઈ ગ્યેલો... બધાને એમ હતું કે હવે ટપુદાદા નય બચે... હું મનોમન સાચું કહું તો ચીનવાળાનો આભાર માનવા લાગેલી કે એ ચામાચીડિયાવે કોરોના મોકલ્યો ને ટપુદાદા એમાં પટકાણા, પણ... ટપુદાદાવાળી લાઇનના સાત ખાટલા તથા દવાખાનાના બધા ઑક્સિજનના બાટલા ખાલી થઈ ગયા પછી ત્રેવીસમે દિવસે ટપુદાદા બેઠા થઈ ગયા ને મારી મોટી માસીના હાથે કરચલીના અજમાવાળા સૂપના ત્રણ વાટકા ગટગટાવી ગયા ત્યારે જ મને આ કોરોના ઉપરેય પહેલવહેલી શંકા ગયેલી હો...

મેં મારી નાનીના મોઢે સાંભળેલું કે ટપુદાદા એક વખત જહાજ પરથી ડહોળા દરિયામાં પડી ગયેલા... ઉપરથી વરસાદ અને વાવાઝોડું! જહાજમાં કોઈની હિમ્મત નહીં

હોય કે પછી એ બધા ટપુદાદાને બચાવવા નહીં માંગતા હોય એ તો રામ જાણે પણ કોઈને દરિયાનાં ઊંચાં ઊંચાં મોજાંમાં ટપુદાદા દેખાયા નહીં. બધાએ દાડો પણ કરી નાખ્યો અને એ પછી લગભગ અઢારમે દિવસે ટપુદાદા કેરળથી આવતા ખટારામાં બેસીને ઘરે આવેલા...

'તું આવી? તારી માએ મારી હાટુ જિંગાની કઢી મોકલી સે ને?' એમ પૂછતા ત્યારે ઘણી વાર મને થતું કે ટપુદાદા પ્રાગૈતિહાસિક છે. કદાચ એમણે ડાયનોસૉરના ઈંડાની આમલેટ પણ ખાધી હશે! ઘરનાં મોટેરાંઓની વાતો પરથી મને જાણ થયેલી કે ટપુદાદા અઢારમે વરસે બંદરખાતાની નોકરીએ લાગેલા અને ત્યારે તેમનો પગાર મહિને પચાસ રૂપિયા હતો. અઢાર વત્તા દસ અઠ્યાવીશ. અઠ્યાવીશ વત્તા દસ આડત્રીશ. આડત્રીશ વત્તા દસ અડતાલીશ અને અડતાલીશ વત્તા દસ બરાબર અઠ્ઠાવન વરસની નોકરી પછી છેલ્લાં બેતાલીશ વરસથી પેન્શન પર છે. મેં હિસાબ લગાવ્યો તો સરકારની નાણાભીડનું કારણ પણ જાણી શકી, કારણ કે મૂળ પચાસ રૂપિયાના પગાર સામે હાલ ટપુદાદા મહિને ત્રેવીસ હજારનું પેન્શન; બાજરાના રોટલા સાથે ગાની કઢી ચોળીને ખાતા હતા એ જ રીતે ખાતા હતા અને દસ વરસ પહેલાં બી. એડ્. કરીને નોકરી વગર ઘરે બેઠેલી હું છોકરાં દીઠ પચાસનું ટ્યૂશન કરાવતી હતી...

ટપુદાદાને નોકરી ભલે અઢારમે વરસે મળી હોય, પરંતુ છોકરી એટલે કે મારી માની મા, મારી નાની ચૌદમે વરસે જ મળી ગઈ હતી. પ્રેમાનંદે 'સુદામચરિત્ર'માં લખ્યું છે :

'દશ બાળક થયા સુદામાને દુઃખ દારિદ્રે ભરિયા, શીતળાએ અમી છાંટો નાખ્યો થોડે અન્ને ઉછરિયા' ટપુદાદાની ઘટનામાં પણ એમ જ બન્યું હશે, પણ ટપુદાદાએ બાળકોની સંખ્યામાં સુદામાનો રેકૉર્ડ તોડેલો એટલે કે મારી મા સહિત ટપુદાદાને સાત છોકરી ઉપર ચાર છોકરા એટલે કુલ અગિયાર! પછી જમાઈઓ... વહુઓ... એમનાં છોકરાં-છોકરી. એ બધાંની ગણતરી કરું અને અમને બધાને કોઈ વિશેષ લાયકાત હેઠળ સેનામાં ભર્તી કરવામાં આવે તો અમારી એક અલગ બટાલિયન બને. એમાંથી તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના એક જ સરખા એપિસોડ જોઈ જોઈને હું અમને બધાને મનોમન 'ટપુસેના' જ કહેતી.

આ સેનાના ચીફ હતા ટપુદાદા. ટપુદાદાનો સ્વભાવ કાંજી કરેલાં કપડાં જેવો હતો. તેઓ અમને લોકોને જ્યારે અમે નાનાં નાનાં હતાં ત્યારે હંમેશાં ડારો દઈને જ બોલાવતા... વાંસામાં ધબ્બાય મારી લેતા મારી શિશુ અવસ્થાથી માંડીને રજોનિવૃત્તિની તૈયારી સુધીની ઉંમરમાં મેં ટપુદાદાને ભૂલથી પણ હસતા નથી જોયા. એમના ચહેરા પર કરડાકીનો એક જ સ્થાયી ભાવ રહેતો... જેનાથી અમે સૌ ડરેલા રહેતા. ટપુદાદાના માથાના બધા વાળ સફેદ અને ચકચકિત હતા. એમના વાળનો ગુચ્છો ભરાવદાર અને ફેવિકોલથી ચોંટાડેલો હોય એવો હતો. મારા વાળ હવે તો પાંખા થવા લાગ્યા છે. પણ ટપુદાદાના ચાંદેરીવાળનું રહસ્ય બીજી કેટલીક બાબતોની જેમ જ અકબંધ હતું.

ટપુદાદા જ્યારે બંદરેથી કામ કરીને ઘરે આવતા અને બહારથી ખોંખારો ખાતા ત્યાં એમના નાના ભાઈઓની વહુઓ મોટા મોટા ઘૂમટા તાણી લેતી. ટપુદાદાની હાજરીમાં કોઈ ઊંચા અવાજે બોલી શકતું નહીં. ટપુદાદા અમારા માટે કંઈ ભાગ લાવે એ તો છેક અશક્ય હતું. પણ એ ટિફિનના ત્રણ ખાનામાં દારૂની ત્રણ કોથળી જરૂર લાવતા. ત્રણ કોથળી પીને જ આવતા. રાતે વાળુ વખતે બાકીની કોથળી ગટગટાવી જતા અને પછી બુમલાનું

શાક, રોટલા અને ખીચડી ખાઈને ઘોરવા લાગતા. મેં ટપુદાદાની દારૂની કોથળીઓનો હિસાબ લગાવ્યો તો થયું કે કૈલાસ માનસરોવરના પાણી જેટલો તો દારૂ પી જ ગયા હશે!

આમ તો ટપુદાદા એટલે વાંધાઓનો સમૂહ, પણ ટપુદાદાનો સૌથી મોટો વાંધો એ હતો કે એમને વાતે વાતે વાંધો પડતો. એમણે મારી સૌથી મોટી માસીના છૂટાછેડા એટલા માટે કરાવેલા કે એમના જમાઈ માથામાં ચમેલીનું તેલ નાખતા હતા, પણ એ દુર્ઘટના બાદ મારા બાપા અને બાકીના સાઢુભાઈઓએ માથામાં તેલ નાખવાનું જ બંધ કરી દીધેલું પરિણામ સ્વરૂપ ટપુદાદાના વાળ સલામત રહ્યા, બીજા બધા ઊજડે ચમન! મારા બાપને અમદાવાદના શાહીબાગમાં બહુ સરસ નોકરી મળતી હતી, પણ ટપુદાદાને અમે લોકો કોઈ મોટા બંગલાના બંગલા જેવા આઉટહાઉસમાં રહેવા જઈએ એ સામે વાંધો હતો અને પરિણામ એ આવ્યું કે બાપા વકીલ દવેના બંગલાનું માળી કામ કરતાં કરતાં જ મૃત્યુ પામેલા... ટપુદાદા કુટુંબમાં સૌથી મોટા હતા એટલે એમનો વટ પડતો. ટપુદાદાની હાજરી સારાનરસા પ્રસંગે અનિવાર્ય રહેતી. વાઘરીવાળા બૂટમાં વાઘરી ન હોય તો ચાલે, દારૂ પીતી વખતે બુમલાની ચટણી ન હોય તો ચાલે, પરંતુ જો પ્રસંગમાં ટપુદાદાની હાજરી ન હોય તો યજમાનનો સામાજિક બહિષ્કાર થઈ જતો. ટપુદાદા ફરમાન બહાર પાડી દેતા કે, 'જે કોઈ આ લોકોના પ્રસંગમાં જશે એમના પ્રસંગમાં હું નહીં આવું..."

બસ, પછી શું બધા ફફડી જતા બધાને બીક રહેતી કે ટપુદાદા વગર એમનો પ્રસંગ પીંછાં વગરના મોર જેવો લાગશે એટલે આખ્ખો પરિવાર ટપુદાદાને મનાવવા માટે ભેગો થતો. એમાં પણ ટપુદાદાની વણકહેલી શરતો રહેતી.

મનામણાં ચારપાંચ દિવસ ચાલતાં,

મનામણાં યજમાનના ઘરે જ રખાતાં,

ટપુદાદાને એમના ઘરેથી રિસીવ અને ડ્રોપ કરવાના,

કમ સે કમ દશેક વખત ચા બનવી જોઈએ,

રાત્રે જમવાનું યજમાનના ઘરે જ હોવું જોઈએ.

– અને જો ટપુદાદા માની જાય તો તે દિવસે મટનનું શાક અને દારૂની વ્યવસ્થા યજમાને કરવી પડતી.

અને છેલ્લે યજમાને પ્રસંગમાં હાજર રહેવાના ઉપકાર બદલ ટપુદાદાને એક જોડ સફારી સિવડાવી દેવાના...

અને એથી હું એવા નિષ્કર્ષ પર આવી હતી કે ટપુદાદા પાસે બંદર ખાતા તરફથી મળેલાં સરકારી ખાખી કપડાં સિવાય લગભગ વીશ પચ્ચીસ જોડી સરકારી હતાં અને એ બધાં સફારી એમણે રિસામણાં મનામણાં દ્વારા જ મેળવેલાં હશે...

ટપુદાદા જોકે લઈ લેવામાં જ માનતા એવું પણ ન્હોતું! ક્યારેક એમની ભીતરનો દાનવીર કર્ણ જાગી જતો ત્યારે દશેક વર્ષ જૂના સફારી પોતાના કોઈ જમાઈને પ્રસાદી કે ઉપહાર સ્વરૂપે આપી દેતા. મારા બાપાએ પહેલી વાર જ્યારે ટપુદાદાનાં સફારી પહેરેલાં ત્યારે મારી માએ રાજી થઈને ઘઉંના લોટનો કાળો શીરો બનાવેલો. હું નાની હતી પણ મને હજીય યાદ છે ટપુદાદાનાં સફારી પહેરીને મારા બાપા દીવાલની ખૂંટીએ સરકસના હાથીનો તંબુ ટાંગ્યો હોય એવા લાગતા હતા...

ટપુદાદાને સફારીનો એટલો બધો મોહ હતો કે દાયકા જૂનાં સફારી જમાઈઓને આપી દીધા બાદ એક દશકા સુધી એની પૂછપરછ ચાલતી કે “ઓલા સફારી પહેરોસોને?’ અને નવાં સફારી મેળવવા માટે ટપુદાદાએ અડધો ડઝન સગાઈ ન્હોતી થવા દીધેલી.

સોકરો ફોતરાં વગરના જિંગા જેવો સે...

– એના કટમમાં દમ નથી.

આપણાં રોખાં નથી.

આટલે આઘે સગપણ નો કરાય..

ગામમાં ને ગામમાં થોડું કરાય?

આવા આવા વાંધાઓને કારણે મારી છ માસીના એકના એક પાંચ લેખે ત્રીશ અને અમે ત્રણ તેત્રીશ... ટપુદાદાના નાના ભાઈઓમાં એકના પાંચ લેખે ત્રણના પંદર... ટપુદાદાની બહેનોમાં એકના પાંચ લેખે ત્રણનાં પંદર. કુલ ત્રેસઠ ઉમેદવારોમાંથી મુશ્કેલથી ચારપાંચનો મેળ પડેલ... બાકીનાઓની ઉંમર એવી રીતે વીતવા લાગી જેવી રીતે સવાર પડતાં જ પંખીઓ ઊડવા લાગે છે.

દર રવિવારે અમે બધા ટપુદાદાના બંગલે (બંગલો ટપુદાદાનો ન્હોતો, રિટાયર થયા પછી એમણે મુંબઈના કોઈ મોટા શેઠના બંગલામાં ચોકીદારની નોકરી લઈ લીધી હતી અને બંગલાના ગૅરેજમાં ટપુદાદાનું ઘર હતું.) ભેગા થતા ત્યારે છોકરા બધા ક્રિકેટ રમતા અને છોકરીઓ ઘો પન્ની મૂંછ... ખૂબ હસીમજાક થતી, વાળુના સમય પહેલાં સૌ સૌના ઘરે જતું અને આ રીતે જ અમારા સમયના દિવસો એકબીજાની આંગળી પકડીને બહુ દૂર નીકળી ગયા...

*

મોટાએ છોકરાનો ફોટો હર્ષાના મોબાઇલમાં સેન્ડ કર્યો પછી એ જુદા જુદા ઍંગલથી ફોટો જોવા લાગી.

‘એક વાત કહું?’ મેં હર્ષાને પૂછ્યું.

‘હમ્મ્...’

આ વખતે હવે ઍંગલ જોવાનું બંધ કર... તારી, મોટાની અને મારી ઉંમર જો...

મારી વાતમાં દમ હોય છે એ વાત તો હર્ષાનેય સમજાવા લાગેલી. તેનું જીવતુંજાગતું ઉદાહરણ ટપુદાદાની સૌથી નાની છોકરી અને મારી સૌથી નાની માસી પાર્વતી જ હતી. ટપુદાદાની ભયંકર શારીરિક સક્રિયતાનો અંદાજ એ વાત પરથી લાગી શકતો કે મારી પાર્વતીમાસી મારાથી છ મહિના જ મોટી હતી! સમજણી થયા પછી ખ્યાલ મને આવેલો કે એ મારી બહેન કે બહેનપણી ન્હોતી, પણ મારી સગ્ગી માસી હતી! પાર્વતી દેખાવમાં ભલે પાપલેટ માછલી જેવી લાગતી હતી. પણ એ ટપુદાદાનું જ એક સૉફ્ટ વર્ઝન હતી, એથી નખરાં કરવામાં ને કરવામાં એનોય સમય વીતી ગયો અને દેખાવમાં રસ ભરેલી મુલાયમ પાપલેટને બદલે સુકાઈ ગયેલા બૂમલા જેવી દેખાવા માંડી ત્યારે માંડ માંડ પટેલની નાતમાં જળબિલાડી જેવા મુરતિયા સાથે ઈનો મેળ પડેલો ને ત્યાં સુધીમાં મારાં નાનીય નકળંગના દરિયામાં વિસર્જિત થઈ ગયેલાં.

પાર્વતી અને એના વરની જોડી કઢી અને પારલેજી જેવી લાગતી, એટલે હર્ષાને હું એ સમજાવવા માંગતી હતી કે એ મન મનાવીને હા પાડી દે તો વાંધા જેવું ખાસ ન્હોતું.

અને વળી એનું એક બીજું કારણ પણ હતું કે મોટાનું સગપણ જેની સાથે કરવાનું હતું એ યુવતીના એક ભાઈનું પણ ક્યાંક ગોઠવવાનું હતું અને એ લોકોને ભારે ઉતાવળ હતી, એટલે અમારા પક્ષે જો નિર્ણય લેવામાં મોડું થાય તો પછી અમારી ખાડી જેવી થઈ ગયેલી જિંદગીમાં ફરી ક્યારેય ઘૂઘવતો દરિયો નથી આવવાનો એ નક્કી હતું!

મને એ દિવસો ભુલાતા જ નથી જ્યારે લગ્નપ્રસંગમાં અમારી તરફ કોઈ જુએ એ માટે અમે લોકો કેવા તૈયાર થતા... છોકરાઓ નવી ફૅશનનાં કપડાં પહેરતા, સ્ટાઇલિશ ચશ્માં પહેરતા અને જરૂરી ન હોય તોપણ લગ્નના જમણવારમાં દોડીદોડીને કામ કરતા...

અમે છોકરીઓ ચણિયાચોળી પહેરતી... વાળ સ્ટ્રેઇટ કરાવતી... લાલી પાઉડર અને ન્યૂરોલૉજિકલ ડિસીઝ થઈ જાય એવી તીવ્ર ગંધવાળાં પર્ફ્યુમ્સ લગાવતી અને તો પણ જોવાવાળા અમારા બદલે ટપુદાદાને જ જોતા અને અમે લોકો ધીમે ધીમે દૂરદર્શનના સમયના છાપરે ટીંગાતા ઍન્ટેના જેવાં થવા લાગ્યાં...

હવે માંડ માંડ મોટા અને મોટીના જીવનની સ્ક્રીન પર ભલે તખમરિયાં તો તખમરિયાંવાળા પણ અમુક રંગીન દૃશ્યોનાં સિગ્નલ પકડાઈ રહ્યાં હતાં ત્યારે હું ઇચ્છતી હતી કે લાઇટ નો જતી રહે...

નાનીના મૃત્યુ પછી ટપુદાદા નામનો ધગધગતો સૂર્ય ઠરવા તો લાગ્યો હતો, પણ ઢળતા સૂર્યની તપીશ પણ ક્યાં ઓછી હોય છે એ વાતની ગુપ્ત ચિંતા મને હતી અને એટલે જ મારી અંદર પણ મહુવાબંદરવાળા બાબુ ઢાપા જેવી ઉતાવળ; પૂનમની ભરતી જેમ ઊછળ્યા કરતી હતી. જો આ વખતે જાળમાં માછલી નહીં આવે ને તો કોઈ દિવસ નહીં આવે. આ વાત હવે મારી ઉપરાંત મારી મા... મોટો અને હર્ષાય સમજી ગયાં અને એટલે જ હર્ષાએ મન મારીને પણ હા પાડી દીધી...

સગાઈની તારીખ નક્કી થઈ ગઈ.

મોટો ઉત્સાહિત... હર્ષા હતોત્સાહ. મા શૂન્યમનસ્ક... અને હું આશંકિત...

કોણ જાણે કેમ પણ મને કશુંક અમંગળ થવાના ભણકારા સંભળાઈ રહ્યા હતા. મનના દરિયામાં વમળો એ રીતે ચકરાવો લેતાં હતાં જે રીતે ટપુદાદા જહાજમાંથી ઉછાળા મારતા દરિયામાં પડી ગયા હતા! મને ઊછળીને દરિયામાં ખાબકતા અને પછી કેરળથી ખટારામાં બેસીને આવતા ટપુદાદા જ દેખાયા કરતા હતા. મને અર્નેસ્ટ હેમિંગ્વેની નવલકથાનો ડોસો પણ દેખાયા કરતો જેના ગલમાં મોટી માછલી ફસાયેલી હતી, પણ હું એય જોઈ શકતી હતી કે આ મોટી માછલીને નાની નાની માછલીઓ ફોલી ફોલીને ખાઈ રહી હતી અને આ બધી માછલીઓ ટપુદાદાના ચહેરાવાળી હતી. મારી સમગ્ર ચેતના ટપુદાદાના વિશાળ દરિયામાં ગરક થઈ હતી અને હું શ્વાસ લેવામાં તકલીફ અનુભવી રહી હતી. ત્યાં જ... ટપુદાદાના નાના દીકરાનો એટલે કે મારા નાના મામાનો ડોકરો હાંફળોફાંફળો મારા ઘરે આવ્યો. મને શંકા ગઈ કે સગાઈ વખતે જ ટપુદાદા ગ્યા...

પેલો એકી શ્વાસે બોલ્યો :

'ગંગા ફુઈ, જલદી હાલો... નકુબાપા પાસા થ્યા સે..."

હું બેસી પડી. "નકુ બાપા" એટલે મારા મોટા મામા... ટપુદાદાનો મોટો દીકરો...

■

## નિબંધ

(નોંધ : ગુજરાતી વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને બે જુદા જુદા દિવસે ગામમાં ભરાતી ગુજરી અને મૉલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા અને એમના અનુભવો લખવાનું કહેવામા આવ્યું હતું. આ લખાણો ગુજરાતીના વિભાગીય અધ્યક્ષ મહેન્દ્રસિંહ પરમારના સૌજન્યથી પ્રાપ્ત થયાં છે. )

# (૧) ગુજરીનાં મૉલ

માનસી બોરડ
(ગુજરાતી વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી – મો. : ૮૨૩૮૨૧૪૨૨૩)

ગુજરી અને મૉલની તુલના કરીએ એના કરતાં અદલાબદલી કરીએ તો કેવી મજા આવે...! મૉલને ગુજરીમાં ફેરવીએ અને ગુજરીનાં બધાં માણસો, બધી વસ્તુ, એ ગ્રાહકો સહિત બધું મૉલમાં લઈ આવીએ તો મજા પડે.. આ તો ઊંઘમાં આવેલા સપનાની વાત હતી.. બાકી એવું કાંઈ થાય નહીં.. ચાલો હવે જાગી જઈએ.

ગુજરીથી મૉલ સુધીની સફરમાં અમને તો સરે કથા શોધવાનું કહ્યું હતું, પણ જે કથા હું શોધતી હતી અને જેવી કથા સરને જોઈતી હતી એ મને ક્યાંય મળી નહીં, જોયા થોડા લોકો, થોડા ભાવો, થોડાં દૃશ્યો, થોડા સ્પર્શ, થોડા રંગો, થોડી ગંધ, થોડી પ્રીતિ, થોડી રીતિ, થોડી નીતિ અને થોડી આપવીતી મને મળેલાં મારાં પાત્રોની.

જે પાત્રો ગુજરીમાં મળ્યાં એ અહીં ના જડ્યાં. ના આમ તો... જડી જ ગયાં... એ જ તો બધાં હતાં મૉલમાં. મેઘાણીની વાર્તા 'બૂરાઈના દ્વાર પરથી'નાં બે પાત્રો જે મધના કૂપા જેવાં ચીભડાં વેચતાં હતાં એવું જ એક દંપતી. અહીં લીંબુ, ટમેટા, બટેટા, રીંગણ વેચતું હતું. ગુજરીમાં કપડાં વેચતી એક ગરીબ માતાના ખોળામાં સૂતેલું બાળક કે શાકબકાલું વેચતી એક સ્ત્રીનું વજન-કાંટાના ખોખામાં બેઠેલું બાળક... એનું ભવિષ્ય પણ આ જ છે, એક દિવસ!

એ પણ અહીં પેઢીનો ધંધો સંભાળતું હશે કદાચ અથવા પોતાનાં બાળકોને ભણાવવા ફીના ખર્ચા નીકળે એટલું માંડ કમાતું હશે. ગુજરી જ એનું ભવિષ્ય છે. એવું વારંવાર લાગ્યા કરતું હતું. પણ ના, (પ્રવીણસિંહ ચાવડાની વાર્તા જેવી)' કોઈના નસીબમાં શીઘ્રતા છે.' અમારી બીજી સફર આવી ત્યાં સુધીમાં તો કદાચ એ બાળકો મોટાં થઈ ગયાં. મૉલમાં ગયા ત્યારે એવું લાગ્યું જાણે... એ જ બાળકો મૉલમાં ક્યાંક લિફ્ટમાં બેસીને કામ કરતાં હોય, કોઈક એ મૉલના ગેમઝોનમાં ટિકિટ માટે બેઠું હોય તો વળી કોઈક નીચેના વિભાગમાં શેમ્પૂ, તેલ કે કન્ડિશનરની બૉટલ ગોઠવતાં હતાં. આ એ જ બાળકો હતાં જે ગુજરીમાં શાક વેચતાં ધણી-ધણિયાણીની પાછળ બેઠાં બેઠાં ગુજરીના પ્રવાસે નીકળેલાં નિશાળિયાંને નિહાળતાં હતાં. આ એ જ ટિકિટબારીએ બેઠેલું બાળક હતું જે કપડાં વેચતી ગરીબ માના ખોળામાં સૂતું હતું. અહીં એ જ બાળક માણસોના વજન માપવાના કાંટા પાસે ઊભું રહીને

કાંટો બંધ હોવાનું કહેતું હતું, જે ત્યાં વજનકાંટાના ખોખામાં બેસી રાજસિંહાસનનો ઠાઠ ભોગવતું પોતાની મસ્તીમાં ગાંડુંતૂર હતું... અહીં એનાં સ્વપ્નોનાં રમકડાં હતાં – ટોરા ટોરા, લસરપટ્ટી કે બાઇક ચલાવવાનું, પણ એ રમવા માટે નહિ 'બીજાને રમાડવા માટે.' આમ તો એ ક્યાં કોઈને રમાડતાં હતાં? કદાચ પોતે જ માલિકના હાથનાં રમકડાં બની ગયાં હતાં.

હાશ... ચાલો એક વાતની શાંતિ થઈ કે ગુજરીમાં અમે બધાં એ લોકોને બહુ પૂછ પૂછ કરતાં હતાં. ને વળી એ લોકો પણ એવું કહેતા કે પાંચ પેઢીનો ધંધો સંભાળીએ છીએ... , બાળકોને ભણાવવા માટે અહીં બેસીએ છીએ... , ભણેલાં નથી એટલે આવું બધું કરવું પડે... એનાં બાળકોનો થોડો તો વિકાસ થયો અને મૉલમાં પેઢી સ્થાપી!! પણ પેલી રાજાશાહી છીનવાઈ ગઈ. નાનો ખરો પણ એ ધંધાના માલિક પોતે હતા, ને અહીં સેલના સ્ટૉકનું વેચાણ ઓછું થવાથી મૅનેજરની તાનાશાહી ભોગવવી પડતી. અમે મૉલની અંદર ગયાં ત્યાં શરૂઆતમાં જ આ દૃશ્ય જોવા મળ્યું હતું... એ લાંબી વાતનો સાર એટલો હતો કે, 'બોલે તેનાં બોર વેચાય' અને 'તારાં આંગણિયાં પૂછીને જો કોઈ આવે...તો આવકારો મીઠો આપજે.' તેથી એક વાત તો સમજાઈ ગઈ કે... ગુજરી હોય કે મૉલ. બધે જ ચીજવસ્તુ કરતાં વેચનારે પોતે ગ્રાહકોના આકર્ષણનું કેન્દ્ર બનવું પડે છે!

અરે રે! મારે તમને નોતું કહેવાનું પણ કહેવાઈ ગયું. પણ બધું નથી કીધું, હજુ બાકી છે... રંગબેરંગી અને હારબંધ ગોઠવેલાં કપડાંનો જથ્થો જે ગુજરીમાં હતો... એ જ કપડાં અહીં હેંગરે લટકાવ્યાં હતાં એવું લાગતું હતું. ગુજરીમાં જે પૅન્ટ ૫૦૦માં બે મળતાં અને ગ્રાહક : "અમને નથી પોસાતું" એમ બોલીને આવ્યા હોય. એ જ અહીં ૧૫૦૦ના ભાવે ખરીદતા પણ જોવા મળ્યા. કારણ... વટ પડે ને યાર... મૉલમાંથી લાવ્યા છીએ, બ્રાન્ડેડ વસ્તુ છે, Zudio કે રિલાયન્સની વસ્તુ છે. હવે સમજાયું કે લોકોને ગુણવત્તાના મૂલ્યની કદર નથી અથવા તો સમજ નથી. જગ્યા જોઈને, એનું રૂપ જોઈને કિંમત નક્કી થાય છે. કહેવું પડે હોં બાકી... ગુજરીમાં આવેલા દરેક માણસ પોતે ગરીબ છે અને પચાસ રૂપિયાની વસ્તુ ખરીદવાની પોતાનામાં ત્રેવડ નથી તેથી વેપારીને કહેશે, પચાસમાં બે આપી દેને... અને અહીં મૉલમાં આવેલી દરેક વ્યક્તિ પોતે શાહુકારનો દીકરો છે એવો દેખાડો કરે છે... પોતાનો આખો પગાર પત્નીની શોખની વસ્તુઓ (જરૂરિયાતની નહિ.) ખરીદવામાં વેડફી નાખે છે. જગ્યા જોઈને માત્ર, ખરીદનાર બદલાય છે વેચનાર.. તો પોતાની જગ્યાએ સ્થિર છે.

જગ્યા...!... હા. હા...! અરે... જગ્યાની તો વાત હું નહીં જ કવ... પણ હા... એક વાત ખરી હોં! અહીં વાતાવરણ સદા શીતળ, ગ્રાહકોને પોરસ ચડાવે એવું અને વળી એક બાજુ 'સનસેટ કા ટાઇમ હો ઠંડી ઠંડી રેત હો...' મ્યુઝિક ચાલુ હોય, તો વળી મારા જેવા ચાલવાના આળસુ માટે સરકતી સીડીઓ તો તૈયાર જ હોય. એકદમ ચોખ્ખુંચણાક બધું... અરીસા તો એટલા મોટા અને એટલા સાફ કે સામે ગમે એટલું મોટું પાત્ર ઊભું રે, આખેઆખું ચરિત્ર ઊપસી આવે. જે કોઈ આવીને સામે ઊભું રે એટલે ઘરાકના મનમાં રહેલી અવાસ્તવિકતાની આજુબાજુનું સઘળું વાસ્તવ એમાં દેખાય. કપડાંમાં ચોંટેલી ટાઢકનો કેફ મિરર સેલ્ફી વખતે પોઝ આપવા ખિસ્સામાં ગયેલા હાથને ઉકળાટથી બાફી નાખે છે. અને વૉશરૂમની તો વાત જ શું કરવી. સફેદી કી ચમકાટવાળું... ત્યાં પણ અરીસો...

આજની જનરેશન માટે તો જાણે ગુપ્ત selfi point જ માની લ્યો... કે પછી મેકઅપ રૂમ (છોકરીઓ આ જ જગ્યાએ કૉમ્પેક અને ફાઉન્ડેશન લગાવી તૈયાર થાય.), કૉલેજમાંથી ફરાર થયેલાં પાગલ પતંગિયાં અહીં ગુપ્ત પાર્લરમાં થોડું ટચઅપ કરી આખાયે વાતાવરણમાં પોતાના રંગોની છોળો ઉડાડી રહ્યાં હોય અને અમારી જેવા કંઈક આ રંગો નોટિસ કરતા હોય. અહીં માણસો ફરવા આવે છે... મજા માણવા આવે, ટાઈમ પાસ માટે પણ આવે...

ગુજરી? ગુજરીમાં તો માત્ર ખરીદી માટે જાય છે. કારણ... છડેચોક માનવમહેરામણ ઊમટ્યું હોય. ગુજરીબજાર મને તો આખેઆખો મેળો લાગે...

***હાલો હાલો માનવીયુંના મેળે***
***મેળામાં મારો મનનો માનેલ છે...***
***ઈ રે મેળામાં મારો દલનો માનેલ છે.***

એ તો અમથું જ યાદ આવ્યું... કારણ કે ગુજરીમાં માણસો શૉપિંગ કરવા નહીં... હટાણું કરવા આવે. ગામેગામથી લોકો આવે. નવરાત્રીમાં ગોરણી જમાડતી વખતે આપવામાં આવતી ભેટઃ ચાંદલો, બંગડી, નેઇલપૉલિશ અહીં પાંચ, દસ કે પચીસમાં મળી જાય ને... હટાણે નીકળેલા નગરવાસી, ગ્રામજનો ભેળ, પાણીપૂરી ને દાબેલી સાથે ધોમધખતા તાપમાં શેરડીનો રસ અને ગોલાની પણ મજા માણતા જોવા મળે. આ મેળામાં કોઈ હાઈસ્ટાન્ડર્ડ કે ઉચ્ચવર્ગના લોકો બહુ જોવા નહિ મળે... અને એ જો આવશે તો સામાન્ય માણસના પરિવેશમાં જ આવશે. ત્યાં એ કોઈ પણ પ્રકારની સત્તા કે ધનિક હોવાનો રોફ નહિ બતાવી શકે કે મૉલના ગ્રાહકોની જેમ ખોટો ડોળ નહિ કરી શકે, કારણ કે અહીં તો વેચનાર અને લેનાર બન્ને સરખાં હશે. ત્યારે સાચી લેણદેણ થશે. નહિ તો ગ્રાહક અને વેપારી બંને એકબીજાને છેતરતા હશે અને એકબીજાથી છેતરાતા હશે.

કરીના કપૂરના મંત્રો 'સ્વાદ અને સ્વાસ્થ્યનું પરફેક્ટ બૅલેન્સ.' ઉપર મોટા પોસ્ટરમાં ચીતરેલા આ શબ્દોની નીચે ચૉકલેટ કેક પર લગાવેલા વેપક્રીમ જેવા ઠંડા લચકો કીચડમાં મચ્છર માખીને આળોટવાની મજા તો કંઈક ઓર જ છે... એ ગંધ.. નગરજનોના નાકની રુવાંટી સળગાવી, મોંમાં ઘૂસી, ઊબકા લેવડાવતી છેક મગજની નસો ખેંચાય ત્યાં સુધી પહોંચતી ને ચક્કર ખવરાવતી બસ. એનાથી ત્રણ ફૂટ દૂર ફૂટપાથ ઉપર બેસતા ગુજરીના લોકો. એ એની જગ્યા. ઊભી બજારે રોડની બન્ને બાજુ લારી રાખીને કે નીચે ઢગલા કરીને બેસતા લોકોનાં મન એકદમ સાફ અને નિર્મળ હતાં. ભોળા માણસોના ભાવો, એમની વાતો, એના જવાબો અમને ગમી જતાં. એના વ્યવહારની સુગંધ અમારા સુધી પહોંચતી હતી. જાણે આ આખો એક પરિવાર હોય એવું લાગે... એમાં પણ એક એવું દંપતી છે જે ભણેલું નથી. પણ મળીએ ત્યારે એવું લાગે કે વાહ! આ બહેનની ગુજરાતી ભાષાની વાક્છટા અદ્ભુત છે. જાણે ગુજરાતી ભાષાનાં કોઈ શિક્ષક જ જોઈ લ્યો ને... એમનાં ઉચ્ચારણમાં એટલી ચોકસાઈ અને સ્પષ્ટતા હતી કે એને સાંભળીને તો વિદ્યાર્થીઓને પણ શરમાવું પડ્યું. અને એનાથી પ્રભાવિત થઈને પૂછીએ કે તમે તો ભણેલાં હશો ત્યારે જવાબ મળે છે કે “ના. ભણેલાં હોઈએ તો તો ચપ્પલ થોડાં વેચવાં પડે.” એ પોતાના પાડોશી વેપારીના ડરને સમજાવતા હતા... અહીં પાડોશીધર્મ પણ સારો એવો નિભાવતા... ચપ્પલવાળા

દંપતી પાસે બોણીના સમયે પાંચસોના છુટ્ટા ના હોય તો બાજુમાં બેઠેલાં કટલેરીવાળાં બા તરત સોની પાંચ નોટો કાઢી દેતાં. અને એ ડોશીમાના ઢગલામાંથી કોઈ સ્ત્રી ચોરીછૂપીથી એક બક્કલ માથામાં ના નાખી દે કે એકાદ નેઇલપૉલિશ પોતાની થેલીમાં ના નાખી દે એનું ધ્યાન સામેની લારી પર બેસીને કેળાં વેચતા કાકા રાખતા. આમ આખીય ગુજરી વચ્ચે સંપમેળ સારો.

અવાજ... એ તો રહી જ ગયું... પણ મેં પહેલાં ના પાડી હતીને, કોઈ વાત નહિ કહું એવી એટલે જ એની વાત કરીને તમારા કાનમાં ઘોંઘાટ નહિ કરું... કારણ કે આપણે તો બધાં કદાચ શાંતિપ્રિય છીએ.. એટલે જ તો ત્રણચાર માળના એ મકાનમાં વાતાવરણ એટલું તો શાંત હોય કે મારા જેવાથી એકાદ ક્રીમનો ડબ્બો પડી જાય તો આજુબાજુવાળાને તો લાગે ધરતીકંપ થયો. અરે ભૈ આમ મૂંગા મૂંગા તે કાંઈ ફૂલ ચૂંટાતાં હશે...? તમારી પેલી ટ્રૉલી ભરવા માટે સાથીદાર સાથે વાટાઘાટો કરવી જ પડે અને કપડાં તો ટ્રાય કર્યા વગર લેવાય જ નહિ. નહિ તો ટ્રાયલરૂમની આધુનિક સુવિધા શું કામની? અને આમ પણ તમે ક્યાં ખરીદેલી વસ્તુ બદલી આપવાના હતા કે પચાસના બે ટોપ ના થાય તો પૈસાનો અફસોસ પણ ના થાય. એટલે આવા થોડા નિર્ણયો વખતે થતી વાતોએ આ ઊંચી બિલ્ડિંગના પાયામાં તળિયે જઈ ક્યાંક દટાઈ જાય.

બાકી આગળ કરેલા પેલા ગુજરિયા મેળાની તો વાત જ જુદી... વાહનોના ભ્રુંમ... ભ્રુંમ..., પી... ઈ... પ... પીપી... પના હૉર્નના અવાજો તો કાન ગજવે. થોડા આગળ જઈએ તો રમકડાંની એકાદ દુકાને પેલો ફોન વાગે ‘ધૂમ મચાલે ધૂમ મચાલે ધૂ...મ...’ તો સામે કપડાંના ઢગલામાં કોઈ બે બહેનો એકસરખી બે કુર્તી માટે આખો ઢગલો ફેંદતી હોય અને વેચનાર ‘એ... મારી બહેન... આમ ઢગલાને વીખો નહિ...’ની રાડો પાડતો હોય કારણ કે ઢગલાની પણ એક શોભા હોય... અને ઘણી વાર ગ્રાહકોના અમુક પ્રકારના વર્તનના લીધે એ ઉકરડામાં રૂપાંતરિત થતો હોય છે. ત્યાં જ દૂ...રથી ‘આ દ્રાક્ષ પચાસની કિલો, આ ઢગલામાં સાઠની કિલો ને આ બધી ચેશીની કિલો સે... એ... બે...ન ઈ રવા દયો... તમારે સાઠની જોતી હોય તો આ ઢગલો પેલા જ બતાયવ્યો..., એમાં કાય કેવાપણું નો હોય મારી બેન આ લ્યો...! બે સ્યાર સાખતા જાવ...’ના અવાજો પણ સંભળાતા હોય. સાથે સાથે હોંશે હોંશે રમકડાંની લાલચથી સ્વજનો સાથે નીકળેલાં એમનાં વહાલસોયાં બાળકોને આઇસક્રીમ ખાવા માટે રિસાયેલા બાળકનાં કાલીઘેલી ભાષામાં દીદી કે ફઈ સાથેનાં રિસામણાં મનામણાં પણ કર્ણપ્રિય લાગે. આ બધા અવાજોની સાથે અમારી ગુજરીની ગોદડી ગુંજી ઊઠતી.

ખરીદ-વેચાણના આ બે સ્તરની સાથે મને રોજ આપણી આસપાસ ફરતું ત્રીજું સ્તર પણ બહુ ગમે છે અને એ છે આપણી સોસાયટીના ખૂણે ઊભા રહેતા શાકવાળા, ફ્રૂટવાળા, આપણી શેરીમાં આવતો શાકવાળો. શિયાળો, ઉનાળો અને ચોમાસુ - ત્રણેય ઋતુમાં એ લોકોને તો આમ જ બેસવાનું. પેલા બન્ને સ્થળ કરતાં આ વધારે સારું અને માફક આવે એવું... ઘર આગળ આવીને પોતાનું સઘળુંય સૌને વહેંચી જાય. પણ થયું... આની વાતો પછી ક્યારેક... નિરાંતે કરશું.

■

# (૨) ઇટ્સ મૉલ ટાઇમ!

અંકિતા ગોસ્વામી

Hello guys! આજે અમને સર મૉલમાં લાવ્યા છે. થોડુંક અંગ્રેજી તો આવે જ ને? you know what? મૉલમાં થોડુંક અંગ્રેજી બોલવું પડે! જમાના પરમાણે રે'વું પડે ભઈ. ગુજરીના બ્લૉગ બાદ મૉલનો બ્લૉગ. ટેન્શન not અમારે યૂ-ટ્યૂબ ચૅનલ નથી. એટલે લાઇક સકરપારા કંઈ પણ કરવાનું નથી. અમારી ટીમ એટલે ટીમ "પરચૂરણ"!! અરે ઘણાંને થયું ઓલા હાઈફાઈ નામ પિઝા, બર્ગર ક્યાં ને પરચૂરણ ક્યાં? પરચૂરણ લઈને ગુજરીમાં જવું એ તો ઠીક ભઈ પણ પરચૂરણ લઈને મૉલમાં જવું સાહસનું કામ!. તો અમારી સાહસિકોની સૃષ્ટિને. "તીન તિગાડા કામ બિગાડા"ના અનુક્રમે હું, ઝીણી અને જાડી-મારા પરમ મિત્રોની સાથે નાનાંમાંથી નાની ટીમ બનાવીને નીકળી પડ્યાં. સરની રણનીતિને ફૉલો કરતાં કરતાં મૉલમાં પગ મૂક્યો. "હિમાલિયા મૉલ" હિમાલય જેવો જ હિમશિત હવાઓવાળો. મનોરંજનનાં સાધનો પૂરાં પાડે સાથે સાથે જીવનજરૂરિયાતનાં સાધનો પણ. મોટા મોટા કાચના દરવાજા હોં! શા માટે? લે, બહારના લોકો આકર્ષાય કેવી રીતે? જોતાં જ ઓહ wowવાળી ફિલિંગ આવે...ને આપડે દોડતાં દોડતાં જઈએ!! અરે એમ કંઈ અંદર જવા નંઈ દે તમને. સિક્યૉરિટી ગાર્ડની લક્ષ્મણરેખા ઓળંગી પહોંચી ગયાં અમે મૉલ.

Escalators...ના, ના, હાલતાં-ચાલતાં પગથિયાં... બાપા મને તો બીક લાગે. પણ એમાં શું? હું તો ઊભી રઈ ગઈ ને છુ... મ... સરરર કરતાંકને ઉપર બીજા માળે. નિયમાનુસાર પહેલા માળને અનફૉલો કરતાં અમે friends લોકોએ 'trends' ઉપર હલ્લા બોલ! નક્કી કર્યું હતું, આજે કોઈને પૂછવું નહિ. પૂછ્યા વગર કેટલું જાણવા મળશે એવું કંઈક મનમાં હતું. સરે કહ્યું ત્યારે લાગતું હતું કે ત્યાં કોઈ પાસે ક્યાં નવરાઈ જ હોય છે. એ સાચું પણ પડ્યું. Trendsમાં પ્રવેશતાં જોયું તો ohh my god, અહીંયાં તો very serious matterનું discuss ચાલી રહ્યું છે. એમની નજર અમારી ઉપર અને અમારી એમની ઉપર. છાનું છાનું સાંભળ્યું... મૅનેજર બોલતા હતા અને બધા સાંભળતા હતા :

"જો, આપડે સેલ કરીએ છીએ તેમાં આપણે લૉસ્ વધારે થાય છે. ૧૩% જેટલી ખોટ આવે છે. આપડો આ એક idea છે બિઝનેસ કરવાનો પણ તમે જો ખાલી ઊભા જ રહેશો તો કાંઈ નહિ થાય."

"તમે લોકો ઊભા જ રહો છો, તમે એમને સમજાવી શકતા નથી. તે લોકો એક વાર આવે છે તેમને અહીં બહુ મોંઘું પડે છે એટલે તેઓ બીજી વાર આવતા નથી."

"તમે એવું કંઈક કરો, તમે એમની સાથે વાત કરો. તમારે શું જોઈએ છે? કઈ વેરાઇટી? તમને આ સરસ લાગશે! તમને બજારના ભાવ જેટલું જ પણ Quantity અને Quality સારી આવે છે."

"જુઓ બધા લોકો આ વધારે લઈ જાય છે આ અત્યારે trendsમાં છે... student priceમાં આ મળે છે."

"તમે લોકો નોકર નથી, અહીંયાં તમે જૉબ કરો છો."

આવી વાતો અમે મહાપ્રયાસે સાંભળી. અહીંયાં તો ફોટો પાડીએ તો એમને જાણ થઈ જાય! એ અમારી રણનીતિ મુજબ નહોતું. પૂતળાં... માણસોની જેમ જ યુનિફૉર્મ પે'રીને ઊભાં હતાં. ઘડીક થઈ આવ્યું, કંઈક ચમત્કાર થઈ જાય ને બોલવા માંડે અને કાચ તોડીને ભાગી જાય!! અરે અહીંયાં ભાવતાલની વાત જ ક્યાં રહી. કપડાંની હારો અને ઉપર priceનું tag ૧૯૯, ૨૯૯, ૫૯૯, ઓહો! આ બધા તો આપણને ૧ રૂપિયો ઓછો કરીને જ આપે છે અરે gst bst બધું કાપીને હો! તમને સસ્તું પડે એવું અને પાછું fashionવાળાં કપડાં, એ તો કાંઈ આમ સસ્તામાં મળતાં હશે? અને યાદ છે, ઓલા મૂવીમાં આલિયા ભટ્ટે કપડાં પહેર્યાં હતાં એ જ. આવું આવું આપણને લાગી આવે. ત્યાં અમારા પરમ મિત્રોની બીજી ટોળકી મળી ગઈ સુંદરી, ટોપર બહના અને જુલી. એમ અમે કાંઈ નોખાં પડીએ? કંઈક તો કરવું પડશે. અરે સેલ્ફયું લ્યો. એય પાછી મોટા અરીસા સામે. જેવાં ગોઠવાયાં કે ટક કરતીકને સેલ્ફી. અહીંયાં મારા મિત્રોના માપનાં કપડાં મળ્યાં જ નંઈ. અરે એમના માટે તો અમારે 'ઇસ્પેશિયલી' ચિલ્ડ્રન વેરમાં જવું પડ્યું!(બધી ટેણિયું રહી તે!)અજાણ્યા લોક સાથે સેલ્ફીવાળો task તો હજુ બાકી જ છે. કોઈક સારું મળે તો પાડીશું બાકી તો ઠીક.

Trendsમાંથી બહાર નીકળ્યાં ત્યાં તો આ શું? અરે બેન જુલિયેટ શું થયું તને, રોવે છે કેમ? રોમિયો તો હજુ તારી સાથે જ છે ને. અરે રે! અરે આ તો breakupની વાત ચાલે છે! ઓહ બાપા, હૃદયભંગ થયું છે! ફ્રીની સલાહની જેમ ફ્રીમાં સમાધાન કરવાવાળું કોઈ મિત્ર પણ છે. ચાલો છોડો રોમિયો જુલિયટ તો મળશે! આગે બઢો! એક ચમકદમકવાળી શૉપ દૂરથી આંખોમાં પ્રકાશ પાડે એવી. ત્યાં ગિફ્ટમાં અપાતાં નાનાં રીંછ ને સસલાં અને એવું ઘણું ઘણું હતું. તે દુકાનના કર્મચારીની વાત સંભળાય :

"આપડે શું? કોઈ લે કે નો લે, પગાર તો મળવાનો જ છે! એમાંય અહીંયાં તો મૉલમાં બધાં ફરવા જ આવે છે. ચાલો, આપડે લંચ કરી લઈએ." - લ્યો બસ પૂરું. અરે ના ના. આવું તો ઘણું... ત્યાંથી લિફ્ટનો અનુભવ લેવા લિફ્ટમાં નીચે આવ્યાં.

લિફ્ટના દરવાજા ખૂલ્યા.. ખુલ જા સિમસિમ... સામે જુઓ તો અલીબાબાને સોનું મળે એવી જ રીતે અમને બે બા મળી ગયાં. Zudioની સામે જ પલાંઠી વાળીને શાંતિથી પોરો ખાતાં હોય અને મુખ પર જાણે બધું જોયા-જાણ્યાનો ભાવ. શાંતિથી સાથે લાવેલી બૉટલમાંથી પાણી પીતાં અને કંઈક વાતો કરતાં હતાં! એમની પાસે લીધેલી વસ્તુઓ એમાં એક નવી સાવરણી અને એક પ્લાસ્ટિકની કોથળીમાં નાળિયેર અને પરસાદી. ડોસ્યું અહીંયાં તો વળી કઈ માનતા પૂરી કરવા આવી હશે? પછી તો મને થયું, આમની સાથે સેલ્ફી લઈશું. પૂછ્યું "બા, તમે અમારી હારે ફોટો પડાવશો?" બા કે, "લે અમારી હારે ફોટો પાડીને શું કરશો?" પછી કહ્યું, "ઊભા રયો સરખાં બેસી જઈએ". અને અમે પણ નીચે બેસી ગયાં, પછી એક સરસ મજાની બન્ને બા સાથેની selfi પડાવી.

સામેના મુકામ Zudioમાં પ્રવેશ કર્યો. ઓહો matching કપડાં સસ્તાં (એટલે કેટલાં? ૨૯૯થી શરૂ થતાં!). બવ જ સસ્તાં હો! Zudio zudioના ઝુરાપામાં અમે બધું

ફરી વળ્યાં પણ કંઈ મળ્યું નંઈ કે ન મળી કંઈ વાતો. અરે ત્યાં તો મેં અંજલીને પૂછ્યું, "જાડી ક્યાં ગઈ? અરે રે zudio zudioમાં just zudio thing's : machitng બેનપણી ખોવાઈ ગઈ બાપા... અગાધ પ્રયાસ બાદ માનસીદેવી પરગટ થયાં. અને એય, આ શું? દેવી તો લિપસ્ટિક લગાવીને આવ્યાં. અમે પૂછ્યું, "તે લિપસ્ટિક લીધી?", "ના ના, અહીંયાં આવ્યાં તો કંઈક તો કરવુંને? મને લિપસ્ટિક ગમી તો લગાવી દીધી ટ્રાયલ!" અમે કીધું, "હસ્યે...!"

જીવનજરૂરિયાતની વસ્તુઓ... ઓહો બધું એક જગ્યાએ! એકની સાથે એક ફ્રી વાળી એમની ચાલ, આ પૅકેટમાં ૫૦% એક્સ્ટ્રા, આની સાથે આ ફ્રી Sunday Maggie free...આવાં આવાં આકર્ષણો આપણને આપે અને ભોળા માણસો ભોળવાઈ જાય. ભોળા ભાવે બધું જોયા કરતા. ફરીથી મિત્રો ગાયબ! લ્યો... કઠણાઈ... નથી શોધવા. આવશે મને શોધતાં શોધતાં... જોયું ત્યાં એક બહેન શૉપિંગ કરવા આવ્યાં છે એમને ટ્રૉલી પકડતાં નથી આવડતું, સાથે બે નાનાં બાળકો અને એક મારા જેવડી છોકરી...

"તારાં લગન નો હોત તો હટાણું કરવા આવવું જ નો પડે, એમાંય બળ્યું અહીંથી લેવું છે? મોંઘુંદાટ મળે છે! તારી બેણપણ્યુંએ કીધું ને માની લીધું, બળ્યું આંયાં તો ભાવ પણ નથી કરતા. બધું એક જગ્યાએ મળે છે તો હું બધું હારું મળતું હશે? આવાં વાસણ લેવાનાં? એક વાર ઘા કરે તો તારો બાપો ભાંગી જાય. હાલ આ એક મોટો બ્લૅંકેટ લઈ લે, બીજું લેવા તળાવમાં(અમે ગુજરી જોવા ગયેલાં ને, એ ગામતળાવને કાંઠે ભરાતી બજાર) જાવું પડશે." બળાપો કાઢતાં કાઢતાં ગયાં.

મારી બેનપણીયું મળી ગઈયું. જેવાં આગળ ચાલ્યાં કે જાડીબહેનના ગુણ પરમાણે એમણે લોસનનો ડબ્બો ઉઠાવી ખોલ્યો અને મેં કહ્યું, "માનસ, એ તોડતી નઈ હોં!" તોડવાનો વિચાર ધરાવતાં બહેન મોઢું બગાડીને પાછું મૂકવા ગયાં કે... ધડ ધડ ધડામમમ... કરતો ને અવાજ! લ્યો! બવ કરી. આજુબાજુના લોકોની દૃષ્ટિ અમારી ત્રણેય ઉપર! હું ને અંજલિ એવો ડોળ કરતાં આગળ ચાલી નીકળ્યાં કે આ ધડામ અવાજ કરવાવાળાં બહેન ખબર નઈ અમારી સાથે નથી! માનસીએ અમારી મિત્રતા ઉપર પ્રશ્નો ઉઠાવ્યા : दुश्मन न करे दोस्तने वो काम किया है! પણ હવે અહીંયાં બીજું કંઈ ભાંગે એની પહેલાં આને બહાર કાઢો. એમાં અમારાં જુનિયર મળી ગયા. એ કે' અમે તમને નથી ઓળખતા. તમે કોણ છો? લ્યો पल में पराया कर दिया! ત્યાં તો નિશા કે', સર બહાર સૉફ્ટી કોન ખવરાવે છે તમે ખાધો?" લે, અમે આ યોજનાનો લાભ લીધા વગર રહી ન જઈએ... દોડો! સૉફ્ટી કોન ખાઈને અમારા બંધુજનને 'હાઈ હેલો' કરીને પાછા ઊપડ્યા મૉલના બીજા માળે. અહીંયાં કંઈ બાકી તો નથી રહી ગયું ને જોવાનું? ત્યાં ઘરના સાજશણગારની વસ્તુઓ... ચાલો જૂની વસ્તુઓ હોય તેવી ન્યૂ વસ્તુઓ. ત્યાં કપડાં પણ ખરાં! અહીંયાં તો ઘણાં બધાં ભવનવાસીઓ(બીજી ટીમના સહપાઠીઓ) છે. તમે શું લીધું? તું આ લઈ લે, આ સરસ છે. ના મેં કાંઈ લીધું જ નથી.

હવે ત્રીજા માળે! લિફ્ટ ખૂલી ફરી વાર, ત્યાં સામે તો 'HORROR HOUSE" હા... હા... હા... હા... હા કરતુંક અમને બોલાવતું હતું! અમે કીધું ચાલો, ડરવાની કંઈ

વાત જ નથી. ટિકિટ લઈએ. ૫૦ રૂપિયા. પણ ત્યાં બોર્ડ મારેલું Sunday-૭૦ રૂપિયા મેં કીધું ઓહો હુશિયાર માણસો લાગે છે! 'ટિકિટવાળાં બહેન, ટિકિટવાળાં બહેન, અમને ટિકિટ આપો! '...પણ બહેન is busy. મારી સામું જોયું પછી શાંતિથી ફોનમાં reply આપીને ટિકિટ આપી. અમે તો મોટા ઉપાડે ગયાં કે અમે ડરી જશું. કંઈ હોરર લાગ્યું નહિ. हॉरर के नाम पे धब्बा।

Game zone! ઓહ, વિદેશી રમતો છે. Game zone ખાલી. એક ભાઈ કહે તમારે Sunday આવવું જોઈએ. ઘણાં માણસો હોય. અમે એમ જ જોતાં હતાં ત્યાં એક જુનિયર ભાઈ કહે : આમાં બે રૂપિયા નાખો પછી મુક્કો મારો એવું હોય આમાં! કીધું, ohh બે શું મારી પાસે આખા ૫ રૂપિયા છે, નાખો!!! પણ આ જતા કેમ નથી? પછી જોયું, તો ૮૦ રૂપિયા! લ્યો. This is not fair તમે બે રૂપિયા લખીને ૮૦ રૂપિયા નાખવાનું કહો તે કેમ ચલાવી લેવાય? મુક્કો તો Gamezoneના માલિકને મારવો જોઈએ!

મેક્સસમાં બધા મૂવી જોવા જાય. અમે તો બહાર જમતાં પ્રેમીયુગલોને નિહાળતાં હતાં. હે પ્રભુ... હે જગન્નાથમ... એવું કરવાની જરૂર નથી you know, it's comman... હાથ ઉપર હાથ રાખીને કંઈક કંઈક કસમુ ખાતા જોવા મળ્યા. અરે! એક બહેન તો નાસ્તો કરે છે પણ બુકાની બાંધીને! નક્કી આ ઓલી 'જમાના પ્રમાણે' (શક્તિસિંહ પરમારની) વાર્તાવાળી ગોમતી ને ભરથો જ છે! અહીંયાં પહોંચી ગયાં છે!! આવા આવા તો ઘણા જોયા. છોડો યાર... ફોકસ કરો.

...ત્યાં બે બહેનોને પૂછ્યું, તમને કેટલી સેલરી મળે?, "૯,૦૦૦ મળે. ૧૦ કલાક કામ કરવાનું." લિફ્ટવાળાં બહેન કે', "૮,૦૦૦. રોજરોજ અમારું કામ બદલાવે. જ્યાં કહે ત્યાં આપડે ઊભું રઈ જવાનું અથવા કામ કરવા માંડવાનું." અહીંયાંના ભાવ જોઈને થતું લ્યો આ ભાવમાં તો હું ૩ જોડી કપડાં લઈ આવું! હું પૈસાવાળી થાઇસ ત્યારે લઈ જઈશ. અમને કૈં અમારાં લાયક મળ્યું નઈ.

આવી આવી વાતો કરતાં આગળ ચાલ્યાં તો અમને પંડિતયુગના માણસ વિશાલભાઈ મળી ગયા અને આજુબાજુ ટોળું.. ઓહો कुछ तो गड़बड़ है दया! જોયું તો ભાઈઓની મંડળી! TATTOOવાળા ભાઈ સાથે બાવા હિંદીમાં વાતો કરે :, "तुम्हारे जैसा ऐ भी दोर सकते है। तुम्हे क्या क्या दौरना अवड़ता है, ओह तो तुम्हे मेंहदी भी आवडती है। પણ બિચારો સુકલકડી ભાઈ આ બધાંની સામે 'દટકે સામના કર રહા થા!'

ગુજરીથી સાવ જુદું, અહીંયાં તો બધા ફરવા પણ આવે. હા જ તો ફરવા! બસ ગુજરીની જેમ રંગોવાળાં કપડાં, પણ વેચનાર અને ખરીદનાર વર્ગ નોખો, આર્થિક અને માનસિક સ્થિતિ પણ અલગ, ૧૨ કલાકનાં કામ છતાંય દેખાતો અસંતોષ અને ૨૦૦ રૂપિયા મળી જાય તોય રાજી થતા રોજમદારો. આવા આવા ભેદની ભીત્યુંને અમે ભાંગી આવ્યા, ને ભૂલભૂલૈયામાંથી બહાર નીકળ્યાં...

તડકો તો કાળઝાળ થયો હતો. એ તો ACમાં રહ્યા ત્યાં સુધી ખબર જ ન પડી!

■

# ઘરનું એકાંત

અજય સોની

દરેક ઘરને, ઘરના દરેક ખૂણાને, દરેક ઓરડાને પોતીકું એકાંત હોય છે. જેમાં તેના શ્વાસોચ્છ્વાસ સમાયેલા હોય છે. આપણા હાસ્યમાં હસતું, આપણા રૂદનમાં સોંસવાતું, આપણા ઉલ્લાસમાં નાચતું ઘર આપણી ગેરહાજરીમાં આપણી એકલતાથી પીડાતું પણ હોય છે. જે ઓરડામાં હર્ષોલ્લાસ ઉછાળા મારતો હોય ત્યાં નીરવતાના પડઘા સંભળાય ત્યારે ઘરને એકલતા પણ સાલતી હોય છે. આપણા શ્વાસની સાથે ઘરનો શ્વાસ જોડાયેલો છે. આપણે ભલે તરછોડીએ પણ એ ઘર ક્યારેય આપણને નથી તરછોડતું. હંમેશાં સસ્નેહ આવકારે છે. આપણા થાકેલા પગને નિરાંત આપે છે. આપણી ગેરહાજરીમાં એ રડી લેતું હશે. તેની ભેજવાળી દીવાલોમાં બંધિયાર વાસ જમા થયા કરતી હશે. ઘટ્ટ ચોસલા જેવું અંધારું વધારે ઘટ્ટ થયા કરતું હશે. દીવાલો પરથી ભીનાશ વહીને ભોંય પર છવાઈ જતી હશે. ખરડાયેલા ગાલની જેમ રડી લીધા બાદ પણ એની સ્થિતિમાં કોઈ ફરક નહીં પડે. બધું રોજની જેમ પીડ્યા કરશે. કોઈ શ્વાસોચ્છ્વાસ વિના ઘર પીડાતું રહેશે. અણીની જેમ સતત એકલતા ભોંકાયા કરશે. નળિયા પર ધૂળ જામતી જશે. વળી-વંજા પર કરોળિયાં જાળાં બનાવશે. દિવસના ચાંદરડાં અને રાતે ચાંદનીના ટુકડા સિવાય ઓરડો અંધકારમાં ડૂબેલો રહેશે. દરિયા પર ફૂંકાયા કરતા પવનની જેમ સૂકો પવન વહ્યા કરશે. નળિયા પરની ધૂળ ઉડાડતો પવન વહ્યા કરશે. થોડો ખળખળાટ થશે. અંદરનું એકાંત આંદોલિત થશે. ફરી પાછું બધું મૂળ સ્થિતિમાં આવી જશે.

ઘર, આંગણું, શેરી, ચોક. સઘળું ક્યારેક તો સ્તબ્ધતા અને એકલતાનો ભોગ બનતું જ હશેને. હંમેશાં માણસ તેની સાથે નથી રહેતો. ખાલી ઘર, ખાલી શેરી, ખાલી આંગણું. દરેક સાથે એક જ શબ્દ સંકળાયેલો હોય છે – એકલતા. એક એકલતા આપણા સૌની અંદર શ્વસે છે અને બીજી આપણી આસપાસ નિર્જીવ ચીજોમાં વસે છે. આપણે ગમે તેટલી પ્રવૃત્તિમાં રહીએ, એ ડોકિયું કરી જ જાય છે. તેમ હર્યુંભર્યું ઘર ક્યારેક તો માનવવિહોણું થતું જ હશેને! તેને પણ ઘડપણ આવે છે. ઘૂંટણમાં વા ભરાય છે. શરીર કથળે છે અને કપરો કાળ આવે છે. ત્યારે ધમધમતું ઘર કૂવાના તળિયે વ્યાપેલા ભીના અંધકાર જેવું ભાસે છે. શાંત જળમાં થોડો ખળભળાટ થાય છે. એ સિવાય ખાલીપો. ક્ષણો પર ક્ષણો ચડતી જાય છે. ઘર, આંગણું, ઓસરી, ઓરડો. સૌની પાસે પોતાનાં સ્મરણો છે. બંધ ઘરના પાણીનો નળ ટપકીને શાંત પડી ગયો છે. નીચે લીલ જામીને સુકાઈ ગઈ છે.

આંગણામાં ધૂળ ને કચરાના થર જમા થઈ ગયા છે. જાણે વરસોથી કોઈનાં પગલાં નથી પડ્યાં. બારી-બારણાં સજ્જડ બંધ છે, કોઈ કઠોર હૃદયદ્વારની જેમ. ચાવીની રાહ જોતું તાળું જામ થઈને કટાઈ ગયું છે. વરસોવરસ પીપળો પોતાનાં સૂકાં પાંદડાં આંગણામાં ઠાલવે છે. મેડીના છજા નીચે બાંધેલ પંખી માટેનાં કૂંડાં હવામાં હલ્યા કરે છે. તેમાં વરસોથી પાણી નથી નંખાયું. તળિયા પર લીલ જામી ગઈ છે. તે હવામાં થોડી ક્ષણો આંદોલિત થઈને આંગણાને જોયા કરે છે.

ઓસરીનો હીંચકો કેટલાંય વરસોથી ઝૂલ્યો નથી. તેનાં કડાં કિચૂડાટની રાહ જુએ છે. રાંધણિયું વઘારના ઝમકારા ભૂલી ગયું છે. ગોખલામાં અંધારું ભરાઈને બેઠું છે. પાણિયારું ઝૂકી રહ્યું છે. ઉંબર પર શુભ-લાભ લખાયાં હતાં ત્યાં ઘાસ ફૂટી નીકળ્યું છે. સૌને પોતાનાં સ્મરણો છે. પરંતુ તેઓ એકબીજાને કશું કહી નથી શકતાં. આપણી જેમ તેમની પાસે વાચા ક્યાં છે? એકબીજાને સ્તબ્ધતા ભરી નજરે તાક્યા સિવાય તેમને કાંઈ જ કરવાનું નથી. પીપળાના પાંદ પર સમય સવાર થઈને આંગણામાં ખર્યા કરે છે. વરસાદ વરસી ગયા પછી ફરી બધું કોરુંધાકોર થઈ ગયું છે. ખૂણેખાંચરે ફૂટેલું ઘાસ બળી ગયું છે. ધૂળના થર સિવાય કશુંય ચિરંજીવી નથી. એક સમયે ધમધમતું ઘર કાળની ગર્તામાં ધકેલાઈ ગયું હોય તેમ નમાયા છોકરાની જેમ બેઠું છે. બહાર ઋતુ, અવાજો, અજવાળાં, માણસો પસાર થયા કરે છે. પરંતુ ઘરનો એકેય શ્વાસોચ્છ્વાસ બહાર નથી સંભળાયો. તે અંદર ને અંદર રહેંસાય છે. તેને બંધ ઘરની ઉપમા મળી ગઈ છે. અંદર કોઈ જોવા નથી આવતું. ઝરૂખા સૂના થઈ ગયા છે. લાકડાના કઠેડા પર કાળાશ જામી ગઈ છે. સાંજનો તડકો તો હજુયે આવે છે. પરંતુ ત્યાં ઊભા રહીને કોઈ ગીત નથી ગણગણતું. આંગણામાં ટહુકા ને ઓસરીમાં પગલાં નથી પડતાં. રાંધણિયામાંથી સોડમ નથી આવતી. ઓરડામાં ગુફ્તેગુ નથી થતી. સમય નામની લીલ પથરાતી જાય છે. ભીંતો પરથી ઊતરીને ભોંય પર છવાઈ જાય છે. ઉંબર, ઓસરી, આરિયા, ગોખલા, પગથિયાં, થાંભલી – બધું લીલની લપેટમાં આવી જાય છે. આખું ઘર લીલા રંગથી રંગાઈ જાય છે, પરંતુ એ લીલા ઘરનો શ્વાસ ખેંચી લીધો છે. લીલ ધીરે ધીરે કાળાશ ધારણ કરતી જાય છે. ઘરનો શ્વાસ ઘૂંટાઈને ઓલવાઈ જાય છે. સઘળું દોડ્યા કરે છે. પરંતુ ઘરના શ્વાસો સમેટાઈ જાય છે. એકાંત બદલાઈ જાય છે. ઘરનો એક ભાગ સડતો જાય છે. લીલ લપેટાતી જાય છે. લાકડું ખવાતું જાય છે. ભીંતોના ભૂખરા પથ્થરો નમાયું હસે છે. કઠેડો સહેજ નમી ગયો છે. દીવાલો પરથી ધૂળ ઊખડવા લાગી છે. દીવાલમાં ફાંટા પડે છે. નળિયાં તૂટવા આવે છે. વળી-વંજા ઝોલ ખાઈ ગયા છે. પીપળો સુકાઈ ગયો છે. હવા રેતીના કણો અને કચરાને ક્યાંય દૂર ફંગોળી મૂકે છે ને ઠંડીગાર થઈ ગયેલી દીવાલો જોયા કરે છે બધું.

ધીરે ધીરે ઘર તૂટવા લાગે છે. અંદરથી અને બહારથી. હાડકાં ખવાઈને ચૂરો થઈ ગયાં છે. એકલતા ચોસલાની જેમ જામી ગઈ છે. પરંતુ હવે એકલતાનું કાંઈ નથી ચાલવાનું. ઘર નાશ પામ્યું છે. ભીના શ્વાસ હંમેશાં માટે ઓઝપાઈ ગયા છે. અવાજો દૂર ચાલ્યા ગયા છે. અજવાળું પણ ભાગે છે. બધા એકબીજાનાં મોં તાકી રહ્યા છે. નાશ થવાની છેલ્લી અણીએ બધા ભેટી પડવા આતુર છે. હંમેશાં એકમેકને તાકતી દીવાલોને ભેટવાની હોંશ

જાગે છે. વળી-વંજાને ભોંયની યાદ સતાવે છે. બધા અંત ઘડીએ એકબીજાનાં સ્મરણો વાગોળે છે. ઈશ્વરને પ્રાર્થના કરતા હોય એમ મૌન ધૂન ચાલે છે. તેવામાં કોઈ સ્વજનને વળી ઘર સાંભળે છે. જ્યાંથી તેની પગલીઓ બહાર નીકળી હતી એ ઘર. જર્જરિત થઈ ગયેલું ઘર સ્વજનની આંખમાં કોઈ સંવેદન નથી જગાવી શકતું. ઘર નિઃસહાય બનીને સ્વજનને તાકી રહે છે. તેને એમ કે હમણાં સ્વજનની આંખમાં પોતાનો ભૂતકાળ દેખાશે અને ભીનાશની સાથે સ્વજનનો હૂંફાળો સ્પર્શ થશે. પરંતુ સ્વજનના ગોગલ્સની અંદર સમાયેલી માંજરી આંખોને કશું નથી સ્પર્શતું. તેની નજર આકાશને વીંધતી અટકી જાય છે. ઘરની વેદના વીંધાય છે. જાગેલી આશા મૂરઝાઈ જાય છે. તેવામાં ઘરઘરાટી સંભળાય છે. સહેજ ધ્રુજારી પછી સ્વીકાર તરફ દોડ ચાલે છે. ડેલી, આંગણું, ઓસરી, ઓરડા, રાંધણિયું, ઉંબર, ગોખ, આરિયા, પાણિયારું, નળિયાં, બારી - બધાં એકમેકમાં ભળી જાય છે. યુગોથી ભેટવાની કામના પૂર્ણ થાય છે. હવે કોઈ કોઈને નહીં તાકે. બધાં એકમેકની હૂંફમાં થોડો વખત વિતાવશે; પછી ખોળિયું ખાલી થઈ જશે. ફરી નવા શ્વાસ, નવા શ્વાસોચ્છ્‌વાસ, નવી ઓળખ, નવા ચહેરા, નવું સ્મિત અને નવા અવાજો. પણ ભોંય તો એની એ જ રહેશે.

■

મેં આ ત્રણ દિવસમાં જ જોઈ લીધું હતું કે હિંદીઓ પોતપોતાના વાડા રચીને બેસી ગયા હતા. એક ભાગ મુસલમાની વેપારીનો - તેઓ પોતાને 'અરબ'ને નામે ઓળખાવે. બીજો ભાગ હિંદુ કે પારસી મહેતાઓનો. હિંદુ મહેતા અદ્ધર લટકે. કોઈ 'અરબ'માં ભળે. પારસી પર્શિયન તરીકે ઓળખાવે. આ ત્રણને વેપારની બહારનો અરસપરસ સંબંધ ઓછાવત્તા પ્રમાણમાં ખરો. એક ચોથો ને મોટો વર્ગ તે તામિલ, તેલુગુને ઉત્તર તરફના ગિરમીટિયાનો અને ગિરમીટમુક્ત હિંદીઓનો. ગિરમીટ એટલે, જે કરાર કરીને પાંચ વર્ષની મજૂરી કરવા ગરીબ હિંદીઓ તે વેળા નાતાલ જતા તે કરાર અથવા 'એગ્રીમેન્ટ'. 'એગ્રીમેન્ટ'નું અપભ્રષ્ટ ગિરમીટ અને તે ઉપરથી ગિરમીટિયા થયું. આ વર્ગની સાથે બીજાનો વ્યવહાર માત્ર કામ પૂરતો જ રહેતો. આ ગિરમીટિયાને અંગ્રેજો 'કુલી' તરીકે ઓળખે. અને તેમની સંખ્યા મોટી, તેથી બીજા હિંદીઓને પણ કુલી જ કહે. કુલીને બદલે 'સામી' પણ કહે. 'સામી' એ ઘણાં તામિલ નામને છેડે આવતો પ્રત્યય. સામી એટલે સ્વામી. સ્વામીનો અર્થ તો ધણી થયો. તેથી કોઈ હિંદી સામી શબ્દથી ચિડાય ને તેનામાં કંઈ હિંમત હોય તો પેલા અંગ્રેજને કહે : 'તમે મને 'સામી' કહો છો, પણ જાણો છો કે 'સામી' એટલે 'ધણી'? હું કંઈ તમારો ધણી નથી' આવું સાંભળી કોઈ અંગ્રેજ શરમાય, ને કોઈ ખિજાય ને વધારે ગાળ દે અને ભલો હોય તો મારે પણ ખરો, કેમ કે તેને મન તો 'સામી' શબ્દ નિંદાસૂચક જ હોય. તેનો અર્થ ધણી કરવો તે તેનું અપમાન કર્યા બરોબર જ થયું.

- **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# પેન, પ્લીઝ...!

પીયૂષ પ્ર. ભટ્ટ

એક લેખક હોવાને નાતે પેન સાથે મારે આજીવન મૈત્રી. સ્ટૅમ્પ પેપર ઉપર કોઈ પણ જાતની લખાણપટ્ટી વગરનો પેન સાથે મારો એકદમ આરોગ્યપ્રદ, દિલધડક અને નિષ્ઠાવાન મૈત્રી–કરાર. વળી, મારી પેનને હું રાખું પણ ક્યાં! મારા ખમીસના ઉપરના ખિસ્સામાં. મારા હૃદયના ધબકારા સાંભળીને, મારી લાગણીઓ અને સ્પંદનોને અનુભવીને કાગળ ઉપર એ બધું ઉતારવામાં એને સરળતા રહેને...! એટલે. પણ પેનને ખિસ્સામાં શું સ્થાન આપ્યું કે મારે માટે એક બીજી અલગ અને અજબ પ્રકારની યાતના શરૂ થઈ ગઈ. પેન જો મારી સાથે રાખું જ નહીં તો કોઈ જાતની યાતના છે જ નહીં. પરંતુ હું, મારી યુવાની દરમ્યાન કરેલી ગફલત પછી, ફણીશ્વરનાથ રેણુની વાર્તા ‘મારે ગયે ગુલફામ’ના નાયક હિરામનની માફક પેન ખિસ્સામાં અચૂક રાખવી એવા મનોમન સોગંદ ખાઈ ચૂક્યો છું. આથી યાતના તો સહન કરવાની છે જ. એ યાતનામાંથી છુટકારો મળે એવાં કોઈ એંધાણ પણ જણાતાં નથી. એ યાતના આજીવન મારી સાથે જ રહેશે એ વાત નક્કી છે અને એ બાબતે મેં મારા મન સાથે સમાધાન કરી પણ લીધું છે. એ યાતના માત્ર માનસિક છે અને આમ જોઈએ તો બીજાં અનેકો માટે એ યાતના ન પણ હોઈ શકે. પણ, વિચારોમાં અતિક્રમી જનાર મારા જેવી વ્યક્તિને માટે અચૂક એ યાતના જ છે.

કોઈ સરકારી કચેરીમાં તમે કોઈ કામ માટે જાઓ અને ત્યાં તમારા હાથમાં એક કોરું ફૉર્મ મૂકીને કારકુન મહાશય કે મહોદયા થોડા કર્કશ, આજ્ઞાકારી અને લાગણીહીન અવાજમાં કહે કે આ ફૉર્મ ભરી કાઢો, તે વેળાએ જો તમારાં ખિસ્સામાં પેન હોય તો તમારી જાતને ખૂબ ભાગ્યશાળી માનજો. હું તો મારી જાતને આ બાબતે સદાનો ભાગ્યશાળી માનું જ છું. હા, મારી યુવાની દરમ્યાન હું જે ગફલત કરતો તે એ કે પોસ્ટઑફિસ કે પછી કોઈ પણ સરકારી કચેરીમાં જતાં પહેલાં પેન સાથે લઈ જવાનું વારંવાર ચૂકી જતો. પછી તો આમથી તેમ જે તે કચેરીમાં અતિ દયામણા ચહેરે ફરતો અને જેના પણ ખિસ્સામાં પેન જોઉં કે તરત ખૂબ જ વિનમ્રતાપૂર્વક એમની પાસે પેન માંગું. પણ મારી વિનમ્રતાનો એ પેનધારકોના હૃદય ઉપર કે મસ્તિષ્ક ઉપર કોઈ પ્રભાવ પડતો હોય એવું મને નહોતું લાગતું. હું એકદમ ઓશિયાળાપણું અનુભવતો. ભાગ્યે જ કોઈ એવા સહૃદયી માનવીનો મને ભેટો થયો છે જેણે મને ખૂબ સહજતાથી એની પેન આપી હોય. કેટલાક તો પેન આપે ખરા, પણ પેન મારા હાથમાં મૂકતી વેળાએ જે તીરછી અને તુચ્છકારભરી નજરે મને નિહાળતા ત્યારે મારી જ અંદર મને ફાટેલતૂટેલ, ગંધાતાં કપડાં ધારણ કરેલ એક ભિખારીનાં દર્શન

થતાં. મારી દરિદ્રતા મને પેનની ટેમ્પરરી ભીખ આપનાર એ વ્યક્તિની આંખોમાં હું જોઈ શકતો. અને જ્યારે કોઈ અત્યંત કઠોર સ્વરમાં મને કહેતું કે પેન સાથે રાખતાં શું થાય છે ત્યારે હું ખરેખર ખૂબ શરમ અને ભોંઠપ અનુભવતો. આવા કેટલાક અનુભવો પછી મેં મનોમન સોગંદ ખાધા છે કે હવે હું પેનને સદા મારા હૃદયે વળગાડીને જ રાખીશ. હવે હું "ચેતતો નર સદા સુખી." એ કહેવતને ચુસ્તપણે અનુસરીને જ્યાં જાઉં ત્યાં સદાકાળ માટે મારા ખિસ્સામાં પેન રાખી જ મૂકું છું. મારે કોઈ લગ્નસમારંભમાં જવાનું હોય, કુટુંબના સભ્યો સાથે કે મિત્રો સાથે ફિલ્મ કે નાટક જોવા જવાનું હોય, દવાખાનામાં જવાનું હોય કે પછી મૉર્નિંગ વૉકમાં જવાનું હોય; મારા ખિસ્સામાં પેન અચૂક હોય. કેટલાક એવા મિત્રો કે જેમને ટકોર કરવાની કે લોકોમાં ભૂલો શોધીને એ ભૂલો પ્રત્યે તેમનું ધ્યાન દોરવાની સર્વકાલીન ચળ ઊપડતી હોય તેઓ તો વળી સીધું કહી જ દે કે યાર, થિયેટરમાં ફિલ્મ જોવા આવ્યો તો એમાં આ પેન લઈને શું આવ્યો? હું એમને એ માટેનો ખાસ કોઈ વિગતવાર ખુલાસો આપવાનું યોગ્ય નથી સમજતો. "ઘાયલ કી ગત ઘાયલ જાને." એ વાતને મનમાં મમળાવીને હું એ વખતે મોં ઉપર થોડું કૃત્રિમ કે વ્યવહારુ સ્મિત ફરકાવીને માત્ર "બસ, એમ જ" એટલું બોલીને વાત બદલી નાંખું છું. મેં શા માટે અને ક્યા સંજોગોમાં પેન સાથે રાખવાની આદત પાડી એ વાત હું એ લોકોને શું કામ કહું? હા, હું પણ એક સમયે પેન વગર નીકળી પડનાર પરોપજીવી હતો. પરંતુ આજે છેલ્લા ઘણા સમયથી દરરોજ સવારે ઘરેથી હું નીકળું તે પહેલાં મારાં ધર્મપત્નીએ ટેબલ ઉપર મારું પાકીટ, મારો મોબાઇલ ફોન (આ ૨૦૦૫ની સાલ પછી), એક રૂમાલ, સ્કૂટરની ચાવી અને વગર ભૂલ્યે મારી પેન – આટલી વસ્તુઓ મૂકી જ દીધી હોય.

પણ પેલું કહે છે ને કે કરેલ સારાંનરસાં કર્મોનો હિસાબ આપણે અહીં જ ચૂકવીને જવાનું હોય છે. તો ભૂતકાળના એ સમયમાં જ્યારે હું પેન મારી સાથે લઈને નહોતો ફરતો ત્યારે મેં જેમની પાસે પણ જુદી જુદી જગ્યાઓએ પેન લીધી હતી અને એમને જે માનસિક કષ્ટ આપ્યું હતું એ કષ્ટ આજે વર્ષો બાદ બુમરેંગ બનીને મારી પાસે આવે છે. હું જ્યારે પરોપજીવી હતો ત્યારે બીજાઓ પાસે પેન માંગતી વખતે ખૂબ જ દયામણા ભાવે એમને વિનંતીના સ્વરૂપે એમની પાસેથી એમની પેન માંગતો. વળી, એ પેન એમને પાછી આપતી વેળાએ ફરીથી એટલી જ વિનમ્રતાથી 'થૅન્ક યૂ' તો કહેતો અને ઉપરથી હળવું સ્મિત પણ કરતો. જોકે એ વાત અલગ છે કે મારી એ વિનમ્રતાના પ્રત્યુત્તરમાં પેન આપનાર મહાશયોમાંથી મોટા ભાગના કોઈ પ્રતિભાવ દર્શાવતા નહીં અને મારે પક્ષે હું કોઈ પ્રતિભાવની અપેક્ષા પણ નહોતો રાખતો. આજે જ્યારે પણ હું કોઈ સરકારી કચેરી કે એવાં કોઈ બીજાં સ્થળે જાઉં છું ત્યારે મનમાં ઊંડે ને ઊંડે એક ફફડાટ રહેતો હોય છે. મનોમન હું ભગવાનને પ્રાર્થના કરતો રહું છું કે હે ભગવાન, હું આ ફલાણી ઑફિસમાં જાઉં છું તો ખરો પણ કોઈ મારી પાસે આજે પેન ના માંગે એવું કરજે. મારી પ્રાર્થના ભગવાને માંડ બે-પાંચ વખત સાંભળી હશે અને હું પેન માંગુંઓથીએ બે-પાંચ વખતે બચી ગયો હોઈશ. બાકી મહદંશે પેન માંગનારા એ પરોપજીવી આત્માઓની બાજ નજરથી હું કે મારી પેન બચી શક્યાં નથી. ગુરુ દ્રોણાચાર્યે લીધેલ પરીક્ષા વખતે અર્જુનને જેમ માત્ર પક્ષીની આંખ જ દેખાતી હતી તેવી રીતે આ લોકોને ઑફિસમાં ઊભેલા લોકોનાં માત્ર ખિસ્સાં જ દેખાતાં હોય છે. "કોઈક હરિનો લાલ તો મળી જ રહેશે." એવા ભાવથી આવા

લોકો બિન્દાસપણે પેન વગર જ નીકળી પડતા હોય છે. બૅંકમાં મારે પૈસા ઉપાડવા માટે નાનું એવું ફૉર્મ ભરવાનું હોય તો ફૉર્મ ભરતાં ભરતાં મારી નજર ઘણી વખત આસપાસ આંટા મારતાં બીજાં માણસો ઉપર સહજ ભાવે પડતી રહેતી હોય છે. અને એમાં જો કોઈ એવી વ્યક્તિ ઉપર મારી નજર પડે કે જે લોકોના ચહેરાને બદલે માત્ર તેમનાં ખિસ્સાં ઉપર નજર ફેરવતાં ફેરવતાં ચાલતી હોય તો હું સાવચેત થઈ જાઉં છું. પણ હું લખતો હોઉં એટલે જેવી એની નજર મારી ઉપર પડે કે તરત જ એ રૉકેટ ગતિએ મારી પાસે પહોંચે, મારી લખવાની પ્રક્રિયાને તરસી નજરે જોયા કરે. લગ્નના જમણવારમાં આપણું જમવાનું પૂર્ણ થવાને આરે હોય, આપણે દાળભાત ખાતાં હોઈએ અને આપણી ખુરશીની પાછળ તે વેળાએ હવે પછીની પંગતમાં બેસનારાં આવીને ઊભાં રહી જાય અને આપણે કેવી અકળામણ અનુભવીએ! બસ, એવી જ મનોસ્થિતિ મારી થઈ જતી હોય છે. ફૉર્મમાં સહી કરવાની મારી અંતિમ પ્રક્રિયા શરૂ થાય, હજી તો સહી પૂરી થાય ન થાય ત્યાં એ મહાશય મારી તરફ હાથ લંબાવે. હું એના હાથમાં પેન જરૂર મૂકું પણ કોઈ પણ જાતના તુચ્છકારની ભાવના વગર, કેમ કે મેં ભૂતકાળમાં પોતાની પેન મને આપનાર મહાશયોના જુદા જુદા અરુચિકર મુખભાવનો સામનો જે કર્યો છે એવી મુખાકૃતિ બનાવીને મારી પાસે પેન માંગનાર એ મહાશયને હું ક્ષોભયુક્ત પરિસ્થિતિમાં કોઈ પણ હિસાબે મૂકવા ન માંગતો હોઉં.

કેટલીક વખત તો એવું બને છે કે પેન માંગીને જનાર પાછી એ પેનને ધ્યાન રાખીને મને આપી જવી જોઈએ તે નથી આપી જતા. આવે વખતે હું એ નક્કી કરી શકતો નથી કે એ માણસ ઉતાવળમાં પોતાના ખિસ્સામાં પેન નાંખીને જતો રહ્યો હશે કે એનો ઇરાદો જ પેન પચાવી પાડવાનો હશે. જો એણે ભૂલથી ઉતાવળમાં કોઈ જાતના બદઇરાદા વગર આ કૃત્ય કર્યું હોય તો વળી પાછી મને એની દયા એ આવે કે એ બિચારો ઘરે જઈને પેન જોશે તો (જો એ અતિ સંવેદનશીલ હોય તો) કેટલો પરેશાન થઈ જશે! અને આને કારણે હું પેન લઈ જનાર એ માણસને નાલાયક, બદમાશ વગેરે જેવી હળવી ગાળ (વજનદાર ગાળ મારા ડી. એન. એ. માં જ નથી) ભાંડી શકતો નથી કેમ કે જો એ ભૂલથી ઉતાવળને કારણે પેન આપવાનું ભૂલી ગયો હોય તો હું એને ગાળ ભાંડવા બદલ સતત અપરાધભાવ અનુભવું. આ બધા અનુભવોને લીધે મેં વળી એક બીજી યુક્તિ અજમાવવાનું શરૂ કર્યું. હું પોતે જ્યારે પરોપજીવી પેનમાગું હતો તે વેળાએ મને પોતાની પેન આપનારમાંથી કોઈક એવા પણ હતા કે જે પેન આપે તો ખરા પણ પેનની ઉપરનું ખોલું પોતાની પાસે રાખે જેને લીધે પેન માંગનારનો પેન પચાવી પાડવાનો બદઇરાદો હોય તોપણ તેણે મને-કમને પેન એના માલિકને પાછી આપવી જ પડે. આ યુક્તિ મેં વાપરી જોઈ અને એમાં સફળ પણ થયો; તેમ છતાં કોઈક તો એવા અઠંગ નીકળ્યા કે ખોલા વિનાની મારી એ પેન પણ લઈ જતા.

ફિલ્મઅભિનેતા દેવ આનંદની એક ફિલ્મના ગીતની કડી કંઈક આવી છે : મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા, હર ફિક્ર કો ધુંવેં મેં ઉડાતા ચલા ગયા. અફસોસ...! કે હું ચિંતા-ફિકરને એ રીતે ધુમાડામાં ઉડાવી શકતો નથી. કદાચ, અતિ સંવેદનશીલ હોવાની એ ઊપજ હશે...?

■

# આમાર મોનેર માનુષ...

ધ્રુવ ભટ્ટ

'કેમ છો દાદા?' – 'તબિયત કેવી છે ધ્રુદાદા?' - 'દાદા, નર્મદે હર.' – 'જય સોમનાથ.' 'કેમનું છે ધ્રુ ભૈ?'.

રોજ સવારે આવા અનેક મૅસેજ મારા મોબાઇલમાં હોય. કિશોર-કિશોરીઓથી માંડીને રિટાયર્ડ લોકોનાં લખેલાં સુવાક્યો, તેમનાં કવિતો, તેમણે વાંચેલાં સંસ્કૃત સુભાષિતો. બહાર ફરવા ગયેલા જનોએ મોકલેલી પોતાની તસવીરો.

મેં પોતે ઘણા જનોને લખી મોકલેલી અવનવી મજાકો અને મારાં લખાણોના ઉત્તરો તો અલગ.

મજાની વાત તો એ છે કે મારા જન્મદિવસની શુભેચ્છા આપતા સંદેશા તો દર મહિને હોય જ. ખબર નહીં ભાવકો ક્યાંથી તારીખો લાવીને 'હેપ્પી બર્થ ડે દાદા.' લખીને મોકલી આપે છે. મન થાય કે આ ભલા જનો માટે મારે દર મહિને તો ઠીક દરરોજ જનમ લેવો પડે તોપણ હું રાજી.

એક દીકરી રોજ સવારે 'આ દેહ ક્ષણભંગુર છે.' તેવાં ગીતો અને ભજનોની પંક્તિઓ ગાઈ, ગાઈને મોકલી આપે. એક વખત મેં કહ્યું, 'બેની, શરીર નથી રહેવાનું એ તો બધાને ખબર છે. પણ રોજ સવારે એ જ ગાયા કરવાથી શો ફાયદો? એમ તો તારી સાડી કે ડ્રેસ, તું જે પહેરતી હોઈશ તે પણ ઝળી જવાનાં છે. તું રોજ સવારે 'હાયરે આ ડ્રેસ તો ફાટી જવાનો' ગાવા બેસ છ કે? સવારે સરસ મજાનાં ગીતો ગા ને.'

જવાબ આવ્યો, 'દાદા, તમે વસુંધરાની વાણીમાં તો આવાં ગીતો સાંભળી લો છો. હું ગાઉં તો શું વાંધો?'

જય હો દીકરીનો અને તેની સમજનો, વધારે શું કહું, એ પણ મારાં પુસ્તકોની વાચક છે. મારી પ્રવૃત્તિઓમાં રસ લે છે અને મારી ચિંતા પણ કદાચ કરતી હશે. મોનેર માનુષ જેવાં હોય તેવાં, મારાં છે.

આ બધામાં વાંક કોઈનો નથી. મેં જાતે જ મારો ફોન નંબર મારાં પુસ્તકોમાં છાપ્યો છે જેથી કોઈ ઇચ્છે ત્યારે, ઇચ્છે તે મને કહી કે લખી શકે. મને કોઈનો કંટાળો નથી આવતો. બધાનો મારા પર હક્ક છે તે મેં જાતે સ્વીકાર્યું છે. એટલે લોકો મારી સાથે ઝઘડ્યા પણ છે અને મને સલાહો પણ આપી ગયા છે.

ગુજરાતભરની અનેક શાળાના શિક્ષકોએ પોતાની શાળાનાં બાળકો સાથે મારી વાત કરાવી છે. કિશોરવયે પહોંચવા આવેલાં એ બધાં વિદ્યાવાંચ્છુઓ કેવી સરસ સરસ વાતો કરી ગયાં છે. પોતાનાં સપનાંની, પોતાને ગમતા વિષયોની અને પોતાના પ્રશ્નોની અને પોતે જે વાંચ્યું છે, બોલ્યાં છે અને ગાયું છે તેની. – ના, મારો ફોન નંબર કોઈને આપતાં પહેલાં મારી મંજૂરીની જરૂર નથી.

ઘણા વાચકો દસબાર પાનાંના આખા લેખ લખી મોકલે છે. ત્યારે મોબાઇલના નાના પડદે વાંચવા મુશ્કેલ બને છે એટલે કાગળ પર છાપ કાઢીને વાંચું છું. જવાબ મોઢે બોલીને રેકૉર્ડ કરેલો આપું છું. ટાઇપ કરવામાં હવે આંગળાં ઝલાઈ જાય છે.

મને સંદેશા મોકલનારા મિત્રો, એકબીજાને જાણતા જ હશે તેવું તો નહીં હોય. કોઈને ખ્યાલ પણ નહીં હોય કે મને કોના કોના, અને કેવા, કેવા સંદેશા મળે છે. એટલે આજે હું, આમાર મોનેર માનુષ, મારા એંસી વરસના હૃદય સાથે કેવાં સમીકરણો રચે છે તેની વાત કરવા બેઠો છું,

* * *

એક દીકરીનો સંદેશો આવ્યો, 'દાદા મારો જન્મ દિવસ છે આશીર્વાદ આપો.'

મેં બોલીને કહ્યું, 'બેની, આશીર્વાદ આપવાની મારી ત્રેવડ નથી. હું અને બા તને શુભેચ્છા આપીએ છીએ કે ખૂબ, આગળ વધો. સરસ કામ કરો અને મોજમાં રહો.'

'ના દાદા. એમ સાવ ફિક્કું નહીં. કંઈક સાચું લખી મોકલો. મારે મારા ગ્રૂપમાં મૂકવું છે કે દાદાએ મને વિશ કર્યું.'

આવું દબાણ થાય ત્યારે મને હંમેશાં સાવ સાચો જવાબ જ સૂઝે છે. મેં લખી મોકલ્યું, 'ડોશી થા.'

જન્મદિવસે આથી મોટા આશિષ બીજા કયા હોય?

* * *

એક વખત તો અજબ ફોન આવ્યો, 'અમે ---બા બોલીએ છીએ.'

હું ચક્કર ખાઈ ગયો. મેં કહ્યું, 'અવાજ તો એક જ જણનો લાગે છે, અમે કેમ કહો છો? વળી અવાજ બાનો હોય તેવો પણ નથી લાગતો. કોઈ દીકરી બોલે છે ને?'

'હા. અમે.. બા બોલીએ છીએ.' ફરી 'અમે અને બા' શબ્દ સાથે નામ દોહરાવાયું. વાત આગળ ચાલી, 'મારાં નણંદ... બાનો જન્મદિવસ છે. સાંજ સુધીમાં આ નંબર પર કશુંક લખી મોકલો.'

આ તો સ્પષ્ટ આદેશ હતો. મેં કહ્યું, 'માજી, હું જિંગલ્સ કે વધામણાના સંદેશા નથી લખતો. અને તમે કહો છે કે તમારાં નણંદ અમુકબા માટે મૅસેજ જોઈએ છે પણ એમને તો હું ઓળખતોયે નથી. પછી શું લખી મોકલું?'

'તમે... બાને સારી રીતે ઓળખો છો. એ પણ તમને ઓળખે છે.'

'મને કોઈ બા યાદ નથી, એ બા મને જાણતાં હશે તો હશે તો એ પોતે મને કહેશે. તમે શા કાજે સંદેશો લખી મોકલવા કહો છો?'

‘અરે અમુબા. તમારા જૂના ગામ પાસે સ્કૂલ કરી છે તે, એમના વર... અમારે એમને સરપ્રાઇઝ આપવું છે કે ધ્રુવ ભટ્ટનો મૅસેજ છે.’

‘અરે રે, એ તમારાં અમુકબા તો તો મારી દીકરી. મેં એ બાને કોઈ દિવસ બા કીધી નથી,’ મેં તે દીકરીનું નામ લીધું અને કહ્યું, એ તો મારે મન નાનકડી છે. એ ક્યાં બા છે?

‘અમારી રજપૂતાના પરંપરામાં અમારા નામ પાછળ બા લાગે જ.’

‘જી.’ કોઈ પરંપરાનો, કોઈના વિચારનો અસ્વીકાર કરવો મને ક્યારેય ગમ્યો નથી. હા. મેં હું તેમની નણંદ કાજે સંદેશો નહીં લખી આપું તે સ્પષ્ટ કર્યું અને કહ્યું કે ‘તમારાં તે નણંદ, મારી તો સેવાભાવી દીકરી છે, તે જો મને ફોન કરશે તો હું વાત જરૂર કરીશ.’

એ દીકરી વાત નહીં કરે તે મને ખાતરી હતી. તે પૂરેપૂરી સેવાકાર્યે રંગાયેલી છે અને જન્મદિન કે બીજા-ત્રીજા કાજે વિશ કરવા-કરાવવાના ચક્કરમાં પડે તેવી નથી. એનું નામ મેં એટલે નથી લખ્યું કે કદાચેય તેનાં પેલાં ભાભીને પોતે ઓળખાઈ ગયાનું દુઃખ થાય.

* * *

એક વાચક બહેન ભાવનગર રહે. મહિને એકાદ વખત ભાવનગર આવો ત્યારે મળવું છે-નો મૅસેજ આવે જ. હું અનેક વખત ભાવનગર જાઉં, મારા કાર્યક્રમની વિગત અગાઉથી મોકલાવું. પણ ભાવનગરમાં હોઉં ત્યારે અમે એકબીજાને ક્યારેય જોઈ શક્યાં નથી. અદૃશ્ય રહી શકવાનો કેવો સરસ જાદુ છે કાં?

* * *

વચ્ચે એક બહેન રોજ લખતાં, ‘દાદા તબિયત કેમ છે?’ હું બોલી દઉં, ‘સારું છે બહેન.’

રોજ રોજ વહેલી સવારે જેના ફોન પર આવો મૅસેજ પડતો હોય તે માંદો ન હોય તોય પડી જાય એટલો નિયમિત આ પ્રશ્ન પુછાતો રહ્યો.

અંતે એક વખત મેં ‘સારું છે કહેવાને બદલે લખીને પૂછ્યું, ‘બહેન આપ દાક્તર છો?’

‘ના દાદા, હું તો શિક્ષક છું.’ ઉત્તર મળ્યો,

મેં સાવ સાચો માર્ગ બતાવ્યો, ‘તો પછી તમે છોકરાં ભણાવવામાં ધ્યાન આપોને, તબિયતનું દાકતરો જોશે.’

તબિયતના ખબર પૂછનારા તો અઢળક છે. ક્યારેક તો ‘કેમ છો’ના ઉત્તરમાં કહેવું પડે, ‘સારું છે કેમ તમને કોઈએ કંઈ કહ્યું?’ પણ ના. કોઈનો અનાદર મેં નથી કર્યો.

* * *

મેં એક વસ્તુ સતત નોંધી છે કે વિમાનને ઊડવાનું કે ઊતરવાનું હોય ત્યારે તેનું આગળનું પૈડું, (લૅન્ડિંગ ગિયર) રન-વેની વચ્ચે દોરેલી સફેદ લીટી (સેન્ટરલાઇન)ની સીધમાં, (અલાઇન્ડ) જ રાખવું પડે છે. એ જો આઘું-પાછું થાય તો વિમાનની, રનવે પરથી ઊતરી જવાની શક્યતા વધી જાય છે. મેં અનેક પ્રસંગે ડગમગતા પૈડાને ફરી સેન્ટરલાઇનની સીધમાં લાવી મૂક્યું છે. એમાં કેટલાક જનોની મદદ પણ મને મળી છે.

એક સવારે મૅસેજ આવ્યો,

'આ ફોન નંબર ધ્રુવ ભટ્ટનો છે?'

'હા'

'એ પોતે જવાબ આપી રહ્યા છે?

મેં ફરી હા લખ્યું.

સામેથી લખાઈને આવ્યું, 'સરસ, તો તો તમે હજી પૃથ્વી ઉપર છો, ઊકલી નથી ગયા. હું તો માનતી હતી કે તમે ઉપર પહોંચી ગયા હશો.'

'ના, હજી તો અહીં જ છું. બોલો શું કહો છો?' મેં ધીરજ રાખીને સેન્ટરલાઇન પકડી રાખી

'કંઈ નહીં. આ તો મને જે જે લેખકોનાં પુસ્તકો સારાં છે તેવી ખબર છે તે બધાય સ્વર્ગમાં પહોંચી ગયા છે. હમણાં ખબર પડી કે તમે પણ કંઈક સારું લખ્યું છે. એટલે મને એમ કે તમે પણ કદાચ પતી ગયા હો.'

'મને પતાવી દેવાની તમને ઉતાવળ છે?' મેં શાંતિથી લખ્યું.

'ના. તમે રહો કે જાવ એમાં નહીં. મને તમારી ચોપડીઓમાં રસ છે. મને ખબર પડી છે કે તમે સારું લખો છો તો એકાદી મોકલી આપોને.'

'હું કોઈને પુસ્તકો મોકલતો નથી. વળી તમે ક્યાં રહો છો તે પણ હું નથી જાણતો. તમે અમદાવાદમાં ગુર્જર ગ્રંથનો સંપર્ક કરશો તો મારાં પુસ્તકો મળી રહેશે.' મેં કહ્યું.

'ગુર્જરની વાત ન કરો. અરે યાર. એકાદ તો તમે વાંચવા મોકલો. તમારે એક વાચક વધશે.'

'ના.' મેં ચોખ્ખી ના પાડી. 'મારે કોઈ વાંચનારું વધારવું-ઘટાડવું નથી. જેટલાં છે તેમાં મને મોજ છે. હું પુસ્તક નહીં જ મોકલું.'

'તો તમારી મરજી. બાકી પોતાની ચોપડી કોઈ વાંચે છે તે લેખકોને મનમાં ને મનમાં તો ગમતું જ હોય છે.'

'મનમાં ને મનમાં જ નહીં, મને તો જાહેરમાં પણ ગમે છે. એથી કરીને હું મારું પુસ્તક સામેથી મોકલીને વંચાવું એવું તો મને ન ગમે. જેને વાંચવાનું મન થાય તે ખરીદે. લાઇબ્રેરી કે મિત્રો પાસેથી મેળવીને વાંચે. બાકી હરિ હરિ.'

'ભલે. જેવી તમારી મરજી.' બહેને લખ્યું, 'બાકી તમે આ દુનિયામાં છો ત્યાં સુધીમાં સૂઝે કે બુક મોકલવી છે તો મોકલજો.'

આનો ઉત્તર આપીને વાત લંબાવવા જેવું મને ન લાગ્યું. મૅસેજની આપ-લે અટકી ગઈ.

આ મૅસેજ મોકલનાર ક્યાં રહે છે, કોણ છે તેની મને ખબર નહોતી. મને તે શોધતાં પણ નહોતું આવડતું. મારા પૌત્ર-પૌત્રીએ ગોતી આપ્યું. બહેનનું નામ મધુલિકા અવારે છે અને ગામ ઉમરગામ.

ઉમરગામમાં તો મારા પ્રિય વાચકો છે જ. મેં શ્રી મનીષ સોનપાલજીને કહ્યું કે મારું એકાદ પુસ્તક તે મધુલિકાબહેનને વાંચવા આપે. ગમે તેમ તોયે તે બહેનને મારું લખાણ વાંચવું હતું તે મારાથી કેમ ભુલાય?

હજી પણ જીવતેજીવ જો ઉમરગામ જવાનું થશે તો આ બહેનને રૂબરૂ મળીને કહીશ. 'જો બેની. તને મળવા આવ્યો છું. હજી ઊકલી નથી ગયો. અને હા, આજે પણ તારા માટે ચોપડી તો નથી જ લાવ્યો.'

* * *

હમણાં તા. ૧૦ જૂન, ૨૦૨૬ની સુંદર તારીખે બપોરે બારમાં છ મિનિટે એક ફોન આવ્યો,

'ધ્રુદાદા બોલે છે? હું પ્રિયાંક સુજિતકુમાર જૈન બોલું છું.'

મેં કહ્યું, 'જી. બોલો ભાઈ.'

'યાદ આવ્યું? મેં એક વખત આપને ફોન કરેલો, આપે મને બહારગામથી મળવા આવવાની ના પાડેલી. યાદ છે? આપનો નંબર મને સુભાષભાઈ ભટ્ટે આપ્યો છે.'

મેં કહ્યું, 'મને ખાસ યાદ નથી પરંતુ આજે, હજી પણ આટલે દૂરથી મને મળવા ધક્કો ખાવાની મારી ના જ છે. અને હા. સુભાષભાઈને મારા વંદન કહેશો.'

હવે પ્રિયાંકભાઈ રહસ્યસ્ફોટ કરતાં બોલ્યા, 'ના. ના. ના. આજે હું આપનાથી દૂર નથી. આજે તો નડિયાદ આવ્યો છું. તમારી સાવ નજીક. અને કાલે તો સાવ આણંદમાં જ હોઈશ.'

'જી.' મેં કહ્યું, 'તો ઠીક' કહીને હું એમને કાલે મળવા આવવાની હા પાડવી કે નહીં તે નક્કી કરવામાં પડ્યો.

હું કંઈ વિચારીને ઉત્તર આપું તે પહેલાં પ્રિયાંકભાઈ ફરી બોલ્યા. આ વખતે તેમણે જે વાત કરી તે વાત પર હું જીવનભર ન્યોછાવર રહેવાનો છું. તેમણે ખૂબ પ્રેમપૂર્વક કહ્યું, 'તો આવો આણંદ. કાલે સો ટકા, નક્કી મળીએ. આણંદ પહોંચીને હું તમને મારું લોકેશન મોકલું છું. કાલે દસ વાગે આવો, મળીએ.'

હું પ્રિયાંકભાઈ પર રીતસર વારી ગયો. પળભર તો કશું નક્કી પણ ન કરી શક્યો. મને અનેક ઉડાઉ, રમૂજી અને સુભાષભાઈ જેવા ગૂઢ અને રહસ્યમય ઉત્તરો સૂઝી આવ્યા. પરંતુ સુભાષભાઈ વચ્ચે હોય એટલે મારે, વ્યવસ્થિત અને સાજોસમો ઉત્તર આપવો પડે.

મેં જિનપ્રભુની ક્ષમા માગી અને પી. એસ. જૈનસાહેબને દુઃખ ન થાય તેવો, પણ સાવ અસત્ય ઉત્તર આપ્યો, 'ભાઈ, કાલે તો હું ઘરે જ નથી. મારા ભત્રીજાને ત્યાં વડોદરા જવાનો છું.'

મેં આમ કહી તો દીધું પણ તરત મને યાદ આવ્યું કે અત્યારે પ્રિયાંકભાઈ તો નડિયાદમાં જ છે. કાલ આણંદ નહીં અવાય, તો આજે નડિયાદ આવો કહીને ત્યાંનું લોકેશન મોકલી દેશે તો હું શું કરીશ?

મેં મનોમન મારી કારનો અને ભાડાની કેબનો નડિયાદ જવા-આવવાનો ખરચ વિચારવો શરૂ કર્યો ત્યાં પ્રિયાંકભાઈ બોલ્યા, 'ઓહ, મને હતું કે આ વખતે તો તમને મળીને જ રહીશ. પણ હવે બેટર લક નેક્સ્ટ ટાઇમ.'

એ નેક્સ્ટ ટાઇમનું બેટર લક ફરી ક્યારેય ન આવે તેવી ઇચ્છા કરું કે ન કરું? ન કરાય સાહેબ. ગમે તેમ પણ આ જનો મારા વાચક, મારા પોતાના મનુજો છે. મને મજા

પડે છે કે મારાં પુસ્તકો મને આવા તીવ્ર-મિલનવાંચ્છુ વાચકો પણ મેળવી આપે છે. કહો તો, એમનો અનાદર મારાથી કઈ રીતે થવાનો?

આ બધા મારા માણસો. મારાં પુસ્તકોના વાચકોએ મને અકલ્પ્ય અનુભવો કરાવ્યા છે. ફોન કર્યા છે. સાથે બેસીને વાતો કરી છે, સાથે રહ્યા છે, સાથે ગાયું છે, સાથે નદીએ નહાયા છે અને સાથે દરિયે આવ્યા છે.

જોકે આજ તો હું ખાસ પ્રકારના સંજોગો સર્જતા, મને અને વાચકને બન્નેને મૂંઝવતા. હસાવતા, રડાવતા વાચકો સાથેના અનુભવોની વાત જ કરીશ.

કારણ કે આજ સુધી અનેક જનોએ મને અદ્ભુત ભાવભર્યા મૅસેજ કર્યા છે. કેટલાયે મારા ઘરે પધારીને મારા આંગણાને શણગાર્યું છે. એ બધાની વાત પણ કરવા માંડું તો દળદાર ગ્રંથ-ભાગ-૧, ભાગ-૨ વગેરે કરવું પડે. એ બધું તો કદાચેય થાય, પણ એ બધી વાતોમાં વાચકોનો છલકાતો પ્રેમ વર્ણવું તો અપાર શબ્દો લખાય. તમામની ક્ષમા માગીને મારા અનુભવોની કથાને આગળ લઈ જઉં છું.

* * *

આટલા ઉત્સાહથી મને બીજે ગામ મળવા બોલાવ્યો હોય તેવા આ પ્રિયાંકભાઈ એકલા જ નથી. સમુદ્રાંતિકે પહેલી વાર બહાર પડી પછી મુંબઈના એક દાક્તરનો ફોન આવેલો. કહે, 'મારું નામ... (આજે હું નામ ભૂલી ગયો છું.) હું મુંબઈમાં કાર્ડિયોલૉજિસ્ટ છું. મેં આપની 'સમુદ્રાંતિકે' ખરીદીને વાંચી છે. મારે મારી નકલમાં આપની સહી જોઈએ છે. આપ મુંબઈ આવો છો?'

તે દિવસોમાં હું મુંબઈ જતો. મેં કહ્યું, 'હાજી, આપનો નંબર મને લખાવી દો તો હું મુંબઈ આવું ત્યારે આપને ફોન કરીશ.' તે સમયે મોબાઇલ હજુ નહોતા.

'એમ નહીં, સાહેબ એક કામ કરો.' કાર્ડિયોલૉજિસ્ટસાહેબે કહ્યું, 'હું પરમ દિવસે અવંતિકા એક્સપ્રેસમાં ઇન્દોર જવાનો છું. ગાડીનંબર ૧૨૯૬૧. વડોદરા રાતે બે ને બે મિનિટે આવે. બે ને બાર મિનિટે ઊપડે. આપણને દસ મિનિટ મળશે. તમ-તમારે સહી કરીને જતા રહેજો. મારો બર્થ નં એ-૨૧ છે.' આ ગાડીનું નામ અને નંબર મને આવતે ભવ પણ મોઢે યાદ રહેશે. ઉપરાંત તે વખતે મને કાર્ડિયાક પ્રશ્નો નહોતા, પણ આજે છે તે કદાચ તે વખતના આઘાતને કારણે હશે.

મેં કહ્યું, 'સાહેબ રાતે બે વાગે મને કરમસદથી વડોદરા આવવા-જવાનું કંઈ સાધન ન મળે.'

'અરે ટૅક્સી કરી લો, પૈસા હું આપીશ. તમે વિચારો, પાંચ જણાંને છાતી ઠોકીને કહી શકશો કે મુંબઈના પ્રખ્યાત કાર્ડિયોલૉજિસ્ટે ખરીદેલી મારી બુકમાં મારી સહી છે.'

હવે આવડા મોટા દાક્તર, જેમની નકલમાં મારી સહી હોય... ક્યા બાત! હું ઘૂંટડો ગળી ગયો.

'સારું.' કહીને મેં ફોન મૂક્યો.

મને આજે પણ ખાતરી છે કે તે રાતે અવંતિકા એક્સપ્રેસમાં નિરાંતે સૂતેલા દાક્તરસાહેબ વડોદરામાં જાગ્યા નહીં હોય. એમને ખાતરી હશે કે રેલગાડી ઊભી રહેશે

પછી હું એમની 'બોગી-એ'માં પ્રવેશીશ અને બર્થ નંબર ૨૧ શોધીને એમને જગાડીશ. આ આસ્થામાં જ તે નિરાંતે ઊંઘતા ઇન્દોર પહોંચી ગયા હશે.

તે પછી હું જેટલી વાર મુંબઈ ગયો તેટલી વાર તે સાહેબ મને યાદ આવ્યા. પણ શું કરું? સ્ટેશન પર મળવાની વાત થઈ હતી એથી તે મહાનુભાવે પોતાનો નંબર મને લખાવવો જરૂરી નહોતો માન્યો. મને દુઃખ છે કે મારા એક પુસ્તક, 'સમુદ્રાંતિકે'ના તે વાચકના પુસ્તકમાં મારી સહી આજે પણ બાકી છે.

* * *

એક વાચક મારા સગા, મિત્ર અને વાચક ત્રણેય છે. હાલ પરદેશ વસે છે. તે અમદાવાદ હતા ત્યારે દાદાસાહેબનાં પગલાં પાસે પાણીપૂરી ખાવા અમે સાથે જતા એ સમયનો અમારો સંબંધ. એ જરાક વધારે પડતા ધાર્મિક. હું સહેજ પણ આસ્થાવાન નહીં. છતાં અમારી દોસ્તી નભી છે.

અત્યારે એ મિત્ર વિદેશમાં પણ મારાં બધાં પુસ્તકો પ્રેમથી વાંચે. લોકોને વંચાવે અને મન ફાવે ત્યારે મને મેં કલ્પ્યાં ન હોય તેવાં સૂચનો કરે.

તેમણે 'અતરાપિ' વાંચ્યા પછી મને ફોન કરેલો. કહ્યું, 'ધ્રુભાય. 'અતરાપિ'માં કૂતરો નથી જામતો.'

'કેમ શું થયું?' હું ચમક્યો.

'થયું કાંઈ નથી. પણ કૂતરો? યાર, તમે બીજી આવૃત્તિમાં વાઘ કે સિંહ કરી નાખો. બંને માતાજીનાં વાહન તો ખરાં.'

હે મા શેરાવાલી! હવે તું જ મને જબાવ સુઝાડ. હું તો સુન્ન થઈ ગયો છું.

પણ ના. મારાથી એમને કશું કહેવાશે નહીં. કોઈ વાચક પોતાની મતિ પ્રમાણે જે કહે તે મારે સાંભળવું તેવો મારા મનનો મને આદેશ.

આમ પણ આ મિત્ર ભલે મને નાસ્તિક તરીકે ઓળખે પણ પ્રેમ ખૂબ કરે. હું પણ એમની ધાર્મિક દલીલો સાંભળી લઉં. આજે પણ એમને માટે ક્યારેક એક સિંહ-વાઘવાળી કથા લખવાનું મન કરું.

એ તો થાય ત્યારે કરીશ. પણ છેલ્લે હમણાં જે ફોન આવ્યો તેને કારણે અમારા બન્નેનાં મન જરા ખાટાં થઈ ગયાં.

'ધ્રુભાય, તમારી બધી વારતા વાંચી. દરેકમાં એક મોટી ખામી જડી છે.' મિત્ર બોલતો હતો,

'હાં. શું ખામી છે?'

'તમે એક પણ કથામાં નાયિકાને કપાળમાં ચાંદલો કરતી નથી બતાવી.'

વધતી ઉમ્મર સાથે આ મિત્ર આટલા બધા આગ્રહી થઈ ગયા હશે તેની મને ખબર નહોતી. મને તેમના ઘરની સ્ત્રીઓની ચિંતા થવા માંડી. મેં પૂછ્યું, 'કેમ, ચાંદલો કરવાનો?'

'યાર આપણી સંસ્કૃતિ છે.' કોઈ વાચક મને આવું કહેશે તે મેં કદી પણ નહોતું ધાર્યું. મને ફોન પછાડીને મૂકી દેવાનું મન થયું, પણ મેં મનને વાર્યું. હજારો વાચકોમાં કોઈ એક વાચક આવું વિચારતો પણ હોય તો શું થઈ શકે? તેની વાત તો સાંભળવી જ રહી.

મિત્ર આગળ બોલ્યા, 'સાંસાઈ, અવલ, કે સુપરિયા તો ઠીક, તમે તો દ્રૌપદીને પણ ચાંદલો કરતી નથી વર્ણવી.'

'પણ તમારે ચાંદલો શું કામ કરાવવો છે?' મેં જરા ચીડથી કહ્યું.

'લે. તમારાં પુસ્તકો યુવાનો પણ વાંચે છે. એમને પ્રેરણા મળેને?'

મિત્ર હવે હદ વટાવતા હતા. મેં અવાજ ઊંચો કરતાં કહ્યું, 'ભાઈ હું કોઈને કશી પ્રેરણા આપવા માટે લખતો નથી. મેં જે જોયું જાણ્યું અને હું જે સમજ્યો તે જ લખું છું.'

'અરે તમે ભલે લખો છો તે જ લખો.' મિત્ર જરાતરા મંજૂર થયા અને ફરી પોતાની જ વાત કરી, 'પણ ધ્રુભાય, મનુષ્યના દેહમાં સાત ચક્રો હોય છે. એમાંનું બહુ જ મહત્ત્વનું એક ચક્ર કપાળમાં હોય. ચાંદલો કરવાથી તે ચક્ર પરનો કંટ્રોલ વધે.'

હું શાંત રહીને સાંભળી રહ્યો, પછી એ જ ધીરજથી સામું પૂછ્યું, 'એટલે આવાં ચક્રો સ્ત્રીઓમાં જ હોય? પુરુષોના કપાળમાં ન હોય? તમે ભીમ કે યુધિષ્ઠિરને ચાંદલો કરાવવાનું કેમ નથી કહેતા?'

મને હતું કે મિત્ર હવે જીદ છોડી દેશે પણ તેમણે તો આખી વાત સ્વીકારી લીધી, 'હોયને, પુરુષના શરીરમાં પણ આવાં ચક્રો હોય જ. તમે પાંડવોને પણ તિલક, ચાંદલા કરતા બતાવો તો બહુ સારું.'

'તમે પોતે ક્યારેય ચાંદલો કર્યો છે?' મેં તેમને ક્યારેય સ-ચાંદલો જોયા નહોતા.

'હા, લે.' ઉત્તર આવ્યો, 'પહેલાં નહોતો કરતો. હવે તો ત્રણ ત્રણ ચાંદલા કરું છું. નાકની બરાબર ઉપર સાંઈબાબાની ઉદી(ભસ્મ). એથી ઊપર આપણું, માતાજીનું કંકુ અને સાવ ઉપર, અમે હમણાં જેમાં જોડાયા છીએ તે સ્વામિનારાયણનો ચાંદલો.'

મારું હૃદય કકળી ગયું. મારો, અરે આ મારો મિત્ર? ઘડીભર આંખમાં પાણી આવી ગયા પછી મેં હિંમત કરીને કહ્યું, 'ભાઈ, તમે ત્યાં વિદેશમાં રહીને પણ ત્રણ ત્રણ ચાંદલા કરો છો તો મારે તમને કંઈક કહેવું છે. માનશો?'

'બોલેને ધ્રુભાય.' ફોનમાં ઉત્તર આવ્યો

મેં બહુ જ સ્વસ્થતા રાખીને કહ્યું, 'આ જુઓ, તમે ત્રણ ત્રણ ચાંદલા રાખો છો તોયે હજી તમારો ઉદ્ધાર નથી થયો. એક કામ કરો, ત્રણ ત્રણને વીનવવાને બદલે અલ્લા, ગ્રંથસાહેબ અથવા જિસસ – આમાંથી કોઈ એકને જ પકડો. કદાચ પાર ઉતારી પણ દે!'

'અરે નાલાયક, દુષ્ટ...' મારો વાચક મને ના-લાયક અને દુષ્ટ કહેતો હતો, 'આજથી તમારી એક પણ ચોપડીને હાથ લગાડું તો મને હડમાન પૂછે.'

પેલા ત્રણ દેવ ઉપરાંત હવે તો હનુમાનજી પણ એમની વહારે હતા. હું એકલો શું કરું? મેં કંઈ ઉત્તર ન આપ્યો. મિત્ર થોડું બબડ્યા. ફોન કપાઈ ગયો.

થોડી વાર પછી મારા પર એ જ મિત્રનો મૅસેજ આવ્યો. જોયો તો સ્ક્રીનશોટ હતો. એમના કૉન્ટેક્ટ લિસ્ટમાં મારા નંબર સામે ધ્રુભાયને બદલે 'વિધર્મી-દેશદ્રોહી' લખેલું વંચાયું. એમણે મારું નામ બદલવાનો હક્ક વાપર્યો હતો.

હા. છતાં પણ એ પણ મારા વાચક છે. હવે કદાચ હતા થઈ જશે. તોપણ તેમણે જે કંઈ કહ્યું કે કર્યું એટલા માત્રથી હું તેમને મોનેર માનુષની નામાવલીમાંથી રદ કરી શકું તેમ નથી. સેન્ટરલાઇન જાળવી રાખવી બહુ અઘરી છે પણ જાળવવી તો પડે જ.

* * *

મારા અનેક વાચકો, મિત્રો, પરિચિત, અ-પરિચિત લોકોએ, હું ચૂકતો હોઉં ત્યારે, મને ફરીથી સેન્ટરલાઇન સતત બતાવી છે. એવો એક પ્રસંગ તો મને સજ્જડ યાદ છે.

'તત્ત્વમસિ' લખાઈ ત્યારે હું અને દિવ્યા પિંડવળ હતાં. તળેટીમાં વસેલા ધરમપુરમાં એક સાવ નિકટના મિત્રના ઘરે, તેમના પિતા મુંબઈથી આવેલા. તે વડીલે 'તત્ત્વમસિ' વાંચીને મને મળવાની ઇચ્છા બતાવી. પુત્રનો ફોન આવ્યો, 'ધ્રુભાઈ, પપ્પાને તમને મળવું છે. અમે પિંડવળ ક્યારે આવી શકીએ?'

'પપ્પાની ઉમ્મર શું છે?' આ પ્રશ્ન હું હમેશાં દરેકને પૂછું છું.

'સેવન્ટીસિક્સ'

'તો એમને અહીં સુધી ન લાવશો. રસ્તા બહુ ખરાબ છે. એમ કરીએ, હું જ એમને મળવા ધરમપુર આવું. કાલે સવારે નવ વાગે તમારે ત્યાં આવીશ.'

'ભલે. પણ એ વખતે અમે કામ પર હશું. પપ્પા એકલા ઘરે હશે.' મિત્રએ કહ્યું

બીજા દિવસે હું તેમને ત્યાં ગયો. વડીલ આરામખુરશીમાં પગ લંબાવીને વાંચતા હતા. તેમણે મને આવકાર્યો અને 'તત્ત્વમસિ' તેમને ગમી તેમ કહ્યું. તેમણે પોતે પણ નવલકથાઓ લખી છે તેની વાતો કરી. એકાદ કલાક આરામથી વીત્યો.

મેં વિદાય માગી એટલે વડીલે કહ્યું, 'બેસો બેસો, મને એ કહો કે 'તમે રવિશંકરનું સિતારવાદન સાંભળ્યું છે?'

'ક્યારેક રેડિયો પર. તે ઉપરાંત મારા બનેવી પાસે તેમની કેટલીક એલપી રેકૉર્ડ્ઝ પણ છે.' મેં જે હતું તે કહ્યું.

'એમ નહીં, લાઇવ કન્સર્ટમાં સામે બેસીને?'

'ના' મેં કહ્યું

'અચ્છા, વિલાયતખાન? ભીમસેન જોષી?' કહીને બીજાં થોડાં નામ પણ તેઓ બોલ્યા.

'ના. મેં કદી પણ કોઈને રૂબરૂ જોયા કે સાંભળ્યા નથી. અમે નાનાં ગામોમાં રહેતાં આવ્યાં છીએ. મુંબઈ જેવા અને જેટલા કાર્યક્રમો નાનાં શહેરોમાં કે ગામોમાં ન થતા હોય.' મેં શાંતિથી કહ્યું.

વડીલને મારી વાત ગમી ન હોય તેવું લાગ્યું. છતાં તેમણે પૂછવાનું ચાલુ રાખ્યું, 'નાટકો જોયાં છે, નાટકો? સરિતા જોષી અને પ્રવીણ જોષીને મળ્યા છો?'

'ના' મેં એની પણ ના પાડી, 'અમદાવાદ કૉલેજમાં હતો ત્યારે એક 'સંતુ રંગીલી' અને એક 'ધુમ્મસ' એમ બે નાટકો જોયેલાં. બાકી વડીલ મારું બાળપણ ગામડાંમાં વીતેલું, ભવાઈ કે બીજા ખેલ જોયા હોય એ જ.'

'સારી ફિલ્મો?' પ્રશ્નોનો અંત નજીક નહોતો લાગતો.

હાશ! મેં જોયેલી ફિલ્મોમાંથી એકાદ બે સારી હતી તે મેં કહી દીધી.

'હુંઅઅ.' વડીલે હોંકારો દીધો

'કવિ સંમેલનોમાં ગયા છો?'

'કદી નહીં.'

'પરિષદના સત્રોમાં?'

'ના. ભીમોરામાં 'સમુદ્રાંતિકે'ને પુરસ્કાર મળ્યો તે સમયે પહેલી વાર ગયો. રોકાયો નહોતો. વળી, હું પરિષદનો સભ્ય પણ નથી.' મેં કહ્યું.

હવે વડીલે સાચો, પૂછવો જ જોઈએ એવો પ્રશ્ન પૂછ્યો, 'તો પછી મને મળવા શું કામ આવ્યા છો?'

વાત સો ટકા સાચી હતી. તે વડીલને જે અને જે રીતે સંગીત. નાટક કે બીજા સાહિત્ય વિશે ચર્ચા-વિચારણા કરવી હશે તે કે તે રીતે હું કદી પણ કરી શકું તેમ નહોતો.

મેં ઉત્તર આપ્યો, 'જી, બરાબર છે પણ મને ખબર નહીં કે આપ...'

'શું ખબર નહીં કે?' વડીલે અધિકારપૂર્વક ક્રોધ કર્યો અને આગળ બોલ્યા, 'તમે આવી, 'તત્ત્વમસિ' જેવી સરસ વારતા લખી છે તે મને એમ કે આ ભાઈ કોઈ જ્ઞાની માણસ હશે.'

'જી, હું જ્ઞાની નથી.' મને સેન્ટરલાઇન ચોખ્ખી દેખાઈ. એ વડીલનું કહેવું અને મારું તે સ્વીકારવું બન્ને સાવ સાચાં હતાં.

વધુમાં કહું તો આજ સુધી મેં મારું અજ્ઞાન અને અજ્ઞાનીપણું જાળવી રાખ્યું છે. ક્યાંય કોઈ દિવસ વિદ્વત્તાભરી વાતો નથી કરી. તે પછી ઘણા કાર્યક્રમોમાં હાજર રહેવાની તક મળી છે, પરંતુ ત્યાંથી નીકળીને મેં ક્યાંય સંગીત, કલા, કાવ્ય કે સાહિત્યની ચર્ચામાં ભાગ નથી લીધો, નથી કોઈ સાહિત્યિક સંસ્થાનું સભ્યપદ લીધું. મારા કાજે અજ્ઞાન બહુ મોટી મૂડી છે.

મને સેન્ટરલાઇન દર્શાવી જનાર વડીલ આજે કદાચ નહીં હોય; તેમના પુત્ર, આજે પણ મારા મિત્ર છે, એમનો હું આભાર માનું છું કે મારું અને વડીલનું મિલન ગોઠવીને મને મધ્યરેખા પર જ ઊતરવાની કળા શીખવાની તક તેમણે ઊભી કરી આપી.

* * *

એ જ અરસામાં એટલે કે બે હજારની સાલના જાન્યુઆરીમાં મેં જે જોયું સાંભળ્યું તે હું ક્યારેય, કદાચ આવતા જન્મેય ન ભૂલી નહીં શકું. - હરિપ્રસાદ ચોરસિયાજી. એમને હું માત્ર નામથી અને હવે દેખ્યે ઓળખું છું. નથી એમને મળ્યો. નથી હાથ મિલાવ્યા. નથી વાત કરી. પરિચય કહેવાય તેવું કંઈ નથી. અને સામે પક્ષે ચોરસિયાજીને તો પૃથ્વી પર ધ્રુવ ભટ્ટ નામનું કોઈ હોવાની પણ જાણ નથી.

વાત એમ છે કે કરમસદ ગામમાં સરદાર પટેલનું મૂળ ઘર છે. તે ઉપરાંત સોજિત્રારોડ ઉપર એક સરદાર-સ્મૃતિ નામે સ્મારક બન્યું. તેમાં સરદારશ્રીના જીવન-દર્શનનું કાયમી પ્રદર્શન ગોઠવાયું છે અને એક સભાગૃહ પણ બનાવાયું છે.

આ નવા બનેલા હૉલનો ઉપયોગ કરવો જોઈએ તેવો વિચાર મારા મિત્ર, સ્વ. જયંતભાઈ ઓઝા, તેમના પુત્ર તારકને આવ્યો. એ બે જણા અને ત્રીજા બૈજુ ઠાકરે મળીને ‘ઇન્ડિયન ઓશન’ નામની સંસ્થા કરીને વાંસળીવાદનનો કાર્યક્રમ કરવા શ્રી હરિપ્રસાદ ચોરસિયાજીને આમંત્રણ આપ્યું. એમણે તે સ્વીકાર્યું અને કાર્યક્રમની આગલી રાતથી તેઓ આવી જશે તેવું નક્કી થયું.

હું આ બધામાં સીધી રીતે ક્યાંય નહીં, પણ મિત્ર તરીકે સંકળાયેલો. દરેક ગતિવિધિની જાણ મને રહેતી. તે સમયે આણંદમાં ચોરસિયાજી જેવા કળાકારને ઉતારો આપી શકાય તેવી હોટેલ કે રિસોર્ટ નહોતા. અમૂલ ડેરીના ગેસ્ટહાઉસ માટે ડૉ. કુરિયનનો સંપર્ક કર્યો તો તેમણે રાજી થઈને રજા આપી. વ્યવસ્થા પણ કરી.

હરિપ્રસાદજી આવી ગયા. ઇન્ડિયન ઓશનના સ્વયંસેવકોએ તેમનું સ્વાગત કર્યું અને તેમને અમૂલના ગેસ્ટહાઉસમાં ઉતારો આપ્યો.

કાર્યક્રમ બીજે દિવસે હતો એટલે મહેમાનને રાતે આરામ કરવા દેવાનો હતો. આમ છતાં નવેક વાગે તારક અને એકાદબે સ્વયંસેવક ‘એમને કેવુંક ફાવે છે તે અને બીજી કોઈ જરૂર છે કે નહીં’ તે બધું જાણવા અમૂલના ગેસ્ટહાઉસ પર ગયા.

‘વો તો બહાર નિકલ ગયે.’ ગેસ્ટહાઉસના કેર-ટેકરે કહ્યું,

‘બહાર ક્યાં?’ આણંદમાં બહાર જવામાં કોઈ જોખમ તો નહોતું, તોપણ મહેમાન ક્યાં અને કેમ છે તે જાણવું તો જરૂરી હતું જ. થોડી વાર રાહ જોઈને છોકરાઓ બહાર રસ્તા પર શોધવા નીકળ્યા. ગણેશ ચોકડી તરફ જતાં જ સામેથી આવતા ચોરસિયાજી દેખાયા.

‘કહાં ગયે થે આપ?’ છોકરાઓએ પૂછ્યું.

‘એક એસટીડી કરના થા. સોચા થા, યહાં કહી મિલ જાયેગા લેકીન થોડા આગે ચૌક તક જાના પડા.’

‘અરે, આપ સીધે ગેસ્ટહાઉસમેં સે કહીં ભી બાત કર સકતે થે. આપકે કમરે કે ફોન સે ઝીરો લગાકે સીધા એસટીડી હો સકતા હૈ.’

‘મુઝે માલૂમ હૈ.’ આટલા દેશ ફર્યા પછી આવી સગવડની ખબર હરિપ્રસાદજીને ન હોય તે શક્ય નહોતું.

પણ મારે એ વાત નથી કરવી. ‘વાત તો મુઝે માલૂમ હૈ’ કહીને તેમણે આગળ જે કહ્યા એ શબ્દોની કરવાની છે – તેમણે સ્મિત કરતાં કહ્યું, ‘મગર વો મૈં કેસે યૂઝ કર સકતા હું? આપને ગેસ્ટહાઉસ તો મેરે રહેને કે વાસ્તે લિયા હોગા. બાકી ફેસિલિટી તો અમૂલ કે ઑફિશિયલ કામ કે લિયે લગાઈ હોગી. વહ મૈં કૈસે યૂઝ કરું?’

ચોરસિયાજીના આ શબ્દો સાંભળ્યા પછી મને ખાતરી છે કે હવે મારું આખરી લેન્ડિંગ પણ સેન્ટરલાઇનને બરાબર સમાંતર જ થવાનું છે.

* * *

આ પ્રસંગના ત્રણેક વરસ પહેલાં, આવા જ એક મહામાનવે મને રન વે છોડીને ઉપર ઊઠતાં શીખવ્યું છે. વાત છે આઝાદીના પચાસ વરસ પૂરાં થયાંના અનુસંધાને ભારતની સંસદમાં યોજાયેલા કાર્યક્રમોમાંના એક કાર્યક્રમની.

બિસ્મિલ્લાખાનજી શરણાઈ લઈને હજી બેઠા ત્યાં આપણામાં ન જાણે ક્યાંથી પેસી ગયેલી, આદેશ (ફરમાઇશ) કરવાની ટેવ પ્રમાણે ચિઠ્ઠીઓનો મારો શરૂ થઈ ગયો.

વૃદ્ધત્વને આંબી રહેલા ખાંસાહેબ ચિઠ્ઠીઓ જોતા હતા. પોતે શું શું વગાડી શકશે તે નક્કી કરતા હશે ત્યાં નવી નવી ફરમાઇશ મળવા માંડી.

ખાંસાહેબે પરચીઓ જોવાનું છોડીને સંસદ સભ્યો સામે જોઈને કહ્યું, 'મેં જાનતા હૂં કિ આપ ગુણીજન હૈં ઓર મૈં સિર્ફ બજવૈયા હું. મેરા કામ આપકો રિઝાના હૈ. મગર ઈતની પર્ચિયાં મત ભેજેં. અબ બુઢ્ઢા હો ચલા હું, સાંસ ફૂલને લગતી હૈ.'

જે વૃદ્ધ જન જો ધારે તો પરચીઓ મોકલનારાને ત્યાં જ ખખડાવી નાખી શકે તેમ હતો, તેણે તેમ ન કર્યું. આયુષની સંધ્યાએ, જાહેરમાં, ભારતીય સંસદના સ્ટેજ જેવા સ્થાને બેસીને ખાંસાહેબે, સ્વસ્થતાથી કબૂલ્યું કે 'મૈં તો બજવૈયા હું.' – જેણે જાતને ઓળખી લીધી છે, જેને પોતે શું છે તેની ખબર પડી ગઈ છે તે મનુજ જ આમ કરી શકે.

ન તો ચોરસિયાજી, ન તો ખાંસાહેબ. મને કોઈ ઓળખતા નથી. ન તો હું તેમને ક્યારેય નજીક જઈને મળ્યો છું. છતાં તે બન્ને મને સેન્ટરલાઇન બતાવી ગયા છે એ કાજે એ બન્ને મારા મોનેર માનુષમાં સામેલ છે.

* * *

'કેમ છો ધ્રુદાદા' અચાનક સાવ પાસે આ કોઈને મોટ્ટેથી બોલતું સાંભળીને હું, ડર્યો તો નહીં પણ ડર્યા જેવું ચમકી ગયો. તે તારીખ ૮ જૂન, ૨૦૨૬ની સવારે મેં લૅપટૉપમાં જોવાનું છોડીને ઊંચું જોયું તો એક સર્વોદય કાર્યકર્તા જેવો ભાસતો યુવાન સાવ મારી સામે આવીને ઊભો હતો.

બધાને ખબર છે કે સાહિત્યકાર; એટલે કે કવિ, લેખક, નિબંધકાર, વિવેચક કે ભાષાવિદ એ બધા પાસેથી જે મળે છે તે ધ્રુવ ભટ્ટ કોઈ કાળે આપી શકે તેમ નથી. એટલે આમ તો, મને મળવા કોઈ આવે નહીં. પણ મારા સદ્નસીબે થોડાઘણા લોકો છે જે મને, અમસ્તા જ વગર કારણે મળવા માગતા હોય અને સમય માગતો ફોન કરતા હોય. પહેલાં બધાને મળી શકતો. હમણાં જે લોકો ફોન કરે છે તેમને કહેવું પડે છે કે, 'રહેવા દોને બાપલા. આપ ફોન કરો છો તે જ બરાબર છે. મળવાની વાત જાવા દ્યો તો સારું.'

લોકો એટલા ભલા અને વિવેકી હોય છે કે મારી વાત માનીને મારા ઘરે આવવાનો કાર્યક્રમ કરતા નથી. પણ કહો, વ્રતકથાઓમાં થાય છે તેમ, કશી જાણ કર્યા વિના ઈશ્વરનું પૂર્ણ–અતિથી સ્વરૂપ ધરીને કોઈ પ્રગટ થઈ જાય તો મારાથી હાથ જોડીને પધારો કહેવા સિવાય થઈ પણ શું શકે?

આજનો, આ સામે અવીને ઊભેલા, રૂપાળા દેખાતા યુવાનને જોઈને મેં તેને કહ્યું, 'આવો ભાઈ, અહીં બહાર બેસવું છે કે ઘરમાં જઈએ?'

'અહીં સરસ છે.' કહીને તે યુવાન પોતાનો બગલથેલો ખોળામાં સાચવતો બેઠો. કહે, 'દાદા. પોરબંદરથી આવું છું. રાણાવાવ તાલુકો. પ્રાઈવેટ નિશાળમાં શિક્ષક છું.' કહીને તેણે પોતાનું લાંબું નામ કહ્યું, જેમાંથી મારે આ લેખમાં 'શિલુ' જ લેવાનું છે.

'બહુ દૂરથી આવ્યા! સરસ, બેસો.' કહીને હું તેને માટે પાણી લઈ આવ્યો અને પૂછ્યું, 'ક્યારના નીકળ્યા હશો. સાથે જમીશું?' – ઘરમાં હું એકલો જ હતો. દિવ્યા ભાવનગર હતાં. બાકીનાં બધાં પોતપોતાના કામે બહાર હતાં.

'ના. ના. હું તો ગઈ કાલથી અહીં વિદ્યાનગરમાં છું, મારા મામાને ત્યાં પ્રસંગે આવ્યો છું. સાંજે તો પાછો જવાનું છે એટલે થયું દાદાને મળતો જાઉં.'

તે પછી થોડી વાતો થઈ. શિલુએ મારી કેટલીક કથાઓ વાંચી છે તે કહ્યું અને છેવટે ઉમેર્યું, 'પણ દાદા, મને નવલકથાઓ કરતાં કાવ્યોમાં વધારે રસ.'

'એ પણ સરસ. તમને વાંચવા લખવામાં મજા પડે છે તે જ મોટી વાત છે.' મેં કહ્યું, 'તમે પોતે કંઈ લખો છો?'

'લખું છું ને દાદા. પણ મારા જેવું.' શિલુએ આજની શાળાઓમાં ચાલતો, લાંબા કાગળનો ચોપડો કાઢીને મારા હાથમાં આપ્યો.

મેં શિલુનો ખજાનો ખોલ્યો. સરસ, લયમાં અને મોટે ભાગે માપમાં લખેલી પંક્તિઓ. એકંદર સરસ લખેલી વાતો. મેં કહ્યું, 'સરસ લખાયું છે. આગળ અનુભવે વધારે સારું લખાશે.'

શિલુએ કહ્યું, 'ના દાદા, આ તો કંઈ નથી. મારે તો તોડી નાખે તેવાં કાવ્યો લખવાં છે.'

મહેમાનને શું તોડી નાખવું છે તે પૂછવાની તીવ્ર ઇચ્છા મેં પરાણે રોકી. હું એમને શું કહેવું તે વિચારું તે પહેલાં શિલુ બોલ્યા, 'થોડા દિવસ હું આપની સાથે રહી શકું?'

હું મૂંઝાયો. આવા રૂપાળા, ઉત્સાહી અને શિક્ષણનું કામ કરતા યુવાનનું દિલ તોડી નાખવું મને ગમતું નહોતું. મેં કહ્યું, 'ભલે, વૅકેશનમાં નક્કી કરીને આવો.'

આભાર સર. હું આપને ત્યાં આવું કે આપ મારે ત્યાં પધારો. પોરબંદરને દરિયે રહેવું હોય તો એમ. 'સર, મારે બસ આપની સાથે થોડું રહેવું છે. મારે તમે નાનપણે ભણ્યા હશો તેવી કવિતાઓ લખતા થવું છે.'

હવે હું ડરી ગયો. મેં કહ્યું, 'એવું લખતાં તો મને પણ ક્યારેય નથી ફાવ્યું. મને પોતાને ન આવડે તે બીજાને શીખવવાનું કેવી રીતે બને?'

'તમારે કાંય શીખવવાનું નથી. બસ, તમે સાથે રહેવાની હા પાડો.'

'દરિયે સાથે રહેવા સિવાય બીજા કશાયની હા હું ન પાડું શિલુભાઈ.' મેં કહ્યું, 'એના કરતાં તમે એક કામ કરો, શિલુ લખે છે તેવું જ લખો. બીજા કોઈ જેવું લખવાનું મન ન રાખો. તમે સરસ જ લખો છો. હજી વધુ કવિતાઓ વાંચો, શબ્દભંડોળ વધારો આખી વાતમાં કવિતા ક્યાં બને છે તે સમજો...'

'ના સાહેબ. એવું નહીં, તમે એ કવિતાઓના ભાવ તો જુઓ, 'કોકિલ પંચમસૂર બોલો કે પંચમી આવી વસંતની..' 'અમે અમે સૂતા ઝરણાને જગાડ્યું...' કેવી જબ્બર વાત! આને ખરી કવિતા કહેવાય.' શિલુભાઈએ દલીલ કરી.

મેં કહ્યું, 'વાત તો તમારી સાચી. પણ...'

મને આગળ બોલવા દીધા સિવાય શિલુભાઈએ શરૂ કર્યું, 'જલધિજલ ઉપરે દામિની દમકતી યામિની વ્યોમસર માંહી સરતી કામિની કોકિલા કેલી કૂજન કરે...' અરે દાદા, તમે જુઓ તો ખરા, બોલતાં જીભ ઊભી ન રહે. મારે આવું લખવું છે.'

હવે મેં કાંઈ પણ બોલવાનું બંધ કર્યું.

શિલુભાઈ કહે, “અને અધધ પ્રલંબ કાવ્યો, દાખલા તરીકે અંઅંઅં અતિજ્ઞાન.

‘રજની મહીં સખી ઘણીક વેળા નયન મળે નહીં ઊંઘ જાય ચાલી.

કરી તુજ શિરકેશ સર્વ ભેળા વદન સુધાકરને રહું નિહાળી.’

સાહેબ, આવાં વર્ણનો કોણ કરી શકે?”

શિલુભાઈને સ્મૃતિ અને કવિતા પ્રત્યેની તેમની નિષ્ઠા બંને પર હું વારી ગયો. એટલામાં શિલુભાઈએ મારા ઘર પછવાડે ઊભેલા ઍરટેલના ટાવરની ટોચ તરફ નજર સ્થિર કરીને કહ્યું. ‘અને જટાયુ જુઓ’

‘એ જટાયુના નહીં, સમડીના માળા છે.’ મેં ટાવરની ટોચે વસેલા માળા જોતાં કહ્યું, ગીધ તો હવે દેખાતાં નથી.’

શિલુભાઈ કહે, ‘ગીધની વાત નથી. જટાયુ, જટાયુ કાવ્ય,’

‘ઓહ. હા.’ મે કહ્યું, આવું લખી શકે તેવા વિદ્વાનો તો હવે બહુ ઓછા છે. એમને તો કોણ પહોંચે?’ આમ કહેતાં જ મને યાદ આવ્યું, ‘અને વિનોદભાઈની સૈરંધ્રી વાંચી છે? કડકડાટ બોલવાની જે મોજ આવે છે...’

‘બસ મારે એવું લખવું છે દાદા. એ લોકો લખી શકે તો હું કેમ ન લખી શકું?’

‘પ્રયત્ન કરો તો લખી પણ શકાય.’ મેં શિલુને આશ્વાસન મળે તેવો પ્રયત્ન કર્યો.

‘ના દાદા.’ શિલુએ ચોખ્ખી ના પાડી. ‘તમે મારી સાથે રહો. વધુ નહીં તો ત્રણ દિવસ.’

શિલુભાઈની જીદથી હું કંટાળ્યો. મેં કહ્યું, ‘જુઓ શિલુભાઈ, હું પોતે જ એ બધાં જેવું લખી શકું તેમ નથી. મારાં ગીતો તો...’

‘એ મને ખબર છે સાહેબ, હું જાણું છું. તમારાં ગીતોમાં સાદાસીધા શબ્દો હોય. કોઈ કાવ્યત્વ નહીં. ક્યાંય કવિકર્મ નહીં.’

ચલો. જગતમાં કેટલાક સીધાસાદા મનુજો તો છે જે સત્ય જાણે અને મને મોં પર કહી પણ શકે છે. હું રાજી થઈને શિલુને વખાણું તે પહેલાં તેણે કહ્યું, ‘મારે તમારી સાથે રહીને વાતો કરવી છે અને વાતવાતમાં એક જ વસ્તુ જાણવી છે. તે એ કે આ બધા આવું લખી શક્યા તેનું રહસ્ય શું છે? કશોક નકરો જાદુ છે સાહેબ, આ લોકો પાસે.’

‘હશે.’ મેં કહ્યું, ‘પણ મને એ જાદુની ખબર નથી.’

શિલુ આ વાત પર મંજૂર ન થયા. કહે, ‘એવું ન હોય. તમે નિશાળમાં બધા મહાકવિઓની કવિતાઓ ભણ્યા જ હશો. કોઈ એવા સારા કવિને મળ્યા પણ હશો. ભલે તમે સ્વીકારો નહીં, પણ તમારા સબકોન્સિયસ માઇન્ડમાં ‘તે પંખીની ઉપર પથરો...’ કવિના ચિત્તમાં કેવી રીતે પ્રગટ થયું હશે તેની વાતો નોંધાયેલી હોય જ. મારે એ રહસ્ય જાણવું છે. એ જાદુ સમજવો છે.

વારંવાર રહસ્ય અને જાદુ શબ્દોએ અને એકની એક વાતની મમતે મારી રમૂજ વૃત્તિને જગાડી દીધી. શિલુ મહેમાન છે. આશાસ્પદ શિક્ષક અને કવિ છે તે ભૂલી જઈને

મેં ગંભીરતા ધારણ કરીને કહ્યું, 'જુઓ શિલુભાઈ, રહસ્ય તો છે. પણ તમે ખાનગી રાખો તો કહું. બીજા કોઈને કહેવાનું નહીં.'

'જી સર. શ્યોર'

'આપે સાહિત્ય...'

'અકાદમી? ગાંધીનગર?' હું પૂરું બોલું તે પહેલાં શિલુભાઈ બોલી ગયા

'ના બજેટની અને ગ્રાન્ટ વાપરવાની ઉતાવળ જેટલી આ સીધી વાત નથી.' મેં કહ્યું, 'આ તો સાહિત્ય પરિષદ. અમદાવાદ નદીકાંઠે છે તેની વાત કરું છું.'

'હાં. તો એમના પ્રમુખને મળું?' શિલુએ પૂછ્યું,

'પ્રમુખ કે બીજા હોદ્દેદારો કોણ છે એની તો મને ક્યારેય ખબર નહોતી. આજે પણ નથી.' મેં કહ્યું, 'પરંતુ પરિષદ જે સામયિક બહાર પડે છે તેનું સંપાદન વગેરે કામ લેખક શ્રી કિરીટભાઈ દૂધાત સંભાળે છે એટલી મને ખબર છે. તમે એમને મળો.'

'પછી?' શિલુએ પૂછ્યું.

'પછી કિરીટભાઈ એકલા હોય ત્યારે એમને કહેજો કે 'ધ્રુવદાદાને એવું કંઈક યાદ છે કે પરિષદની સ્થાપના વખતે તે સમયના સભ્યોએ મળીને કામરુદેશથી એક ખાસ પ્રકારની બીડીઓ મંગાવરાવેલી. એ બીડી જેણે જેણે પીધી તે બધાની સાહિત્યિક શક્તિ સોળે કળાએ ખીલેલી.' મેં ચહેરો પૂરો ગંભીર રાખીને કહ્યું, 'જો કિરીટભાઈ જૂનાં કબાટ ફંફોસે અને એકાદ બીડી હજી પણ સ્ટૉકમાં ગોતી કાઢે, તો તે બીડી તમે ખરીદી લો. શિલુભાઈ, તમે બે દિવસમાં મહાકાવ્યો લખતા ન થઈ જાવ તો મને કહેજો. એવું ન થાય તો હું સો ટકા તમારી સાથે રહેવા આવીશ.'

'શું દાદા, તમે પણ, સાવ આવું કરવાનું?' શિલુનો ચહેરો નિમાણો પડી ગયો. જરા વાર રહીને તેણે ફરિયાદના સૂરમાં કહ્યું, 'દાદા, તમે મારી લાગણીનો પણ વિચાર ન કર્યો...' બોલતાં, બોલતાં શિલુ રડી પડ્યા.

હું ગભરાઈ ગયો. ઘરમાં જઈને પાણી લઈ આવ્યો અને શિલુના વાંસા પર હાથ ફેરવતાં મેં જાતે તેને પાયું. શિલુજી શાંત પડ્યા તે પછી હું ફરી ઘરમાં જઈને આઇસક્રીમ લઈ આવ્યો.

શિલુભાઈ શાંત પડી જઈને આઇસક્રીમ ખાતા હતા તે જોઈને મેં કહ્યું, 'ભાઈ, તમે મને લાગણીનો વિચાર કરવાનું કહો છો પણ તમે મારી લાગણીનો વિચાર કર્યો?'

શિલુભાઈ કંઈ બોલ્યા નહીં. મેં આગળ કહ્યું, 'તમે દરવાજો ખોલીને ફળિયામાં, મારી સામે આવી ગયા તોપણ મને ખબર નહોતી પડી એટલો તલ્લીન થઈને હું મારું કામ કરતો હતો. હું શું કરું છું, મારી પાસે સમય છે કે નહીં, તે કશું વિચાર્યા વગર તમે તમારી કવિતાઓ મારી સામે ધરી દીધી. તોપણ મેં પ્રેમથી વાંચી. તેના વિશે વાત કરી. મને એંસી વરસનાને તમે પોરબંદર લઈ જઈને સાથે રાખવાની ઇચ્છા કરી તે પૂરી કરવાની હું કોશિશ કરીશ તેવું પણ મેં કહ્યું. પછી તમે હદ વટાવી ગયા તો હું શું કરું? તમને વઢીને

કાઢી તો મુકાય નહીં. એટલે પછી...' બોલતાં બોલતાં મને હસવું આવી જાય તે પહેલાં મેં આગળની વાત કહી દીધી, 'મારી સાથે ઝાઝું બેસનારા અને લાંબી વાતો કરનારા બધાય તમારી જેમ જ ભરાઈ પડે છે.'

શિલુએ હકારમાં માથું હલાવીને ખાલી વાટકી નીચે મૂકી.

મેં ફરી કહ્યું, 'શિલુભાઈ, મારી સલાહ છે કે મારી સાથે રહેવાનો આગ્રહ તો જવા જ દો. તમે જે લખો છો તે શાંતિથી લખો. કોક દિ' સરસ્વતી રાજી થશે તો પેલું, તમે કહે છો તેવું કાવ્યતત્ત્વ અને કવિકર્મ કરી શકશો.'

'સાચી વાત છે દાદા.' શિલુએ નરમાશથી કહ્યું અને રજા માગીને જવા ઊભા થયા.

મેં તેમને દરવાજે વળાવતાં કહ્યું, 'બાકી આજ સુધીમાં એક પણ દિવસ મેં પેલા કાવ્યતત્ત્વ કે પેલા કવિકર્મની ચિંતા કરી નથી. કથા-કવિતાઓમાંથી એવું બધું શોધવાનું કામ કવિનું નથી. એ માટે એક આખી સાહિત્યિક મિલિટરી છે. તમે માત્ર લખ્યે જાવ. લોકોને ગમે તો સારું, ન ગમે તો તમને તો ગમે છે ને? બસ. એથી વધારે શું જોઈએ?'

તો આ અને આવા છે મારા મનના મનુજો. સાવ સાદા, સીધા ભોલા અને ચતુર. આવે છે, બેસે છે, પોતાની વાતો કરે છે. પોતે કહેવા ઇચ્છે તે બધું મને કહી શકે છે.

એમાંના કેટલાકની જ વાતો અહીં કરી છે. આ મારા વાચકો, ના. ના. મારા નહીં મારી લેખિનીના, મારાં પુસ્તકોના ચાહક છે. જીવંત સંવેદનાના વાહક અને પ્રેમાળ, આમાર મોનેર માનુષ.

મારાં પુસ્તકોના વાચકો, મેં લખેલાં અને હવે એમનાં બની ગયેલાં ગીત ગણગણનારા બધા મારે મન મારા પોતાના, અંગત મનુષ્યો છે. આ હું દઢપણે માનું છું અને વારંવાર જાહેરમાં કહું છું.

આ વાચકો મારાં લખાણોમાં ભૂલ શોધી કાઢીને તે સુધારવાનું કહે તો મને ક્યારેય ખરાબ નથી લાગતું. હું તો તેમનો આભાર માનું છું. એકાદ પુસ્તકમાં મેં શ્રીકૃષ્ણના સમયનો યુગ ખોટો લખેલો તો તરત જામનગરથી શ્વેતાબહેને ધ્યાન ખેંચ્યું. મેં ભૂલ સુધારી અને પછીની આવૃત્તિમાં તે ભાવકનો આભાર પણ માન્યો. પ્રતિશ્રૃતિમાં યુદ્ધની વાત લખતાં મેં 'ઘોડાની ખરી' લખેલું તો આદરણીય શાહબુદ્દીનભાઈએ ફોન કરીને ત્યાં 'ખરી'ને બદલે 'દાબડા' હોવું જોઈએ તેમ સુધરાવેલું.

આ બધાં સુજ્ઞજનો મારાં લખાણો વાંચે છે તેનો આનંદ તો છે જ. પણ તેઓ મને પોતાનો ગણીને, અચકાયા વગર સીધાં મને જ સૂચનો કરે છે તે મારે મન બહુ મોટી વાત છે. એમનું કહેવું હું તપાસું અને સાચું હોય તો સ્વીકારું છું.

હા, જાણતલ અને જેને બીજાના લેખન વિશે બોલવા, લખવાનું શિક્ષણ મળેલું છે તેવાં નરનારીઓની વાત જુદી છે. એ બધાં તો ઉપાધિઓથી સજ્જ હોય છે. જગતના કોઈ પણ લેખકે શું અને કેમ લખવું જોઈતું હતું કે લખવું જોઈએ એ નક્કી કરવાની આવડત પોતાનામાં છે તેવા આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે. એમની વાતો સાંભળતાં, વાંચતાં મને હમેશાં આશ્ચર્ય ભાવ જન્મ્યો છે. મને નવાઈ એ કારણે લાગે છે કે એ જ્ઞાનીઓ

કોઈને અંગત રીતે કશાં સૂચનો નથી કરતા. એ જનો તો જાહેરમાં, શ્રોતાઓને નિમંત્રીને વારતાઓ માંડે છે. ક્યારેક લેખો લખે છે. ક્યારેક ખાસ સત્રો બોલાવે છે.

જેમના સમજવામાં હું સદાયે નિષ્ફળ રહ્યો છું તેવાં આ નારી, નરો પણ મને પ્રિય તો છે જ. તેમની ભાષા, તેમનું જ્ઞાન અને વિષયોની છણાવટ કરવાનું તેમનું સામર્થ્ય મને ભલે સમજાતું ન હોય તોયે મોહ તો પમાડે જ છે. મને ક્યારેય તેમના પ્રત્યે અભાવ નથી થયો. ક્યારેક, કોઈકની હસીમજાક કરી લઉં, તો એ તો મારું બધા માટે સમાન વર્તન છે. ના. મારા મનથી આઘા તો કોઈનેય ન કરું. – આ બધાં 'મોનેર માનુષ' છે.

* * *

૨૦૧૬થી શરૂ થયેલ વસુંધરાની વાણીમાં ગુજરાતના અનેક પ્રદેશોમાં જવાનું, લોકોના ઘરે રહેવાનું થવા માંડ્યું ન હોત તો મને ખબર પણ ન પડત કે શહેરીવર્ગ વાંચે છે, એટલું જ અંતરિયાળ ગામો અને ગામડાંમાં રહેતા જનો પણ વાંચે છે. પાંચાળ, બનાસનો કાંઠો, શેત્રુંજીનો ખોળો, વાગડ, બારડોલી, ધરમપુર, સરીગામ, ઘેડ, ભાલ. અંતરિયાળ પ્રદેશોમાં નહોતો ગયો ત્યાં સુધી હું એમ જ માનતો કે મારાં પુસ્તકો શહેરોમાં કે બહુ બહુ તો તાલુકાનાં ગામોમાં વંચાતાં હશે.

ગુજરાતની પ્રજાને હું પ્રણામ કરું છું. નામ પણ ન સાંભળ્યાં હોય તેવાં ગામડાં કહેવાતાં ગામોમાં મારાં પુસ્તકો વાંચનારા, સમજનારા છે. આવાં સ્થળોએ મને લખવાનું કારણ પૂરું પાડી શકે તેવા ડહાપણવાળા જનો પણ મળ્યા છે. કિશોર, યુવા, આધેડ અને મારા માથે હાથ મૂકીને આશિષ આપી શકે તે વયના વૃદ્ધો. આ બધાં મારાં પાત્રોને ઓળખે છે. – એમને મળતાં જે વાતો થઈ, જે વહાલ મળ્યું, જે રીતે આંખ ભરાઈ આવી એ વિશે લખીશ તો મને ભય છે કે હું મારાં જ વખાણ કરી બેસીશ.

ના. એમ ન કરાય. સેન્ટરલાઇન ચુકાય નહીં. એમની સામે તો બસ, કપાળ પર હથેળી અડાડીને 'સેલામ આમાર મોનેર માનુષ, સેલામ.' (સલામ મારા મનના મનુજો સલામ). કહીને મૌન રહી જવાનું.

■

દરમ્યાન ભાઈની પાસે પોરબંદરની એક મેમણ પેઢીનું કહેણ આવ્યું : 'અમારો વેપાર દક્ષિણ આફ્રિકામાં છે. અમારી પેઢી મોટી છે. અમારો એક મોટો કેસ ચાલે છે. દાવો ચાળીસ હજાર પાઉંડનો છે. કેસ ઘણો વખત થયાં ચાલી રહ્યો છે. અમારી પાસે સારામાં સારા વકીલબારિસ્ટરો છે. જો તમારા ભાઈને મોકલો તો તે અમને મદદ કરે ને તેને પણ કંઈક મદદ મળે. તે અમારો કેસ અમારા વકીલને સારી રીતે સમજાવી શકશે. વળી, તે નવો મુલક જોશે ને ઘણા નવા માણસોની ઓળખાણ કરશે.'

ભાઈએ મારી પાસે વાત કરી. હું આ બધાનો અર્થ સમજી ન શક્યો. મારે માત્ર વકીલને સમજાવવાનું કામ જ કરવું પડશે કે કોર્ટમાં પણ જવું રહેશે એ ન જાણી શક્યો. પણ હું લલચાયો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# ભારતીય અંગ્રેજી ટૂંકી વાર્તા : વિહંગાવલોકન

રાકેશ દેસાઈ

ભારતીય અંગ્રેજી સાહિત્યનાં ઇતિહાસકાર એમ. કે. નાઇકના મતે જન્મથી, પૂર્વજોથી કે રાષ્ટ્રીયતાથી ભારતીય એવા લેખકોનું અંગ્રેજીમાં લખાયેલું સાહિત્ય ભારતીય અંગ્રેજી સાહિત્ય છે. (Naik : ૨) આ વિચારને ભારતીય અંગ્રેજી ટૂંકી વાર્તાને પણ લાગુ પાડી શકાય. ભારતીય અંગ્રેજી ટૂંકી વાર્તાના અંકુર ઓગણીસમી સદીના અંત ભણી ફૂટ્યા હતાઃ ૧૮૮૫માં લંડનથી શોષી ચન્દ્ર દત્તનો વાર્તાસંગ્રહ 'રિઆલિટિઝ ઑવ ઇન્ડિયન લાઇફઃ સ્ટોરીઝ કલેક્ટેડ ફ્રોમ ધ ક્રિમિનલ રિપોર્ટ્સ ઑવ ઇન્ડિયા', અને શોષી ચન્દ્ર દત્ત અને સૌરિન્દ્ર મોહન ટાગોરનો વાર્તાસંગ્રહ 'ધ ટાઇમ્સ ઑવ યોર : ટેઇલ્સ ફ્રોમ ઇન્ડિયન હિસ્ટ્રી' પ્રકાશિત થયા હતા. ઓગણીસમી સદીના અંત સુધીમાં અન્ય માત્ર બે જ વાર્તાકારો હતા જેમણે એક્કેક વાર્તાસંગ્રહ પ્રકાશિત કર્યો હતો : ખેત્રપાલ ચક્રવર્તી, 'સરલા ઍન્ડ હિંગનાઃ' 'ટેઇલ્સ ડિસ્ક્રિપ્ટિવ ઑવ ઇન્ડિયન લાઇફ' (કલકત્તા, ૧૮૯૫) અને સેમ્યુઅલ તથા કમલા સથિયાનાધન, 'સ્ટોરીઝ ઑવ ઇન્ડિયન ક્રિશ્ચિયન લાઇફ' (મદ્રાસ, ૧૮૯૮). આમ, ભારતીય અંગ્રેજી ટૂંકી વાર્તાના આરંભકાળનું વિષયવસ્તુ(theme) મુખ્યત્વે ઇતિહાસ અને ધર્મનું વાસ્તવદર્શી ચિત્રણ છે.

વીસમી સદીના આરંભે નોંધપાત્ર સાહિત્યિક સર્જન ધરાવતાં પહેલાં વાર્તાકાર બ્રિટનમાં શિક્ષિત એક પારસી મહિલા કૉર્નીલિયા સોરાબજી(Cornelia Sorabji) હતાં, જે ૧૯૨૪માં કલકત્તામાં પહેલાં મહિલા વકીલ બન્યાં હતાં. એમના ચારેય વાર્તાસંગ્રહો લંડનથી પ્રકાશિત થયા હતા : 'લવ ઍન્ડ લાઇફ બિહાઇન્ડ ધ પરદા' (૧૯૦૧), 'સનબેબિઝ: સ્ટડીઝ ઇન ધ ચાઇલ્ડ લાઇફ ઑવ ઇન્ડિયા' (૧૯૦૪), 'બિટવિન ધ ટવાઇલાઇટ્સ: બિઇંગ સ્ટડીઝ ઑવ ઇન્ડિયન વિમેન બાય વન ઑવ ધેમસેલ્વ્સ' (૧૯૦૮), 'ઇન્ડિયન ટેઇલ્સ ઑવ ધ ગ્રેટ વન્સ અમંગ મૅન, વિમેન ઍન્ડ બર્ડ પીપલ' (૧૯૧૬). આ સંગ્રહોમાં વાર્તાઓ, પ્રસંગો, પાત્રનાં રેખાચિત્રો છે, અને મોટે ભાગે હિંદુ અને ક્યારેક પારસી, જીવન દરબારી અને સામાન્ય સમાજોના સંદર્ભે રજૂ થયા છે, અને એમાં સામાજિક સુધારણાના અંતર્પ્રવાહ સાથે આલંકારિક વિક્ટોરિયન શૈલીનો ઉપયોગ તરી આવે છે. આ કાળખંડના અન્ય વાર્તાકારોમાં એસ. એસ. બોઝ, એસ. એમ. નટેસા શાસ્ત્રી, એસ. બી. બેનર્જી, પ્રભાત ચંદ્ર મુખર્જી, શોવોના દેવી, દ્વિજેન્દ્રનાથ નિઓગી, એ. માધવૈયા, સુનીતિ દેવી સમાવિષ્ટ છે. વીસમી સદીના આરંભે ભારતીય અંગ્રેજી ટૂંકી વાર્તા વિષયવસ્તુની ક્ષેત્રમર્યાદાને વિસ્તારીને વધુ સર્જનશીલ બને છે.

૧૯૨૦ પછીથી ભારતની સ્વતંત્રતાની ચળવળમાં મહાત્મા ગાંધીની પ્રેરણાથી ઊમટેલા રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક પરિવર્તનના જુવાળમાં પરિષ્કૃત થઈને ભારતીય અંગ્રેજી સાહિત્યમાં નવલકથાની જેમ ટૂંકી વાર્તા પણ પોતાની ઓળખ પામે છે. આ કાલખંડના વાર્તાકારો, મુલ્કરાજ આનંદના અપવાદ સિવાય, દક્ષિણ ભારતના છેઃ શંકર રામ, એ. એસ. પી. ઐયર, એસ. કે. ચેત્તુર, કે. એસ. વેંકટરમણી અને કે. નાગાર્જુન. શંકર રામના ઉપનામે લખતા ટી. એલ. નટેશન એમના બે વાર્તાસંગ્રહોમાં — 'ધ ચિલ્ડ્રન ઑવ કાવેરી' (૧૯૨૬), 'ક્રીચર્સ ઑલ' (૧૯૩૩) — તમિલનાડુના ગ્રામ્ય જીવનનું નિરૂપણ કરે છે, જે ક્યારેક ઊર્મિલ પણ છે. અલબત્ત, એમ. કે. નાયક નોંધે છે કે ભારતીય ગ્રામ્ય હુલામણાં નામોનો સીધો શાબ્દિક અંગ્રેજી અનુવાદ કરવાની શંકર રામની રચનાપ્રયુક્તિ પછીથી રાજા રાવની પ્રસિદ્ધ નવલકથા 'કાન્થાપુરા'(૧૯૩૮)માં એના અસરકારક વિનિયોગ તરફ અંગુલીનિર્દેશ કરે છે : “But Shakar Ram recaptures the village scene evocatively and his literal translation of rustic nicknames like ‘Barrel-nose Grandapa’ and ‘spider-leg’ anticipates Raja Rao’s effective use of this device in Kanthapura.” (Naik : ૧૮૫) એ. એસ. પી. ઐયર એમના ત્રણ વાર્તાસંગ્રહોમાં — 'ઇન્ડિયન આફ્ટરડિનર સ્ટોરીઝ' (૧૯૨૭), 'સેન્સ ઇન સેક્સ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૨૯), 'ધ ફિંગર ઑવ ડેસ્ટિની ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૩૨) — સામાજિક સુધારાની તાતી જરૂરિયાત પર ભાર આપે છે અને ખાસ કરીને ભારતીય પરંપરાગત સમાજમાં નારીના દયનીય સ્થાન અંગે ચિંતા સેવે છે. એસ. કે. ચેત્તુરના વાર્તાસંગ્રહો 'મફલ્ડ ડ્રમ્સ ઍન્ડ સ્ટોરીઝ' (૧૯૧૭), 'ધ કોબ્રાઝ ઑવ ધેર્માશેવી ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૩૭), 'ધ સ્પેલ ઑવ એફ્રડાઇટી ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૭) અને 'મેંગો સીડ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૭૪) માટે એમની ઇન્ડિયન સિવિલ સર્વિસ દરમ્યાનની સત્તાવાર મુસાફરીઓ વસ્તુસામગ્રી પૂરી પાડે છે. એમનું નિરૂપણ વૈવિધ્યપૂર્ણ છે, જેમાં નિરીક્ષક-નિરૂપક, આત્મકથન, પત્રલેખનસ્વરૂપની રચનાપ્રયુક્તિઓ દેખાય છે.

એમ. કે. નાયકના મત મુજબ, કવિ મંજેરી ઈશ્વરનનું ટૂંકી વાર્તાના ક્ષેત્રે વિપુલ પ્રદાન હોવા છતાં એમને જોઈતી પ્રતિષ્ઠા મળી નથી, કારણ કે એમનાં પુસ્તકો હવે પ્રાપ્ય નથીઃ “The most productive of Indian English short story writers, Manjeri Isvaran, the poet, has not yet received the recognition due to him. Since most of his books are now out of print.” (Naik : ૧૮૭) ઈશ્વરનના વાર્તાસંગ્રહો નવ છે : 'ધ નેકિડ શિંગલ્સ' (૧૯૪૧), 'શિવરાત્રી' (૧૯૪૩), 'ઍન્ગ્રી ડસ્ટ' (૧૯૪૪), 'રિક્સાવાલા' (૧૯૪૬), 'ફૅન્સી ટેઇલ્સ' (૧૯૪૭), 'નો ઍન્કલિટ બૅલ્સ ફૉર હર' (૧૯૪૯), 'ઇમર્શન' (૧૯૫૧), 'પેઇન્ટેડ ટાઇગર્સ' (૧૯૫૬), 'અ મદ્રાસ ઍડમિરલ' (૧૯૫૯), એમ. કે. નાયક ઈશ્વરનની ટૂંકી વાર્તાનાં સ્વરૂપ અંગેની તીવ્ર સભાનતાની નોંધ લે છે, અને 'અ મદ્રાસ ઍડમિરલ'ની પ્રસ્તાવનામાં એમણે ટૂંકી વાર્તાનાં સ્વરૂપ અંગે કરેલી વાતને ટાંકે છે, જે કોઈ પણ પ્રકારની ટૂંકી વાર્તામાં આકસ્મિક ઘટનામાં શાશ્વત સ્વરૂપને રજૂ કરવાની જરૂરિયાત પર ભાર આપે છે : “A Short Story can be a fable or a parable, real or fantasy, a true presentation or a parody, sentimental or

satirical; serious in intent or a light-hearted diversion; it can be any of these, but to be memorable it must catch the eternal in the casual, invest a moment with the immensity of time." (Naik : ૧૮૭) ઈશ્વરન નિસર્ગાતીત અને સ્વૈરકલ્પના(fantasy)નાં પરિમાણોને એમના સમકાલીન વાર્તાકારો કરતાં વધુ ખેડે છે. ઉપરાંત, એ એસ. કે. ચેત્તુરની જેમ વિવિધ રચનાપ્રયુક્તિઓનો (જેમ કે નોંધપોથી, પત્રોનો ઉપયોગ) ઉપયોગ પણ સારી પેઠે કરી જાણે છે. એ. એન. દ્વિવેદીના મતે ઈશ્વરન નારીમનને સૂક્ષ્મ રીતે સમજે છે, પણ બાળ-મનનું ચિત્રણ કરવામાં એટલા સફળ થતા નથી, અને એ મુલ્કરાજ આનંદ અને રાજા રાવની જેમ અંગ્રેજી ભાષા સાથે નવતર પ્રયોગ કરતા નથી : "In depicting the womankind, Isvaran is close to earth and keenly alive. But he does not succeed so well when he comes to deal with children and their delicate psychology... Isvaran is not an experimenter with the English idiom, as Anand or Raja Rao is." (Dwivedi : ૧૬)

આ કાલખંડમાં પ્રમુખ વાર્તાકારોમાં મંજેરી ઈશ્વરન ઉપરાંત તત્કાલીન પ્રમુખ નવલકથાકારો છે : મુલ્કરાજ આનંદ, આર. કે. નારાયણ અને રાજા રાવ. ઈશ્વરનની જેમ મુલ્કરાજ આનંદનું ટૂંકી વાર્તામાં પ્રદાન વિપુલ માત્રામાં છે : 'ધ લૉસ્ટ ચાઇલ્ડ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૩૪), 'ધ બાર્બર્સ ટ્રેડ યુનિયન ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૪૪), 'ધ ટ્રેક્ટર ઍન્ડ ધ કૉર્ન ગૉડેસ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૪૭), 'રિફ્લેક્શન્સ ઑન ધ ગોલ્ડન બેડ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૩), 'ધ પાવર ઑવ ડાર્કનેસ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૯), 'લાજવંતી ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૬૬), 'બિટવીન ટિઅર્સ ઍન્ડ લાફ્ટર' (૧૯૭૩). આનંદ ટૂંકી વાર્તાના સ્વરૂપને નવીન મનોવિજ્ઞાન સાથે લોકકથા તથા પરીકથાનાં સંયોજનથી ઘડે છે. ઇન્ડિયન ફેરી ટેઇલ્સની પ્રસ્તાવનામાં એ જણાવે છેઃ "Although I have taken in much new psychology into my writing of the short story, I have always tried to approximate to the technique of the folk tale and the influence of these fairy tales has always been deep on my short fiction." (Naik : ૧૮૯) ભાવમુદ્રા(mood) અને ભાવપર્યાવરણ(tone)માં વૈવિધ્ય ધરાવતી મુલ્કરાજ આનંદની વાર્તાઓ કાલ્પનિક વાર્તાઓ (એમના શબ્દોમાં 'લિરિક અવેરનેસ'), સામાજિક પરિમાણની વાર્તાઓ તથા પ્રહસન સુધીના વિનોદ અને સૂક્ષ્મ મનોવિજ્ઞાનને અજમાવતી ત્રણ પ્રકારોમાં સંચરે છે.

ટૂંકી વાર્તાના ક્ષેત્રે મુલ્કરાજ આનંદના આગમનથી એક દાયકા બાદ ૧૯૪૩માં જાણીતા નવલકથાકાર આર. કે. નારાયણના પ્રથમ ત્રણ વાર્તાસંગ્રહો 'સાયક્લોન ઍન્ડ અધર સ્ટોરીઝ', 'ડોડુ ઍન્ડ અધર સ્ટોરીઝ' અને 'માલગુડી ડેઇઝ' પ્રકાશિત થયા હતા. એમના અન્ય વાર્તાસંગ્રહો 'એન ઍસ્ટ્રોલૉજર્સ ડે ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૪૭), 'લોલી રોડ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૬) અને 'અ હોર્સ ઍન્ડ ટુ ગોટ્સ' (૧૯૭૦) છે. આ વાર્તાઓનું મુખ્ય લક્ષણ હળવી વક્રતા છે. નારાયણના ટૂંકી વાર્તાનાં સ્વરૂપ અંગે એમ. કે. નાયક નોંધે છે કે એમની વાર્તાઓ સમાન રૂપે સઘન છે, એમની શૈલી સહજ છે, અને વૂડહાઉસના લેખનમાં હોય છે એમ નિરૂપક 'વાતોડિયો માણસ' હોય છે, અને 'અન્કલ્સ લેટર'માં પત્રના

સ્વરૂપનો ઉપયોગ થયો છે એ સિવાય એમની વાર્તાઓમાં નિરૂપણમાં કોઈ પ્રખર પ્રયોગો થયા નથી, અને એમની કેટલીક વાર્તાઓ અને નવલકથાઓ વચ્ચેના આંતરસંબંધો રસપ્રદ છેઃ "Narayan's stories are uniformly compact and are told in his usual seemingly artless style. He sometimes uses the 'Talkative Man' as narrator in the manner of Wodehouse and except in 'Uncle's Letters' where the epistolary mode is employed, he does not attempt any radical experiments in narration. The thematic interconnections between some of Narayan's stories and his novels are interesting." (Naik : ૧૯૨) એ. એન. દ્વિવેદી નોંધે છે કે આર. કે. નારાયણ નારીપાત્રોનાં ચિત્રણમાં એટલા સફળ નથી, અને એ રાજકીય વિષયવસ્તુથી અળગા રહે છે : "...he is decidedly weak in depicting women characters of flesh and blood, as one may gather from "Mother and Son" or from "A willing Slave". Like his novels, his stories do not have political overtones or even undertones. They also avoid making reference to religion and belief. Like Anand, he reveals his situations or characters by means of narration, and not by means of dialogue. (Dwivedi : ૧૪)

ત્રીજા પ્રમુખ નવલકથાકાર રાજા રાવનું લેખન નવલકથાની જેમ ટૂંકી વાર્તાના ક્ષેત્રે પણ ઓછું રહ્યું છે. એમની કુલ બાર ટૂંકી વાર્તાઓ 'ધ કાઉ ઑવ ધ બેરિકેડ્સ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૪૭)માં સંગ્રહિત થઈ છે, અને 'પોલીસમૅન ઍન્ડ ધ રોઝ' (૧૯૭૮) અગાઉની બે સિવાયની વાર્તાઓને ફરીથી સમાવીને અને ત્રણ નવી વાર્તાઓ ઉમેરીને પ્રકાશિત થયો હતો. રાજા રાવની વાર્તાઓમાં ગાંધીનું દર્શન, ભારતીય તત્ત્વજ્ઞાન અને પ્રતીકોનો સૂક્ષ્મ વિનિયોગ તરી આવે છે. ઉદાહરણ તરીકે, એમની વાર્તા "ધ કાવ ઑવ ધ બૅરિકેડ્ઝ"માં યાતના ભોગવતી ગૌરી નામની ગાય શોષણખોર અંગ્રેજ શાસકોથી ત્રસ્ત માતૃભૂમિનું પ્રતીક બની રહે છે. એ. એન. દ્વિવેદીના મતે રાજા રાવનું જીવનદર્શન, ભારતીય મૂળની સભાનતા, સબળ નિરૂપણની પ્રવિધિ(technique) અને અંગ્રેજીનો પ્રભાવશાળી ઉપયોગ એમની વાર્તાકાર તરીકેની લાક્ષણિકતાઓ છે : "As a short story writer, the real charm of Raja Rao lies in his profundity of vision and in his deep-rooted Indianness. He appeals to us for his onrushing narrative technique – as though the tale has gushed forth from a dark, deep cavern – and his masterly handling of the English language." (Dwivedi : ૧૫)

ખ્વાજા અહમદ અબ્બાસ ભારતીય ફિલ્મઉદ્યોગમાં દિગ્દર્શક, પટકથાલેખક, નવલકથાકાર અને વાર્તાકાર છે, અને ઉર્દૂ, હિન્દી અંગ્રેજીમાં પત્રકાર છે. આ કાલખંડમાં એમના ચાર વાર્તાસંગ્રહોનું નોંધપાત્ર પ્રદાન છે : 'રાઇસ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૪૭), 'કેજિસ ઑવ ફ્રીડમ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૨), 'વન થાઉઝંડ નાઇટ્સ ઑન અ બેડ

ઑવ સ્ટોન્સ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૭) અને 'ધ બ્લૅક સન ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૬૩). કે. એ. અબ્બાસનું લડાયક ડાબેરી વલણ એમની વાર્તાઓના વિષયવસ્તુમાં પ્રતિબિંબિત થાય છે. એમનો ફિલ્મઉદ્યોગ અને પત્રકારત્વ સાથેનો ઘનિષ્ઠ પરિચય એમની ટૂંકી વાર્તાની રચના અને પ્રવિધિને પ્રભાવિત કરે છે.

સ્વાતંત્ર્યોત્તર ટૂંકી વાર્તાઓનું સર્જન મોટે ભાગે નવલકથાકારોએ કર્યું છે, જેમાં ભબાની ભટ્ટાચાર્ય, ખુશવંત સિંઘ, મનોહર માલગોંકર, ચમન નહલ અને અરુણ જોશી સાથે સ્ત્રી લેખકોમાં રૂથ પ્રવર ઝાબવાલા, અનિતા દેસાઈ, નરગિસ દલાલ અને અત્તિયા હુસૈનનો સમાવેશ થાય છે. ભબાની ભટ્ટાચાર્યના બે વાર્તાસંગ્રહો 'ઇન્ડિયન કૅવલ્કેડ' (૧૯૪૮) અને 'સ્ટીલ હૉક' (૧૯૬૮)માં કેટલીક મનોવૈજ્ઞાનિક પરિમાણ ધરાવતી વાર્તાઓ સિવાય પ્રસંગનું આલેખન અને પાત્રોનાં રેખાચિત્રો (sketches) મળે છે. ખુશવંત સિંઘના ચાર વાર્તાસંગ્રહો છે : 'ધ માર્ક ઑવ વિષ્ણુ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૦), 'ધ વૉઇસ ઑવ ગૉડ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૫૭), 'અ બ્રાઇડ ફૉર ધ સાહિબ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૬૭), 'બ્લૅક જેસ્મિન' (૧૯૭૧). પણ એમ. કે. નાયક નોંધે છે કે એમના પહેલા, બીજા અને ચોથા વાર્તાસંગ્રહોની મોટા ભાગની વાર્તાઓ એની એ જ છે. (Naik : ૨૫૯-૨૬૦) ખુશવંત સિંઘની વાર્તાઓ ભારતીય આધુનિક સમાજની અમલદારશાહી, ચૂંટણીની પ્રક્રિયાઓ અને દેશાગત ભારતીયોને જલદ કટાક્ષથી ઉઘાડાં પાડે છે. એમનું કામવૃત્તિનું વિષયવસ્તુ માટેનું વળગણ વાર્તાઓમાં દેખા દે છે. ખુશવંતસિંઘ કોઈ પણ ક્ષેત્રમાં જે ઘૃણાસ્પદ, કુરૂપ હોય એની સ્પષ્ટપણે ટીકા કરે છે. ઉદાહરણ તરીકે "ધ માર્ક ઑવ વિષ્ણુ" વાર્તામાં કાળા નાગને દૂધ પિવડાવીને પૂજતો એક શ્રદ્ધાળુ બ્રાહ્મણ ગંગારામ છેવટે એ નાગના ડંખથી મૃત્યુ પામે છે. "ધ વૉઇસ ઑવ ગૉડ"માં કાતિલ ગુનેગાર ગંદા સિંઘ ચૂંટણી જીતે છે, અને એક યોગ્ય ઉમેદવાર બાબા રામ સિંઘ ચૂંટણી હારે છે. દ્વિવેદી નોંધે છે કે ખુશવંત સિંઘનું સબળ પાસું વક્રતા અને વિનોદવૃત્તિ છે : "Mr. Singh's forte is irony and comic sense." (Dwivedi : ૧૭) મનોહર માલગોંકરના વાર્તાસંગ્રહો 'અ ટૉસ્ટ ઇન વૉર્મ વાઇન' (૧૯૭૪), 'બૉમ્બે બિવેર' (૧૯૭૫) અને 'રમ્બલ ટમ્બલ' (૧૯૭૭) છે, જે સક્રિય જીવનનાં લશ્કરી જીવન, જાસૂસી, શિકાર, ખાણમાં ખોદકામ, ખજાનાની શોધ અને ફિલ્મનિર્માણ જેવાં પાસાંઓને વ્યક્ત કરે છે. એમ. કે. નાયકના મતે માલગોંકરના જીવનના અનુભવોની સમૃદ્ધિ કળામાં પરિણમતી નથી. (Naik : ૨૬૧)

ચમન નહલ અને અરુણ જોશીનો એક્કેક વાર્તાસંગ્રહ છે. ચમન નહલનો વાર્તાસંગ્રહ 'ધ વિઅર્ડ ડાંસ ઍન્ડ અધર સ્ટોરીઝ'(૧૯૬૫)માં ઉત્તર ભારતીય મધ્યમવર્ગ કુટુંબોમાં લગ્ન માટે પતિ-પત્નીની પસંદગી અને એની વક્રતા (irony) પુનરાવૃત્તિ પામતું વિષયવસ્તુ છે. ઉપરાંત, ભારતનું વિભાજન અને એના પ્રત્યાઘાતોનું વિષયવસ્તુ પણ નોંધપાત્ર છે. અરુણ જોશીના વાર્તાસંગ્રહ 'ધ સર્વાઇવર (૧૯૭૫)માં પાત્રોનું વૈવિધ્ય છે, અને વાર્તાલેખન ક્યારેક પ્રસંગલેખનમાં અટકી જાય છે. રસ્કિન બોન્ડના વાર્તાસંગ્રહો ઘણા છે : 'નેબર્સ વાઇફ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૬૬), 'માય ફર્સ્ટ લવ ઍન્ડ સ્ટોરીઝ' (૧૯૬૮), 'ધ મેનઇટર ઑવ મંજરી' (૧૯૭૨), 'ધ ગર્લ ફ્રોમ કોપનહેગન' (૧૯૭૭). એમનાં વિષયવસ્તુઓ પાળીતાં પ્રાણીઓ અને અનાથ બાળકો, શારીરિક પડકાર ઝીલતાં બાળકો, વ્યગ્ર કિશોરો, હતાશ વૃદ્ધો, વંચિતો છે. પ્રકૃતિ પણ એમનો પ્રિય વિષય છે.

એમ. કે. નાયક નોંધે છે કે વીતી ગયેલા બાળપણ કે સમય માટેનો અતીતરાગ, સમયની વીતી જવાની અનિવાર્ય કૂચ તથા વૃક્ષો, પ્રકૃતિ સાથે માનવીનો અતૂટ સંબંધ બોન્ડની વાર્તાઓની લાક્ષણિકતાઓ છે. (Naik : ૨૬૨) મનોજ દાસના ચાર વાર્તાસંગ્રહો પ્રકાશિત થયા છે : 'સોંગ ફૉર સન્ડે ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૬૭), 'શૉર્ટ સ્ટોરીઝ' (૧૯૬૯), 'ધ ક્રોકોડાઇલ્સ લેડી' (૧૯૭૫), 'ફેબલ્સ ઍન્ડ ફેન્ટસિઝ ફૉર એડલ્ટ્સ' (૧૯૭૭). મનોજ દાસ કટાક્ષ, દંતકથા, વિનોદયુક્ત સ્વૈરકલ્પના(fantasy) જેવા નિરૂપણની વિવિધ વ્યૂહરચનાઓ અપનાવે છે. બ્રિટિશ ભારતીય સશથી બ્રાટાનો વાર્તાસંગ્રહ 'અ સર્ચ ફૉર હોમ' (૧૯૭૫) પૂર્વ-પશ્ચિમના મિલનના સંદર્ભે ભારતીય જીવન અને સંસ્કૃતિ વિશેનું આત્મકથાત્મક લેખન રજૂ કરે છે. એમના વાર્તાસંગ્રહ 'એન્કાઉન્ટર'(૧૯૭૫)ની વાર્તાઓ પાશ્ચાત્ય પાર્શ્વભૂમાં સ્ત્રી-પુરુષના પ્રેમને મુક્તપણે વ્યક્ત કરે છે.

સ્ત્રીવાર્તાકારોમાં રૂથ પ્રવર ઝાબવાલા ચાર વાર્તાસંગ્રહોનું પ્રદાન કરે છે : 'લાઇક બર્ડઝ, લાઇક ફિશિસ' (૧૯૬૩), 'ઍન એક્સપિરિઅન્સ ઑવ ઇન્ડિયા' (૧૯૬૬), 'અ સ્ટ્રોંગર કલાઇમેટ' (૧૯૬૮), 'હાઉ આઈ બિકેઇમ અ હોલિ મધર' (૧૯૭૬). રૂથ પ્રવર ઝાબવાલાનાં માતા-પિતા પોલૅન્ડનાં છે, પોતે જન્મે જર્મનીનાં છે, અભ્યાસ સંદર્ભે બ્રિટિશ છે, લગ્નથી ભારતીય છે. અંગ્રેજી એમની માતૃભાષા છે. ઝાબવાલા ભારતને તટસ્થતાથી જુએ છે. એમનાં વિષયવસ્તુઓ ભારતીય સંયુક્ત કુટુંબ, પશ્ચિમનાં માનવીને ભારતમાં થતો અનુભવ છે. ભારતમાં બે પ્રકારની પાશ્ચાત્ય વ્યક્તિઓ દેખાય છે : શોધકો, જે ભારતમાં એવું કંઈક પામવા આવ્યા છે, જે એમને પશ્ચિમ નથી આપી શક્યું; અને દુઃખી થનારા, જે ભારતમાં પારકા બનીને રહે છે. એમના બીજા વાર્તાસંગ્રહ 'એન એક્સપિરિઅન્સ ઑવ ઇન્ડિયા'ની પ્રસ્તાવનામાં એ લખે છે કે એમને હવે ભારતમાં નહીં, પણ ભારતમાં રહેલી પોતાની જાતમાં રસ છે : "I am no longer interested in India. What I am interested in now is myself in India." (Naik : ૨૬૩) અનિતા દેસાઈના બે વાર્તાસંગ્રહો છે : 'ગેઇમ્સ એટ ટ્વાઇલાઇટ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૭૮) અને 'ડાયમન્ડ ડસ્ટ ઍન્ડ અધર સ્ટોરીઝ' (૨૦૦૦). પહેલા વાર્તાસંગ્રહનાં પાત્રો તીવ્ર સંવેદનશીલતા ધરાવે છે, અને એમાંનાં ઘણાં બાળકો, સ્ત્રીઓ, કલાકારો, અંતર્મુખી વ્યક્તિઓ છે. બીજા વાર્તાસંગ્રહમાં માનવીય આંતરસંબંધોની હાજરી અને ગેરહાજરી, માનવ અને પ્રાણીના સંબંધોનું સૂક્ષ્મ ચિત્રણ છે. શશી દેશપાંડેના ભારતીય નારીનાં પરંપરા અને આધુનિકતાની વચ્ચે વાટાઘાટ કરતા છ વાર્તાસંગ્રહો છે : 'ધ લિગસી' (૧૯૭૮), 'ઇટ વૉઝ ધ નાઇટિંગલ' (૧૯૮૬), 'ધ મિરેકલ' (૧૯૮૬), 'ઇટ વૉઝ ડાર્ક' (૧૯૮૬), 'ધ ઇન્ટ્રઝન ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૯૩), 'ધ સ્ટોન વુમન' (૨૦૦૧). જન્મે બંગાળી અને કૅનેડા અને યુ.એસ.ની નાગરિકતા ધરાવતાં ભારતી મુખરજીના બે વાર્તાસંગ્રહો 'ડાર્કનેસ' (૧૯૮૫) અને 'ધ મિડલમૅન ઍન્ડ અધર સ્ટોરીઝ' (૧૯૮૮) સ્થાનાંતરણ, સાંસ્કૃતિક ઓળખ અને દેશાગત અનુભવ જેવાં વિષયવસ્તુઓને વાચા આપે છે. જે ભારતીય અંગ્રેજી કવિઓએ ટૂંકી વાર્તામાં હાથ અજમાવ્યો છે એમાં માર્ગરેટ ચેટરજી, કે. એન. દારૂવાલા અને શિવ કે. કુમારનો સમાવેશ થાય છે.

એ. એન. દ્વિવેદી ૧૯૯૧માં પ્રકાશિત થયેલા એમના પુસ્તકમાં નોંધે છે કે ભારતીય અંગ્રેજી ટૂંકી વાર્તા ભારતીય લોકકથા અને દંતકથામાંથી વિષયવસ્તુઓ લેતાં શીખી લે

છે અને આધુનિક પ્રવિધિનો ટૂંકી વાર્તાના સ્વરૂપમાં વિનિયોગ કરે છે: "The short story writers have come to realize, and rightly so, that their own tradition of both folk-tales and fables has been rich enough to feed and support them in moments of necessity, and that they have just to look around for their keen and lively subjects, to which they have tailored their modern techniques. So, while their sensibility and subject-matter are essentially 'autochthonous', their treatment of stories is moulded by such modern modes of expression as the stream-of-consciousness, the flashback and flashforth, the first-person narration, the point-of-view method, and the epistolary method." (Dwivedi: ૨૦)

મુરલી મેલવાની, જે પોતે વાર્તાકાર છે, પોતાનાં ૨૦૦૮માં પ્રકાશિત થયેલાં પુસ્તકમાં છેલ્લા ચારેક દાયકાઓના ગાળામાં પચ્ચીસ જેટલા વાર્તાકારો નોંધે છે : વિક્રમ ચંદ્ર, અમિત ચૌધરી, લાવણ્યા શંકરન, રાધિકા ઝા, મંજુલા પદ્મનાભન, શ્રી ઘાટગે, ડાયેના રોમની, આર. રાજા રાવ, તેમ્સુલા આઓ, ગીતા હરિહરણ, અનિતા નાયર, વિજય લક્ષ્મી, એસ્થર ડેવિડ, સંગીતા વાધવાની, અંજના અપ્પાચના, મેહેર પેસ્તનજી, સુસાન વિશ્વનાથન, નિશા દ કુન્હા, રિષી રેડ્ડી, શીલા જયંત, ઉમા પરમેશ્વરન, શીની એન્ટની, અને એ ઉપરાંત અનુરાધા મુરલીધરન, અમરદીપ એસ. દહિયા, ડી. વી. એસ. આર. મૂર્તિ, દીપા અગ્રવાલ છે.

આમાંથી કેટલાક વાર્તાકારોના સંદર્ભે, ગીતા હરિહરનની 'ધ આર્ટ ઑવ ડાયિંગ' (૧૯૯૩)માં સંગ્રહિત વાર્તાઓમાં અંતિમ અસર સ્પષ્ટપણે પારખી શકાતી નથી, અને સચોટ રૂપકો(metaphors) આ વાર્તાઓનું સબળ પાસું છે. (Melvani: ૨૦૨) વિક્રમ ચંદ્રનો સંગ્રહ 'લવ ઍન્ડ લોન્ગિગ ઇન બૉમ્બે'(૧૯૯૭)ની પાંચ વાર્તાઓ 'કૂંડાળામાંનાં કૂંડાળાં'ની જેમ પછીની વાર્તાને સર્જે છે, અને સમાજના ઉચ્ચવર્ગ પરનો કટાક્ષ, પ્રેમનાં વિવિધ સૂક્ષ્મ રૂપો, મુંબઈ નગરનો અર્થ જેવાં વિષયવસ્તુઓને ખેડે છે. (Melvani: ૧૯૩) મેહેર પેસ્તનજી 'મિક્સ્ડ મેરિજ ઍન્ડ અધર સ્ટોરીઝ'(૧૯૯૯)માં પારસી જીવનની લાક્ષણિકતાઓ વર્ણવે છે. રાજા રાવ 'વન ડે આઇ લૉક્ડ માય ફ્લેટ ઇન સોલ સિટી'(૨૦૦૧)ની વાર્તાઓમાં સમલૈંગિક સંબંધોને રજૂ કરે છે. એસ્થર ડેવિડના સંગ્રહ 'બાય ધ સાબરમતી'(૨૦૦૧)ની વાર્તાઓ વંચિત નારીઓનાં જીવનની પીડા અને સંઘર્ષનું સંવેદનશીલ ચિત્રણ કરે છે. અમિત ચૌધરી 'રિઅલ ટાઇમ: સ્ટોરીઝ ઍન્ડ અ રેમિનિસન્સ'(૨૦૦૨)માં વર્તમાનની ભૂતકાળની સ્મૃતિઓ સાથેની વાટાઘાટ આલેખે છે (Melvani: ૧૯૫) મંજુલા પદ્મનાભન 'કલેપટોમેનિયા: ટેન સ્ટોરીઝ' (૨૦૦૩) અતિરમતિયાળ કલ્પનાશીલતાની પાછળ રહેલી નૈતિક ચિંતા દર્શાવે છે, દૂરના ભવિષ્યમાં ભારતમાં પરમાણુ બૉમ્બથી થતા વિનાશ સાથે ગાંધીનાં દર્શનને જોડે છે અને પર્યાવરણ તથા પ્રદૂષણના મુદ્દાઓને તપાસે છે. (Melvani: ૧૯૮) તેમ્સુલા આઓનો સંગ્રહ 'ધીઝ હિલ્સ કૉલ્ડ હૉમ: સ્ટોરીઝ ફ્રોમ અ વૉર ઝોન' (૨૦૦૫)નાગાલૅન્ડના લેખકનું સૌપ્રથમ કથાસાહિત્યમાંનું લેખન છે, અને આ વાર્તાઓ નાગાલૅન્ડના રાજકીય ઇતિહાસના ભાગ

રૂપે બ્રિટન અને પછી ભારતથી સ્વતંત્ર રહેવાના એના પ્રયાસો, ત્યાંની ઉગ્રવાદી પ્રવૃત્તિ અને આથી સામાન્ય લોકોને થતી હાડમારીને વર્ણવે છે. (Melvaniઃ ૨૦૦-૨૦૧) ઉમા પરમેશ્વરનના સંગ્રહ 'ફાઇટર પાઇલટ્સ નેવર ડાઇ'(૨૦૦૬)ની ખાસ કરીને કૅનેડામાં આકાર પામતી વાર્તાઓ ભારતીય દેશાગત (immigrant)જીવનના મુદ્દાઓને તપાસે છે.

વર્તમાન ભારતીય અંગ્રેજી વાર્તાકારોમાંના ઘણા ભારતીય મૂળના વિદેશમાં વસતા દેશાગત નાગરિકો છે, અને આથી દેશાગત જીવનની લાક્ષણિકતાઓ અને સમસ્યાઓનો ટૂંકી વાર્તાના વિષયવસ્તુ પર નોંધપાત્ર પ્રભાવ રહ્યો છે. જાણીતા નવલકથાકાર સલમાન રશદી જન્મે ભારતીય છે અને બ્રિટિશ-અમેરિકન રાષ્ટ્રીયતા ધરાવે છે. એમનો વાર્તાસંગ્રહ 'ઇસ્ટ વેસ્ટ' (૧૯૯૪) ત્રણ ભાગોમાં વહેંચાયેલો છે : "ઇસ્ટ", "વેસ્ટ", "ઇસ્ટ, વેસ્ટ". દરેક વિભાગ જે તે ભૌગોલિક પ્રદેશ વિશેની વાર્તા રજૂ કરે છે. "ઇસ્ટ, વેસ્ટ"ની વાર્તાઓ પૂર્વ અને પશ્ચિમના પરસ્પર પર પડતા પ્રભાવનું ચિત્રણ કરે છે. મુરલી દાસ મેલવાની તાઇવાનમાં પચીસ વર્ષ રહ્યા અને હવે યુ.એસ.માં નિવાસ કરે છે. એમના ત્રણ વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે : 'સ્ટોરીઝ ઑવ અ સેલ્સમૅન' (૧૯૬૭), 'લૅડર્સ અગેઇન્સ્ટ ધ સ્કાય' (૨૦૧૭), 'બિયોન્ડ ધ રેઇનબો' (૨૦૨૦). 'સ્ટોરીઝ ઑવ અ સેલ્સમૅન' ભારતીય લગ્નના બજારમાં જીવનસાથીની પસંદગી અંગેની પ્રયુક્તિઓ દર્શાવે છે. 'લૅડર્સ અગેઇન્સ્ટ ધ સ્કાય'માં કેટલીક વાર્તાઓનું ઘટનાસ્થળ હૉંગકૉંગ, તાઇવાન, થાઇલૅન્ડ, ચિલિ છે, અને આ દેશોના સાંસ્કૃતિક અને આર્થિક પરિવેશથી ઘડાતા અને કુરૂપ પણ થતા દેશાગત જનોના જીવનની સંકુલતાને દર્શાવે છે. ભારતમાં આકાર લેતી વાર્તાઓમાં પરંપરા અને આધુનિકતા, અંધશ્રદ્ધા અને વિજ્ઞાન, બળવો અને રાષ્ટ્રીય એકતા વચ્ચેના વિરોધાભાસો વ્યક્ત થાય છે. 'બિયોન્ડ ધ રેઇનબો'માંની ટૂંકી વાર્તાઓ વૈશ્વિક સિંધી ડાયાસ્પોરાને વાચા આપે છે. આસામ, હૉંગકૉંગ, યુ.એસ., મૅક્સિકો જેવાં વિવિધ સ્થળોએ વાર્તા સંચરે છે. બધી વાર્તાઓના નાયકો સિંધી છે અને દેશાગતના જીવનના સંઘર્ષ અને સફળતાને વર્ણવે છે. અરવિંદ અડિગા જન્મે ભારતીય અને એમની નાગરિકતા ઑસ્ટ્રેલિયાની પણ છે. એમનો વાર્તાસંગ્રહ 'બિટવિન ધ અસેસિનેશન' (૨૦૦૮) ગ્રામ્ય, દક્ષિણ ભારતનું સૌન્દર્ય પ્રગટ કરે છે અને ભારતીય જીવનની વ્યથા અને વક્રતા ચીંધી આપે છે. ઝમ્પા લાહિરી ભારતીય મૂળના છે, અને એમની નાગરિકતા બ્રિટિશ-અમેરિકન છે. એમના બે વાર્તાસંગ્રહો છે : 'ઇન્ટરપ્રિટર ઑવ મૅલડિઝ' (૧૯૯૯), 'અનઅકસટમડ અર્થ' (૨૦૦૮), જે જીવનની કરુણાંતિકા અને દેશાગત જીવનના સાંસ્કૃતિક-સામાજિક મુદ્દાઓને સ્પર્શે છે.

સમકાલીન વાર્તાકાર મુરલી મેલવાનીના મતે ભારતની ભાતીગળ સંસ્કૃતિનો મર્મ પામવા માટે ટૂંકી વાર્તાનું સ્વરૂપ શ્રેષ્ઠ છે, કારણ કે ભારત ઉપખંડ સમો વિશાળ દેશ છે, અને એમાં જીવનનું પોત એકસરખું હોવા છતાં એનાં વિચરણો નવલકથામાં એમના આલેખન માટે વધુ પડતાં સૂક્ષ્મ છે. આમ, ભારતીય જીવનના પોતનાં વિચરણોને શબ્દબદ્ધ કરવા માટે ટૂંકી વાર્તાનું સ્વરૂપ આદર્શ પુરવાર થાય છે : "If anyone wants to understand he must go first, not to its novelists or playwrights, nor to its social scientists, but to its short story

writers. India, after all, is a continent, and though the texture of life is the same throughout, the variations are far too subtle to be recorded in a novel. The short story is the ideal medium for this purpose." (Melvani : ૨૧૪)


સંદર્ભ : **Dwivedi,** A. N. Studies in Contemporary Indian-English Short Story : A Collection of Critical Essays. Delhi : B. R. Publishing Corporation, 1991. New World Literature Series: 38

**Melwani,** Murli. Themes in the Indian Short Story in English : An Historical and a Critical Survey 1835-2008. 2008. Downloaded version. PDF by Murli Melwani, updates@academia-mail. com, 06 February, 2025, at 10:15 AM

**Naik,** M. K. A History of Indian English Literature. 1982. Rpt. New Delhi : Sahitya Akademi, 2023.


■

નાતાલની રાજધાની મૅરિત્સબર્ગમાં ટ્રેન નવેક વાગ્યે પહોંચી. અહીં પથારી આપવામાં આવતી હતી. કોઈ રેલવેના નોકરે આવીને પૂછ્યું, 'તમારે પથારી જોઈએ છે?'

મેં કહ્યું, 'મારી પાસે મારી પથારી છે.'

તે ચાલ્યો ગયો. દરમ્યાન એક ઉતારુ આવ્યો. તેણે મારી સામે જોયું. મને ભાતીગર જોઈ મૂંઝાયો. બહાર નીકળ્યો. એક બે અમલદારોને લઈ આવ્યો. કોઈએ મને કંઈ ન કહ્યું. છેવટે એક અમલદાર આવ્યો. તેણે કહ્યું, 'આમ આવો. તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

મેં કહ્યું, 'મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે.'

પેલે જવાબ આપ્યો, 'તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

'હું કહું છું કે, મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે ને હું તેમાં જ જવા ધારું છું.'

અમલદાર બોલ્યો, 'એમ નહીં બને. તમારે ઊતરવું પડશે, ને નહીં ઊતરો તો સિપાહી ઉતારશે.'

મેં કહ્યું, 'ત્યારે ભલે સિપાહી ઉતારે, હું મારી મેળે નહીં ઊતરું.'

સિપાહી આવ્યો. તેણે મારો હાથ પકડ્યો ને મને ધક્કો મારીને નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી લીધો. મેં બીજા ડબામાં જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ. હું વેટિંગ રૂમમાં બેઠો. મારું હાથપાકીટ સાથે રાખ્યું. બાકી સામાનને હું ન અડક્યો. રેલવેવાળાએ સામાન ક્યાંક મૂક્યો.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# ચંદુ મહેરિયાનું વેધક આત્મકથ્ય – અંગ્રેજીમાં

સંજય સ્વાતિ ભાવે

[Homes without Windows, Chandu Maheria, translated by Hemang Ashwinkumar, Juggernaut Books, Delhi, 2026, Rs. 699/-; ચંદુ મહેરિયાના અગ્રંથસ્થ ગુજરાતી સ્મરણ-નિબંધોનો અનુવાદ]

**પ્રસ્તાવના**

દલિત વિમર્શના નિષ્ણાત અને જાહેર જીવનના ઊંડા અભ્યાસી ચંદુભાઈ મહેરિયાના આત્મકથનાત્મક નિબંધોનો અંગ્રેજી અનુવાદ તાજેતરમાં 'Home without Windows' નામના પુસ્તક તરીકે પ્રસિદ્ધ થયો છે. અનુવાદક આ પુસ્તકને ઉચિત રીતે જ memoir એટલે કે સંસ્મરણો અથવા સ્મરણકથા ગણે છે. અનુવાદની કેટલીક વિશેષતાઓ આ મુજબ છે : નિબંધોના મૂળ પાઠમાં કરેલાં વિપુલ ઉપકારક સર્જનાત્મક ઉમેરણો, ભાષાની સમૃદ્ધિ અને તાજગી, સામાજિક પરિપ્રેક્ષ્ય, સમાજ તેમ જ સાહિત્યની દૃષ્ટિએ આ સ્મરણકથાની મહત્તા ઉપસાવી આપતી વિદ્વત્તાપૂર્ણ વિશદ પ્રસ્તાવના અને સામગ્રી સાથે લાગણીનું જોડાણ. પુસ્તકના ક્રમ વિનાનાં પહેલાં બે પાનાંમાં અભ્યાસીઓએ પુસ્તક માટે આપેલા પ્રશંસાત્મક અભિપ્રાયો મૂકવામાં આવ્યા છે. તેમાં સાંસ્કૃતિક કર્મશીલ ગણેશ દેવીએ નોંધ્યું છે : 'કવિ હેમાંગ અશ્વિનકુમારે કરેલો અનુવાદ ચંદુભાઈ મહેરિયાએ ગુજરાતીમાં લખેલા એકએક શબ્દને જીવંત બનાવે છે. ચંદુભાઈ જાણે પોતે જ તેમનાં જખમો, પીડા, દુર્ગંધ અને એ બધાંની વાત અંગ્રેજીમાં માંડતા હોય તેમ લાગે છે.' અંગ્રેજી વાચકને આ પુસ્તક સ્પર્શી જવાનું, એમ સલામત રીતે ધારી શકાય. અંગ્રેજી અને મૂળ ગુજરાતી નિબંધોની સરખામણી કરતાં એમ જણાય કે અનુવાદકે લેખકના નિબંધોનું પોતાનું version રજૂ કર્યું છે.

સામગ્રીની પસંદગીમાં અનુવાદકની દૃષ્ટિસંપન્નતા દેખાય છે, એ અર્થમાં કે પુસ્તકમાં સમાવવામાં આવેલા અગિયાર નિબંધો ગુજરાતીમાં હજુ પુસ્તક તરીકે પ્રકાશિત થયા નથી. તે ગયા વીસેક વર્ષ દરમિયાન સામયિકોમાં પ્રસિદ્ધ થતા રહ્યા છે. અભિપ્રાય-પૃષ્ઠોમાં પત્રકાર અને વ્યંગકાર ઉર્વીશ કોઠારી લખે છે : 'ગુજરાતમાં ચંદુભાઈનું લેખન તેની વેધક સ્પષ્ટતા માટે ક્યારનુંય વખાણાઈ ચૂક્યું છે. તેમનું લેખન વીંધી નાખનારું છતાં કડવાશ વિનાનું, તીક્ષ્ણ છતાંય સંવેદનપૂર્ણ, પાકા પાયે વાસ્તવદર્શી છતાંય બીબાંઢાળ નહીં એ પ્રકારનું છે. આ અનુવાદ થકી અંગ્રેજી વાચકો માટે એમના લખાણનું તેજ અને તેમણે જીવંત કરેલી સીધા અનુભવની સાચી દુનિયા જોવા માટેનું દ્વાર ખૂલ્યું છે.' જોકે ગુજરાતી પ્રકાશનની ઉત્કટતાભરી પ્રતીક્ષા તો ઊભી જ છે.

ઉત્તમના પરખંદા અનુવાદક, લાંબા સમયપટ પર, લેખકના સગડ રાખતા રહ્યા છે. તેનું કારણ અનુવાદકની પ્રસ્તાવનામાં મળે છે :

'Maheria's words helped me build a home of hope in a literary context where a great majority of wordsmiths find their tongues paralysed over issues that Chandubhai so boldly and so beautifully addresses.' (Introduction, xxv)

'ચંદુભાઈએ જે વિષયો સાથે સાહસિક અને સરસ રીતે કામ પાડ્યું છે તે વિષયો પર વાત કરવામાં જેમની જીભ લકવો મારી ગઈ હોય એવા શબ્દ-કસબીઓની મોટી બહુમતી છે. આવા સાહિત્યિક પરિવેશમાં ચંદુભાઈ મહેરિયાના શબ્દો મને આશાનો આશિયાનો રચવામાં મદદરૂપ થયા છે.' (પ્રસ્તાવના,પાનું ૨૫)

**ચંદુભાઈના નિબંધો વિશે**

પુસ્તકના અગિયારમાંથી નવ નિબંધો ગયા બારેક વર્ષના ગાળામાં 'સાર્થક જલસો' નામના ગુજરાતી દ્વિવાર્ષિકમાં, અને બે નિબંધો તે પહેલાં 'સમાજ મિત્ર' અને 'નયા માર્ગ'માં પ્રસિદ્ધ થયા છે. તેમાં ટેક્સ્ટાઇલ મિલઉદ્યોગથી ધમધમતા અમદાવાદના રાજપુર-ગોમતીપુરની ચાલીના સાવ નાના ઘરમાં ઊછરેલા ખૂબ સંવેદનશીલ તેમ જ સામાજિક નિસબત ધરાવતા દલિત માણસનાં વીતક અને ઘડતરનાં સંભારણાં છે. પહેલા નિબંધ 'ધ મેયર્સ બંગલો' (અંગ્રેજી શીર્ષક The Mayor's Bungalow)માં સામૂહિક જાજરૂના ક્લેશદાયક અનુભવોનું બયાન છે. 'રોટલાની મંડઈ મોકાણ'(The Frigging Fuss over a Rotlo)માં લેખક બાળપણ અને કિશોરાવસ્થામાં વિતાવેલા, 'અનાજના એક એક દાણા માટે તલસાટના' દિવસોને યાદ કરે છે. 'મારો ગાંધીડો'(That Fellow, Gandhido)માં ગાંધીજી 'સાવ દલિતવિરોધી તો નહોતા જ' એવી પ્રતીતિ ધરાવતા એક દલિત કર્મશીલની ગાંધીવિચાર સાથેની જદ્દોજહદ બેનમૂન રીતે વાંચવા મળે છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા યુવા દલિત સંશોધક સૂરજ યેગન્ડેના અભિપ્રાય મુજબ 'આ પુસ્તકમાં ગાંધીવાદી વિચારસરણી સાથે સંકળાયેલા આંબેડકરવાદી એવા બેવડા કર્મશીલ ચંદુભાઈની નજરે જોવાયેલા ગુજરાતની આ અદ્ભુત અને વાચનીય કથા છે.'

'ધર્મ, ધર્માંતર અને મારું બાળપણ'(Creed, Conversion and Childhood) માં લેખકના વિસ્તારની ચાલીઓમાં દલિત અને ખ્રિસ્તી સમુદાયો વચ્ચેની સંવાદિતા-વિસંવાદિતાનું ચિત્રણ છે. 'મને ભીંજવે તું' (Soak me through, Damn You) માં લેખક બતાવે છે કે 'અમ જેવા ગરીબો માટે ચોમાસું એટલે હાલાકી અને હાડમારી, મુશ્કેલી અને ત્રાસ જ બની રહે છે'. 'મારી દિવાળી' (A Diwali No Less, That) લેખકના 'બાળપણની, કિશોરાવસ્થાની, યુવાનીની' દિવાળી એમના માટે, કુટુંબ માટે 'આનંદનો ઓચ્છવ ઓછી, અને દુઃખ, પીડા, યંત્રણાનો ઓચ્છવ વધુ હતી' તેનું નિરૂપણ કરે છે. 'તમારું ખાહડું અને અમારું માથું'(Your Chappals, Our Skulls)માં જેમને વર્ષો સુધી ચપ્પલ પહેરવા મળ્યાં નથી એવા લેખકની ચપ્પલ સાથેની પીડાદાયક વ્યક્તિગત અને સમુદાયગત અનુભવોની સાંભરણો છે. મારાં 'બા' : સંપૂર્ણ નાસ્તિક 'રામા ભગત'' (Rama Bhagat, an Intractable Atheist)માં લેખક તેમના 'પ્રગતિશીલ અને

સુધારાવાદી' પિતાનું ચરિત્ર આલેખવાની સાથે તેમના પ્રભાવને પણ ઉઘાડી આપે છે. 'મા, તારે જ કારણે જગતનાં સર્વ સુખ મળ્યાં' (Sonny of a Sane Mother) નામના ચરિત્રલેખમાં લેખક તેમના 'નિર્ભય, સાહસિક, સત્યનિષ્ઠ, પરગજુ, અભણ, રાંક પણ મજબૂત મા'નો મહિમા કરે છે. સરકારી નોકરીના છેડે ૨૦૧૫ના જૂનમાં બઢતી મળતાં લેખકની બે વર્ષ માટે ધોરાજી ખાતે બદલી થઈ. તે ગાળામાં તેમણે ધોરાજીના ઇતિહાસનો અને સમાજજીવનનો અનેક પાસાંથી કરેલો બહુઆયામી અભ્યાસ 'આ બધી ઘરની ધોરાજી નો'ય' (Those Years in Dhoraji) નિબંધમાં વાંચવા મળે છે. 'રુગ્ણાલય : શૈશવથી જીવનસંધ્યા લગી' (Sick Homes : A Journey from Life's Dawn to Dusk)માં લેખકે દવાખાના સાથે દરદી તરીકેના તેમના છ દાયકા પુરાણા સંબંધનું વર્ણન કર્યું છે. જોકે ચંદુભાઈના નિબંધો માત્ર વ્યથાનાં વીતક નથી. તેમાં વર્ણવ્યવસ્થા, આર્થિક અસમાનતા, શિક્ષણ, પ્રગતિ, જીવનશૈલી જેવાં અનેક પાસાંને આવરી લેતું વાચનીય ગદ્યમાં કરેલું વ્યાપક સામાજિક અને રાજકીય દર્શન છે.

**અનુવાદકની પ્રસ્તાવનામાંથી મહત્ત્વના મુદ્દા :**

હેમાંગ અશ્વિનકુમાર નોંધે છે : 'ચંદુભાઈની સ્મરણકથા, આઝાદી પછી દૂરનાં ગામોમાંથી સ્થળાંતર કરીને અમદાવાદમાં આવેલા દલિત સમુદાયોના ધબકતા સમાજજીવનને પહેલવહેલી વખત બહાર લાવે છે. ગામ છોડીને આવેલાં એ ત્રસ્ત બેઘર લોકને શહેરના આસમાનમાં ઝળૂંબતાં, મિલનાં ભૂંગળાંને છાંયે ફૂટી નીકળેલી ગંદીગોબરી ચાલીઓમાં ઘર મળ્યાં – બારીઓ વિનાનાં ઘર, ટપકતી છત અને કાચી દીવાલોવાળાં, અંધારિયાં ઘર. મજૂર વસ્તીઓ માણસોથી ઊભરાતી હતી. તેમાં અનેક જાતિ, ધર્મ, વર્ગ અને વંશના બધા અભાવગ્રસ્ત લોકો વર્ણ-વર્ગના સંઘર્ષોની વચ્ચે પણ જાણે પ્રેમ, કરુણા, કોમી સંવાદિતા અને અડગ આશાનો એક મેળો લગાવીને વસતા હતા. હાલાકીની તાવણી વચ્ચે પણ ઉમંગભરી જિંદગીનું ચંદુભાઈ વર્ણન કરે છે. આ જિંદગી તેમના પરિવારની દિવાળી જેવી છે – ભલે નબળી, પણ તોય દિવાળી!'

અનુવાદક એમ પણ નોંધે છે કે અભિવ્યક્તિની પ્રક્રિયામાં વ્યક્તિ અને રાજકારણ અભિન્ન હોય છે – Personal is political. ચંદુભાઈની સ્મરણકથામાં જે રાજકીય સંપ્રજ્ઞતા છે એ માત્ર વૈચારિક સ્તરની કે કોઈ વિચારધારામાં બંધાયેલી નથી. એ વંચિતતા અને જાતિગત અમાનુષીકરણ (caste-based dehumanization) જિંદગીમાં પોતે કરેલા અનુભવમાંથી આવી છે. અનુવાદકને મતે વર્ણવ્યવસ્થા અંગેની ચંદુભાઈની વિભાવના 'ગહન અને તીક્ષ્ણ' છે. તેના કેન્દ્રમાં સંકુચિતપણે બનાવવામાં આવેલી વંશીય કે સામાજિક ઓળખને ઓળંગી જતી દલિત બિરાદરી છે.

અનુવાદકની દૃષ્ટિએ ચંદુભાઈનાં સંસ્મરણો એક એવું પુસ્તક છે કે જેમાં જાતિ, પિતૃસત્તા, કોમવાદ, સત્તાવાદ અને નવઉદારતાવાદના પ્રભુત્વવાદી વિમર્શનું વિરચન (deconstructing hegemonic discourses) થતું હોય. તદુપરાંત, 'ચંદુભાઈની સ્મરણકથા એક એવું સીમાચિહ્ન છે કે જે પાંખા બિનકથાત્મક ગુજરાતી દલિતસાહિત્યને પોતાની સાંસ્કૃતિક અને રાજકીય તાકાતથી નવું બળ આપવાની આશા જન્માવે.'

પ્રસ્તાવનામાં અનુવાદક કેટલાક નિબંધો પર ટિપ્પણી કરે છે. 'મેયર્સ બંગલો' વિશે તે કહે છે કે 'તેમાં આવતું માનવમળશાસ્ત્ર(scatology)નું પાસું ચંદુભાઈ માટે એક વેધક અને જલદ પ્રયુક્તિ છે. તેના ઉપયોગથી તેઓ જાજરૂ અને તેમાંય વિષ્ટા સાથે દલિતોનો જે ભૌતિક તેમ જ સામાજિક માળખાગત રીતે તણાવગ્રસ્ત સંબંધ છે તેની ગહન અને બહુસ્તરીય અન્વેષણા કરે છે.' આ નિબંધને અનુવાદક આધુનિક તત્ત્વચિંતક સ્લાવોય જીજેક(Slavoj Zizek)ના hermeneutics of toilets(શૌચાલયોનું અર્થઘટન)ની વિભાવનાની ભારતીય સમાજના સંદર્ભમાં થયેલી અભિવ્યક્તિ ગણાવે છે. અનુવાદકના મતે 'તમારું ખાહડું અને અમારું માથું' નિબંધ ક્ષત્રિયોના દલિતો પરના પ્રભુત્વ અને અત્યાચારની વાત તો કરે છે, પણ સાથે દલિતોમાં પ્રવર્તતા પિતૃસત્તાક માનસનું સહુથી વરવું રૂપ પણ બતાવે છે. 'મારો ગાંધીડો' દલિત સમુદાયોના ભૂત-ભવિષ્ય-વર્તમાનને ઘાટ આપવામાં ગાંધીજીની ભૂમિકાનું વાસ્તવદર્શી મૂલ્યાંકન કરે છે. અનુવાદકને મતે 'આ નિબંધ મહાત્મા અને તેમના ચિંતન પરના દલિત વિમર્શના આખાય રાશિમાં એક મૂલ્યવાન રત્ન છે. તેની સરખામણી માત્ર કન્નડ ચિંતક બી. નાગરાજે ગાંધીના વારસાના કરેલા વિશ્લેષણની સાથે કરી શકાય.' 'ધર્મ, ધર્માંતર અને મારું બાળપણ' નિબંધ અનુવાદકને એટલા માટે નોંધપાત્ર લાગે છે કે તેમાં 'ભારતમાં ધર્માંતરણની તીવ્ર સંકુલતા અને પ્રવાહિતા'નું નિદર્શન છે. ધોરાજી પરનો નિબંધ બતાવે છે કે કોમી ભાગલાની શરૂઆત ભાષાના ભાગલાથી શરૂ થાય છે, જે ખૂબ હીન કક્ષાના વિભાજન અને બાકાતીકરણ તરફ લઈ જાય છે.

અનુવાદકે દલિત ચળવળમાં ચંદુભાઈની વૈચારિક ભૂમિકા અને પ્રદાનનો પણ અંગ્રેજી વાચકને પરિચય કરાવ્યો છે. જોકે તેમના મતે પ્રસ્તુત સ્વકથનાત્મક નિબંધો બળૂકા હોવા છતાં 'ગુજરાતના સાહિત્યિક અને વિદ્યાકીય ક્ષેત્રોમાં મોટે ભાગે ધ્યાન બહાર રહ્યા છે'. તેનું એક કારણ એ છે કે 'કવિ, લેખક અને સંપાદક તરીકેનું ચંદુભાઈનું વ્યક્તિત્વ દલિત બૌદ્ધિક, અઠંગ વિદ્વાન, જોશીલા કર્મશીલ, વિપુલ લેખન કરનાર પત્રકાર અને કૉલમિસ્ટ તરીકેની એમની નામના સામે ઢંકાઈ ગયું છે.' બીજું કારણ એ કે તેમનાં સાહિત્યિક લખાણોના પ્રકાશનની બાબતે તેઓ નિર્લેપ રહ્યા છે.

**અનુવાદ અંગે :**

હેમંત અશ્વિનકુમારનું પ્રસ્તુત અંગ્રેજી પુસ્તક પ્રભાવશાળી છે. અનુવાદને મૂળ પાઠ સાથે સરખાવતાં સહુથી ધ્યાન ખેંચતું પાસું તે અનુવાદકે કરેલાં ઉમેરણો છે. તે ત્રણ પ્રકારનાં છે : ૧. શબ્દો/શબ્દસમૂહો ૨. નિબંધના એકાદ વાક્યનો લાંબાં વાક્યો કે ટૂંકા પરિચ્છેદો દ્વારા વિસ્તાર કરતાં ઉમેરણો ૩. મૂળ પાઠમાં હોય જ નહીં તેવાં વાક્યો કે પરિચ્છેદો. અલબત્ત, કેટલાંક ઉમેરણો બિનજરૂરી પણ જણાય છે. આ લાક્ષણિકતા બધા નિબંધોમાં જોવા મળે છે અને તે એકંદરે ઉપકારક છે. ઉમેરણો નીચે મુજબના ઉદ્દેશો સાધે છે : કથયિતવ્યને બધા નિબંધોમાંથી ઊભા થતા સંદર્ભમાં મૂકે છે, કથયિતવ્યની અસરમાં વધારો કરે છે, બે શબ્દો કે વાક્યો વચ્ચે અનુવાદકની ધારણા મુજબ લેખકને જે અભિપ્રેત છે તેને સ્પષ્ટ કરે છે, અનુવાદકની પોતાની લાગણી કે દૃષ્ટિબિંદુનો નિર્દેશ કરે છે.

તેને સમજવા માટે અહીં એક નિબંધ 'રોટલાની મંડઈ મોકાણ' (The Frigging Fuss over a Rotlo)માંથી દાખલા આપ્યા છે. તેમાં ઉમેરણો અધોરેખિત કર્યાં છે.

૧. શબ્દો/શબ્દસમૂહોનું ઉમેરણ :

– અમારા ઘરના અનિવાર્ય સભ્ય એવા મિત્ર મહેશ પરમારને બૅન્કમાં નોકરી મળી હતી.

Mahesh Parmar, our family friend, landed a coveted job in a public sector bank. (૨૪)

– મા સવાર સવારમાં ભૂસાની (લાકડાની વહેરની) સગડી પર કલાડીમાં રોટલો બનાવે. અમને સહુ ભાંડરાંને એક એક રોટલો આપી દેતી.

Ma patted and baked round cakes of rotla over a desi sigri fuelled by sawdust, and served one each to us brothers. We hungrily ate our share of the piping hot rotlo with curry...'(p ૨૫)

– 'બા' ટિફિનમાં રોજ ચોથિયું રોટલો પાછો લાવે...

... the tiffin carried a slice of rotlo, Ba deliberately spared and brought back for us, his ever-hungry boys.

– મારી મ્યુનિસિપાલિટીની પ્રાઇમરી સ્કૂલ

– a lacklustre municipal school (૨૮)

– એ દિવસોમાં આજના જેવાં દફતરો, લંચબૉક્સ અને વૉટરબૅગની ફેશન પણ નહીં'.

...those austere times were blissfully innocent of fancy school bags, lunch boxes, multicoloured waterbags or insulated flip-lid sippers (૨૮)

– મા-બા મોટા ભાઈને બહુ લાડ કરાવે.

Ma and Ba indulged my elder brother, and quite invidiously at that. (૩૦)

– રાતની વધેલી ખીચડી stone-cold khichadi (૩૧)

– મને મોટી બહેને બટાકાનું શાક અને પૂરી બનાવી આપેલાં.

My elder sister had lovingly packed me my favourite combo, sauteed mashed potatoes and puris (૩૨)

– એમના એક હાથે જરીક ખોડ

One of his hands, with slight handicap, looked exactly like a snuffed-out stub of cigarette. (૩૪)

– અપ-ડાઉન કરનારાની નિરાળી દુનિયામાં મહેશભાઈ ધીમે ધીમે ભળી રહ્યા હતા.

And before long, Mahesh got absorbed and ensconced in the mesmerizingly unique world of up-and-downers. (૨૩)

૨. નિબંધના એકાદ વાક્યનો લાંબાં વાક્યો કે ટૂંકા પરિચ્છેદો દ્વારા વિસ્તાર કરતાં ઉમેરણો :

- આજે તો મહેશભાઈ બૅન્ક મૅનેજર છે.

Over years, Maheshbhai has scaled the professional ladder and become a bank manager. (૨૩)

- રોજની જેમ રાત્રે જમીને મહેશભાઈ અમારા ઘરે આવ્યા અને ખાખરાવાળી વાત કરી. અમે સહુ પણ એ નવીન ખાદ્યપદાર્થ અંગે આશ્ચર્યચકિત હતા.

That evening, when he came to our house on his routine post-dinner visit, Mahesh looked unusually excited. Without wasting a moment, he launched into a graphic description of his snazzy discovery, a fancy delicacy called khakhra, leaving us all spellbound and fantasizing. (૨૩)

...ખાસ કરીને ગરમાગરમ ભજિયાં લેવા જતા અને એમાંથી એક-બે કાઢી ખાતાં સહાધ્યાયીઓની મને ઈર્ષ્યા આવતી અને કાઢી લીધેલાં ભજિયાંની એમની વાતો સાંભળી મોંમાં પાણી છૂટતું.

But when I saw my sticky-fingered classmates sampling pakoras on the sly from the order on the way to its delivery and their over-the-top description of the snack's heavenly taste, I burnt with jealousy, streams of saliva flooding my mouth. (૨૯)

- એ પ્રવાસની પ્રત્યેક ક્ષણ આંખોમાં આજેય અકબંધ છે.

Every single moment of the picnic flashes before my eyes in raw, graphic detail and immediacy. (૩૨)

- ભારોભાર ગરીબીમાં આમ જ રમૂજ ખોળી કઢાતી.

I wonder how the buffets of dire poverty had not blunted a people's sense of humour and even with very little they could find something to laugh about. (૩૧)

- ચાલીમાં જેમ અભાવોમાં જીવતાં ઘર હતાં, તેમ છનાછનીમાં જીવતાં ઘર પણ હતાં. આવું જ એક ઘર મારા બાળગોઠિયા પૂનમનું. એના દાદા અને પિતા બહુ પૈસાવાળા, એટલે પૂનમને પણ વાપરવા ઘણા પૈસા મળતા.

Our chawls were filled with mixed castes and classes, harbouring people who struggled to make ends meet and the people like my chum Poonam whose family led a life of reckless extravagance and conspicuous consumption. (૩૫)

પ્રવાસીઓને ચૉકલેટ આપવાનું એમનું કામ.

Handing out costly chocolates as welcome munchies to the tourists who hopped on those sightseeing buses was his delightful job description. (૩૫)

- એની પાસેથી ચૉકલેટના જે પૈસા મળતા એમાંથી ઘર માટે કશુંક ખાવાનું લઈ લેતો.

The money made would then be spent on groceries,toiletries and other essentials. (૩૬)

- ઘણાં ઘરોમાં ઉનાળામાં કેરીનાં અથાણાં અને શિયાળાનાં વસાણાં બનતાં!

The aroma of mango pickles in the month of May and that of nutrition rich vasanu in December hung over the chawls almost like a pall,so dense that it cancelled out the odour of overflowing toilets. (૩૮)

**૩. મૂળ પાઠમાં હોય જ નહીં તેવા શબ્દસમૂહ, વાક્યો અને પરિચ્છેદ :**

- મહેશભાઈને ખબર પડી કે એમની બૅન્કના મૅનેજર પર એમની સાથે રેલવેમાં મહેસાણા અપ-ડાઉન કરવાના છે. એટલે અનુવાદક લખે છે :

What luck! Pleasant company would take the sting off the tedium of the rush-hour between Ahmedabad and Mehsana. (૨૩)

- મહેશભાઈના મૅનેજરે ખાખરાનો ડબ્બો ખોલ્યો અને એમની સામે ધર્યો. એ સંદર્ભે અનુવાદક લખે છે :

As soon as Mahesh broke a sliver of crispy,crunchy thing in the box, he exclaimed... (૨૩)

- લેખકની સ્કૂલના શિક્ષકો રિસેસમાં તેમના પોતાના માટે નાસ્તો લેવા વિદ્યાર્થીઓને મોકલતા. એ પ્રસંગમાં દુકાનનો કોઈ ઉલ્લેખ નથી. પણ અનુવાદક તેનું વર્ણન કરે છે from the modest, hole-in-the-wall shop on the pavement outside. (૨૯)

માત્ર રાંધણછઠમાં જ ખાવા મળતી પૂરીઓ માટેની હાડમારીનું વર્ણન લેખકે કર્યું છે. અનુવાદક તેનું હાર્દ જાળવે છે, પણ વર્ણનમાં લગભગ આખો ફકરો પોતાની રીતે લખે છે :

Well, for a seer of maida... for the culinary bang and blast. (૩૦)

**૪. You નું ઉમેરણ : To what end, you may ask (૩૦), You are right, but not quite. (૩૫) :**

- **અનેક ધ્યાનપાત્ર શબ્દપ્રયોગો, વાક્યો અને પરિચ્છેદોમાંથી કેટલાંક :**

ખીજવતા ribbed for (૩૧), શોધ્યા કરું છું keep casting about(૩૨), એક એક દાણા માટે તલસાટ every single grain of food meant world to us (૨૪), થોડુંક અનાજ smidgen of grains (૨૪), પેટનો ખાડો પૂરવો પડતો had

to fill deepening pits of our tummies (૨૫), ડૉ. આંબેડકર સાચું જ કહે છે Dr. Ambedkar was spot on (૨૭), જેવીતેવી wish-wash tea (૨૭), ખાઈ જતા/પતાવી દેતા એ ભાવ માટે polish off (૨૮, ૩૪), ભણવામાં બહુ હોશિયાર ace in academics (૨૮), ઘરનો સૌથી મોટો દીકરો જ જાણે કુળદીપક and the veritable lamp of lineage he ostensibly was(૩૦), ડામચિયાના સેઇફ વૉલ્ટમાં સંતાડેલો-સાચવેલો રોટલો ખાતાં ખાતાં બાળપણ વીત્યું છે the whole of my childhood was spent clinging to the lure of that food cache (૨૫), બાળપણ-કિશોરાવસ્થાના એ દિવસોમાં તળેલું ખાવાની કેવી ચટપટી રહેતી but in those years of blooming adolescence, my taste buds craved fried titbits crazily (૨૯), ટંકે જે બંટીબાવટો મળે તે ખાઈ લેવું One should eat whatever one gets, banti or bavato without a shout or a pout (૩૧)

... પણ ગોમતીપુર ગામના બિનદલિત સહાધ્યાયી અમે વેચાતી દાળ દુકાનેથી લાવીને ખાઈએ છીએ એ જાણી જશે-ની શરમથી લપાતાછુપાતા દુકાને જતા એ ડરને યાદ કરતાં આજેય શરીરમાંથી એક લખલખું પસાર થઈ જાય છે.

... but I still remember the lurking fear of being caught by our non-Dalit classmates in the act of buying dal from the bazar drove us to skulk on the roadside and cut the corners. The mere thought of that sense of shame, laced with blood-curdling fright overwhelms me; it sends a chill down my spine even as I write this. (૩૩)

- **સંયોજિત શબ્દો :** Up-and-downers (૨૩), ever-hungry (૨૮), dole-out (૩૦), snuffed-out stub (૩૪), kid-image (૩૬)
- **પ્રાસયુક્ત ગદ્ય એ અનુવાદકની લગભગ દરેક નિબંધમાં જોવા મળતી સિદ્ધિ છે. 'રોટલાની મંડઈ મોકાણ'માંથી કેટલાક દાખલા :**

frigging fuss(૨૩), crispy crunchy things in the box (૨૪), designated for Dalits to dine (૨૬), the veritable lamp of lineage he ostensibly was (૩૦), culinary bang and blast (૩૦), ruthlessly ribbed (૩૧), Bablo butt (૩૪), a bag of bones (૩૯), skeletal kids of Kalahnadi (૩૯).

અલબત્ત, ઉપરોક્ત બધાં ઉદાહરણો પરથી અને પુસ્તકમાંથી એમ જણાય કે અનુવાદમાં કેટલીક જગ્યાએ overtranslation થયું છે. એટલે કે લેખકને જે ભાવ વ્યક્ત કરવો છે એના કરતાં અનુવાદકની અભિવ્યક્તિની વાચાળતા અથવા તીવ્રતા વધુ છે.

નિબંધોનાં શીર્ષકો ચોટડુક છે, પણ તેમાંથી ત્રણ ઓછાં બંધબેસતાં જણાય છે. The Frigging Fuss over a Rotlo માં 'મોકાણ' શબ્દનો તીવ્ર અભાવગ્રસ્ત શોકનો

ભાવ પ્રગટ થતો નથી અને નિબંધમાં એ અભાવ માટે fuss એટલે વાતનું વતેસર પણ અભિપ્રેત નથી. That Fellow, Gandhido શીર્ષક 'મારો ગાંધીડો'થી વિપરીત ભાવ, એટલે કે પારકો ગાંધી એવો ભાવ જાગે છે. A Diwali No Less, That શીર્ષક અધૂરું લાગે છે, Your Chappals, Our Skullsમાં skullsના વિકલ્પે heads શબ્દ સૂચવી શકાય.

અનુવાદકે પ્રસ્તાવનામાં કહ્યું છે : This memoir provides a fascinating account of his early academic pursuits and initiations into intellectual and political radicalism amidst dire poverty and crippling privations. (xiii)

આ સ્મરણકથા ભીષણ ગરીબાઈ અને શક્તિઓ હરી લેનારી હાલાકીની વચ્ચે, પણ લેખકની નાની વયની વિદ્યાકીય પ્રવૃત્તિઓ અને ; બૌદ્ધિક તેમ જ રાજકીય ઉદ્દામતામાં તેમના પ્રવેશનું ચિત્તાકર્ષક બયાન આપે છે. (પ્રસ્તાવના પાનું ૧૩).

જોકે ચંદુભાઈના આ તબક્કો ઉજાગર કરતા બે નિબંધો 'સભાપર્વ : રાજપુરથી રાજસભા સુધી' અને 'બવ ભણજો, હોં' અહીં અપેક્ષિત હતા. તેમને ધોરાજી વિશેના એકંદરે બિનઆત્મકથનાત્મક નિબંધના વિકલ્પે મૂકી શકાયા હોત.

**અનુવાદકની નોંધો :**

અગિયાર નિબંધો અને પ્રસ્તાવના માટે કુલ ૨૭ નોંધો પુસ્તકના છેલ્લા હિસ્સામાં મળે છે. આ અભ્યાસપૂર્ણ નોંધો પોતાની રીતે અલગ રસપ્રદ વાચન પૂરું પાડે છે. બધી નોંધોનો ઉલ્લેખ અહીં શક્ય નથી. પણ અહીં બે આકર્ષક દાખલા આપી શકાય.

'ગાંધીડો' શબ્દ માટેની નોંધ આ મુજબ છે : The suffixes like '-do' and '-yo' in Gujarati, when attached to masculine proper names and signify a certain degree of contempt or endearment for the person addressed depending upon the context. In the essay here, Maheria uses 'Gandhido' as a term of affection, as against 'Gandhiyo' that his mother uses to convey her disdain for the man.

'બા'- Ba : લેખક પોતાના પિતાને 'બા' કહેતા. તે અંગેની નોંધ : In Gujarati the feminine address 'Ba' designates either mother or grandma in old school parlance. Similarly, 'Ma' refers to mother, even grandma. But the author notes in parenthesis that they called their father 'Ba'. Perhaps, it was a corruption of the term 'Bapa', which is still popularly used, especially in parts of rural Gujarat, to address father. Local wisdom here says that Bapa is just 'pa' (a quarter) of Ba (mother) in terms of love and affection for the child. The way gender roles were reversed in the author's family and community through language is utterly fascinating.

**પુસ્તકનું નામ :**

બારી વિનાનાં ઘરોનો સંદર્ભ 'મારી દિવાળી' નિબંધમાં છે : 'ચાલીનું અમારું ઘર એટલે ચાર દીવાલો. આજે સોસાયટી કે ફ્લૅટમાં ગૅલરી કે બાલ્કની વગરનું ઘર અસંભવ છે. પણ અમારા ઘરને એકેય બારી જ નહોતી! અરે મારા જ ઘરને શું કામ, આજે પણ અડધું અમદાવાદ ચાલીઓ-ઝૂંપડપટ્ટીઓમાં બારી વગરનાં ઘરોમાં જ રહે છે ને?'

જોકે પ્રસ્તાવનાને અંતે લેખક આ શબ્દસમૂહનું પોતાની રીતે અર્થઘટન કરે છે : Maheria's windowless abode of peace, properity and plurality 'શાંતિ, સમૃદ્ધિ અને વૈવિધ્યના નિવાસ સમું મહેરિયાનું બારી વગરનું ઘર'.

**મુખપૃષ્ઠ :**

બસો છપ્પન પાનાંના ક્રાઉન ઑક્ટેવો કદના (૧૦x૬ ઇંચ), પાકા પૂંઠાની મજબૂત બાંધણીવાળા પુસ્તકનું મુખપૃષ્ઠ તેના નિર્માણની સૂઝ બતાવે છે. તે લેખકે 'તમારું ખાહડું ને અમારું માથું' નામના નિબંધમાં વર્ણવેલા નીચે મુજબના પ્રસંગને લગતું છે :

'મારા ઘરની દીવાલે ટીંગાતો અમારો ફેમિલી ફોટો આમ જ એક વાર હું દોસ્તોને હોંશે હોંશે બતાવતો હતો. ત્યારે એક દોસ્તે મારો ફોટો જોઈ કહેલું, 'પણ તેં પગમાં ચંપલ કેમ નથી પહેરી?' કદાચ એ વખતે તો મેં એને ચંપલ સ્ટુડિયોની બહાર કાઢી દીધાનું બહાનું બતાવેલું, અને એણે પણ કશા પ્રતિવાદ વગર સ્વીકારી લીધેલું. આજે પણ મારા એ ફેમિલી ફોટોમાં હું અને નાનો ભાઈ સ્ટુડિયોવાળાની ટાઈ પહેરેલા, પણ ચપ્પલ વગરના કેવા લાગીએ છીએ તે જોયા કરતો હોઉં છું.'

**અનુવાદક વિશે :**

પુસ્તકના ઉપરણા પર આપેલા પરિચય મુજબ હેમાંગ અશ્વિનકુમાર ગુજરાતી અને અંગ્રેજીમાં લખનાર કવિ, કથાલેખક, સંપાદક અને વિવેચક છે. એમની કૃતિઓ ગ્રીક, ઇટાલિયન અને કેટલીક ભારતીય ભાષાઓમાં અનૂદિત થઈ છે. ગુજરાતીમાંથી તેમણે કરેલા અનુવાદોમાં આધુનિક કવિતાઓનો સંચય Poetic Refractions નામે, સુંદરમ્‌ની ચૂંટેલી વાર્તાઓનો સંચય Thirty Fish and Other Stories અને દલપત ચૌહાણની ચૂંટેલી વાર્તાઓનો સંચય Fear and Other Stories નામે પ્રસિદ્ધ થયો છે. હેમાંગભાઈ ન્યૂ ઇન્ડિયા ટ્રાન્સલેશન ફેલોશિપ હેઠળ પ્રભુદાસ ગાંધીના 'જીવનનું પરોઢ' The Dawn of Life નામે અંગ્રેજીમાં લઈ ગયા છે. ચંદુભાઈના લેખોના અનુવાદમાંથી કેટલાક ત્રણ આંતરરાષ્ટીય ઑનલાઇન સામયિકોમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે : 'પૉલિટિક્સ, કલ્ચર અને આર્ટ્સ'ને લગતું Equator, 'ગ્લોબલ આર્ટ્સ ઍન્ડ પૉલિટિક્સ'ને લગતું Guernica અને Almost Island.

ઇન્ટરનેટ પરના સ્રોતોમાં ડૉ. હેમાંગની અનેક સિદ્ધિઓમાંથી કેટલીક આ મુજબ છે : દેશવિદેશનાં સંખ્યાબંધ પ્રતિષ્ઠિત સામયિકોમાં લેખન અને અનુવાદ, અભ્યાસ-સંશોધન સામયિકોમાં અનુવાદના વિષય પર પચીસેક અભ્યાસલેખો, વીસથી વધુ ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી સર્જકોની રચનાઓનો અંગ્રેજી અનુવાદ, દલપત ચૌહાણની નવલકથા 'ગીધ'નો

Vultures નામે અનુવાદ, અરુણ કોલાટકરની ‘સર્પસત્ર’, ‘જેજુરી’ અને ‘કાલા ઘોડા પોએમ્સ’નો ગુજરાતી અનુવાદ, વાપી અને વલસાડની કૉલેજો ઉપરાંત અનુવાદ વિષયના અધ્યાપક તરીકે હૈદરાબાદની ઇન્ગ્લિશ ઍન્ડ ફૉરિન લૅન્ગ્વેજિસ યુનિવર્સિટીમાં કામ, ઉચ્ચશિક્ષણમાં ચોવીસેક વર્ષ એકેડેમિક અને ઍડમિનિટ્રેટિવ જવાબદારીઓ. The Wire પૉર્ટલમાં તેમણે લખેલો English and a Translator’s Shame નામનો લેખ વિશેષ વાચનીય છે. તેમાં અને પ્રસ્તુત અનુવાદની પ્રસ્તાવનામાં પ્રકટ થતા અનુવાદકનાં મૂલ્યોમાં પ્રગતિશીલતા અને પીડિતો માટેની આસ્થા પ્રગટ થાય છે. તેમણે કરેલા અનુવાદોમાં જેમ ગાંધી અને પ્રતિબદ્ધ લેખક દલપત ચૌહાણ છે, તેમ લોકઆંદોલનો સાથે જોડાયેલા તેલુગુ કવિ વારા વારા રાવ પણ છે. પ્રસ્તુત અનુવાદ તેમણે ‘નિઃસ્વાર્થપણે અધિકારો માટેની લડાઈઓ લડતાં સહુને’ - ‘Dedicated to all those who are selflessly fighting the battles for rights.’ - અર્પણ કર્યો છે.

**સમાપન :**

પ્રસ્તાવનાના છેલ્લા હિસ્સામાં અનુવાદક કહે છે ‘...translating Homes without Windows line by poignant line made me feel like a bird, weaving its nest one twig at a time.’ ‘[નિબંધોના] એક પછી એક વેધક વાક્યોનો અનુવાદ કરતી વખતે મને એક એક નાનકડી ડાળી એકઠી કરીને માળો બાંધતાં પક્ષી જેવી અનુભૂતિ થઈ.’

આખરી ફકરામાં અનુવાદક લખે છે : ‘At a time when bulldozers are tirelessly at work in the New India, razing down homes of the poor across castes and religions, this memoir might drive the reader to rethink of the kind of home ‘We, the people’ want to build for ourselves. The choice is stark : bulldozer or biradari, destruction or diversity, madness or what Dr. Ambedkar called maitri.’

‘નયા ભારત’માં બધી જ કોમો અને ધર્મોના ગરીબ લોકોનાં ઘરો જમીનદોસ્ત કરવા માટે બુલડોઝરો અવિરત ચાલી રહ્યાં છે. એવા સમયમાં, આ સ્મરણકથા કદાચ વાચકને ‘આપણે ભારતના લોકો’ કયા પ્રકારનાં ઘરો બનાવવા માગીએ છીએ એનો ફેરવિચાર કરવા પ્રેરી શકે. વિકલ્પો સાફ છે – બુલડોઝર કે બિરાદરી, વિનાશ કે વૈવિધ્ય, ગાંડપણ કે - ડૉ. આંબેડકર પ્રણીત – મૈત્રી.’

વિખ્યાત ઇતિહાસકાર અને પબ્લિક ઇન્ટેલેક્ચ્યુઅલ રામચન્દ્ર ગુહાએ કરેલી પ્રશંસા યથાર્થ છે : ‘આ પુસ્તકને બાજુ પર ન મૂકી શકાય તેવી સ્મરણકથા બનાવવાનો યશ હેમાંગ અશ્વિનકુમારે સહસંવેદનથી કરેલા સુઘડ અનુવાદને મળે છે. આ એક એવું પુસ્તક છે કે જેમાં સંઘર્ષ અને પીડાની વચ્ચેથી વિનોદ અને આશા સતત ડોકાયા કરે છે.’

■

# 'નવી વાર્તા' એટલે નવી વાર્તા

દીપક ભાનુશંકર ભટ્ટ
આસિસ્ટન્ટ પ્રોફેસર - ભાષા સાહિત્ય અને સંસ્કૃતિ અધ્યયન સંસ્થાન,
સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, કુંઢેલા, વડોદરા.

નવનીત જાની લિખિત વાર્તા 'નવી વાર્તા' ('પરબ', મે ૨૦૨૬) સમકાલીન સાહિત્યિક જગત, સર્જકની સ્વાયત્તતા અને બદલાતા સામાજિક-રાજકીય માળખા પર તીક્ષ્ણ અને માર્મિક કટાક્ષ છે, વર્તમાન સમયમાં સર્જકતા પર અદશ્ય નિયંત્રણોની આલબેલ છે.

'નવી વાર્તા' શીર્ષક ઘણું સૂચક છે. 'નવી' એટલે તાજી લખાયેલી વાર્તા નહિ, પરંતુ બદલાયેલાં ધારાધોરણો અને 'ઉપરથી' મળેલા આદેશો મુજબ લખાનારી મિકૅનિકલ વાર્તા.

વાર્તાનો નાયક શિક્ષક અને વાર્તાકાર છે (જાની નવનીતચંદ્ર હરિપ્રસાદ). પ્રારંભમાં જ તે સ્વીકારે છે કે તેની પાસે હવે ખૂબ ઓછી વાર્તાઓ બચી છે, જેને તે કંજૂસના પૈસાની જેમ સાચવે છે ને માર્મિક વિધાન છે કે સર્જકને લખવા માટે કંઈ ના મળે ત્યારે ઈતિહાસ તરફ વળે છે.

'ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટોરી ટેલિંગ વિથ રાઈટિંગ ઇન હ્યુમન અફેર્સ ઍન્ડ રિસોર્સ' નામના સરકારી વિભાગના અધિકારીઓ તેના ઘરે આવે છે ત્યારે વાર્તામાં વળાંક આવે છે. આ અધિકારીઓ વાર્તાકારને ભણાવવા આવ્યા છે કે હવેથી વાર્તા કેવી રીતે, કયા વિષય પર અને કયા નિયમોને આધીન રહીને લખવી પડશે. આ ઘટના નાયકના મગજને બધિર બનાવી દે છે. વાર્તાના આરંભમાં જ સોસાયટીના નાકે ઊભી થતી 'ચિંતામંડળી', વાર્તારખોપિયાઓ, અને આધુનિક-અનુઆધુનિકો વચ્ચે ચાલતી ખેંચતાણ દ્વારા લેખક સાહિત્યજગતના આંતરિક વિખવાદો અને વાડાબંધી પર કટાક્ષ છે.

સરકારી અધિકારીઓ દ્વારા વાર્તાકારને ૨૦ કાગળ, ૩ પેન અને પેન્સિલ આપીને નિર્ધારિત વિષયો(જેમ કે : “અમે ખુશ છીએ”) પર જ લખવાનો આદેશ આપવામાં આવે છે. આજે અમલદારશાહી કેવી રીતે કળાનું ગળું રૂંધે છે તેનું ઉદાહરણ છે.

વાર્તા લખતાં પહેલાં લેખકે જે ઈશ્વર સાક્ષીએ સોગંદનામું આપવું પડે છે કે તે કોઈ ધર્મ, જાતિ, પશુ-પક્ષી કે પ્રાકૃતિક સંસાધનને નુકસાન નહિ પહોંચાડે વ., 'સેન્સિબિલિટી'ના નામે લેખકની અભિવ્યક્તિની સ્વતંત્રતાને મર્યાદિત કરી દેવામાં આવી છે. વાર્તામાં વ્હાઇટનર વાપરવા પર દંડ, પાત્રોનાં નામો ઉપરથી નક્કી થવા અને બ્રાન્ડના

ઉલ્લેખ પર જીએસટી કપાત જેવી બાબતો કળાના વ્યાપારીકરણ અને સેન્સરશિપ તરફ અંગુલિનિર્દેશ છે.

વાર્તામાં વાર્તાની યુક્તિ નવી નથી, પણ અહીં આવતી દિલ્હી સલ્તનત અને ખ્વાજા તકીની કથા ધ્યાન ખેંચે છે. આ કથા વર્તમાન રાજકીય પ્રલોભનો સામે ચેતવણીરૂપ છે. નવનીતની ભાષામાં તળપદા, તત્સમ અને અંગ્રેજી શબ્દોનું મિશ્રણ જેમ કે : 'તંત્રનિષ્ઠ બાંયો ચડાવી', 'ચિઠ્ઠીના ચાકર', 'ટોકિંગ ઇટ પ્રકારનું' છે, જે વાર્તાના વ્યંગ્યને પાણીદાર બનાવે છે.

વાર્તામાં વપરાયેલાં પ્રતીકો સચોટ છે : ખોવાયેલી પેન અને 'હીબકતા ઢાંકણા', નિરાંતે ઊંઘતી આવનારી પેઢી - 'સીધી લીટીના વારસ.'

વાર્તાના અંતમાં નાયક નિયમો મુજબ વાર્તા લખવાને બદલે કાગળની હોડી અને બલૂન બનાવવાનું પસંદ કરે છે.

આ વાર્તાનાં બે સૌથી શક્તિશાળી પરિમાણ સર્જનાત્મકતાનું સોગંદનામું અને ખ્વાજા તકીનો પ્રસંગ છે.

જો પશુ-પક્ષી કે ઝાડ-પાનને પણ 'માનસિક હાનિ' ન પહોંચાડવાના નિયમો આવી જાય, તો સર્જકે શું લખવું ?

લેખકને જાતે જ કાંડાં કાપી આપવાનાં છે, આમાં શાસને બહારથી પ્રતિબંધ મૂકવો નથી પડતો, લેખક પોતે જ પોતાની કલમને સંયમિત કરી નાખે છે.

પાછો સૌથી ભયાનક નિયમ એવો છે કે વાર્તા લખ્યા પછી લેખકનું અવસાન થાય તો તેની સજા કે જવાબદારી તેની 'સીધી લીટીના વારસ' પર આવશે.

વાર્તાની અંદર આવતી દિલ્હી સલ્તનત(ખીલજી અને મુબારક શાહના સમય)ની આડકથા વાર્તાનો મજબૂત હિસ્સો છે. અહીં ખ્વાજા તકી એમ માને છે કે સત્તા કે ક્રૂર શાસકો સાથે સંવાદ કે સદ્‌ભાવનાથી રસ્તો નીકળશે, પણ તેઓ શાસકના અસલી અને ભયાનક ચહેરાને ઓળખવામાં થાપ ખાઈ જાય છે.

વાર્તાના અંતમાં નાયક જે 'કાગળની હોડી' અને 'બલૂન' બનાવે છે, તે કોઈ બાલિશ રમત નથી. તે તંત્રને આપેલો જવાબ છે - "તમે મને કાગળ અને પેન આપીને તમારી ઇચ્છા મુજબની વાર્તા લખવાનો હુકમ તો કર્યો, પણ હું તમારી સ્ક્રિપ્ટ લખવાને બદલે આ કાગળની હોડી બનાવીને વહાવી દઈશ, પણ મારી સર્જકતાને વેચીશ નહીં."

લેખકે બહુ યુક્તિપૂર્વક વાર્તાના ફૉર્મેટમાં રહીને સેન્સરશિપ, સરકારી દખલગીરી અને સાહિત્યિક પતનની વાત વણી લીધી છે. તે કાગળની હોડી બનાવીને પોતાની નિર્દોષતા બચાવી રાખવાનો પ્રયત્ન કરે છે.

'નવી વાર્તા' - ગુજરાતી વાર્તાના સાંપ્રતમાં ચિંતનપ્રેરક અને દીર્ઘજીવી સિદ્ધ થનારી કૃતિ-ને "પરબ"નાં પૃષ્ઠો પર સ્થાન આપ્યું એ માટે ધન્યવાદ.

■

# એક તત્ત્વજ્ઞાની વિદ્યાપુરુષની વિદાય

સંજય ચોટલિયા

દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી પ્રશાંત દવેનું (૧૯૪૪-૨૦૨૬) અઢારમી જુલાઈએ દેહાવસાન થયું. વડનગરા નાગર બ્રાહ્મણ કુટુમ્બમાં જન્મ-ઉછેર અને નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન તો તેને કહીએ...' પદને ચરિતાર્થ કરતું જીવન જીવી જાણ્યું. સૌમ્ય વ્યક્તિત્વનો પરિચય આપતું સ્મિત, અભ્યાસુઓને પ્રિય એવી સરળતા અને હાથમાં કે થેલામાં પુસ્તકો એ એમની ઓળખ. વિદ્વત્તા તો એટલી સાંગોપાંગ કે મકરંદ મહેતાએ પણ એમની લાઇબ્રેરી અને વિદ્યાકીય પ્રવૃત્તિઓ વિશે લેખ લખવો પડે ! આવા દવેસાહેબની વિદાયથી ગુજરાતનું બૌદ્ધિકજગત હતું એથી થોડું વધારે ગરીબડું બન્યું છે.

એચ. કે. કૉલેજ અને ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના તત્કાલીન; જે. જે. શુક્લ, સી. વી. રાવળ, આર. વી. પંડ્યા, મધુસૂદન બક્ષી વગેરે વિદ્વાન ગુરુજનો પાસે ભણવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. એમણે છેલ્લાં થોડાં વર્ષોમાં ગુરુ મધુસૂદન બક્ષીના લેખો સંકલિત કર્યા, પરંતુ અમારા સૌ દ્વારા વારંવાર કહેવા છતાં, પોતાના લેખોના પ્રકાશન અંગે ઉદાસીન રહ્યા. આ અને આવી અનેક બાબતોમાં વ્યંજિત થતા ગુરુઓ પ્રત્યેના એમના આદર અને અદબ જોવા ગમે. અરવિંદ ઘોષના તત્ત્વજ્ઞાન પર Ph.D. નું ઘણુંખરું કામ એમણે કરેલું પણ સંજોગવસાત્ અપૂર્ણ રહ્યું.

પાલનપુરની જી. ડી. મોદી કૉલેજથી અધ્યાપકીય કારકિર્દી શરૂ કરી. ઈ.સ. ૧૯૭૦ થી ઈ.સ. ૧૯૯૪ સુધી ત્યાં રહ્યા. તે દરમ્યાન લગભગ દર વર્ષે દિલ્હી પુસ્તક મેળામાં જતા અને કૉલેજની લાઇબ્રેરી સમૃદ્ધ કરેલી. પરંતુ માતાપિતાની સેવા કરવાની અદમ્ય સંવેદનાને કારણે, અમદાવાદ નજીક પડે એટલે વિદ્યાનગરની નલિની કૉલેજમાં ઈ.સ. ૧૯૯૪થી જોડાયા; તે ઈ.સ. ૨૦૦૭માં નિવૃત્તિપર્યંત. યુનિવર્સિટીમાં દર્શનશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ ન હતો. તેની ગરજ સારે એ રીતે એમણે નલિની કૉલેજમાં દર્શનશાસ્ત્રનું અનુસ્નાતક કેન્દ્ર સંભાળેલું. તેમાં મધુસૂદન બક્ષી, સી. વી. રાવળ વગેરે અનેક વિદ્વાનોને વ્યાખ્યાન માટે લઈ આવતા. અહીં બક્ષીસાહેબના પાશ્ચાત્ય મીમાંસા પરનાં વ્યાખ્યાનો સાંભળ્યાં છે તે નલિની કૉલેજની મારી ગમતી ક્ષણો છે. નલિની કૉલેજની લાઇબ્રેરીમાં સંદર્ભ વિભાગ અલગ હતો અને એમાંથી વિદ્યાર્થીને પુસ્તકો આપતા ન હતા, પરંતુ એમણે લાઇબ્રેરિયનને મારી ભલામણ કરેલી કે 'આ વિદ્યાર્થીને સંદર્ભ વિભાગમાંથી પુસ્તકો આપજો.' આવી રીતે વિદ્યાર્થીઓની કાળજી રાખતા.

નિવૃત્તિ પછી તેઓએ પાંચ–સાત વર્ષો એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજીમાં માનદ્ સેવા આપેલી. ત્યાં એમણે બે ઉપક્રમો ખૂબ સરસ કર્યા હતા. શૈવદર્શનના વિદ્વાન નવજીવન રસ્તોગીના 'પ્રત્યભિજ્ઞદર્શન' પર ત્રણ વ્યાખ્યાનો કર્યાં હતાં. બીજું, દર્શનશાસ્ત્ર અને સાહિત્યના આંતરસબંધોમાં એમને ખૂબ રસ. આ સમયમાં ગુજરાત તત્ત્વજ્ઞાન પરિષદ નિષ્પ્રાણ થઈ ગયેલી. ઉપરાંત સાહિત્ય પરિષદના અધિવેશનમાં 'સાહિત્ય અને દર્શન'ની બેઠકની પરંપરા હતી તે પણ ઘણાં વર્ષોથી બંધ થયેલી. પરંતુ આ દિશામાં ચર્ચાવિચારણા થવી જોઈએ એવા પ્રયોજનથી એમણે 'ગુજરાતની દાર્શનિક ચિંતનની પરંપરા' વિષય પર એક સુંદર સેમિનાર કરેલો. એમની વાતોમાં વારંવાર આ વિષય આવે અને મને ઘણી વાર કહેતા કે, 'આ દિશામાં કામ થવું જોઈએ.'

ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં મુલાકાતી પ્રોફેસર તરીકે ઈ.સ. ૨૦૦૭થી ઈ.સ. ૨૦૧૫ દરમ્યાન કામ કર્યું તે દરમ્યાન એમણે અનેક વિદ્યાર્થીઓને M.Phil/Ph.D માં ગુજરાતના દાર્શનિક ચિંતકો પર કામ કરવાની પ્રેરણા આપી. નર્મદાશંકર મહેતા, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, આનંદશંકર ધ્રુવ, પંડિત સુખલાલજી વગેરે પર આશરે વીસથી વધારે સંશોધનો થયાં છે. રાજા રવિ વર્માનાં ચિત્રોનું પ્રદર્શન કર્યું હતું. દર્શનશાસ્ત્રના વિભાગાધ્યક્ષ ડૉ. દિલીપ ચારણસાહેબ મને કહેતા હતા કે, 'દવેસાહેબના જવાથી અમે નિરાધાર થઈ ગયા છીએ.' અહીં એમણે એટલું કામ કર્યું છે કે ચારણસાહેબ તે વિશે માંડીને વાત કરી શકે એમ છે.

પ્રશાંત દવેસાહેબે ચાર–પાંચ વર્ષ KCGમાં સલાહકાર સમિતિના સભ્ય તરીકે સેવાઓ આપી. ઈ.સ. ૨૦૨૦ પછી સ્કૂલ ઑફ કૉમર્સના પ્રો. ગુરુદત્ત જપીસાહેબ, દવેસાહેબને ગુજરાત યુનિવર્સિટીના IAS ટ્રેનિંગ સેન્ટર, પ્રજ્ઞાપીઠમ્‌માં લઈ આવે છે. અહીં તેઓ સાથીમિત્રો મળીને 'Polymath club'ની શરૂઆત કરે છે. યુરોપિયન પુનઃજાગૃતિકાળના વિદ્વાન પીટર બર્ગના પુસ્તક 'Tha Polymath'પરથી ક્લબનું નામાભિધાન કરવામાં આવેલું. Polymath એટલે એક જ વિષયના અભ્યાસને બદલે અનેક વિષયો પર જ્ઞાન મેળવવું એવો થાય છે. આ ક્લબ અંતર્ગત આશરે ચાલીસ જેટલાં વ્યાખ્યાનો થયાં છે. અહીં દવેસાહેબે લાઇબ્રેરી વિકસાવેલી. પ્રજ્ઞાપીઠમ્ જગ્યા પ્રત્યે એમને એટલો પ્રેમ હતો કે, અંતિમ દિવસોમાં નાદુરસ્તી વચ્ચે પણ પુસ્તકોની ચિંતા કરતા કરતા બહેનશ્રી માલાબહેનને કહેતા કે, 'માલા, કંઈક ઠેકાણું પડે તો હું પ્રજ્ઞાપીઠમ્ જઉં.' પરંતુ તેઓ ફરી ત્યાં જઈ શક્યા નહીં...

નિવૃત્તિ પછી જે કોઈ સંસ્થાઓમાં માનદ સેવાઓ આપી ત્યાંથી એમણે વેતન સ્વીકાર્યું ન હતું. પૈસા સહિતની ભૌતિકતાથી દવેસાહેબ આજીવન અલિપ્ત રહીને એક સાધુ જેવું જીવન જીવી ગયા તે એક ઘટના છે.

છેલ્લે, હર્ષવદન ત્રિવેદી અને હું દવેસાહેબને પ્રજ્ઞાપીઠમ્‌માં મળવા ગયા હતા તે અમારી એમની સાથેની અંતિમ મુલાકાત. પ્રજ્ઞાપીઠમ્‌માં Polymath ક્લબના રૂમમાં ચોમેર પુસ્તકો, વચ્ચે પુસ્તકોથી ઢંકાયેલું એક વિશાળ ટેબલ, પુસ્તકોનાં કબાટના ઉપલા ભાગે એમણે વિદ્યાર્થીઓ માટે સ્વખર્ચે કરાવેલી આશરે ૩૦૦૦ જેટલાં પુસ્તકોની સ્પાઇરલ

ઝેરોક્ષ. આ સમગ્ર સાથે ઓતપ્રોત પ્રશાંત દવેસાહેબ ટેબલ પાસેની એક નાનકડી ખુરશી પર બેઠેલા. આ દૃશ્ય રોલાં બાર્થના 'Camera Lucida'ની જેમ હર્ષવદનભાઈને અને મને કાયમ યાદ રહેશે. એમને મળ્યા પછી અમે વિચારતા હતા કે, 'દર્શનશાસ્ત્ર તો ખરું જ, ઉપરાંત સાહિત્ય અને દર્શનશાસ્ત્રના આંતરસંબંધો પરના અધિકારી વ્યક્તિઓમાંના પ્રશાંત દવેસાહેબ એક. આપણે એમનો લાભ લેવાનું ચૂકી ગયા છીએ.'

દવેસાહેબ સાથે ગાઢ મિત્રતા ધરાવતા ડૉ. દિલીપ ચારણસાહેબ અને ડૉ. ગુરુદત્ત જપીસાહેબને મારી નમ્ર અપીલ છે કે એમના તમામ લેખો અપ્રકાશિત છે તેને ગ્રંથસ્થ કરી આપે અને Polymath વિચારને વ્યાપક કરી આપે. દવેસાહેબ પોતે એક Polymathic વ્યક્તિ હતા. દર્શનશાસ્ત્ર ઉપરાંત લલિતકળાઓ, સાહિત્ય, ઇતિહાસ વગેરે વિષયો વિશે સ્વાધ્યાય કરતા અને તે વિચારોનું વિદ્યાર્થીઓ, અભ્યાસુઓ અને મિત્રો સાથે આદાનપ્રદાન કરતા. આ સંદર્ભમાં Polymath ક્લબની પ્રવૃત્તિઓ વિસ્તાર પામે તો તે એમને સાર્થક રીતે શ્રદ્ધાંજલિ આપી કહેવાશે.

નલિની કૉલેજના મારા ગુરુ સ્વ. પ્રશાંત દવેસાહેબને વંદન સાથે ભાવાંજલિ...

■

લામુથી મોમ્બાસા ને ત્યાંથી ઝાંઝીબાર પહોંચ્યા. ઝાંઝીબરમાં તો બહુ જ રોકાવાનું હતું – આઠ કે દસ દિવસ. અહીં નવી સ્ટીમરમાં બદલવાનું હતું.

કપ્તાનના પ્રેમનો કંઈ પાર નહોતો. આ પ્રેમે મારે સારુ ઊલટું સ્વરૂપ પકડ્યું. તેણે મને પોતાની સાથે સહેલ કરવા જવા નોતર્યો. એક અંગ્રેજ મિત્રને પણ નોતર્યો હતો. અમે ત્રણે કપ્તાન મછવામાં ઊતર્યા. આ સહેલનો મર્મ હું મુદ્દલ નહોતો સમજ્યો. કપ્તાનને શી ખબર કે હું આવી બાબતોમાં છેક અજાણ્યો હોઈશ? અમે તો હબ્સી ઓરતોના વાડામાં પહોંચ્યા. એક દલાલ અમને ત્યાં લઈ ગયેલો. દરેક એક એક કોટડીમાં પુરાયા. પણ હું તો શરમનો માર્યો કોટડીમાં પુરાઈ જ રહ્યો. પેલી બાઈ બિચારીને શા વિચાર આવ્યાં હશે એ તો તે જ જાણે. કપ્તાને બૂમ મારી. હું તો જેવો અંદર દાખલ થયો હતો તેવો જ બહાર નીકળ્યો. કપ્તાન મારું ભોળપણ સમજી ગયો. પ્રથમતો મને બહુજ ભોંઠપ લાગી. પણ આ કાર્ય કોઈ રીતે હું પસંદ કરી શકું તેમ નહોતું જ, તેથી તરત જ તે જતી રહી ને મેં ઈશ્વરનો પાડ માન્યો કે પેલી બહેનને જોઈ મને વિકાર સરખો પણ પેદા ન થયો. મને મારી નબળાઈ તરફ તિરસ્કાર ઊપજ્યો કે હું કોટડીમાં પુરાવાની જ ના પાડવાની હિંમત ન કરી શક્યો.

આ મારી જિંદગીની આવા પ્રકરની ત્રીજી કસોટી હતી. કેટલાયે જુવાનિયા પ્રથમ નિર્દોષ હોવા છતાં ખોટી શરમથી દોષમાં પડતા હશે. મારું બચવું મારા પુરુષાર્થને આભારી નહોતું. જો મેં કોટડીમાં પુરાવાની ચોખ્ખી ના પાડી હોત તો તે પુરુષાર્થ ગણાત. મારા બચવાને સારું મારે તો પાડ કેવળ ઈશ્વરનો જ માનવો રહ્યો છે. પણ આ કિસ્સાથી મારી ઈશ્વર ઉપરની આસ્થા વધી ને ખોટી શરમ છોડવાની હિંમત પણ કંઈક શીખ્યો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## સાભાર–સ્વીકાર

- **કવિતાસંગ્રહ :**

**વાત જુદી છે :** ગેબી લુવારવી, ઝેન ઓપ્સ, ૨૦૨૬, ક્રાઉન. પૃ. ૭૬. રૂ. ૨૦૦. ૭૫ ગઝલોનો સંગ્રહ. • **અજવાળે આવ્યું પતંગિયુ :** અંબાલાલ કાનપરા 'અર્થ', ફના બુક પ્રકાશન સુરેન્દ્રનગર, ૨૦૨૬, ક્રાઉન. પૃ. ૬૫. રૂ. ૧૫૦. ૬૬ ગીતોનો સંગ્રહ. • **મળ્યું મને સગપણ :** અંબાલાલ ખાનપરા 'અર્થ', શોપીઝેન. ઈન. ૨૦૨૬, ડે. પૃ. ૮૭. રૂ. ૨૭૫. ૮૬ ગઝલોનો સંગ્રહ. • **મૌનના પડઘા :** ગૌરાંગ દિવેટિયા, ઝેન ઓપ્સ, ૨૦૨૬. ક્રાઉન. પૃ. ૧૧૪. રૂ. ૨૨૫. ૧૧૧ ગઝલોનો સંગ્રહ.

- **વાર્તાસંગ્રહ :**

**હાંસિયાની બીજી બાજુ :** કોશા રાવલ, ૨૦૨૬, ડે. પૃ. ૧૬૦, રૂ.૨૫૦, ૧૫ નોખી શૈલીની અનોખી નવલિકાઓ. • **વાર્તા–સેલ્ફી :** ગિરિમા ઘારેખાન, ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૬, ડે. પૃ. ૧૨૮. રૂ. ૧૮૦. ૧૫ નિષ્ઠા અને નિસબત ધરાવતી વાર્તાઓ.

- **નિબંધસંગ્રહ :**

**પેશે ખિદમત :** હરદ્વાર ગોસ્વામી, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૫, ડે. પૃ. ૧૨૮. રૂ. ૨૫૦. ૩૦ નિબંધોનો સંગ્રહ. • **રેઈનબો :** રક્ષા શુક્લ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૫. ડે. પૃ. ૧૨૮. રૂ. ૨૪૯. ૨૮ નિબંધોનો સંગ્રહ. • **સજ્જડ સર્વ :** ગોપાલ ધકાણ, ઝેન ઓપ્સ, ૨૦૨૬. ડે. પૃ.૧૨૦. રૂ. ૩૦૦. ૩૦ હાસ્યનિબંધોનો સંગ્રહ.

- **પ્રવાસગ્રંથ :**

**કાર્પેથિયનની કુંજ ગલીએ :** કનુ પટેલ, લજ્જા પબ્લિકેશન્સ, વલ્લભવિદ્યાનગર, ૨૦૨૬. ડે. પૃ. ૧૪૩. રૂ. ૨૭૫. પૂર્વ યુરોપનો કલાપ્રવાસ.

- **બાળસાહિત્ય :**

**રાજાનો ન્યાય :** કાનજી મહેશ્વરી,નવભારત સાહિત્ય મંદિર, રોનક શાહ બાલવિનોદ પ્રકાશન, અમદાવાદ. ૨૦૨૬. ડે. પૃ. ૭૫. રૂ. ૧૪૯. ૨૧ બાળવાર્તાઓનો સંગ્રહ.

- **વિવેચન :**

**શબ્દચક્ષુ :** દીપક રાવલ, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, ૨૦૨૬. ડે. પૃ. ૧૫૦. રૂ. ૩૦૦. ૧૬ વિવેચનલેખોનો સંગ્રહ. • **શબ્દપ્રત્યક્ષ :** દીપક રાવલ, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, ૨૦૨૬. ડે. પૃ. ૧૫૪. રૂ. ૩૦૦. ૨૫ વિવેચનલેખોનો સંગ્રહ.

- **સંપાદન :**

**એક કિરણ રેશનાલિઝમનું :** સંપા. લંકેશ ચક્રવર્તી, રેશનલ પ્રકાશન, ૨૦૨૬. ડે. પૃ. ૨૩૨. રૂ.–, રેશનાલિસ્ટ કિરણ સ્કેપ્ટિક/નાણાવટીના વિચારો... સાથેનો સ્મૃતિ

ગ્રંથ. • **ગીતામૃત ભાગ-૧** : સંપા. રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી, ગૂર્જર પ્રકાશન, ૨૦૨૪, ડે. પૃ.૧૯૨. રૂ. ૨૨૫. અધ્યાય ૧-૨-૩. • **ગીતામૃત ભાગ-૨** : સંપા. રતિલાલ બોરીસાગર, સનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી, ગૂર્જર પ્રકાશન, ૨૦૨૫, ડે. પૃ. ૨૧૬. રૂ. ૩૦૦. અધ્યાય ૪-૫-૬. • **ગીતામૃત ભાગ-૩** : સંપા. રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી, ગૂર્જર પ્રકાશન, ૨૦૨૫, ડે. પૃ. ૧૬૦. રૂ.૨૨૫. અધ્યાય ૭-૮-૯. • **ગીતામૃત ભાગ-૪** : સંપા. રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી, ગૂર્જર પ્રકાશન, ૨૦૨૬, ડે. પૃ. ૨૦૦. રૂ. ૨૮૦. અધ્યાય ૧૦-૧૧-૧૨. • **ગીતામૃત ભાગ-૫** : સંપા. રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી, ગૂર્જર પ્રકાશન, ૨૦૨૬. ડે. પૃ. ૧૯૨. રૂ. ૨૬૦. અધ્યાય ૧૩-૧૪-૧૫. • **ગીતામૃત ભાગ-૬** : સંપા. રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી, ગૂર્જર પ્રકાશન, ૨૦૨૬, ડે. પૃ. ૨૮૪. રૂ. ૩૮૦. અધ્યાય ૧૬-૧૭-૧૮.

**અનુવાદ :**

**યુવાનોના ગાંધી** : ફાધર વાલેસ/અનુ. ડંકેશ ઓઝા, ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૬. ડે. પૃ. ૧૨૦, રૂ. ૨૦૦.

**પ્રકીર્ણ :**

**કહેવત-કથાઓનો કુબેરભંડાર** : કાન્તિલાલ જો. પટેલ, ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૬, ડે. પૃ.૨૮૦. રૂ.૪૦૦. ૧૩૩ કહેવત-કથાઓનો સંગ્રહ.

■

ચાર્લ્સટાઉન ટ્રેન છેક સવારે પહોંચે. ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ સુધી પહોંચવાને સારું તે કાળે ટ્રેન નહોતી પણ ઘોડાનો સિગરામ હતો. અને વચમાં સ્ટૅન્ડરટનમાં એક રાત રહેવાનું હતું. મારી પાસે સિગરામની ટિકિટ હતી. એ ટિકિટ કાંઈ હું એક દિવસ મોડો પહોંચ્યો તેથી રદ થતી નહોતી. વળી અબદુલ્લા શેઠે ચાર્લ્સટાઉન સિગરામવાળા ઉપર તાર પણ મોકલાવ્યો હતો. પણ એને તો બહાનું જ કાઢવું હતું તેથી મને કેવળ અજાણ્યો જાણી કહ્યું, 'તમારી ટિકિટ તો રદ થઈ છે.' મેં યોગ્ય જવાબ આપ્યો. ટિકિટ રદ થઈ છે એમ કહેવાનું કારણ તો જુદું જ હતું. ઉતારુઓ બધા સિગરામની અંદર જ બેસે. પણ હું તો 'કુલી' ગણાઉં, અજાણ્યો લાગું, તેથી મને ગોરા ઉતારુઓની પાસે બેસાડવો ન પડે તો સારું, એવી સિગરામવાળાની દાનત. સિગરામની બહાર, એટલે હાંકનારને પડખે ડાબી અને જમણી બાજુએ, એમ બે બેઠકો હતી. તેમાંથી એક બેઠક ઉપર સિગરામની કંપનીનો એક મુખી ગોરો બેસતો. એ અંદર બેઠો અને મને હાંકનારની પડખે બેસાર્યો. હું સમજી ગયો કે આ કેવળ અન્યાય જ છે, અપમાન છે. પણ અપમાનને પી જવું યોગ્ય ધાર્યું. મારાથી બળજોરી કરીને અંદર બેસી શકાય એવું તો નહોતું જ. હું તકરારમાં ઊતરું તો સિગરામ જાય અને વળી મારે એક દિવસ ખોટી થાય; ને બીજે દિવસે વળી શું થાય એ તો દૈવ જાણે. એટલે હું ડાહ્યો થઈને બહાર બેસી ગયો. મનમાં તો ખૂબ કોચવાયો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# પરિષદવૃત્ત

ઈતુભાઈ કુરકુટિયા

**રવિ–ભાણ પરંપરા : સાહિત્યવિમર્શ**

ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ અને 'ભાણતીર્થ' સંતશ્રી ભાણસાહેબ સમાધિસ્થાન, કમીજલાના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પરિસંવાદ 'રવિ-ભાણ પરંપરા : સાહિત્ય વિમર્શ' વિશે તા. ૪-૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ સંતશ્રી ભાણસાહેબ સમાધિસ્થાન ભાણતીર્થ, મુ. કમીજલા, તા. વિરમગામ, જિ. અમદાવાદમાં યોજાયો હતો.

તા. ૪-૭-૨૦૨૬ના રોજ સાંજે ૩-૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત ઉદ્‌ઘાટન બેઠકથી થઈ હતી. જેમાં પરિષદ પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીએ ઉદ્‌ઘાટન વક્તવ્ય આપ્યું હતું. નિરંજન રાજ્યગુરુએ 'સંતવાણી' વિશે વક્તવ્ય આપ્યું હતું. યજમાન સંસ્થામાંથી શ્રી જાનકીદાસ બાપુએ અને ગુજરાતી સાહિત્યના મહામંત્રી શ્રી સમીર ભટ્ટે સહુનું સ્વાગત કર્યું હતું. સ્વામી નિજાનંદજીએ દીપપ્રાગટ્ય કરીને આશીર્વચન આપ્યા હતા. રવજી રોકડએ પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી જાનકીદાસબાપુએ પરિષદ પ્રકાશિત રવિ–ભાણ સંપ્રદાયના સંતકવિઓકૃત 'ચિંતામણિ' સં. સંશોધક:રવજી રોકડના ગ્રંથનું લોકાર્પણ કર્યું હતું. શ્રી દલપત પઢિયારે 'રવિ-ભાણ પરંપરા પરિચય' વિષય પર બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. શ્રી પંકજ મોદી, ડૉ. ત્રિકાલદાસજી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે સૌનો આભાર માન્યો હતો. આ બેઠકનું સંચાલન ગીતાબહેન વાઘેલાએ કર્યું. હતું. રાત્રિબેઠક ડૉ. નિરંજન રાજ્યગુરુની અધ્યક્ષતામાં ૯-૦૦થી ૧૧-૩૦ દરમિયાન યોજાઈ હતી. જેમાં 'રવિ-ભાણ પરંપરાની સંતવાણીમાં સંગીતકલા' વિશે ડૉ. નિરંજન રાજ્યગુરુએ વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી નિરંજન રાજયગુરુ, દલપત પઢિયાર, બાબુભાઈ રાણપરિયા, લાલભાઈ પ્રગતાણી અને ભજનમંડળી ભજનિક વૃંદ દ્વારા બે કલાક સંતવાણીની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

તા. ૫-૭-૨૦૨૬ના રોજ પ્રથમ બેઠક મનોજ રાવલની અધ્યક્ષતામાં ૯-૩૦થી ૧૨-૩૦ દરમિયાન યોજાઈ હતી, જેમાં ડૉ. નાથાલાલ ગોહિલે 'રવિ-ભાણ પરંપરાની સંતવાણીમાં સ્વરૂપવૈવિધ્ય' વિશે, ડૉ. રમેશ મહેતાએ 'રવિ-ભાણ પરંપરાની સંતવાણીમાં સર્જકતા' વિશે, દર્શના ધોળકિયાએ 'રવિ-ભાણ પરંપરાના સંતોની વાણીમાં ભક્તિ, જ્ઞાન અને યોગનું નિરૂપણ' વિશે, અને ડૉ. મનોજ રાવલે 'રવિ-ભાણ સાહિત્યમાં અભિવ્યક્ત ભારતીય જ્ઞાન પરંપરા' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. આ બેઠકનું સંચાલન ડૉ. ભીમજી ખાચરિયાએ કર્યું હતું. બીજી બેઠક શ્રી સતીશચંદ્ર વ્યાસની અધ્યક્ષતામાં ૨-૩૦થી ૪-૪૫ દરમિયાન યોજાઈ હતી. ડૉ. રવજી રોકડે 'રવિ-ભાણ પરંપરાના સંતકવિઓ રચિત 'ચિંતામણિ' ગ્રંથ વિશે, ડૉ. મુકુન્દચંદ્ર નાગરે 'રવિ-ભાણ પરંપરાના સંતકવિઓનો

કાલનિર્ણય' વિશે, ડૉ. સતીશચંદ્ર વ્યાસે 'રવિ-ભાણ પરંપરાના સંતકવિઓનો સામાજિક પ્રભાવ' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. આ બેઠકનું સંચાલન ડૉ. સુરેશ શીગાળાએ કર્યું હતું. ઉપરોક્ત પરિસંવાદમાં ૩૫ નિમંત્રિત ચર્ચકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાપન બેઠક ૪-૫૦થી ૫-૩૦ દરમિયાન યોજાઈ હતી. જેમાં પ્રતિભાવો રજૂ થયા હતા. શ્રી જાનકીદાસબાપુએ અને પરિષદમંત્રી સમીર ભટ્ટે સહુનો આભાર માન્યો હતો.

## ગુણાનુવાદ સભા

ગુજરાતી સાહિત્ય પરિષદે શ્રી બિપિન પટેલ, નિહારિકા આચાર્ય, ભવાનભાઈ પટેલ 'તથાગત', ભાનુપ્રસાદ પંડ્યા, મહિપત કવિ, મનસુખ વાઘેલા, મોના પાત્રાવાલા, રાજુ પટેલ, રતિલાલ કાંસોદરિયા, ઈલા નાયક વિશેની ગુણાનુવાદ સભા તા. ૧૪-૭-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં, ગોવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાઈ હતી. જેમાં શ્રી કિરીટ દૂધાત, શ્રી ડંકેશ ઓઝા, શ્રી સમીર ભટ્ટ, શ્રી હર્ષદ ત્રિવેદી, કેશુભાઈ દેસાઈએ સાહિત્યકારોના ગુણોને યાદ કરીને સ્મરણ-વંદના કરી હતી. શ્રી ભીખેશ ભટ્ટે સભાનું સંચાલન કર્યું હતું.

## ઉમાશંકર જોશી જન્મજયંતી નિમિત્તે સર્જક સંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપક્રમે તા. ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ સમગ્ર ગુજરાતની વિવિધ ૨૬ શૈક્ષણિક સંસ્થાઓમાં જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા મહાન સાહિત્યકાર ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે 'સર્જક સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનુસંધાનમાં ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુરમાં પ્રભુદાસ પટેલે, ડી. ડી. ઠક્કર આર્ટ્સ ઍન્ડ કે. જે. પટેલ કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મામાં કેશુભાઈ દેસાઈએ, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વ્યારા, જિ. તાપીમાં ડૉ. પિનાકિન જોશીએ, 'વાર્તાકાર : સુરેશ જોશી' વિશે, એન. પી. પટેલ આર્ટ્સ ઍન્ડ એસ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, પાલનપુરમાં ધરમાભાઈ શ્રીમાળીએ, નિમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયામાં સંજય ચૌહાણે, શ્રીમતી આર. પી. ભાલોડિયા મહિલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા, રાજકોટમાં અજય ઓઝાએ, જે. એમ. શાહ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ જંબુસરમાં જયશ્રી ચૌધરીએ, સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુર, મહિસાગરમાં કાનજી પટેલે, ગવર્નમેન્ટ આર્ટ્સ કૉમર્સ કૉલેજ, જાદરા તા. ઇડરમાં રમેશ ઠક્કરે, એમ. એન. કૉલેજ, વિસનગરમાં દશરથ પરમારે, ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સોલા, અમદાવાદમાં રેના સુથારે, કે. એન. એસ. બી. એલ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેરાલુમાં ઉત્પલ પટેલે, નલિની-અરવિંદ ઍન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગરમાં રામ મોરીએ, શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. કૉમર્સ કૉલેજ, કપડવંજમાં ધર્મેન્દ્ર ત્રિવેદીએ, શ્રી ડી. વી. રાવલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હળવદમાં નરેન્દ્રસિંહ રાણાએ, એમ. એ. પરીખ ફાઇન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાલનપુરમાં ઋષિકેશ રાવળે, શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચમાં ગિરિમા ઘારેખાને, સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ, બ. કા.માં કનુ આચાર્યએ, મહેમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેમદાવાદમાં ચેતન શુક્લએ, સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલ તા. મહુવા, જિ. સુરતમાં નેહા ગાંધીએ, પટેલ રમણ બ્રધર્સ આર્ટ્સ ઍન્ડ

પટેલ ગોપાળભાઈ રણછોડજી કૉમર્સ કૉલેજ, બારડોલીમાં સંધ્યા ભટ્ટે, શેઠશ્રી ભુરાલાલ છગનલાલ શાહ આર્ટ્સ કૉલેજ, વડાલીમાં પ્રાગજી ભામ્ભીએ, સી.બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં અશોકપુરી ગોસ્વામીએ, આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુરમાં દેવાંગી ભટ્ટે, મહિલા મહાવિદ્યાલય, વડોદરા કૉલેજમાં નીતા જોશીએ, શેઠ એચ. પી. આર્ટ્સ અને ટી. એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદમાં પ્રેમજીભાઈ પટેલે, 'સર્જક સંવાદ' કાર્યક્રમમાં ઉમાશંકર જાશીના જીવન-કવન અને ઉમાશંકર જોશીની વાર્તાકળા વિશે વક્તવ્યો આપ્યાં હતાં. તેમજ આ પ્રસંગે વક્તાઓએ પોતાની સર્જક કેફિયત આપી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને હિંમતનગર કેળવણી મંડળ, સંચાલિત એસ. એસ. મહેતા આર્ટ્સ અને એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના ગુજરાતી વિભાગ સંયુક્ત ઉપક્રમે ૨૧મી જુલાઈના રોજ ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિશ્રી ઉમાંશંકર જોશીની ૧૧૫મી જન્મજયંતીની સ્મૃતિમાં 'ઉમાશંકર જોશી સ્મરણપર્વનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની ભૂમિકા ડૉ. બી. જી. પરમારે રચી આપી હતી. કૉલેજના આચાર્ય ડૉ. રાકેશ જોષીએ વક્તાનું સ્વાગત અને સન્માન કર્યું હતું. વક્તાનો પરિચય ડૉ. સંજય ચૌધરીએ આપ્યો હતો. ત્યારબાદ પ્રસંગને અનુરૂપ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદીનો ઑનલાઇન શુભેચ્છાસંદેશ રજૂ કરવામાં આવ્યો હતો. વક્તા કલ્પેશ પટેલે 'આપણા ઉમાશંકર જોશી' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ડૉ. દિનેશ પટેલિયાએ સૌનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમનું સંયોજન કિરીટ દૂધાતે કર્યું હતું. જેમાં ગુજરાતના વાર્તાકારોને આમંત્રિત કરીને 'સર્જક સંવાદ' કરવા પ્રેરિત કર્યા હતા.

### સરોજ પાઠક–રમણ પાઠક વિશે બારડોલી કૉલેજમાં વ્યાખ્યાનો

તા. ૩૦-૭-૨૦૨૬ના દિવસે 'સરોજ પાઠક-રમણ પાઠક સ્મૃતિ વંદનાઃસાહિત્ય સર્જન અને વિચાર વિશેષ' કાર્યક્રમ પી. આર. બી. આર્ટ્સ અને પી. જી. આર. કૉમર્સ કૉલેજ, બારડોલીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના સહયોગમા યોજાઈ ગયો. બરાબર દસ વાગ્યે ઉદ્‌ઘાટન બેઠક શરૂ થઈ અને સંસ્થાના વડા ડૉ. ભાવિન પુરોહિતે સૌને આવકાર આપી વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો. ઉદ્‌ઘાટક હર્ષદ ત્રિવેદીએ આ લેખકબેલડીની વિલક્ષણતા અને અન્યોન્યપૂરકતા બરાબર ચીંધી આપી. સંચાલકમંડળના ટ્રસ્ટી ડૉ. ડી. આર. શાહે આવા કાર્યક્રમ જરૂરી છે એમ કહ્યું.

બીજી બેઠક સાડા અગિયારે શરૂ થઈ. વાર્તાકાર કિરીટ દૂધાતે સરોજ પાઠકની તેમણે ચૂંટેલી વાર્તાઓ રસપ્રદ રીતે રજૂ કરી અને તેના અર્થઘટનની તેમની શૈલીથી પણ શ્રોતાઓ ખૂબ પ્રભાવિત થયા. સરોજ પાઠકની પ્રતિભા અને પોતીકી વાર્તાસૂઝ દર્શાવતું આ ઉત્તમ વ્યાખ્યાન સાંભળ્યાનો આનંદ ખંડમાં અનુભવી શકાતો હતો. 'ચિત્તની લીલાના કસબી : સરોજ પાઠક' શીર્ષક જીવંત બની રહ્યું.

બીજા વક્તા ડંકેશ ઓઝાએ રમણ પાઠકનાં વિવિધ પાસાંની પ્રથમ તો વાત કરી. અધ્યાપક, વાર્તાકાર, પત્રકાર, ઉદ્‌ઘોષક, સંપાદક, વ્યંગકાર અને રેશનાલિસ્ટ રમણભાઈ પ્રથમથી જ વિચારોમાં ઉફરા ચાલતા એમ તેમની બાળપણની વાતો પણ સૂચવે છે. જ્યોતીન્દ્ર દવેના મતે તેઓ દુર્લભ એવા ઉત્તમ વ્યંગકાર હતા. ડંકેશ ઓઝાએ અત્યંત રોચક રીતે વિવેકબુદ્ધિની ઘણી વાતો કરી જે આજના સમયમાં વધુ ને વધુ પ્રસ્તુત છે. તેમનું વક્તવ્ય પણ અસ્ખલિત ધારાપ્રવાહમાં વહેતું રહ્યું.

બંને વ્યાખ્યાન પછી થયેલી તાળીઓનો ગડગડાટ શ્રોતાઓની ખુશીને વ્યક્ત કરી રહ્યો અને પછી વાતને સૌન્દર્યનો પુટ આપતાં હર્ષદ ત્રિવેદીએ બંને વ્યાખ્યાનનાં રસસ્થાનો એવાં તો સરસ મૂકી આપ્યાં!!!

પહેલી બેઠકનું સંચાલન આ કાર્યક્રમના સંયોજક સંધ્યા ભટ્ટે કર્યું અને બીજી બેઠકનું સંચાલન સરોજબહેનના વિદ્યાર્થી રહી ચૂકેલા ડૉ. નરેશ વાઘેલાએ કર્યું. ડૉ. રમેશ પરમારે પ્રેમપૂર્વક આભારવિધિ કરી. આ પ્રસંગે પરિષદના ઉપપ્રમુખ રાજન ભટ્ટ તથા કારોબારી સભ્ય બકુલ ટેલર અને અન્ય સાહિત્યરસિક તથા રેશનાલિસ્ટ મિત્રો ઉપસ્થિત હતા.

## શિશુવિહાર બુધસભા

ભાવનગર શિશુવિહાર બુધસભાની ૨૪૦૨ની બેઠક ૨૯-૭-૨૦૨૬ના રોજ શિશુવિહારમાં યોજાઈ હતી. જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદમાંથી કવયિત્રી શ્રી રક્ષા શુક્લ તથા કવિ શ્રી પ્રણવ ઠાકર ઉપસ્થિત રહ્યાં. શ્રી પ્રણવ ઠાકર અને શ્રી રક્ષા શુક્લએ પોતાની વિવિધ રચનાઓ સુંદર રીતે રજૂ કરી. અંતમાં કવિશ્રી વિનોદ જોશીએ આજના બંને કવિઓની પ્રસ્તુતિ સંદર્ભે સુંદર સંકલન અને સમાપન કર્યું. આ સભામાં ૪૫ કવિઓ અને ભાવકો ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જીત ચુડાસમાએ કર્યું.

## ગુજરાતી સાહિત્ય પરિષદ અને એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે વિશેષ વ્યાખ્યાન યોજાયું

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ(ઓટોનોમસ)ના અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૦૫ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ 'સાહિત્યનું અધ્યયન અને સૌંદર્યબોધ' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનના વક્તા તરીકે જાણીતા વિવેચક અને સાહિત્યકાર શ્રી રમણ સોની ઉપસ્થિત રહ્યા હતા.

વ્યાખ્યાનમાં શ્રી રમણ સોનીએ સાહિત્યના અધ્યયનની પ્રક્રિયામાં માનવ ઇન્દ્રિયોની ભૂમિકા શું છે તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે સૌંદર્ય શું છે, તેનું સ્વરૂપ શું છે અને કવિ પોતાની સર્જનપ્રક્રિયામાં સૌંદર્યનું નિર્માણ કેવી રીતે કરે છે તેની સૂક્ષ્મ સમજ આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સાહિત્યનો આસ્વાદ માત્ર વાંચન પૂરતો મર્યાદિત નથી, પરંતુ સંવેદના, કલ્પના અને અનુભૂતિ દ્વારા સૌંદર્યને અનુભવી શકાય છે.

વક્તાશ્રીએ નર્મદ, કાન્ત, રાવજી પટેલ જેવા કવિઓની કવિતાઓના દૃષ્ટાંતો દ્વારા સાહિત્યમાં સૌંદર્યની અભિવ્યક્તિ અને તેના વિવિધ પરિમાણોને સરળ અને રસપ્રદ રીતે સમજાવ્યાં. તેમણે વાચકની સક્રિય ભૂમિકા પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે ઉત્તમ વાચક જ કૃતિના આંતરિક સૌંદર્ય સુધી પહોંચી શકે છે. વ્યાખ્યાનના અંતિમ તબક્કામાં તેમણે 'સૌંદર્યબોધ'ની સંકલ્પનાને સ્પષ્ટ કરતાં જણાવ્યું કે સૌંદર્યબોધ એટલે સૌંદર્યને ઓળખવાની, માણવાની અને તેનું વિશ્લેષણ કરવાની સમજ વિકસે તે. આ રીતે સમગ્ર વ્યાખ્યાનમાં સાહિત્યના અધ્યયનને અર્થપૂર્ણ અને વિવેચનાત્મક બનાવવામાં વિદ્યાર્થી તથા અધ્યાપકની ભૂમિકા પર તેમણે સુંદર અને વિચારપ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું. વ્યાખ્યાનમાં અનુસ્નાતક વિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા સાહિત્યરસિકોએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિતિ નોંધાવી હતી.

■

ઇતુભાઈ કુરકુટિયા

## સદા સર્વદા કવિતા–પર્વ ૧૧૮

સદા સર્વદા કવિતા પર્વ-૧૧૮નો કાર્યક્રમ તા.૫-૭-૨૦૨૬ના રોજ રવિવારે સાંજે ૬-૦૦થી ૮-૦૦ દરમિયાન હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેના હાસ્યનિબંધો પર આધારિત, અને અર્ચન ત્રિવેદી દિગ્દર્શિત નાટક 'આનંદતરંગ' પ્રસ્તુતિનો કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો હતો. જેમાં સર્વશ્રી અર્ચન ત્રિવેદી, જિગીષા ત્રિવેદી, હેતલ મોદી, નવીન રાવલ, ચિંતન ઠાકર, શૈલેશ પ્રજાપ્રતિ અને કવન શાહે નાટકના સંવાદોનું પઠન કર્યું હતું. કવિ હર્ષ બ્રહ્મભટ્ટે આવકાર આપ્યો હતો.

## કવિ–સંગત, વડોદરા ૨૦૨૪ અને ૨૦૨૫ પારિતોષિક

સાહિત્યિક સંસ્થા કવિ-સંગત, વડોદરા દ્વારા વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ માટેનાં કવિ-સંગત, વડોદરા પારિતોષિકની જાહેરાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪ માટે કવિ સુરેશ પરમાર 'સૂર'ના ગઝલસંગ્રહ 'તારી કસમ'ને જ્યારે વર્ષ ૨૦૨૫ માટે યુવા કવિ અને નાટ્યકાર બ્રિજેશ પંચાલ મધુરનો કાવ્યસંગ્રહ 'મૌનથી શબ્દમાં કાણું પડશે'ની પસંદગી કરવામાં આવી છે.

## સાક્ષરવર્યશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સ્મરણાંજલિ સભા

નર્મદ સાહિત્ય સભા અને એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત દ્વારા સાક્ષરવર્યશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની સવા શતાબ્દી નિમિત્તે યોજાયેલી સભામાં ડૉ. રાકેશ દેસાઈએ વિવેચન કલા પર, કશ્યપ મહેતાએ પારિવારિક સંસ્મરણો, ડૉ. હિમાંશી શેલત અને ડૉ. વિજય શાસ્ત્રીએ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના કાલખંડને વર્ણવ્યો હતો. તેમના જીવન-કવન વિશે નરેશ કાપડિયાએ એક ટૂંકી ફિલ્મ દ્વારા વિગતો આપી હતી. સભાના પ્રમુખ : બકુલ ટેલર, ઉપપ્રમુખ : કપિલદેવ શુક્લ, મંત્રી : મયંક ત્રિવેદી, આચાર્ય ડૉ. મુકેશ પટેલે પ્રાસંગિક વિધિઓ કરી અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજન ભટ્ટે હાજરી આપી હતી.

## વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમો

તા. ૪-૭-૨૦૨૬ના રોજ રેડિયો વિશેની ડૉક્યુમેન્ટરી 'My Radio My Life' વિશે પુણેથી આવેલા શ્રી મકરન્દ વાઈકરે પોતાની વાત રજૂ કરી હતી. આકાશવાણીનાં ૯૦ વર્ષ પૂરાં થયાં એ સંદર્ભે શ્રી ત્રિલોકભાઈ સંઘાણીએ વાત કરી હતી. તા. ૮-૭-૨૦૨૬ના રોજ પ્રા. દર્શના ધોળકિયાએ 'કચ્છની સંતકવયિત્રીઓ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. જે વિશ્વકોશ ટ્રસ્ટની યૂ-ટ્યૂબ ચૅનલ પર ઑનલાઇન મૂકવામાં આવ્યું હતું.

## ઓમ કૉમ્યુનિકેશન દ્વારા યોજાયેલા કાર્યક્રમો

તા. ૪-૭-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ આત્મા હૉલમાં 'પુસ્તક પરિચય' અંતર્ગત હરીશ મીનાશ્રુના પુસ્તક 'બનારસ ડાયરી' વિશે

અજયસિંહ ચૌહાણે, મોહન પરમારના પુસ્તક 'અંચળો' વિશે ભરત મહેતાએ વક્તવ્યો આપ્યાં. તા. ૩૦-૭-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, આત્મા હૉલમાં કવિ અરદેશર ફરામજી ખબરદારની ૭૩ની પુણ્યતિથિએ 'રાષ્ટ્રિકા' શીર્ષક અંતર્ગત 'અરદેશર ખબરદારના જીવન' વિશે પ્રો. ભાવેશ વાળાએ, 'અરદેશર ખબરદારનુ સાહિત્યસર્જન' વિશે રમણ સોનીએ વક્તવ્યો આપ્યાં. ઉપરોક્ત બંને કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું.

**વલસાડ બુધસભા પરિવાર દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો.**

વલસાડમાં છેલ્લાં ૧૧ વર્ષથી ગીત-સંગીત-સાહિત્ય નવસર્જન અને લબ્ધપ્રતિષ્ઠિત લેખક કવિઓની સાહિત્યિક કૃતિઓનું પઠન, વિવેચન અને રસપાન કરવાની પ્રવત્તિ કરતી વલસાડ બુધસભા પરિવાર દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે વલસાડ હાલરમાં આવેલ મીનાકુંજમાં રાધિકા ટીક્કુની નેજા હેઠળ ગુરુવંદનોનો રસભર કાર્યક્રમ યોજાયો. સર્વશ્રી અર્ચનાબહેન, રશ્મિબહેન, દક્ષાબહેન ઇન્દ્રવદનભાઈ, ડૉ. વિનોદભાઈ, પ્રો. સનત ભટ્ટ, પ્રો. યોગેશ ભટ્ટ, હાસ્યકલાકાર રમેશભાઈ ચાંપાનેરી વગેરેએ ગુરુવંદના નિમિત્તે વક્તવ્યો આપ્યાં હતાં. પ્રકાશ પટેલે ગુરુ મીનાબહેન શાહનું અભિવાદન કર્યુ હતું. આ પ્રસંગે કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કેટલીક અજાણી વાતોનું રસપાન કરવામાં આવ્યું હતું.

■

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૬થી મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | પિડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિ. મુંબઈ (માળખાગત સુવિધા માટે) | મુંબઈ | ૨૫,૦૦,૦૦૦ |
| ૨. | અંબાલાલ હિંમતલાલ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ રણજિતરામ વાવાભાઈ મહેતાની પ્રતિમા સ્થાપન માટે | અમદાવાદ | ૫,૦૦,૦૦૦ |
| ૩. | સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ (સ્વામી સચ્ચિદાનંદ સન્માન પરિતોષિક ૨૦૨૪ અને ૨૦૨૫ પેટે) | દંતાલી | ૨,૦૦,૦૦૦ |
| ૪. | મેહુલ ભગવતીકુમાર શર્મા (ભગવતીકુમાર શર્મા સ્મૃતિ વ્યાખ્યાનમાળા માટે) | સુરત | ૧,૫૦,૦૦૦ |
| ૫. | શ્રી ભગવતીકુમાર શર્મા વ્યાખ્યાન શ્રેણી હ. મેહુલ શર્મા (શેષ રકમ) | સુરત | ૫૦,૦૦૦ |
| ૬. | ઊજમભાઈ એમ. પટેલ (પરબ પ્રકાશન માટે) | અમદાવાદ | ૧૧,૧૧૧ |
| ૭. | શરીફાબહેન વીજળીવાળા (પરબ અપીલ પેટે) | સુરત | ૫,૦૦૦ |

**નવા આજીવન સભ્યોની યાદી**

- ભાવિન પી. શેઠ — અમદાવાદ
- હરીશ જે. શાહ — વડોદરા
- આશિષ જનકરાય દવે — ગાંધીનગર
- રવિન મહાદેવભાઈ દેસાઈ — નવસારી
- મનહર ભરતભાઈ વાળા — અમદાવાદ
- જયેશ કરસનભાઈ કુકડિયા — અમદાવાદ
- ડૉ. જિજ્ઞા કેયૂર વોરા — કુડાસણ
- મુકેશ ચંદુભાઈ પટેલ — સુરત
- રોહિણીબા જી. સરવૈયા — ભાવનગર

**સંસ્થા આજીવન સભ્યોની યાદી**

ધર્મેન્દ્રસિંહ આર્ટ્સ કૉલેજ – રાજકોટ

## સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | |
|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : BANK OF INDIA |
| BANK ADDRESS | : ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : 200220100004869 |
| MICR CODE NO. | : 380013006 |
| IFSC NO. | : BKID0002002 |
| BRNCH CODE | : 2002 |

**હર્ષદ ત્રિવેદી** — પ્રમુખ
**સંજય ચૌધરી** — કોષાધ્યક્ષ
**સમીર ભટ્ટ** — મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## આ અંકના લેખકો

**અજય સોની** : રામનગર–૧, ઘર નં. ૯૯/એ, અંજાર–૩૭૦૧૧૦ જિ. કચ્છ.
• મો. ૯૦૩૩૮ ૪૩૮૦૫

**અંકિતા ગોસ્વામી** : ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, વિદ્યાનગર ગૌરીશંકર લૅક રોડ, ભાવનગર-૩૬૪૦૦૨.
• મો. ૬૩૫૪૨૯૫૧૬૨

**ઈતુભાઈ કુરકુટિયા**: વ્યાખ્યાતા, ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. • મો. ૯૭૧૪૬૪૦૧૫૬

**Aakaash Thakkar**: Email : aakaash.thakkar@gmail.com / aakaash.thakkar@yahoo. com

**ઉત્સવ પરમાર** : પ્લૉટ નં. ૫૪૭/૨, સેક્ટર ૭/બી, ગાંધીનગર-૩૮૨૦૦૭.
• મો. ૯૭૨૩૩૬૬૯૪૭

**કમલ વોરા** : C/o. કમલ મેડિકો પ્રા. લિ., પ્લૉટ નં. એ-૧૨૯/૧૩૦, હિંદુસ્તાન હાઉસ, રોડ નં. ૨૨, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણા-(વે.)-૪૦૦૬૦૪.
• મો. ૯૮૧૯૮૨૦૨૮૬.

**કુમાર ભટ્ટ** : ૮૨, વિભુશા બંગલોઝ, ઘુમા-બોલ, અમદાવાદ-૩૮૦૦૫૮.

**કેશુભાઈ દેસાઈ** : ૧૩, ઐશ્વર્ય-૧, પ્લૉટ નં. ૧૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧.
• મો. ૮૨૦૦૦૭૧૩૬૩

**ચન્દ્રકાન્ત ટોપીવાળા**: ડી/૬, પૂર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
• ફોન : (૦૭૯) ૨૬૩૦૧૯૨૧, મો. ૯૪૨૭૯૭૪૬૫૬

**જગદીશ** : પ્લૉટ નં. ૧૭૫૮, પ્રભાત સોસાયટી, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૨.
• મો. ૯૪૨૭૪ ૯૭૪૩૭

**જાગ્રત વ્યાસ** : ૪/૧, શ્રીજી ટેનામેન્ટ, જ્યોતિનગરની પાછળ, કુંજરી રોડ, હાલોલ-૩૮૯૩૫૦. જિ. પંચમહાલ. • મો. ૯૯૭૯૩૧૭૪૬૩

**Dr. Deepak Bhanushankar Bhatt :**
A-304, Aaradhy Arise, Near Giriraj kathiyavadi hotel, N.H. No. 8, Kapurai, Vadodara-390024.

**દીવાન ઠાકોર** : એ/૩૪, અવકાશપાર્ક સોસાયટી, સુરભી રેસિડેન્સી સામે, નિકોલ-કઠવાડા રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૦૦૪૯. • મો. ૯૯૧૩૩૯૭૬૨૪

**ધ્રુવ ભટ્ટ** : ૧, ગોપાલનગર, રેલવે સ્ટેશન રોડ, કરમસદ-૩૮૮૩૨૫.
• મો. ૯૪૨૬૩૩૧૦૫૮

**પન્ના ત્રિવેદી** : એ-૧, પ્રોફેસર્સ સ્ટાફ ક્વાર્ટર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭. • મો. ૯૪૦૯૫૬૫૦૦૫

**પીયૂષ ભટ્ટ** : એ/૨-બી, રાજહંસ કોરલ ઍપાર્ટમેન્ટ, રાસી મિલ પાસે, પ્રસંગ પાર્ટી પ્લૉટ સામે, જયશંકર પાર્ટી પ્લૉટ, એરિયા, લુન્સીકૂઈ, નવસારી-૩૯૬૪૪૫.
• મો. ૯૯૭૯૬૫૯૭૨૯

**માનસી બોરડ** : ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, વિદ્યાનગર ગૌરીશંકર લૅક રોડ, ભાવનગર-૩૬૪૦૦૨.
• મો. ૮૨૩૮૨૧૪૨૨૩

**રાકેશ દેસાઈ** : ૧, રાજરાજેશ્વર સોસાયટી, ભટાર ચાર રસ્તા પાસે, સુરત-૩૯૫૦૦૭.
• મો. ૯૮૨૫૮૮૫૫૬૪

**સંજય ચોટલિયા** : ગુજરાતી વિભાગ, આર્ટ્સ સાયન્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, લુણાવાડા, જિ. મહીસાગર-૩૮૯૨૩૦.

**સંજય સ્વાતિ ભાવે**: ૧૪૩, પારસકુંજ સોસાયટી વિભાગ ૩, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
• મો. ૯૮૭૯૭૩૧૫૫૧. sanjaysbhave@yahoo.com

**સંજુ વાળા** : એ-૭૭, આલાપ એવન્યૂ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
• મો. ૯૮૨૫૫૫૨૭૮૧ sanjoo.vala@gmail.com

**હર્ષદ ત્રિવેદી** : 'સુરતા', એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. • મો. ૯૭૨૩૫૫૫૯૯૪

**હર્ષદ દવે** : "ગાયત્રી", ૧, યોગી નિકેતન પ્લોટ, નિર્મલા કૉન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
• મો. ૯૮૭૯૦૭૮૫૮૭

■

આ મોસમ શિયાળાની હતી. દક્ષિણ આફ્રિકાનો શિયાળો ઊંચાણના ભાગોમાં બહુ સખત હોય છે. મૅરિત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિંમત ન ચાલી. ફરી અપમાન થાય તો? ટાઢે થથર્યો. કોટડીમાં દીવો નહોતો. મધરાતને સુમારે એક ઉતારુ આવેલો. તે કંઈ વાત કરવા માગતો હોય એમ લાગ્યું, પણ હું વાત કરવાની મનોદશામાં નહોતો.

મેં મારો ધર્મ વિચાર્યો : 'કાં તો મારે મારા હકોને સારું લડવું અથવા પાછા જવું, નહીં તો જે અપમાનો થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોંચવું, અને કેસ પૂરો કરી દેશ જવું. કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું; ઊંડે રહેલા એક મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો. તેમ કરતાં જાત ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાં. અને તેનો વિરોધ રંગદ્વેષ દૂર કરવા પૂરતો જ કરવો.'

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# વિશ્વકોશની સામયિક-સૃષ્ટિ




છેલ્લાં ૨૫ વર્ષથી સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, પ્રવાસ, હાસ્ય, વિજ્ઞાન, ટેક્નોલૉજી, કલા, પ્રતિભા, સાંપ્રત પ્રવાહો તેમજ વર્તમાન સમયના પ્રચલિત વિષયોને તજ્જ્ઞો દ્વારા પ્રસ્તુત કરતું વિશ્વકોશનું સામયિક.

**વિશ્વવિહાર** **વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/-,**
**ત્રણ વર્ષ : રૂ. ૪૦૦/-**




૧૯૮૮થી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**
**ત્રણ વર્ષનું લવાજમ :**
**રૂ. ૫૦૦/-**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા** **વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/-**

---

**ગુજરાતી વિશ્વકોશના ૨૪,૦૦૦થી વધુ લેખો**
https://gujarativishwakosh.org **પર જોઈ શકાશે.**
**ગુજરાતી લૅક્સિકન** https://gujaratilexicon.com **પર જોઈ શકાશે.**

Gujarat Vishvakosh Trust — 9898042699
**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ** — Gujarat Vishvakosh


**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
**૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે,**
**વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

# ભારતરત્નથી સન્માનિત
# વિવિધક્ષેત્રની વિભૂતિઓનાં જીવનચરિત્રો

| | | |
|---|---|---|
| ભારતરત્ન અટલબિહારી વાજપેયી | કિશોર મકવાણા | 270 |
| ભારતરત્ન દૃષ્ટિવંત રાજનેતા લાલકૃષ્ણ આડવાણી | રસિકબા હેમુદાન કેસરિયા | 350 |
| ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકર | નાથાલાલ ગોહિલ | 350 |
| ભારતરત્ન બિસ્મિલ્લાખાન | કનુભાઈ રાવલ | 130 |
| ભારતરત્ન ધોંડૂ કેશવ કર્વે | કનુભાઈ રાવલ | 130 |
| ભારતરત્ન મધર ટેરેસા | કનુભાઈ રાવલ | 100 |
| ભારતરત્ન વિક્રમ સારાભાઈ | ઉષા જોશી | 100 |
| ભારતરત્ન અબ્દુલ કલામ | ઉષા જોશી | 125 |
| ભારતરત્ન નેલ્સન મંડેલા | ઉષા જોશી | 120 |
| ભારતરત્ન સી. એન. રાવ | મોહન સુંદર રાજન, અનુ. પરંતપ પાઠક | 130 |
| ભારતરત્ન સચીન તેંડુલકર | જગદીશ શાહ | 300 |










## સંગીતસાધિકાઓ તાના-રીરીના જીવન પર આધારિત નવલકથા

# વરસ્યો મેઘમલ્હાર

લે. સુમતિ ક્ષેત્રમાડે, અનુ. ગોપાળરાવ વિદ્વાંસ

કિંમત: 150

આદિકવિ નરસૈંયાની દોહિત્રીઓ અને વડનગરના મંડલેશ્વરની કુળવધૂઓ તાના ને રીરીને સંગીતકલા વારસામાં મળી હતી. એમણે પોતાના શીલની રક્ષા કાજે અગ્નિસ્નાન કર્યું એ કથાના આધારે લખાયેલી રસ-રહસ્યથી છલોછલ નવલકથા.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

## મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ

**લે. : દલપત પઢિયાર**

**(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)**




'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.

---




## શબ્દમૂળની શોધ

**લે. : હેમન્ત દવે – સુહાગ દવે**

**(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)**

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

**– ચન્દ્રકાન્ત ટોપીવાળા**

---




## બે હજાર ચોવીસ **સમક્ષ**

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

**સંપાદક : રમણ સોની**

**(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)**

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે.

**– રમણ સોની**

## રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

### માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક તથા કૉલેજો માટે ઉપયોગી વિવેચન

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **સ્વાન્તઃ સુખાય** (વિવેચનસંગ્રહ)(એજન્સી) | પ્રવીણ ગઢવી | ૨૩૦.૦૦ |
| **આયામ** (વિવેચન) (એજન્સી) | પ્રવીણ ગઢવી | ૨૧૦.૦૦ |
| **અવલોક્ય** (વિવેચન) | પ્રવીણ કુકડીયા | ૧૯૫.૦૦ |
| **વાક્સંદર્ભ** (વિવેચન) | ઉશનસ્ | ૮૫.૦૦ |
| **એકલતાનું ઉપનિષદ** (વિવેચન) | ચિનુ મોદી | ૧૧૦.૦૦ |
| **ચૈતન્યલક્ષી વિવેચન** (વિવેચન) | નીતા ભગત | ૩૫.૦૦ |
| **શબ્દોદય** (વિવેચન) | અશોક ચાવડા 'બેદિલ' | ૧૫૦.૦૦ |
| **ગઝલ : સંજ્ઞા અને સંપ્રત્યય** (સંશોધન-વિવેચન) | ડૉ. એસ. એસ. રાહી | ૪૫.૦૦ |
| **સાહિત્યનું ઘડતર** (વિવેચન) | વિનાયક રાવલ તથા અન્ય | ૧૦૦.૦૦ |
| **મહાત્મા ગાંધી સિક્કાની બીજી બાજુ** (વિવેચન) | પ્રણવ મહેતા | ૪૦.૦૦ |
| **સન્નિધિ-ચિંતન-ચેતોવિસ્તાર-સંસ્પર્શ-શોધ** (પુ. ૫)(વિવેચન) | કૃષ્ણવીર દીક્ષિત | ૨૦૦.૦૦ |
| **ભાવન-આહ્લાદ-રંગવિહાર કથાદીપ-લહર** (પુ. ૫) (વિવેચન) | કૃષ્ણવીર દીક્ષિત | ૧૬૧.૦૦ |
| **સરસ્વતીચંદ્ર : વીસરાયેલા વિવેચનો** (વિવેચન) | સંપા. : જયંત કોઠારી/ કાંતીભાઈ શાહ | ૪૬.૫૦ |
| **પડછાયાનો ઘોંઘાટ : કવિતા** (કવિતા અંગેના લેખોનું ચયન) | ચિનુ મોદી | ૨૮૫.૦૦ |
| **વિનેશ અંતાણીની વાર્તાસૃષ્ટિ : એક અધ્યયન** (વિવેચન) (એજન્સી) | મનોજ પરમાર | ૧૪૦.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **યોર્કશાયર, યુ. કે. માં ગુજરાતી ભાષા સાહિત્યનો આલેખ** (વિવેચન) (એજન્સી) | અહમદ ગુલ | ૫૦.૦૦ |
| **પ્રૂફરીડિંગ** (વિવેચન) (એજન્સી) | જિતુ ત્રિવેદી | ૭૦.૦૦ |
| **ગુજરાતી ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વોનો હ્રાસ** (વિવેચન) (એજન્સી) | દિગ્વિજયસિંહ રાઠોડ | ૨૨૫.૦૦ |
| **બાળસાહિત્ય વિમર્શ** (વિવેચન) (એજન્સી) | સોમાભાઈ પટેલ | ૭૦.૦૦ |
| **અવનવી દિશા** (વિવેચન) (એજન્સી) | સુરેશ શુક્લ | ૨૧૫.૦૦ |
| **લઘુકથા વિમર્શ** (વિવેચન) (એજન્સી) | રમેશ ત્રિવેદી | ૮૫.૦૦ |
| **મારી છબી : અનુવાદરસ** (પ્રશિષ્ટ અનૂદિત કૃતિઓ) (એજન્સી) | ભગવત સુથાર | ૭૦.૦૦ |
| **શબ્દ-સહવાસ** (વિવેચન) (એજન્સી) | યોસેફ મેકવાન | ૮૫.૦૦ |
| **પ્રકર્ષ** (વિવેચન) (એજન્સી) | પથિક પરમાર | ૧૨૦.૦૦ |
| **શંખઘોષ** (વિવેચન/અવલોકન)(એજન્સી) | મેઘનાદ ભટ્ટ | ૪૭.૦૦ |
| **સ્પર્શ** (વિવેચન) (એજન્સી) | દેવેશ ભટ્ટ | ૨૦.૦૦ |

## મુલાકાતો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **ગુર્જર ગૌરવ** (મુલાકાતો) | ટીના દોશી | ૩૩૫.૦૦ |
| **બાળસાહિત્યકારોનું બાળપણ** (મુલાકાત) | સંપા. કિરીટ દવે | ૧૮૦.૦૦ |
| **સાક્ષરનો સાક્ષાત્કાર** (ભાગ : ૧–૨૮) (લેખકોના ઇન્ટરવ્યૂ) | સંપા.:રાધેશ્યામ શર્મા | ૧૦૪૩૫.૦૦ |
| **બાળસાહિત્યકારોની કેફિયત** (સંકલન-મુલાકાત) | કિરીટ દવે | ૧૦૦.૦૦ |
| **ગુજરાતી બાળસાહિત્યનું સર્વાંગી દર્શન** (બાળસાહિત્યકારોની મુલાકાત) | સાંકળચંદ પટેલ | ૩૮૦.૦૦ |
| **ગૂર્જર ગરિમા** (સાહિત્યકારોની મુલાકાત) | ટીના દોશી | ૧૪૦.૦૦ |

Ekatra Foundation

## એકત્ર ફાઉન્ડેશનની 'સંપદા-શ્રેણી'

'એકત્ર' ફાઉન્ડેશન વર્ષ ૨૦૧૦થી ગુજરાતી ભાષા, સાહિત્ય અને જ્ઞાનના સંરક્ષણ, સંવર્ધન અને વૈશ્વિક પ્રસાર માટે સતત કાર્યરત છે. સમય સાથે દુર્લભ બનતાં ગુજરાતી ગ્રંથોને ડિજિટલ સ્વરૂપમાં સાચવીને ભાવિ પેઢી માટે ઉપલબ્ધ રાખવા અને વિશ્વના કોઈપણ ખૂણેથી તેનું વાંચન શક્ય બને તે માટે 'એકત્ર' કાર્યરત છે. આ જ દિશામાં ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપો અને પ્રવાહોની પ્રતિનિધિ કૃતિઓને એકત્રિત કરીને 'સંપદા-શ્રેણી' તૈયાર કરવામાં આવી છે. આ શ્રેણીમાં કવિતા, ટૂંકી વાર્તા, નિબંધ, પ્રવાસસાહિત્ય, ગઝલ, એકાંકી, બાળસાહિત્ય, સંવાદ, નારીલેખન અને વિવેચન જેવા વિવિધ ક્ષેત્રોની પસંદગીની કૃતિઓને અનુભવી સંપાદકો દ્વારા સંપાદિત કરવામાં આવી છે.

### 'એકત્ર' પર ઉપલબ્ધ 'સંપદા-શ્રેણી'

**મધ્યકાલીન ગુજરાતી કાવ્યસંપદા** – રમણ સોની
**અર્વાચીન ગુજરાતી કાવ્યસંપદા** – મધુસૂદન કાપડિયા
**ગુજરાતી કાવ્યસંપદા (આસ્વાદો)** – મધુસૂદન કાપડિયા
**ગુજરાતી ટૂંકીવાર્તા સંપદા** – મણિલાલ હ. પટેલ
**ગુજરાતી નિબંધ સંપદા** – મણિલાલ હ. પટેલ
**ગુજરાતી પ્રવાસસાહિત્ય સંપદા** – રમણ સોની, ભારતી રાણે
**ગુજરાતી એકાંકીસંપદા** – ધ્વનિલ પારેખ
**ગુજરાતી ગઝલસંપદા** – ધ્વનિલ પારેખ
**ગુજરાતી સૉનેટસંપદા** – મણિલાલ હ. પટેલ
**ગુજરાતી અછાંદસ કવિતાસંપદા** – મણિલાલ હ. પટેલ, ગિરીશ ચૌધરી
**અનુઆધુનિક ગુજરાતી કાવ્યસંપદા** – મણિલાલ હ. પટેલ
**અનુઆધુનિક ગુજરાતી વાર્તાસંપદા** – મણિલાલ હ. પટેલ
**સંવાદસંપદા** - આરાધના ભટ્ટ
**ગુજરાતી બાળકાવ્યસંપદા** – શ્રદ્ધા ત્રિવેદી
**ગુજરાતી બાળવાર્તાસંપદા** – શ્રદ્ધા ત્રિવેદી
**નારીસંપદા : કવિતા** – ઉષા ઉપાધ્યાય
**નારીસંપદા : ટૂંકી વાર્તા** – શરીફા વીજળીવાળા
**નારીસંપદા : નાટક** – મીનલ દવે
**નારીસંપદા : વિવેચન** – પારુલ કંદર્પ દેસાઈ










**'સંપદા-શ્રેણી'** દ્વારા ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપોની પ્રતિનિધિ કૃતિઓ વિશ્વભરના ગુજરાતી વાચકો માટે એક જ મંચ પર વિનામુલ્યે ઉપલબ્ધ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં પણ સાહિત્યના અન્ય મહત્વપૂર્ણ ક્ષેત્રોને આવરી લેતા નવા સંપાદનો તૈયાર કરીને ગુજરાતી ભાષાના આ જ્ઞાનભંડારને વધુ સમૃદ્ધ બનાવવા માટે એકત્ર ફાઉન્ડેશન પ્રયત્નશીલ છે.




www.ekatrafoundation.org

**GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે**

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

## સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

## સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

## ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા
# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | |
|---|---|---|
| ૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઇન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન – | |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | |
|---|---|---|
| ૧. પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. ત્રેવડ (૨૦૨૨) | ડિવાઇન પબ્લિકેશન | ૨૦૦/- |



**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal. net

# શાંતિ એટલે શું?ઃ મનને દ્વેષ મુક્ત રાખવું

દરેક માણસ અન્ય વ્યક્તિ માટે મનમાં દ્વેષ બનાવે છે ત્યારે એની પાસે એક બહાનું હોય છે કે સામા માણસે આવો અયોગ્ય વહેવાર કર્યો એને કારણે મેં મનમાં દ્વેષ બનાવ્યો છે. મારાં મનમાં દ્વેષ બને છે એનું કારણ સામા માણસનો વ્યવહાર છે આવું દરેક વખતે લાગતું હોય છે. આ વાત એવી રીતે ગોઠવાઈ જાય છે કે સામા માણસે અયોગ્ય વ્યવહાર કર્યો છે એટલે મને દ્વેષ કરવાની છૂટ મળી ગઈ છે. એ માણસ ભૂલ કરત જ નહીં તો મારાં મનમાં દ્વેષ બનત જ નહીં.

પહેલી નજરે આ વાત સાચી લાગે છે પણ હકીકત એ છે કે આ વાતમાં ભ્રમણા વધુ છે. હું દ્વેષ શું કામ કરું છું એનાં કારણો આપણી પાસે સેંકડો હશે. પણ એ કારણો દ્વેષ વધારવામાં જ મદદગાર થાય છે. એ કારણો દ્વેષને ઓછો કરવામાં ઉપયોગી થતા નથી.

દ્વેષને ઓછો કરવામાં ઉપયોગી બને એવો વિચાર કંઈક જુદો છે. હું અત્યારે મારાં મનમાં દ્વેષ જીવતો રાખીને બેઠો છું. એ દ્વેષને કારણે ભવિષ્યમાં શું પરિણામ આવશે એનો વિચાર મારે કરવો જ જોઈએ. બે દેશ એકબીજાની માટે દ્વેષ રાખીને ચાલશે એનું પરિણામ છેવટે યુદ્ધમાં આવશે અને યુદ્ધનું પરિણામ છે પ્રજાની પાયમાલી. બે સંસ્કૃતિ એકબીજાના વિરોધમાં કટ્ટર ભાવે ઊભી હશે એનું પરિણામ છેવટે લાંબા સંઘર્ષમાં આવશે. બે વ્યક્તિ એકબીજાના વિરોધમાં વિચાર કરતી હશે એનું પરિણામ છેવટે લડાઈમાં જ આવશે.

દ્વેષનું કારણ સામા પક્ષનો વહેવાર છે આ મુદ્દે ઘણી લાંબી ચર્ચા ચાલે છે એને કારણે દ્વેષમાંથી નીપજેલી લડાઈ પણ ઘણી લાંબી ચાલે છે. દ્વેષ કરનારો માણસ ખુદ પણ અશાંત રહે છે. દ્વેષ કરનારો માણસ અન્યને પણ અશાંત બનાવે છે. દ્વેષ કરનારો માણસ વાતાવરણમાં અને સમાજમાં પણ અશાંતિના વમળો ફેલાવે છે. અશાંત માનસિકતા અને અશાંત પરિસ્થિતિને સુધારવી હોય તો કામ એક જ જગ્યાએ કરવું પડે. અરસપરસનો દ્વેષ ઓછો થાય એવો માનસિક પુરુષાર્થ સ્વયં કરવો અને એવો માનસિક પુરુષાર્થ સૌ કરે એવો માહોલ રચવો.

ક્ષમાપનાનો સિદ્ધાંત કહે છે કે પરસ્પર જે સંઘર્ષ ચાલે છે, લડાઈ ચાલે છે એનું લાંબા ગાળે પરિણામ શું આવશે એનો વિચાર કરવાનું શરૂ કરો. દ્વેષ કરવાનાં કારણો ગમે તેટલા મજબૂત હોય પરંતુ તમે દ્વેષ કર્યો હોય એનું પરિણામ ક્યારે પણ સારું આવતું નથી. દ્વેષ એટલે કોઈની ઉપર ગુસ્સો કરવો. દ્વેષ એટલે કોઈની ઉપર હુમલો કરવો. દ્વેષ એટલે કોઈની માટે ખરાબ બોલવું. દ્વેષ એટલે કોઈની સાથે સ્પર્ધામાં ઉતરવું. દ્વેષ એટલે કોઈની ઈર્ષ્યા કરવી. દ્વેષ એટલે કોઈની વિરૂદ્ધમાં કાવતરાં રચવા. દ્વેષ એટલે કોઈની માટે નારાજ રહેવું. દ્વેષ એટલે કોઈને નુકશાન કરવું કે નુકશાન કરવા માટે વિચારવું. દ્વેષની માનસિકતા હજારો છે પણ દરેક માનસિકતા નેગેટિવ છે.

www.devardhi.com

– દેવર્ધિ

સ્થાનસમર્પિત

Gyanni Baari
A Book Store

જ્ઞાનની બારી

જી-૧, લાભ કૉમ્પલેક્ષ, સત્તર તાલુકા સોસાયટી,
સી. યુ. શાહ કૉલેજ સામે, ઈન્કમટેક્ષ, અમદાવાદ – ૦૯
મો. ૯૪૦૮૩ ૭૧૨૦૬

લાભશંકર સંપ્રજ્ઞ સર્જક છે. પોતાના પોતમાં વણાઈ ગયેલા સાંપ્રતના અનેકાનેક તારતંતુના ગ્રંથિગૂંથન ને મેળમિશ્રણના તાગતાળા શોધવા-સાધવામાં સર્જકની હેસિયતથી તેઓ આત્મચેતનામાં-શબ્દચેતનામાં સીધા-પૂરા ખાબકે છે. એથી માનવમનનાં મૂળિયાં હચમચાવતી એમની કાવ્યચીસ મનોવેધક લાગે છે. એમાં શબ્દ-અર્થ-લય-નાદ આદિ સર્વ તત્ત્વોની 'નહીં સાંધો, નહીં રેણ' એવી રસપ્રદ સંપૃક્તિ અનુભવાય છે. **– ચન્દ્રકાન્ત શેઠ**

❋

મનોજ ખંડેરિયાનાં ગીત, અંજની ગીત, ગઝલ કે છાંદસ-અછાંદસ કાવ્યોમાંથી પ્રગટ થતા રમણીય રૂપો કવિને, એક નિતાંત સૌન્દર્યરાગી કવિ તરીકેની પ્રતિષ્ટા અપાવે છે. એમનાં કાવ્યોમાની સૂક્ષ્મ સંવેદનશીલતા અને શુદ્ધ સૌન્દર્યાભિમુખતા, ઇન્દ્રિયગ્રાહ્યતા-કલ્પનરાગિતા અને પ્રતીકાત્મકતા કવિની નિજીવ્યક્તિતા ઉપસાવે છે. સૌન્દર્ય-સુકૌમાર્યના ગુણથી સોહતી એમની ગઝલો વિશેષ સ્પૃહણીય બને છે. પીછા સમી મૃદુ અને કમળતંતુ સમી મુલાયમ ગઝલોથી ગઝલ-કવિતાને રળિયાત કરતા મનોજ ખંડેરિયા, ગુજરાતી ગઝલનું નાજુક-નમણું સીમાચિહ્ન બની રહે છે અવશ્ય.

**– નીતિન વડગામા**

❋

રાજેન્દ્ર શુક્લની ગઝલોના જે મુખ્ય મુખ્ય પડાવો છે એમાં સર્જન સાથે સંલગ્ન, સર્જનપ્રક્રિયા કે ગઝલપ્રક્રિયાના અનુભવો તો આલેખાયા જ છે, ઉપરાંત સૂક્ષ્મ ઉપાદાનો જેવાં કે શબ્દ, અક્ષર, અર્થ, છંદ, પ્રાસ વગેરેનાં આલેખનો વિશેષ છે. સર્જન અને ગઝલની આ બેવડી પ્રક્રિયાને કવિ વ્યક્ત કરે છે. કાવ્યનું પઠન કઈ રીતે થઈ શકે તે નવી પેઢીએ રાજેન્દ્ર શુક્લ પાસેથી શીખવા જેવું છે. કવિએ મૌન, અવાજ, શ્વાસ વગેરે ભાવોને એકાધિક વાર પોતાની ગઝલોમાં પ્રયોજ્યા છે. પ્રણયનાં મીઠા મધુરાં ચિત્રો આ ગઝલોનો બીજો મહત્ત્વનો પડાવ છે. નાજુક અને નમણા ભાવોને રમણીય રીતે કવિ મૂકી આપે છે. આ ગઝલો અનેક કલ્પનાઓથી સમૃદ્ધ છે. ગઝલને પત્રના સ્વરૂપમાં ગૂંથી લેવામાં રાજેન્દ્ર શુક્લનો અભિવ્યક્તિ-વિશેષ છે એને માટે એમની પત્રગઝલો ખાસ જોવી જોઈએ.

**– અનિરુદ્ધસિંહ ભીખુભા ગોહિલ**

❋

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

## શોભે છે દાનથી નર

માનવભરની વિશેષતાઓ ગણવાની શરૂ કરીએ તો, તે પાર ન આવે એટલી છે. એમાં પણ 'દાન આપવાની' વિશેષતા તો ફક્ત મનુષ્યને જ સાંપડી છે. આપવાના આ ગુણથી તે ચારેય ગતિમાં ઉપર ગણાયો છે. આપવાનું સામર્થ્ય ફક્ત મનુષ્યને જ મળ્યું છે. અન્ય કોઈ ગતિના જીવને આ અહોભાગ્ય મળ્યું નથી.

દાન આપનારનો હાથ ઉપર રહે છે. પ્રભુ મહાવીરને પણ દાન આપનાર ભક્તનો હાથ ઉપર જ રહે છે, વળી દાન દેવાથી કીર્તિ–યશ પ્રાપ્ત થાય છે, તે અ–મર હોય છે.

તે સદાકાળ ટકે તેવું હોય છે. શાલિભદ્ર અને જગડૂશાહ જેવા દાતાઓ આજે પણ યાદ કરાતા હોય છે. ભામાશાના નામને કાળનો કાટ લાગ્યો કદી જાણ્યો છે? સવારનો સૂરજ ઊગે તે પહેલાં યાદ કરાય એવું, દાતાનું નામ પ્રાતઃસ્મરણીય હોય છે.

સામે છેડે જઈને જોઈએ તો, કૃપણ એ તો માણસને મોટી ગાળ જેવું કલંક છે. એવી વ્યક્તિનું નામ લેવા પણ કોઈ તૈયાર ન થાય! જેને રોજ કાંઈ ને કાંઈ જોઈતું હોય છે, લેવું જ હોય છે તેનાથી બધા દૂર ભાગે. જ્યારે જે રોજ રોજ કાંઈક આપીને રાજી થાય છે – દાન કરે છે, તે મહાન થવા લાયક છે. આવા ઉદારસ્વભાવીને તો, દાન વિના દિવસ પસાર થાય તો તે 'આજનો દિવસ ફોગટ ગયો' તેવું માને! આવી વ્યક્તિ ઉમદા મનુષ્ય તો છે જ; અને ફરી મનુષ્ય-ભવ મેળવવાની લાયકાત પણ તેનામાં છે એમ કહેવાય છે.

જે જોઈતું હોય તે આપો – આપી દો, એ બમણું થઈ પાછું મળશે એમ કહેવાયું છે. જે આપો છો તે જ વળતું પાછું મળે છે. 'આપો તેવું પામો અને વાવો તેવું લણો' એ વાત આપણે ક્યાં નથી જાણતા? ધરતીને એક દાણો આપીએ તેમાંથી આપણે અનેક દાણા પાછા મેળવીએ છીએ. આથી દાનનો નિયમ સિદ્ધ થાય છે. ખબર છે? ગરીબોને માત્ર યાચક નહીં પણ બોધ-દાતા તરીકે મૂલવવામાં આવે છે. કહ્યું છે :

***યાચકો નૈવ યાચે છે, બોધ આપે ઘરે-ઘરે;***
***'આપો, આપો. ન આપો તો, મારા જેવા થશો તમે.'***

***याचका नैवयाचन्ते, बोधयन्ति गृहे-गृहे ।***
***दीयतां-दीयतां दानमदातुः फलमीदृशम् ।।***

(પાઠશાળા) – પ્રદ્યુમ્નસૂરિ


**અમૃતવર્ષા** સ્થાનસમર્પિત

M.B. Prints®
Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી** ૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## ઇચ્છવા–જોગ અભિલાષા

*(वैतालीय छंद)*

*नयनं गलदश्रुधारया,*
*वदनं गद् गद् रुद्धया गिरा ।*
*पुलकैर्निचितं कदा वपुः,*
*तव नामग्रहणे भविष्यति ।।*

*

***ક્યારે પ્રભુ! તુજ સ્મરણથી,***
***આંખો થકી આંસુ ઝરે,***
***ક્યારે પ્રભુ! તુજ નામ વદતાં,***
***વાણી મુજ ગદ્ગદ્ બને;***
***ક્યારે પ્રભુ! તુજ નામ-શ્રવણે,***
***દેહ રોમાંચિત બને,***
***ક્યારે પ્રભુ! મુજ શ્વાસ-શ્વાસે,***
***નામ તારું સાંભરે.***

*

સમગ્ર હૃદયના તમામ તાર જેના નામશ્રવણે કે નામસ્મરણથી ઝંકૃત થઈ ઊઠે તે આપણી પ્રિયતમ વ્યક્તિ.

આનો અનુભવ ભૌતિક સ્તરે, દૃશ્ય વ્યક્તિના વિષયે બન્યો છે; બની શકે છે.

આ અનુભવ જો અદૃશ્ય પરમતત્ત્વ વિષયે અનુભવવો હોય તો તેની પ્રાર્થના પણ તેને જ કરવી રહી.

એ રીતે આ પ્રાર્થના ચૈતન્ય મહાપ્રભુની છે, તે આપણી પણ બને. આ પદ્યાનુવાદમાં આ વિચાર સ્પષ્ટ છે. ચતુર નાયિકાને શબ્દ વાપરવા ઉચિત ન જ લાગ્યા અને એણે નજરથી કામ સાધી લીધું!

આવી ઔચિત્યપૂર્ણ અભિવ્યક્તિ થાય તો કાર્ય સિદ્ધ થાય છે!

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ
સ્થાપના : ૧૯૦૫

## પાંચ પુસ્તકોનું ઉજવો

# વાચન–પર્વ!

ગુજરાતી સાહિત્ય પરિષદના સાવ તાજાં

**પાંચ પ્રકાશનો**

દ્વારા આપનું પુસ્તકાલય આજે જ સમૃદ્ધ કરો.




રવિ–ભાણ સંપ્રદાયના સંત કવિઓ કૃત
**ચિંતામણિ**
સંપાદક : ડૉ. રવજી રોકડ

---

**ગુજરાતી કવિતાચયન** – ૨૦૧૮
સંપાદક : જયન્ત ઓઝા

---

**ગુજરાતી નવલિકાચયન** – ૨૦૧૮
સંપાદક : રાઘવજી માધડ

---

**ગુજરાતી કવિતાચયન** – ૨૦૧૯
સંપાદક : છાયા ત્રિવેદી

---

**ગુજરાતી નવલિકાચયન** – ૨૦૨૦
સંપાદક : ઉર્વી તેવાર

~ પુસ્તકો મેળવવા સંપર્ક

**પ્રકાશન વિભાગ**
**ગુજરાતી સાહિત્ય પરિષદ**

ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ,
આશ્રમ માર્ગ, નદીકિનારે,
અમદાવાદ–૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

**PARAB 2026 August**
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd
**Date of Publication 10th Posted on Every Month** **ISSN : 0250-9747**
**₹ 20**




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**